# પરીક્ષિત

## (નવલકથા)




## - શ્રી યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




E-book

| | |
|---|---|
| Title | : Prikshit |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 190 |
| Created | : September 21, 2010. |


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omission, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

**શ્રી યોગેશ્વરજી**

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



મારી અત્યાર સુધીની પૌરાણિક કથાપ્રસંગો પરથી તૈયાર થયેલી વાર્તાઓમાં 'પરીક્ષિત'ને લઈ એક વિશેષ વાર્તાનો નોંધપાત્ર ઉમેરો થાય છે. ભારતવર્ષની કાળક્રમે પ્રાચીન છતાં સત્વશીલતાની દ્રષ્ટિએ સર્વકાલીન અથવા સનાતન સાંસ્કૃતિક પરંપરામાં આ વાર્તાનું હૃદય બનેલા પ્રસંગનું સ્થાન અતિશય મહત્વનું છે. એ પ્રસંગ મહારાજા પરીક્ષિતને મળેલા શાપનો છે. એ શાપથી સર્વસંગપરિત્યાગ કરીને પોતાના જીવનના આત્યંતિક કલ્યાણને માટે એમણે સંતશિરોમણિ સ્વનામધન્ય શુકદેવનું શરણ લીધું અને એમની પાસેથી શ્રીમદ્ ભાગવત સાંભળીને પ્રશાંતિની પ્રાપ્તિ દ્વારા જીવનને કૃતાર્થ કર્યું. એ બધું લગભગ સર્વવિદિત જેવું છે. ભાગવતમાં એનો ચિતાર વિસ્તારપૂર્વક કરવામાં આવ્યો છે.

મહાભારતમાં પણ શાપનો પ્રસંગ સંક્ષેપમાં વર્ણવવામાં આવ્યો છે, પરંતુ એ પછીની સમગ્ર કથા ભાગવતની કથાથી જુદી પડે છે. એમાં નથી શુકદેવનો સમાગમ કે નથી કથાનું શ્રવણમંગલ શ્રવણ. ગમેતેમ, મેં મુખ્ય આધાર ભાગવતનો લીધો છે, અને પરીક્ષિતના મૃત્યુ પછી જનમેજય પ્રતિશોધની વૃત્તિથી પ્રેરાઈને નાગજાતિનું નિકંદન કાઢવા માટે જે યજ્ઞ કરે છે તેનું ચિત્રણ પણ, થોડાક આવશ્યક ફેરફાર સાથે, ભાગવતના દ્વાદશ સ્કંધના છઠ્ઠા અધ્યાયને અનુસરીને કરવામાં આવ્યું છે. એ છતાંપણ કથાની કાયા ઠેકઠેકાણે અનોખી અથવા અવનવી છે. ખાસ કરીને ઉર્વશીના પાત્રની રચના મારી પોતાની મૌલિક રચના છે. એ રીતે કથા નૂતન તથા રસમયી બનશે એવી અપેક્ષા અસ્થાને નથી.

આ કથા પુરાતન હોવા છતાં એનો સંદેશ સનાતન છે. પૃથ્વી પ્રતિશોધથી નહિ પણ પ્રેમથી ટકે છે ને જીવવા જેવી બને છે એ સ્વર્ણસંદેશને, જીવનમાં વણી લેવામાં આવે તો વ્યક્તિની ને સમષ્ટિની કાયપલટ થાય. એ સંદેશ સફળ બને એવું ઈચ્છીશું.

**- યોગેશ્વર**

## અનુક્રમ


૧. કૃષ્ણની રક્ષા
૨. રાજ્યાભિષેક
૩. અર્જુનનું સંવેદન
૪. વ્યથા
૫. સંકલ્પ
૬. દ્રૌપદીનું સ્વપ્ન
૭. વિદાય
૮. હિમાલયની પુણ્યભૂમિમાં
૯. સદ્દભાગ્ય
૧૦. દંડની ભાવના
૧૧. ઉત્તરાની સ્મૃતિ
૧૨. સંવેદન
૧૩. ઉર્વશીનો મેળાપ
૧૪. સ્વપ્નપ્રસંગ
૧૫. સ્વર્ગમાં
૧૬. ઉર્વશીની અવસ્થા
૧૭. ઉર્વશીનો શાપ
૧૮. પ્રતિક્રિયા
૧૯. શમીક મુનિના આશ્રમમાં
૨૦. શ્રૃંગીનો શાપ
૨૧. જન્મેજયનો રાજ્યાભિષેક
૨૨. કશ્યપ અને તક્ષક
૨૩. શુકદેવનો સમાગમ
૨૪. પરીક્ષિતનું પ્રયાણ
૨૫. પરિવર્તન
૨૬. યજ્ઞનો સંકલ્પ
૨૭. પૃથ્વી પ્રેમથી ટકે છે




* * * * *

## ૧. કૃષ્ણની રક્ષા

હસ્તિનાપુરની પ્રજાની પ્રસન્નતાનો પાર ન હતો.

એ પ્રસન્નતા પરાકાષ્ઠાએ પહોંચેલી.

એનું કારણ દેખીતું અને સહેલાઈથી સમજી શકાય તેવું હતું.

યુધિષ્ઠિરે પાંડવોના કુળગુરુ મહામુનિ ધૌમ્યની સાથે તથા હસ્તિનાપુરના સુશિક્ષિત સુવિચારશીલ સત્કર્મપરાયણ સત્પુરુષોની સાથે પરામર્શ કરીને અને અન્ય પાંડવોની અનુમતિ મેળવીને મહાભારતના મહાભીષણ સર્વસંહારક સંગ્રામ પછી ઉગરેલા અભિમન્યુના પરમપ્રતાપી પુત્ર પરીક્ષિતના રાજ્યાભિષેકનો નિર્ણય કરેલો.

પ્રજાને પરમપ્રતાપી પરીક્ષિત પ્રત્યે પાર વિનાનો પ્રેમ અથવા અસાધારણ સદ્દભાવ હોવાથી એ નિર્ણય સૌ કોઈને માટે આનંદદાયક થઈ પડેલો.

પ્રજાના સમસ્ત વર્ગના પ્રતિનિધિઓ કેટલાય કાળથી ઉત્સવ કરવા લાગેલા.

નગરમાં ઠેકઠેકાણે સંગીત, કવિતા તથા નૃત્યની મહેફિલો જામતી.

નગરના રાજમાર્ગોએ અને રાજપ્રાસાદો તથા મકાનોએ નવું રૂપ ધારણ કરેલું.

યુધિષ્ઠિરના રાજ્યાભિષેક વખતે પ્રજા જેવા આનંદમાં ડૂબી ગયેલી એવા જ - બલ્કે એથી પણ વધારે અસાધારણ આનંદનો અનુભવ અત્યારે કરી રહેલી.

યુધિષ્ઠિર રાજ્યકાર્યમાંથી નિવૃત્ત થવાના હતા એ વાતનો વસવસો એને અવશ્ય હતો, પરંતુ એમના ઉત્તરાધિકારી તરીકે પરીક્ષિતની પસંદગી કરવામાં આવી એથી એક પ્રકારનો ઊંડો સંતોષાનુભવ પણ થઈ રહેલો. એનું મોટામાં મોટું કારણ એ હતું કે પરીક્ષિત સર્વ પ્રકારે સુયોગ્ય હતા. યુધિષ્ઠિરથી વધારે સુયોગ્ય હતા એવું કહેવામાં કોઈને લેશ પણ અતિશયોક્તિ નહોતી લાગતી.

યુધિષ્ઠિરને પોતાને પણ એ વાતનો સંતોષ હતો.

પરીક્ષિતના ઐતિહાસિક રાજ્યાભિષેકના આગલા દિવસે સંધ્યાસમયે એ દ્રૌપદી સાથે પોતાના રમણીય રાજપ્રાસાદના આકર્ષક ઉપવનમાં બેઠેલા ત્યારે અસ્તાચળ તરફ જઈ રહેલા સૂર્યને જોઈને બોલ્યા: ‘માનવજીવન અને પ્રકૃતિમાં કશું જ સ્થાયી છે ખરું? એમાં પદેપદે ને પળેપળે ચોક્કસ પ્રકારના પરિવર્તનો આવ્યા જ કરે છે. આપણું જીવન પહેલાં કેવું હતું અને આજે કેવું છે?’

‘કરુણ રસથી રંગાયેલું જીવન આજે મધુર અને શાંત રસના સંમિશ્રણ જેવું સુંદર કે સુખમય બની ગયું છે.’ દ્રૌપદીએ ઉત્તર આપ્યો.

‘એ તો સાચું છે, પરંતુ કરુણ રસ કાંઈ સાવ સુકાઈ ગયો છે? એ કદીપણ કાયમને માટે સૂકાઈ જાય છે?’

‘મને તો એવું જ લાગે છે.’

‘એવું લાગતું હોય તો તે બરાબર નથી.’

‘એનું કારણ?’

‘કારણ તું સુવિચારશીલ છે એટલે સહેલાઈથી સમજી શકીશ. ઉપરથી જોતાં તો મારું જીવન આનંદથી આપ્લાવિત ને ધન્ય લાગે છે પરંતુ એની અંદર ભૂગર્ભમાં વહેતા પાણીના પ્રવાહની પેઠે કરુણાનો કોમળ ભાવ નિરંતર વહ્યા જ કરે છે. તને તો ખબર છે કે મને મહાભારતનું મહાભયંકર યુધ્ધ જરા પણ પસંદ નહોતું પડ્યું. ભગવાન કૃષ્ણના આદેશથી જ મેં એનો આધાર લીધેલો.’

દ્રૌપદી યુધિષ્ઠિરના મ્લાન થતા જતા મુખમંડળ તરફ અનિમેષ નેત્રે નિહાળી રહી ને બોલી: ‘એની તો મને માહિતી છે, પણ કૃષ્ણને પોતાને પણ એ યુદ્ધ પસંદ પડેલું કે પ્રિય લાગેલું એવું થોડું છે? યુધ્ધને ટાળવા માટેના સૌથી વધારે પ્રયત્નો આપણને સૌને ખબર છે તેમ એમણે જ કરેલા. આજ હસ્તિનાપુરમાં યુધ્ધને થતું અટકાવવાની આકાંક્ષાથી એ આપણા તરફથી દુર્યોધન પાસે વિષ્ટિકાર બનીને આવેલા. દુર્યોધને એ વખતે એમનું કહેવું માન્યું હોત તો મહાભારતનો, કૌરવ કુળનો, હસ્તિનાપુરનો ઈતિહાસ જુદો જ હોત. પરંતુ એનું ભાગ્ય ફૂટેલું હતું, અને એના પાપનો ભંડાર ભરાઈ ચૂક્યો હતો, એટલે એ કેવી રીતે માને? પરિણામે એમને યુધ્ધની આજ્ઞા આપવી પડી અને આપણે એને આજ્ઞાંકિત સેવકની જેમ શિરોધાર્ય કરી. કેટલીકવાર ઈચ્છા ના હોય તો પણ પરિસ્થિતિને અનુસરીને અમુક કાર્ય કરવું કે કરાવવું પડે છે.’

‘મને તો લાગે છે કે હિંસા કોઈ પ્રશ્નનો આત્યંતિક ઉકેલ નથી લાવી શકતી. એને લીધે પ્રશ્નો મટતા નથી, ઉલટું નવાનવા પ્રશ્નો ઊભા થાય છે.’

‘તો પણ એનો આધાર કોઈકવાર લેવો પડે છે.’

‘વેર વેરથી નથી શમતું એ પણ સાચું છે.’

‘વેર વેરથી શમતું નથી એ તો સૌ કોઈ માને છે છતાં વેર કરે છે. આપણા પ્રત્યે દુર્યોધને અને એના સાથીઓએ વેરભાવ રાખીને અઘટિત વ્યવહાર કર્યો તો પણ આપણે જે યુધ્ધ કર્યું તે વેરભાવથી નહોતું કર્યું.’

‘તો શું એની પાછળ પ્રેમભાવ હતો?’

‘પ્રેમભાવ હતો એવું તો કેવી રીતે કહી શકાય પરંતુ કર્તવ્યની ભાવના, સ્વધર્મની વિચારણા કે સ્વમાનની રક્ષાની વૃત્તિ હતી, એ કેમ ભૂલો છો?’

‘છતાં પણ મને લાગે છે કે આપણે આપણામાંના વેરભાવનો પૂરેપૂરો પરિત્યાગ નહોતા કરી શક્યા.’

દ્રૌપદી કાંઈક અન્યમનસ્કભાવે બોલી:

‘એ બધી વાતોને યાદ કરવાથી શું વળવાનું છે? એ તો ભૂતકાળ થઈ ગયો.’

યુધિષ્ઠિર તરત બોલી ઊઠ્યા: ‘એમાંથી જરૂરી બોધપાઠ મળી શકે તેમ છે. યુધ્ધમાં વિજયી થયા પછી મેં હસ્તિનાપુરનું સામ્રાજ્ય સંભાળ્યું તે પણ રાજ્યસુખના ઉપભોગની લાલસાથી નહિ, ભગવાન કૃષ્ણની સૂચનાથી જ.’

‘એ તો સૌ કોઈ જાણે છે. અને એ પણ જાણે છે કે તમારું રાજ્યશાસન સૌ કોઈને સારુ શ્રેયસ્કર થયું છે. પાછલાં કેટલાંય વરસોમાં પ્રજા આટલી બધી સુખી અથવા શાંત અને સમૃધ્ધ નહોતી થઈ શકી. પ્રજા તમને અંતરના ઊંડાણમાંથી ચાહે છે. હજુ તમે થોડાક વધારે વખત સુધી શાસન કરી શક્યા હોત.’

‘કરી શક્યો હોત એ સાચું, પરંતુ કેટલાક વધારે વખત સુધી કરી શક્યો હોત? હવે પહેલાંની યુવાવસ્થા નથી રહી. વાળ સફેદ થવા લાગ્યા છે, શરીરે કરચલી પડવાની શરુઆત થઈ છે, ને શક્તિનો

દિનપ્રતિદિન ક્ષય થતો જાય છે. કાળ અવશ્યંભાવિ અને અપરિહાર્ય છે. એ એકાએક ક્યારે આવશે એની ખબર નથી. એ આવે ને જીવન પર કામચલાઉ પડદો પાથરી દે તે પહેલાં જ ચેતી જવું સારું છે. કાળ પોતે જ નિવૃત્ત કરે અથવા નિવૃત્ત થવાની ફરજ પાડે તે પહેલાં રાજ્યશાસનના ક્ષેત્રમાંથી સુયોગ્ય સમયસર સ્વેચ્છાથી નિવૃત્ત થઈ જવું જોઈએ. નવા, વિશેષ શક્તિશાળી, ઉત્સાહી પુરુષોને સ્થાન આપવું જોઈએ. આપણા કુળમાં એ વાત નવી નથી. એનાથી અનેક પ્રકારનાં અનિષ્ટો દૂર થઈ શકે છે. એમની શક્યતા ઓછી થાય છે.'

'તમારી એ વિચારધારા સાથે હું સંમત થઉં છું. મને એની પાછળની ઉદાત્ત ભાવના ગમે છે.'

યુધિષ્ઠિર થોડાક સમય સુધી શાંત રહીને કહેવા માંડ્યા: 'વાત નીકળી જ છે ત્યારે સાથે સાથે એક બીજી વાત પણ કહી દઉં.'

દ્રૌપદી એમની વાત સાંભળવા ઉત્સુક બની.

'આપણા જીવનનું ધ્યેય બહારનું શાસન થોડું જ છે? બહારનું શાસન ગમે તેટલું વિશાળ અથવા સમૃધ્ધ હોય તો પણ સનાતન શાંતિ નથી આપી શકતું; જીવનનું પરિપૂર્ણ કલ્યાણ પણ નથી કરી શકતું. જીવનના કલ્યાણ અથવા સાફલ્યને માટે એક બીજા શાસનની પણ આવશ્યકતા છે-અંદરના આત્મિક શાસનની. એની કુશળતા પણ એટલી જ અથવા એનાથી પણ વધારે અનિવાર્ય છે. માણસે જો સાચા અર્થમાં સુખી થવું હોય તો એ કુશળતાની પ્રાપ્તિ કરવી જ જોઈએ.'

'એ આદર્શ તો આપણને ગળથૂથીમાંથી જ, પરંપરાગત રીતે શીખવા મળ્યો છે. એ આદર્શ આપણા જીવનની પ્રત્યેક ગતિવિધિ કે પ્રવૃત્તિનો પ્રેરક બન્યો છે.'

'એને આચારમાં અનુવાદિત કરવાની અભિલાષાથી જ મેં આટલા સમયના સુવ્યવસ્થિત, સમૃધ્ધ, શાંતિમય રાજ્યશાસન પછી એનો પરિત્યાગ કરવાનો સંકલ્પ કર્યો છે. એ સંકલ્પ સર્વપ્રકારે શ્રેયસ્કર છે એમાં શંકા નથી.'

'મને પણ એમાં કોઈ પ્રકારની શંકા નથી.'

'હવે હું મારા સમસ્ત સમયનો સદ્દુપયોગ આત્મકલ્યાણકાજે જ કરવા માંગુ છું.'

'તમારો એ સંકલ્પ પ્રશસ્ય છે અને એની પરિપૂર્તિ માટે તમને મારો બની શકશે તેટલો બધો જ ને સદાનો સાથ રહેશે.'

'મને પહેલેથી જ એવી આશા હતી. મારા સત્કર્મમાં તેં મને હંમેશા સાથ આપ્યા કર્યો છે. મારે લીધે તારે દુ:ખી થવું પડ્યું છે તો પણ.'

દ્રૌપદીએ કાંઈક આશ્ચર્યથી પૂછયું: 'તમારે લીધે મારે ક્યારે દુ:ખી થવું પડ્યું?'

'કેમ? ભૂતકાળને ભૂલી ગઈ? મારે લીધે તો તારે કૌરવોની સભામાં દુર્યોધન અને દુઃશાસન દ્વારા અપમાનિત થવું પડેલું. અમે બધા બંધુઓ એ રાજ્યસભામાં ઉપસ્થિત હોવા છતાં અસહાય બની ગયેલા. મારી બુદ્ધિ પહેલેથી જ પવિત્ર રહી હોત ને હું દુર્યોધનની આકાંક્ષાને અનુસરીને દ્યુત ના રમ્યો હોત તો એવો અમંગલ પીડાકારક પ્રસંગ ઉપસ્થિત થાત ખરો? મારી બુદ્ધિ એ વખતે મોહાંધ બની ગયેલી. માટે તો હું

એકવાર હાર્યા છતાં બીજીવાર દ્યુત રમીને મારી સાથે તમારા સૌના વનવાસનું કારણ થઈ પડ્યો. વનવાસનાં વરસો દરમિયાન તારે ને બીજાને કાંઈ ઓછી વિપત્તિ નથી વેઠવી પડી.'

'છતાંપણ એનું પરિણામ છેવટે સારું આવ્યું એનો મને સંતોષ છે. હવે આટલા બધા વખતે તમને એને માટે દોષ દીધે શું વળે તેમ છે? જે કાંઈ થવાનું હતું તે થઈ ગયું. તમે તેમાં નિમિત્ત બન્યા, દુર્યોધન પણ નિમિત્ત બન્યો ને હું પણ નિમિત્ત બની ગઈ. કાળદેવતાએ પોતાની નિર્ધારીત યોજના પૂરી કરી. એના હાથમાં હથિયાર બનેલા કેટલાય આત્માઓ અહીંથી એક અથવા બીજી રીતે વિદાય થયા, અને આપણી વિદાયનો વખત પણ હવે પાસે આવી પહોંચ્યો છે. હા, ભૂતકાળના અનુભવોમાંથી આપણને જરૂરી બોધપાઠ મળી શકે ખરો. એટલા પૂરતું એમનું મહત્વ ઓછું ના અંકાય.'

'માટે જ એમને યાદ કરું છું. ભાવિ જીવનને વધારે ને વધારે વિશદ કરવા.'

સૂર્યાસ્તનો અભિનય સંપૂર્ણપણે સફળ થયો. સંધ્યાના ગુલાબી રંગના ગોટેગોટા ચારેતરફ ફરી વળ્યા. એ આખુંય દૃશ્ય ખૂબ જ હૃદયંગમ બની રહ્યું. પવનની લલિત લહરીઓ સ્વૈરવિહાર કરવા નીકળી પડી.

'કેટલું બધું અદ્દભૂત દૃશ્ય?' દ્રૌપદી બોલી ઊઠી: 'અને કેટલું બધું આનંદદાયક? વરસોથી, અરે યુગોથી, આકાશમાં દિનપ્રતિદિન આવું દૃશ્ય જોવા મળે છે પરંતુ તે કદી જૂનું નથી થતું કે નીરસ નથી બનતું. રોજરોજ એ એટલો જ અસાધારણ આનંદ આપે છે.'

'સાચું છે.' યુધિષ્ઠિર બોલ્યા: 'દિવસભર તપીને સૂર્યે હવે ચંદ્રની તરફેણમાં પોતાનું શાસન છોડી દીધું, એના સફળ શાસનનો સુયશ સર્વત્ર ફરી વળ્યો છે. '

'એ તમારા શાસનની સ્મૃતિ કરાવે છે. તમારું શાસન પણ આવું જ આશીર્વાદરૂપ અને યશસ્વી છે ને? તમે પણ છોડવાનો સંકલ્પ કર્યો છે.'

'એ સંકલ્પ સહેતુક ને સફળ છે. સૂર્ય પછી એનું સ્થાન લેવા માટે જેમ ચંદ્ર આવે છે તેમ મારું સ્થાન પણ રિક્ત નથી રહેવાનું. પરીક્ષિત ચંદ્રની પેઠે જ સૌને શાંતિ આપશે, રસ પૂરો પાડશે, ને પ્રકાશ ધરશે. એ બીજી બધી રીતે યોગ્ય છે. આપણા કુળના ગૌરવને અકબંધ રાખવાની ને વધારવાની એનામાં શક્તિ છે. એને રાજ્યની ધુરા સુપ્રત કરીને મને સંપૂર્ણ સંતોષ થશે.'

'ને તમારી જેમ સૌ કોઈને સંતોષ થશે.'

'તને મારો પ્રસ્તાવ પસંદ પડ્યો છે તે સારું છે.'

'કેમ ના પસંદ પડે? શુભ ને સર્વોપયોગી પ્રસ્તાવો તો સૌ કોઈને પસંદ પડતા હોય છે.'

બંને શાંત રહ્યાં.

થોડાક વખત પછી પૂર્ણિમાના ચારુ ચંદ્રનો ઉદય થયો. એનો પ્રાણને પ્રસન્નતા પ્રદાન કરનારો પ્રકાશ બધે ફરી વળ્યો. જડ અને ચેતન એનાં કોમળ કળાત્મક કિરણોથી મંત્રમુગ્ધ બનીને નાચી ઊઠ્યાં.

તનમનમાં અવનવી આનંદલહરી ફરી વળી.

ગંગાનો પવિત્રતમ પ્રવાહ રૂપેરી બનીને એકાએક ચમકી ઊઠયો. એ અત્યંત આકર્ષક અને આહ્લાદક લાગવા માંડયો. એમાં ચંદ્રકિરણો મન મુકીને નહાવા પડ્યાં.

યુધિષ્ઠિર અને દ્રૌપદી એ અત્યંત સુંદર, અવર્ણનીય દ્રશ્યનું અવલોકન કરીને આનંદાનુભવ કરવા લાગ્યાં.

છેવટે યુધિષ્ઠિરે મૌનનો ભંગ કરતાં કહ્યું: 'આકાશમાં ચંદ્ર છે તેમ પૃથ્વી પર પરીક્ષિત છે. એ એવો જ સુંદર, સરસ, શાંતિમય છે. એ પણ અવનીને માટે આશીર્વાદરૂપ થઈ પડશે. મને એના જન્મ પછી પ્રાજ્ઞ પંડિતોએ તથા જ્યોતિર્વિદોએ કહેલી ભવિષ્યવાણી યાદ આવે છે. '

'કયી ભવિષ્યવાણી?'

'એના વ્યક્તિત્વની સાથે સંબંધ રાખનારી વાણી. એમણે કહેલું કે આકાશના ચંદ્રની પેઠે જ એની પ્રકૃતિ સાત્વિક અને શાંત હશે. એ મનુ મહારાજના પરમ પ્રતાપી પુત્ર ઈક્ષ્વાકુની પેઠે પ્રજાનું પાલન કરતાં પ્રજાના પરમહિતનાં અનેક કાર્યો કરશે, ને રામના જેવો સત્યસંકલ્પ કે સત્યનિષ્ઠ બનશે. મહારાજા શિબિસમો દાતા તથા શરણાગત પ્રતિપાલક થવાની સાથેસાથે દુષ્યંતપુત્ર ભરતની જેમ પોતાનો યશ ફેલાવશે. ધનુર્વિદ્યામાં અસાધારણ પ્રવીણતાની પ્રાપ્તિ કરીને સહસ્ત્રાર્જુન તથા પાર્થની બરાબર કહેવાશે. એ અગ્નિના જેવો દુર્ધર્ષ અને સિંધુના જેવો દુસ્તર બનશે. સિંહસમાન શુરવીર, હિમાલય પર્વતની પેઠે આશ્રય આપનાર, ધરિત્રીની જેમ તિતિક્ષાથી સંપન્ન અને માતાપિતાની પેઠે મમતાવાળો થશે. એની અંદર બ્રહ્મા જેવી સમતા, વિષ્ણુના જેવી મમતા અને શંકરની કરુણાનો સુભગ સમન્વય થઈ રહેશે. સદગુણોના મહિમાને ધારણ કરવામાં કૃષ્ણ જેવો, ઉદારતામાં રતિદેવ જેવો ને ધાર્મિકતામાં યયાતિ જેવો ગણાશે. ધૈર્યમાં બલિ જેવો તેમજ કૃષ્ણનિષ્ઠામાં પ્રહ્લાદ જેવો પ્રખ્યાત બનશે. પોતાના પાછલા જીવનમાં સંસારના સમસ્ત પદાર્થોની આસક્તિ અથવા મમતાનો પરિત્યાગ કરીને તથા દેહભાવને તિલાંજલિ આપીને પોતાની ચિત્તવૃત્તિને પરમાત્માના સનાતન સચ્ચિદાનંદ સ્વરૂપમાં કેન્દ્રિત કરશે ને જીવનને કૃતાર્થ બનાવશે. એ ગંગાના ઋષિમુનિસેવિત પ્રશાંત તટપ્રદેશ પર શરીરને છોડી દેશે ને પોતાના પ્રેરક જીવન દ્વારા પૃથ્વીને યુગયુગાંતર સુધી પ્રેરણા પાશે. જ્યોતિષ શાસ્ત્રના વિશેષજ્ઞોની એ ભવિષ્યવાણી ખોટી ના થઈ શકે. પરીક્ષિતના જીવનને આપણે આટલા બધા વખતથી જોઈ રહ્યાં છીએ. એ જીવન ચંદ્રની પેઠે જ ચારુ ને સદ્દગુણોના સમુચ્ચયવાળું છે. વિશેષજ્ઞોની વાણી એની અંદર મૂર્તિમંત થઈ હોય એવું લાગે છે.'

દ્રૌપદી શાંતિથી બોલી: 'તમારી વાત સાચી છે. એની સાથે હું સંપૂર્ણપણે સંમત થઉં છું. પરીક્ષિતનું જીવન ચંદ્ર જેવું ચારુ છે, પરંતુ એની અંદર ચંદ્રની કાલિમા ના હોય, એ સંપૂર્ણપણે નિષ્કલંક બને એવું ઈચ્છીએ.'

યુધિષ્ઠિર તરત જ બોલી ઊઠ્યા: 'ચંદ્રમાં કાલિમા છે એ સાચું પરંતુ એ તો એની શોભામાં અભિવૃધ્ધિ કરે છે. કોઈક લાવણ્મયી લલનાના ગૌર ગાલ પર તલ થયો હોય તેમ. પરીક્ષિતનું જીવન કાલિમારહિત છે ને કાલિમારહિત જ રહેશે. પરમકૃપાળુ પરમાત્મા એની રક્ષા કરશે. એનો જન્મ થયો તે પહેલાં પણ એની માતાના ઉદરમાં એની રક્ષા એમણે જ કરી છે ને?'

'કોના....ઉત્તરાના ઉદરમાં?'

'હા ઉત્તરાના ઉદરમાં. કેમ? ભુલી ગઈ? એ ભૂલવાની વસ્તુ નથી. એનું તો વારંવાર રટણ કરવાનું છે. એના રટણ કે મનનથી અસાધારણ સામર્થ્ય, ઉત્સાહ તથા હિંમત સાંપડે છે ને ભગવાન કૃષ્ણની

લોકોત્તરતાનો પરિચય મળે છે. ઉપરથી જોતાં એ સાધારણ દેખાય છે પરંતુ અંદરથી કેટલા બધા અસાધારણ છે તે સહેલાઈથી જાણી શકાય છે.'

'કૃષ્ણને સાધારણ કોણ કહે? મૂર્ખ કે અજ્ઞાની જ. એમની અસાધારણતાના પ્રસંગો આપણે આજ સુધી અનેક જોયા છે. પરીક્ષિતની રક્ષાના પ્રસંગને હું નથી ભૂલી ને બીજા કેટલાય પ્રસંગોની પેઠે કદાપિ નહિ ભૂલું. એ પ્રસંગ કેટલો બધો અદ્દભૂત હતો?'

'ખૂબ જ અદ્દભૂત. મને એ એવો ને એવો જ યાદ છે.'

'અને મને પણ.'

એ પ્રસંગ ખરેખર અદ્દભૂત હતો. એની સ્મૃતિ એ બંનેને થઈ આવી.

મહાભારતનું મહાભયંકર સર્વસંહારક યુધ્ધ સમાપ્ત થયું એટલે પાંડવો મૃત સ્વજનોને અંજલિ આપવાની ઈચ્છાથી પ્રેરાઈને ગંગાતટ પર જઈ પહોંચ્યા.

ભગવાન કૃષ્ણ એમની સાથે જ હતા.

ગંગાતટ પરની ઉત્તરક્રિયાથી મુક્ત થયેલા યુધિષ્ઠિરને એમણે રાજ્ય અર્પણ કર્યું અને એ પછી સુદીર્ઘ સમય સુધી એમની પાસે રહ્યા પછી એ સાત્યકિ તથા ઉધ્ધવ સાથે દ્વારકા જવા માટે તૈયાર થઈને રથમાં વિરાજમાન થયા.

એ જ વખતે ભયભીત બનેલી ઉત્તરા એમની પાસે દોડી આવીને પોતાની પ્રાણરક્ષા માટે પ્રાર્થવા લાગી.

એના કેશ છૂટા પડી ગયેલા અને એની આંખમાંથી અશ્રુપ્રવાહ ચાલી રહેલો.

'કૃષ્ણ!' એણે વેદનાયુક્ત ગદ્દગદ્દ સ્વરે કહેવા માંડ્યું: 'આ ભયંકર મહાવિનાશક લોહબાણ મારો નાશ કરવાના આશયથી આવી રહ્યું છે. એ મારો નાશ કરે તેની મને ચિંતા નથી પરંતુ મારા ઉદરમાં રહેલા શિશુનો નાશ ના કરે એટલી મારી પ્રાર્થના છે. તમે તેની રક્ષા કરો.'

આકુળવ્યાકુળ ઉત્તરા શ્રીકૃષ્ણના ચરણ આગળ ઢળી પડી. એણે એ ચરણોને બંને હાથે પકડી રાખ્યાં.

શ્રીકૃષ્ણ આખીયે પરિસ્થિતિ સમજી ગયા.

કૌરવોના સર્વસંહારથી ક્રુધ્ધ બનેલા ને દુ:ખી થયેલા દ્રૌણાચાર્યપુત્ર અશ્વત્થામાએ વેરભાવથી પ્રેરાઈને પાંડવવંશનો નાશ કરવા માટે બ્રહ્માસ્ત્રોનો પ્રયોગ કરેલો.

એણે પાંચ ભયંકર બાણ પાંડવો તરફ પણ ફેંકેલા.

શ્રીકૃષ્ણે સુદર્શન ચક્રથી એ વિઘાતક બાણોનો નાશ કરીને પાંડવોને નિર્ભય બનાવ્યા, અને ઉત્તરાના ઉદરસ્થ શિશુની સુરક્ષા માટે એની આજુબાજુ અભેદ્ય કવચ કરી દીધું.

અશ્વત્થામાનું અમોઘ બ્રહ્માસ્ત્ર ભગવાન કૃષ્ણની સંનિધિમાં આવીને એમના અસાધારણ સામર્થ્યના પ્રભાવથી આપોઆપ શાંત થઈ ગયું. એ એનું ધારેલું કામ ના કરી શક્યું.

એ જોઈને પ્રસન્નહૃદયા ઉત્તરાએ, કુંતીએ ને પાંડવોએ કૃષ્ણની પ્રશસ્તિ કરી.

કૃષ્ણ ત્યાંથી પ્રસન્નવદને દ્વારકાની દિશામાં વિદાય થયા ને બોલ્યા: 'મારા સરખું કાર્ય હોય તો મને કોઈપણ પ્રકારના સંકોચ વિના યાદ કરજો. હું સત્વર આવી પહોંચીશ.'

સૌના હૃદયો રડવા લાગ્યાં.

યુધિષ્ઠિરે કહ્યું: 'તે દિવસે શ્રીકૃષ્ણ ના હોત તો ઉત્તરા અને પરીક્ષિત બંનેનો નાશ થાત. ઉત્તરાના ઉદરમાં રક્ષાયલા પરીક્ષિતનો જન્મ એ પછી જ થઈ શકેલો.'

'એ સર્વાન્તર્યામી કૃષ્ણ એની સર્વત્ર સર્વપ્રકારે રક્ષા કરે એવું ઈચ્છીએ.' દ્રૌપદી બોલી: 'એ છે પણ કૃષ્ણપ્રેમી. કૃષ્ણનો પ્રેમ તથા વિશ્વાસ એને વારસામાં મળ્યો છે.'

'હા. એ એની રક્ષા કાયમકાજે કરશે જ.'

* * * * *

## ૨. રાજ્યાભિષેક

યુધિષ્ઠિર પૂર્ણિમાના પૂર્ણ ચંદ્ર તરફ નિર્નિમેષ નેત્રે જોઈ રહ્યા. એમનું જીવન પણ એવું જ હતું. સર્વ પ્રકારે સફળ, સાર્થક અને પરિપૂર્ણ. પહેલાં એ પાર વિનાની પ્રતિકૂળતાથી ભરપૂર હતું એની ના નહીં. વિપત્તિ ને વિષાદ તથા વેદનારૂપી વિષથી વીંટળાયલું હતું. પરંતુ જીવનનો એ પ્રાથમિક તબક્કો પૂરો થયો ને પછી બીજા સુખમય, શાંતિમય, સમૃદ્ધ, સુધાસભર તબક્કાનો આરંભ થઈ રહ્યો ત્યારથી એમનું જીવન એકંદરે આનંદમય બની ગયેલું. એની સાર્થકતા પરિસીમા પર પહોંચી ચૂકેલી. હવે એમણે પરીક્ષિતના રાજ્યાભિષેકનો સંકલ્પ કરેલો. એથી એ સંપૂર્ણપણે સંતુષ્ટ હતા. એમણે દ્રૌપદીને પોતાના મનોભાવોની અભિવ્યક્તિ કરતાં કહ્યું પણ ખરું:

‘મારું જીવન પૂર્ણ ચંદ્રની જેમ બાહ્ય રીતે પરિપૂર્ણતાએ પહોંચ્યું લાગે છે.’

‘સાચું છે. એમાં તિલમાત્ર શંકા નથી. તમને જોનારા બીજા બધા પણ એવું જ કહે છે.’

‘આપણા મહાપુરુષોએ બતાવેલા માનવજીવનના ચતુર્વિધ મહાપુરુષાર્થોમાંથી અર્થ, કામ ને ધર્મની સિદ્ધિ મારા જીવનમાં લગભગ સારી પેઠે થઈ ચૂકી છે. હવે માત્ર મોક્ષની સિદ્ધિ શેષ રહી છે. એને માટેની સમ્યક્ સાધનામાં મનને પરોવી દેવાની પ્રેરણા વારંવાર પેદા થયા કરે છે. એ પ્રેરણાને અનુસરીને જીવવાનું જ હવે શેષ રહે છે. એવી રીતે જીવાય તો જીવન બાહ્યાભ્યંતર બંને રીતે સાર્થક અને સંપૂર્ણ બની શકે.’

‘એવો અવસર પણ જીવનમાં આવી રહેશે. બાકી મને તો લાગે છે કે આપણું સમસ્ત જીવન મુક્તિની મંગલમય સાધનાભૂમિ છે. એમાં પદપદ પર, પ્રત્યેક પળે, મુક્તિની સાધના થતી જ રહી છે. પછી એ જ્ઞાત રીતે થઈ હોય કે અજ્ઞાત રીતે.’

‘મારું કહેવાનું એ જ છે કે જીવન દરમિયાન આજ સુધી કૈંક અંશે અજ્ઞાત રીતે થયેલી એ સાધનાને હવે જ્ઞાત રીતે કરવી છે અને એની સફળતાને વરવી છે.’

‘એ કાર્યની સિદ્ધિ પણ તમે સહેલાઈથી કરી શકશો. તમારી યોગ્યતાનો વિચાર કરતાં મને એમાં કશો સંદેહ નથી લાગતો.’

‘પરંતુ એને સારું તારી સહાનુભૂતિ ને તારો સહયોગ જોઈશે. સંપૂર્ણ સહયોગ.’

‘તે તો છે જ ને મળી રહેશે.’

‘બસ ત્યારે. તારા સરખી પરમવિદુષી સ્ત્રીના સદ્દભાવ સિવાય મારાથી એક ડગલું પણ આગળ નહિં વધી શકાય.’

‘મારી સદ્દભાવનાનો પ્રવાહ તમારે માટે સદાને માટે વહેતો રહેશે.’

યુધિષ્ઠિરની આંખમાં આંસુ આવી ગયા. એમને પોતાનું શરીરધારણ સાર્થક લાગ્યું. એ અધિક ના બોલ્યા-ના બોલી શક્યા.

*

બીજા દિવસે પ્રભાતના પ્રથમ પ્રહરમાં સૌ કોઈ નિત્યક્રમમાંથી નિવૃત્ત થઈને હસ્તિનાપુરના રાજપ્રસાદ તરફ જવા લાગ્યાં.

પ્રભાતના મંગલમય મૂહૂર્તમાં પરીક્ષિતનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

વેદના અસાધારણ આનંદદાયક ધ્વનિ વાતાવરણમાં બધે જ ગાજી ઊઠ્યા. એથી આજુબાજુનું વાતાવરણ વિશદ બની ગયું.

પંડિતોએ સ્વસ્તિ વચનો ઉચ્ચાર્યાં ને મુનિમંડળીએ શુભાશીર્વાદની વર્ષા વરસાવી.

એ પવિત્ર પ્રસંગને અનુલક્ષીને જુદીજુદી જાતનાં દાન આપવામાં આવ્યાં. એથી યાચકો સંતોષ પામ્યા.

નૃત્ય, સંગીત તથા કવિતાની રમઝટ જામી.

આબાલવૃદ્ધ સૌ કોઈનાં મન પ્રસન્ન થયાં.

હસ્તિનાપુરનો દેખાવ ફરી ગયો.

મનોરથઘેલા મનુષ્યોની સાથે સમસ્ત પ્રકૃતિએ પણ નવા રૂપરંગ સજીને જાણે કે ઉત્સવ કર્યો.

રાજ્યાભિષેકની વિધિ વખતે ઉત્તરાને અપાર આનંદ થયો. એણે મનોમન કહ્યું: ‘આ અસાધારણ આનંદદાયક અવસર પર પરીક્ષિતના પિતા જો હાજર હોત તો એમને કેટલો બધો આનંદ થાત? એમનું અંતર ઊછળી પડત. એમનો સ્વર્ગવાસ એકાએક અને ઘણી નાની ઉંમરે થયો. કૌરવોએ સર્વસંહારક સંગ્રામમાં એમનો નાશ કરી નાખ્યો. એમને જરા પણ દયા ના આવી. એ આજે સ્થૂળ રીતે ઉપસ્થિત નથી પરંતુ સૂક્ષ્મ રીતે ઉપસ્થિત હોય એવું લાગ્યા વિના નથી રહેતું. પરીક્ષિતના રાજ્યાભિષેકના આ પ્રસંગથી પુલકિત થઈને એ આશીર્વાદ વરસાવે છે.’

એની આંખ ટપકી પડી.

પરીક્ષિતની પ્રિય પત્ની ઈરાવતી પરીક્ષિતની પાસે જ બેઠેલી. એના અંગ પરના આકર્ષક અલંકારો અને શૃંગારોને લીધે એ રતિ કરતાં વધારે રૂપાળી લાગતી. અમરાપુરની એકાદ અપ્સરા મૃત્યુલોકની ભૂમિમાં ભૂલી પડી હોય એવો ભાસ થતો.

એની પ્રસન્નતાનો પાર નહોતો. એ પોતાના જીવનની કૃતાર્થતાનો અનુભવ કરી રહેલી. પોતાના જેવું કે જેટલું સુખી એને બીજું કોઈપણ નહોતું લાગતું.

રાજ્યાભિષેકના પવિત્ર પ્રસંગ પર પાંડવોનાં અંતર પણ આનંદી ઊઠ્યાં.

યુધિષ્ઠિરે પરીક્ષિતની પાસે પહોંચીને, એના મસ્તક પર હાથ મૂકીને, ભાવવિભોર બનતાં જણાવ્યું:

‘પ્રજાનું સારી પેઠે પાલન કરજે, ન્યાયનીતિથી રહેજે, ને સંપત્તિ, સત્તા તથા યૌવનના મદને વશ ના થતો. પ્રભુતાની વચ્ચે પણ નમ્રતાથી વિભૂષિત બનજે. જીવન પરમાત્માને ઓળખવા અને અન્યનું મંગલ કરવા કે હિત સાધવા માટે છે એ ના ભૂલતો. વ્યસનોનો ભૂલેચૂકે પણ શિકાર ના બનતો. કુકર્મોમાં કદીપણ અને કોઈયે કારણે પ્રવૃત્તિ ના કરતો. પરસ્ત્રીને માતા બરાબર માનજે ને પરધનને પત્થરસમાન પ્રમાણજે. પ્રાત:સ્મરણીય પરમાત્મપરાયણ તપશ્ચર્યારત ઋષિમુનિને પરમાત્માના પ્રતિનિધિ માનીને એમનો અહર્નિશ આદરસત્કાર કરજે અને એમનો ભૂલેચૂકે પણ અપરાધ ના કરતો. દીનદુ:ખીને દીનતા તથા દુ:ખથી મુક્ત કરવાનું ને સમૃધ્ધ બનાવવાનું ધ્યાન રાખજે. પ્રજાજનોનાં સુખદુ:ખને પોતાનાં સમજીને એમને સર્વપ્રકારે

સુખી કરજે. રાજ્યશાસનની જે જવાબદારી પ્રાપ્ત થઈ છે તેને પ્રમાદનો પરિત્યાગ કરીને પ્રમાણિકતાથી પૂરી કરજે.'

પરીક્ષિતે સૌને પ્રણામ કર્યા ને કહ્યું:

'તમારા સૌના શુભાશીર્વાદથી મારા જીવનનો સદ્દુપયોગ કરીને હું કૃતાર્થ થઈશ. અને ભગવાન કૃષ્ણના આશીર્વાદ તો છે જ. એ સ્વયં નથી પધાર્યા પરંતુ એમણે એમની શુભાશિષ તો મોકલી જ છે. મને એમનામાં પૂરેપૂરો વિશ્વાસ છે. માતાના ઉદરમાં એમણે મારી રક્ષા કરી છે તેમ બહાર પણ કરશે જ.'

ઉત્તરાએ જણાવ્યું:

'ભગવાન કૃષ્ણ તો આપણા હર્ષ ને શોકના, સુખ તથા દુ:ખના, પતન અને ઉત્થાનના સાક્ષી છે. એમણે આપણને હંમેશા સાથ ને સહકાર આપ્યો છે. એમની પ્રેરણા, એમના પથપ્રદર્શન અને અનુગ્રહને લીધે જ આપણે સમૃધ્ધ ને સુખી થઈ શક્યાં છીએ. એમાંયે મારા પર અને પરીક્ષિતની ઉપર તો એમની સવિશેષ કૃપા છે. આવા વખતે એમની અનુપસ્થિતિ તરી આવે ને સાલે જ. એ હોત તો આજનો આનંદ અનેકઘણો વધી જાત. કોઈ વિશિષ્ટ અનિવાર્ય કારણને લીધે જ એ નહિ આવી શક્યા હોય.'

'સાચું છે.' યુધિષ્ઠિરે તરત જ જણાવ્યું: 'મને મળેલી માહિતી પ્રમાણે એ કારણ ખૂબ જ કરુણ છે. કહે છે કે યાદવો વિષયગામી બનીને અંદરઅંદર કલહ કરવા માંડ્યા છે. શ્રીકૃષ્ણને એથી સ્વાભાવિક રીતે જ થોડુંક દુ:ખ થયું છે.'

'એ તો ખૂબ જ ખરાબ કહેવાય.'

'હા. અને અધુરામાં પૂરું યાદવોને ઋષિઓનો શાપ મળ્યો છે.'

'શાપ ઋષિઓનો? અને એ પણ યાદવોને? શા માટે?'

'કેમ? યાદવોને શાપ ના મળી શકે? યાદવો બીજા મનુષ્યો કરતાં ભારે પુણ્યશાળી ને શાપથી પર છે?

'ના. પણ એનું કશુંક કારણ તો હોવું જોઈએ ને?'

'કારણ વિના કાર્ય બની શકે છે? કારણ ઘણું મોટું છે. યાદવોના કેટલાક છોકરાઓએ સાંબને છોકરીનો વેશ પહેરાવી ઋષિઓની પાસે પહોંચીને એમની મશ્કરી કરતાં પૂછયું કે આ છોકરીને પુત્ર થશે કે પુત્રી? ઋષિઓ અસાધારણ સામર્થ્યસંપન્ન હોવાથી સત્વર સમજી ગયા કે સાંબ છોકરી નથી પણ છોકરો છે. એમણે તરત જ શાપ આપ્યો કે એને પુત્ર કે પુત્રી થવાને બદલે એક મૂશળ થશે અને એ મૂશળ તમારા સમસ્ત કુલનો સંહાર કરશે. છોકરાઓ એ શબ્દો સાંભળીને એકદમ ગભરાઈ ગયા. હસવામાંથી ખસવું થઈ ગયું.'

'એ તો અતિશય અનર્થકારક કહેવાય. ઋષિમુનિની અવજ્ઞા સદા અમંગલ થાય છે. એવી અવજ્ઞા જાણીજોઈને કોઈયે ના કરવી જોઈએ. પછી?'

'પછી શું? ઘેર આવીને સૌએ જોયું તો સાંબના શરીર પરથી સાચેસાચ મૂશળ નીકળ્યું.' ઋષિવરોની વાણી કાંઈ ખોટી પડે છે? મૂશળને નિહાળીને સૌ આશ્ચર્યચકિત ને ભયભીત બની ગયા. એમને થયું કે ઋષિમુનિઓની બીજી ભવિષ્યવાણી પણ સાચી પડશે. એમને પોતાના કુકર્મને માટે પશ્ચાતાપ થયો. પરંતુ

હવે એથી શું વળે? જે થવાનું હતું તે થઈ ચૂકેલું. મૂશળને લઈને સૌ મહારાજા ઉગ્રસેન પાસે પહોંચી ગયા ને સઘળી હકીકત કહી સંભળાવી. મહારાજા ઉગ્રસેન પરિસ્થિતિની ગંભીરતાને સમજી ગયા. એમણે મૂશળના ટૂકડા કરાવીને સમુદ્રમાં નંખાવી દીધા. એ બધું થયું છે તો પણ સૌના મનમાં ભીતિ અથવા આશંકા તો છે જ. વળી યાદવોમાં વ્યસનો વધી પડ્યા છે ને સંપ નથી. એમનો આંતરિક કલહ વધી પડ્યો છે. કૃષ્ણ સમજે છે કે એમના અવનતિ કાળનો આરંભ થઈ ચૂક્યો છે. ઋષિઓનો શાપ કદી પણ મિથ્યા ના થઈ શકે એની પ્રતીતિ પણ એમને થઈ ચૂકી છે. એ બધા સંજોગોમાં એ દ્વારકા છોડવા નથી માંગતા.'

'હવે મને સમજાયું.'

પાંડવોને ને દ્રૌપદીને એ બધી માહિતી પ્રથમથી જ મળી ચૂકેલી પરંતુ ઉત્તરાને માટે એ માહિતી નવી હતી. એમણે એ સાંભળીને તરત જ કહ્યું:

'પરંતુ શ્રીકૃષ્ણ એ શાપને સાચો પાડવા દેશે ખરા? એમનું સામર્થ્ય સૌથી વધારે અથવા અસીમ છે. વળી યાદવોને માટે એમનો પ્રેમભાવ પણ છે જ. એમને ઉગારવા માટે એ શાપનું પોતાની રીતે નિવારણ ના કરી શકે?'

'કૃષ્ણ શું ના કરી શકે એની કલ્પના કરવાનું કામ કઠિન છે. એ સર્વકાંઈ કરવા, ના કરવા, અને અન્યથા કરવા સમર્થ છે. તો પણ પ્રાતઃસ્મરણીય તપસ્વીગણોના શાપની મર્યાદાને સાચવવાનું એમને હિતાવહ લાગ્યું હશે. એની ઉપરવટ જવાની એમની ઈચ્છા સ્વાભાવિક રીતે જ નહીં હોય. વળી એમણે યાદવોના ભાવિનું દર્શન અત્યારથી જ કરી લીધું હશે. એ પોતાના જીવનમાં શું ને કેવી રીતે કરવા માંગે છે તે કેવી રીતે કહી શકાય? આપણે તો આપણી સાધારણ બુદ્ધિને અનુસરીને એનું અનુમાન અને આછુંપાતળુ અનુમાન જ કરી શકીએ. આપણી શક્તિ કેટલી બધી સીમિત છે?'

'તો તો યાદવોનો નાશ થઈ જવાનો.' પરીક્ષિતે આશંકાની અભિવ્યક્તિ કરી.

'લાગે છે તો એવું જ. છતાં કૃષ્ણ એકાએક કાંઈક અન્યથા કરે તો કહેવાય નહિ.'

'એ અન્યથા કરે ખરા!'

'એની માહિતી માત્ર એમને જ છે. એમનું વ્યક્તિત્વ જ એવું વિશાળ, વિસ્મયજનક ને પરિપૂર્ણ છે કે એમને માટે કશું જ અશક્ય નથી. એ જેમ આદર્શપ્રેમી, જ્ઞાની, કર્મયોગી, વીર, યુદ્ધકળાનિપુણ, રાજનીતિજ્ઞ, શાસક, સન્મિત્ર, સખા કે સ્વામિ છે તેમ ઉત્તમોત્તમ જન્મજાત યોગી પણ છે. એમની અંદર યોગૈશ્વર્યનો પરિપૂર્ણપણે પ્રાદુર્ભાવ થયેલો છે એની આપણને આજ સુધી અનેકવાર પ્રતીતિ થઈ ચૂકી છે. આપણી પૃથ્વી પર એવા પૂર્ણ પુરૂષપ્રવર આજ સુધી કદી પણ પ્રકટ નથી થયા ને ભવિષ્યમાં પણ પ્રકટ થશે કે કેમ એ સંદેહાત્મક છે. મહર્ષિ વ્યાસે અને ભીષ્મપિતામહે એમની ઉચિત રીતે જ પ્રશસ્તિ કરી છે. એમની લીલા અક્ષરશઃ તો એ જ જાણે છે.'

'છતાં પણ આપણે આ આનંદદાયક અસાધારણ અવસર પર ઈચ્છીએ અને પ્રાર્થીએ કે યાદવો એ સર્વસંહારક શાપમાંથી ઉગરી જાય.'

ઉત્તરાએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો: 'કોઈક એવો વચગાળાનો માર્ગ નીકળી આવે કે જેના પરિણામે શાપની મર્યાદા પણ સચવાઈ રહે અને યાદવોનાં જીવન પણ બચી જાય.'

'છેવટે તો જે કાળદેવતાએ ધાર્યું હશે તે જ થશે.'

એ વિષય ત્યાં જ બંધ રહ્યો. એને આગળ વધારવા જેવું કશું હતું પણ નહિં.

રાજ્યાભિષેકની રાતે પરીક્ષિતે પોતાની પત્ની ઈરાવતીને કહ્યું: 'આજની રાત ઘણી રસીલી લાગે છે.'

'તમારો રાજ્યાભિષેક થયો એટલે?' ઈરાવતીએ પૂછ્યું.

'બનવાજોગ છે.'

'રાત તો એની એ જ છે. એ જ ચંદ્ર છે અને એ જ ચંદ્રિકા. તારાગણો અને આકાશ પણ એ જ છે. પવનની સુમનની સૌરભને લઈને વહેનારી આ લલિત લહરીમાં પણ કશો ફેર નથી પડ્યો.'

'છતાં પણ એ બધાં બદલાયાં લાગે છે.'

'કારણ કે તમારું મન બદલાયું છે. તો તો પછી હું પણ બદલાઈ હોઈશ.'

'તારો પોષાક બદલાયો છે પણ તું નથી બદલાઈ.'

'બસ ત્યારે. મારે જે કહેવાનું છે તે એ જ છે કે આપણને રાજ્યાભિષેકનો નશો ના ચઢવો જોઈએ. તમારો રાજ્યાભિષેક થયો છે તો પણ આપણે તો જેવાં છીએ તેવાં જ રહીશું. અહંકારી નહિ થઈએ તથા વિપથગામી પણ નહિ બનીએ. રાજ્ય તો આજે મળ્યું છે ને કાલે ના હોય. તેથી શું?'

'તારી વાત સમજી શકું છું. તું આવી રીતે જ અવારનવાર મારા જીવનની પ્રેરણાદેવી બની છે.'

'એવું કહીને મને શરમમાં ના નાખશો.'

'જેને જેવી અંજલિ આપવાની આવશ્યકતા હોય તેને તેવી અંજલિ આપીએ એનો અર્થ કાંઈ શરમમાં નાખવાનો નથી થતો.'

'હું તો કેવળ પત્ની તરીકેનું મારું કર્તવ્ય બજાવી રહી છું.'

'એટલે તો તને અંજલિ આપું છું.'

'એ અંજલિ અસ્થાને છે.'

'તને એવું લાગતું હોય તો ભલે. મને તો નથી લાગતું. રાજ્યાભિષેકની ઘટના કાંઈ માનવજીવનની સામાન્ય ઘટના હોય છે?'

'નથી હોતી. એ ઘટના કોઈક વિરલ પુરૂષવિશેષોના જીવનમાં બનતી અસાધારણ શકવર્તી ઘટના હોય છે. એ આનંદદાયક હોય છે અને આનંદદાયક હોવી જોઈએ એમાં શંકા નથી. પરંતુ એની સાથેસાથે એ ઘટના ઊંડા આત્મનિરીક્ષણની ઘટના બની જવી જોઈએ. એને લીધે જીવનમાં નવી જ જવાબદારી પેદા થતી હોય છે.'

'શાસન ચલાવવાની જવાબદારી?'

'શાસન ચલાવવાની જવાબદારી તો ખરી જ પરંતુ સાથેસાથે એક આદર્શ પુરૂષ બનવાની જવાબદારી. સત્તાનાં સૂત્રો સંભાળનારા રાજવી કે પદાધિકારીએ બને તેટલા ક્ષતિરહીત, નિર્દોષ અથવા આદર્શ થવાની કોશિશ કરવી જોઈએ. એ સંવેદનશીલ, પરદુઃખભંજન ને નિઃસ્વાર્થ હોવો જોઈએ. તો જ એ પ્રજાનું હિત સારી રીતે સાધી શકે. સત્તાને ઈજારાશાહી સમજવાને બદલે લોકોના ઉત્કર્ષનું પવિત્ર સાધન માનવું જોઈએ.'

'મારી માન્યતા એવી જ છે.'

'એટલે તો તમારો રાજ્યાભિષેક સફળ કે સાર્થક છે. તમે એક આદર્શ રાજવી થઈ શકશો.'

'આદર્શ રાજવી તો ઠીક પણ આદર્શ સેવક થઈ શકું તો પણ ઘણું છે. એથી મને અભૂતપૂર્વ સંતોષ મળશે.'

'આદર્શ સેવક જ આદર્શ સુહૃદને આદર્શ રાજવી બની શકે છે. મહારાજા યુધિષ્ઠિરની જેમ. તમે તેમની પરંપરાગત પ્રતિષ્ઠાને સાચવશો ને વધારશો એવો મને વિશ્વાસ છે.'

'તારી શુભેચ્છાથી સઘળું સિદ્ધ થઈ રહેશે. તારી શુભ ભાવના મારી મોટામાં મોટી મૂડી છે. જ્યારે ભૂલીશ ત્યારે તું યાદ કરાવવા તૈયાર હોઈશ એટલો સંતોષ છે. શ્રીરામની જેમ હું એક પ્રજાપાલક રાજા બની શકું એને માટે મારા પ્રયત્નો રહેશે.'

ઈરાવતી નેહભરેલા નેત્રોને નચાવતાં બોલી: 'તમારા શબ્દો સાંભળીને મને આનંદ થાય છે, પરંતુ રામની પેઠે તમે તમારી સીતાનો આકસ્મિક રીતે ને કવખતે કઠોર બનીને પરિત્યાગ ના કરતા. રામ હૃદયથી કઠોર નહોતા એ જાણું છું, તો પણ એમનો ત્યાગ કઠોર હતો.'

પરીક્ષિતે કહ્યું: 'આજન્મમાં તો ઠીક પણ જન્માંતરમાંય હું તારો ત્યાગ નહિ કરું. નહિ કરી શકું.'

'ખરેખર?'

'ખરેખર. તને એમાં કશી શંકા લાગે છે?'

'ના નથી લાગતી. છતાં પણ પૂછું છું.'

'એનો ઉત્તર મેં આપી દીધો. મને આશા છે કે મારો ઉત્તર તને ગમશે.'

'કદાચ મારો કોઈ કારણે પરિત્યાગ કરવો પડે તો પણ શું? મારા કરતાં લોકહિતને ને સિદ્ધાંતની નિષ્ઠાને આધારે મહત્વ આપજો. એથી હું પ્રસન્ન થઈશ. સિદ્ધાંતને ખાતર પોતાના પ્રિયમાં પ્રિય પદાર્થનો પરિત્યાગ કરવો પડે તો પણ શું? તેવા પરિત્યાગને માટે તૈયાર રહેવું જોઈએ. હું તો તમને પૂછવા ખાતર, તમારા મનોભાવોની માહિતી મેળવવા પૂછતી'તી.'

'મારા મનોભાવોથી તું અપરિચિત છે?'

'તદ્દન અપિચિત તો નથી પરંતુ મનોભાવો તો કેટલીવાર બદલાયા કરે છે ને?'

'મારા મનોભાવો કદી નથી બદલાતા.'

'બસ ત્યારે. આજથી નવજીવનનો અરુણોદય થયો છે એમ માનીને જનહિતના મંગલમય પથ પર પ્રસ્થાન કરો. તમે તમારા પુરુષાર્થમાં સફળ થશો. તમારી સર્વાંગીણ સફળતાને નિહાળીને મારા જીવનને સફળ સમજીશ.'

'ઈરાવતી! તું કેટલી બધી મેધાવી ને મહાન છે? ઈશ્વરે તને મારા જીવનમાં કોઈક પુનિત પળે મોકલી લાગે છે.'

'કેમ?'

'તારા ગુણો કેટલા બધા મોટા છે? તારા વિના મારું જીવન ખરેખર અપૂર્ણ હોત. તારે લીધે તે રસવંતુ ને મહિમાન્વિત થયું છે.'

'પાછા મારી પ્રશસ્તિ કરવા માંડ્યા? પુરુષે સ્ત્રીની પ્રશસ્તિ જ કરવાની હોય છે શું? પ્રશસ્તિ કરવી હોય તો પરમાત્માની કરો.'

'તારા રૂપમાં મારા જીવનમાં પરમાત્માની પરમ શક્તિ જ પધારી છે. હું એવું નિશ્ચયાત્મક રીતે માનું છું.'

'સારું એ માન્યતા તમારી પાસે જ રાખજો. નહિ તો લોકોમાં નિરર્થક હાંસીપાત્ર થશો.'

'આ તો આપણા બંનેની વચ્ચેની વાત છે. એને એમ જ્યાં ત્યાં ને જેની તેની આગળ પ્રકટ ના કરાય.'

ઈરાવતી મૂક રહી.

બંને ચંદ્રના ચારુ પ્રકાશનું-એના પીયૂષનું પાન કરવા લાગ્યા.

વાદળની વચ્ચેનો ચંદ્ર અતિશય આકર્ષક દેખાવા માંડ્યો. એ જોઈને પરીક્ષિતે પૂછ્યું: 'આ ચંદ્ર કોના જેવો આકર્ષક અથવા આહ્લાદક લાગે છે, ખબર છે?'

'કોના જેવો?'

'તારા જેવો.'

'મારા જેવો?'

'હા. તારું કેશલટોથી આચ્છાદિત મુખમંડળ પણ એવું જ છે ને? અલબત્ત, એ એના કરતાં વધારે અમૃતમય લાગે છે. એની આહ્લાદકતા એવી અનોખી છે કે એને જોઈએ છીએ પણ તૃપ્તિ નથી થતી.'

'ચંદ્રની પેઠે હું પ્રકાશ પાથરું છું?'

'જરૂર. પ્રકાશ જ નથી પાથરતી પરંતુ સાથે સાથે જીવન પાથરે છે. એને લીધે જ હું સુખપૂર્વક જીવી શકું છું. તું મારા જીવનમાં જીવન પાથરે છે.'

ઈરાવતી થોડીકવાર વિચારમાં પડી ને બોલી: 'તમારી જેમ ચંદ્રનો પણ રાજ્યાભિષેક થયો હોય એવું લાગે છે. તારાઓ એનો ઉત્સવ ઉજવી રહ્યાં છે. જ્યાં દ્રષ્ટિપાત કરીએ છીએ ત્યાં આનંદ આનંદ ફેલાઈ ગયો છે.'

'ચંદ્રનો રાજ્યાભિષેક ક્યાં થયો છે?'

'રાત્રીના હૃદયમાં.'

'અને આકાશ?'

'આકાશ તો એનું આશ્રયસ્થાન છે. એ રાજ્યાભિષેકથી સમસ્ત પ્રકૃતિ પુલકિત બની ગઈ છે. બધે ઠેકાણે રસની રેલમછેલ થઈ રહી છે. એ આખુંય દૃશ્ય કેટલું રમણીય લાગે છે?'

'તારી કલ્પના ઘણી રોચક છે, ઈરાવતી! એના પરથી મારા અંતરમાં એક વાતની સ્કુરણા થાય છે. હું પણ આવા જ રસમય રાજ્યાભિષેકની આકાંક્ષા રાખું છું. એ રાજ્યાભિષેક આજના રાજ્યાભિષેકની જેમ બહારનો નહિ હોય, અંદરનો હશે. તારા હૃદયનો. એવા રાજ્યાભિષેકની જ મારે મન કિંમત છે. હું તારા હૃદયમાં રહી શકીશ તો મને સૌથી વધારે સૌભાગ્યશાળી સમજીશ.'

'તમે મારા હૃદયમાં રહેલા જ છો. ત્યાં, એના અમૃતમય અનેરા આસન પર તમારા આત્માનો અભિષેક થયેલો જ છે. એ અભિષેક શાશ્વત કાળને સારુ સનાતન રહેવા સરજાયેલો છે.'

'બસ ત્યારે....હું મારા જીવનને કૃતાર્થ કહીશ. બીજા સ્થૂળ રાજ્યાભિષેકની મને પરવા નથી.'

'તમને પરવા હોય કે ના હોય તો પણ એની આવશ્યકતા અને મહત્તા તો છે જ. પ્રજાના વિભિન્ન વર્ગોને માટે એ આશીર્વાદરૂપ છે.'

'એ ખરેખર આશીર્વાદરૂપ ઠરે એવું ઈચ્છું છું. તારી શુભાશિષ હશે તો એવું જરૂર થશે.'

ઈરાવતી બોલી: ' શુભાશિષ નહિ પણ શુભેચ્છા કે શુભ ભાવના કહો. અને મારી શુભેચ્છા કે શુભ ભાવના તો છે જ.'

પરીક્ષિતના મુખમંડળ પર પ્રસન્નતાની પવિત્ર લહરી ફરી વળી.'

* * * * *

## ૩. અર્જુનનું સંવેદન

પ્રજાએ એ પછીના કેટલાય દિવસો મંગલમય મહોત્સવમાં પસાર કર્યાં.

રોજરોજ નવાનવા કાર્યક્રમો થયા કરતા. નર્તકો, નાટ્યકારો ને સંગીતજ્ઞો એ કાર્યક્રમમાં આગળ પડતો ભાગ લેતા.

હસ્તિનીપુરનો દેખાવ જ એ મહોત્સવોએ બદલી નાખ્યો.

દિશાપ્રદિશામાં સર્વત્ર આનંદ ફરી વળ્યો.

પરીક્ષિતના પ્રાણને એ પેખીને પાર વિનાનો પરિતોષ થયા કરતો.

અમરાપુરીનો અસાધારણ અક્ષય આનંદ જાણે કે અવનીતલ પર અને એ પણ હસ્તિનાપુરમાં ઉતરી આવેલો.

પ્રજા એના આસ્વાદથી અહર્નિશ કૃતાર્થ બનતી.

પરંતુ...કાળચક્ર એવી રીતે દિનપ્રતિદિન એકસરખું રહેતું હોય તો એને કાળચક્ર કહેવાય જ કેવી રીતે? એ અનવરત ફર્યા કરે છે ને બદલાય છે. નિત્ય નવા રંગોને ધારણ કરવાનો એનો સ્વભાવ છે. હસ્તિનાપુરના ઉલ્લાસમય વાયુમંડળની વચ્ચે એક દિવસ એકાએક સમાચાર સાંભળવા મળ્યા કે યાદવોનો પારસ્પરિક સંઘર્ષથી નાશ થઈ રહ્યો છે. સમુદ્રના વિસ્તૃત તટપ્રદેશ પર ઉગી નીકળેલા એરકા નામના સુતીક્ષ્ણ ધારવાળા ઘાસથી ને બીજાં ભયંકર શસ્ત્રોથી એ બધા મદોન્મત બનીને પરસ્પર લડવા લાગ્યા છે, અને એ રીતે પ્રાતઃસ્મરણીય તપોધન ઋષિમુનિના શાપની સફળતા હવે દૂર નથી.

એજ સમય દરમિયાન ભગવાન કૃષ્ણનો સવિશેષ સંદેશ સાંભળીને અર્જુન એમને મળવાની અભિલાષાથી પ્રેરાઈને પ્રભાસક્ષેત્ર તરફ વાયુવેગી રથમાં વિરાજીને વિદાય થયો.

એના મનમાં અનેકવિધ સંકલ્પ વિકલ્પો થવા લાગ્યા.

એને થયું કે યાદવોનો સાચેસાચ અને સર્વાંગીણ સંહાર થઈ ગયો હશે? ભગવાન કૃષ્ણે એમને એ સર્વનાશમાંથી ઉગારવા માટે કશું જ નહિ કર્યું હોય? કે પછી એમના પ્રયત્નો નિષ્ફળ ગયા હશે? ઋષિમુનિના શાપની અવશ્યંભાવીતા સમજીને એ સમસ્ત કરુણાતિકરુણ ઘટનાના એ મૂક પ્રેક્ષક બનીને બેસી રહ્યા હશે? ભાવિએ જે ધાર્યું છે તે થઈને જ રહેતું હશે અને એની આગળ કોઈનોય ઉપાય નહિ ચાલતો હોય? કૃષ્ણ જેવા અસીમ સામર્થ્યશાળી મહાપુરૂષનો પણ?

સંકલ્પવિકલ્પોના વિરોધાભાસી વમળોમાં અટવાતો એ આખરે પવિત્ર પ્રભાસક્ષેત્રમાં આવી પહોંચ્યો તે પહેલાં જ એણે સાંભળ્યું કે કૃષ્ણે પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો છે. પોતાની જીવનલીલાને સંકેલી લીધી હોવાથી કૃષ્ણ એને હવે કદાપિ નહિ મળી શકે એની એને પ્રતીતિ થઈ.

એ સમાચાર અતિશય દુઃખદ છતાં સાચા હતા.

હૃદય એમને માનવાની ના પાડવા લાગ્યું. છતાં પણ એમને માન્યા સિવાય છૂટકો ન હતો.

પ્રભાસક્ષેત્રમાં મળેલા ઉદ્ધવજીને એણે પૂછયું:

‘શું ભગવાન કૃષ્ણની જીવનલીલા પૂરી થઈ?’

'જીવનલીલા પૂરી થઈ એમ તો કેવી રીતે કહી શકાય, પરંતુ શરીરલીલા પૂરી થઈ. એમણે પોતાની વર્તમાન શરીરલીલાને સંકેલી લીધી.'

'ખરેખર?'

'હા. ખરેખર.'

'એ હકીકત માની શકાતી તો નથી.'

'માની શકાય કે ના માની શકાય તો પણ એ સત્ય છે. અહીં જ સમુદ્ર ને સરિતાના સુંદર શાંત સંગમસ્થળ પર એમને પોતાની પાર્થિવ લીલા સમેટી લીધી.'

અર્જુનની આંખમાં આંસુ આવી ગયા. મનને બનતા પ્રમાણમાં સ્વસ્થ રાખવાનો પ્રયત્ન કરતાં એ બોલ્યો:

'મને એમણે એ પહેલાં ખબર પણ ના આપી? એ તો મારા સારથિ બનેલા. જીવનના સારથિ. એમના તરફથી મને પથપ્રદર્શનની પ્રાપ્તિ થયા કરતી. હવે એવું પથપ્રદર્શન મને કોણ કરશે? અને એવા પથપ્રદર્શન વિના જીવન જીવવાનું કેમ ગમશે?'

ઉદ્ધવે એને આશ્વાસન આપતાં જણાવ્યું:

'કૃષ્ણના પાર્થિવ શરીરને આપણે નહિ પેખી શકીએ એ નિર્વિવાદ છે, પણ એ આત્મિક રીતે અમર છે અને પ્રેમીજનોનું પથપ્રદર્શન કરતા રહેશે. એમણે પોતાની લીલાને સંકેલી લેતાં પહેલાં એવો સ્પષ્ટ સંકેત કર્યો છે. તમે તો એમને સૌથી વધારે પ્રિય હતા એટલે એમના અનુગ્રહની અનુભૂતિ અનાયાસે અને અખંડ રીતે કરી શકશો જ.'

'પરંતુ એમણે પોતાની લીલા શા માટે સંકેલી લીધી?'

'એનું પરિપૂર્ણ રહસ્ય તો એ જ જાણે છે: એનું સંપૂર્ણ જ્ઞાન બીજા કોઈને ભાગ્યે જ થઈ શકે. યાદવોના સર્વનાશ પછી એ અલિપ્ત જેવા બનીને પીપળાના વૃક્ષ નીચે વિરાજેલા ત્યારે જરા નામના પારધિએ બાણ માર્યું. એ ઘટના પછી જીવનલીલાને પરિસમાપ્ત કરવાના પ્રયોજનથી પ્રેરાઈને એ અહીં આવ્યા અને સંગમના શુચિ સ્થળ પાસે છેવટનું કાર્ય પૂરું કર્યું. એમના એ અંતિમ અભિનયનો બીજા અનેકની જેમ હું પણ સાક્ષી હતો. મેં એમને શરીરનો પરિત્યાગ ના કરવા માટે પ્રેમપૂર્વક પ્રાર્થના કરી, પરંતુ એ પ્રાર્થના નિષ્ફળ ગઈ. એમણે કહ્યું કે હવે મારાથી વધારે વખત સુધી નહિ રહી શકાય. મારી લીલાઓનું સ્મરણ તમારે માટે પ્રેરક બનશે ને પૃથ્વીને પ્રેરણા પાશે.'

ઉદ્ધવે કૃષ્ણના લીલાસંવરણના પીડાજનક પ્રસંગનું વર્ણન કરીને કહ્યું:

'કૃષ્ણ મારા સખા તથા સર્વસ્વ હતા. એમની સૌથી મોટી ખોટ મને પડી છે. એમના વિના મારું જીવન એકદમ અનાથ બની ગયું છે. સૃષ્ટિ મારા માટે સ્મશાનસમી થઈ પડી છે. મારા અંતરની વેદનાનું વર્ણન કેવી રીતે કરી બતાવું? તો પણ મારા મનને બનતા પ્રમાણમાં સ્વસ્થ રાખું છું. બીજું થઈ શકે એમ પણ શું છે? અન્ય વિકલ્પ જ શો છે? સ્નેહ સનાતન છે, અને એ સ્નેહના પરમપવિત્ર સુદૃઢ સંબંધને લીધે હું એમની સુખદ સંનિધિનો અનુભવ નિત્યનિરંતર કર્યા કરું છું ને પ્રેરણા મેળવું છું. આ અનંત બ્રહ્માંડમાં કશું જ એકસરખા સ્વરૂપમાં ક્યાં રહે છે? આપણા પ્રિયજનો આપણો પરિત્યાગ કરીને આપણી ચિરવિદાય ના લે એવું આપણે

ઈચ્છીએ છીએ, પણ આપણે પોતે પણ અહીં કાયમ માટે ક્યાં રહી શકવાના છીએ? આપણી વિદાય પણ એક દિવસ નિશ્ચિત છે. આપણે એની આવશ્યક તૈયારી કરવાની છે. વિદાયના આવા પીડાદાયક પ્રસંગો આપણને એનું સ્મરણ કરાવે છે.'

ઉદ્ધવના શબ્દોને અર્જુન શાંતિપૂર્વક સાંભળી રહ્યો. એ શબ્દો એને માટે નવા નહોતા. એમના અર્થ તથા મર્મને એ સારી પેઠે સમજતો હતો. તો પણ તત્કાલીન પરિસ્થિતિમાં એ શબ્દો એને વધારે રહસ્યમય લાગ્યા. એણે કહ્યું:

'હું તો એમને અમર સમજતો'તો.'

'એ અમર છે જ.' ઉદ્ધવે સ્પષ્ટીકરણ કર્યું: 'આપણા અંતરમાં અને અવનીના અણુઅણુમાં એ અમર છે. એમનું નિધન થયું નથી ને કદાપિ-કલ્પાંતે પણ નથી થવાનું.'

'આપણે એમના લીલાસંવરણસ્થાન પાસે પહોંચી જઈએ. એના દર્શનથી મારે મારા નેત્રોને કૃતાર્થ કરવાં છે.'

ઉદ્ધવ અને અર્જુન બંને સરિતા તથા સમુદ્રના સુપવિત્ર સંગમ સ્થળ પાસે આવી પહોંચ્યા.

અર્જુન એ સુંદર શાંત સંગમસ્થળને જોઈને ભાવવિભોર બની ગયો. એની આંખમાંથી અશ્રુબિંદુ ટપકી પડ્યાં.

ઉદ્ધવે એને એક સરસ એકાંત સ્થળ બતાવીને કહ્યું:

'એમણે આ સ્થળમાં, આ વિશાળ વૃક્ષની સઘન છાયામાં વિરાજીને યોગધારણામાં સ્થિતિ કરીને પોતાના પાર્થિવ જીવનનો છેલ્લો શ્વાસ લેવાનો અભિનય કરેલો. એ અભિનય એકદમ અસાધારણ હતો. દર્શનાર્થીઓ એનું અવલોકન કરીને આશ્ચર્યચકિત બની ગયા. એમને અંતિમ સમયે ધારણ કરીને આ સ્થળ ધન્ય થયું.'

અર્જુને એ સ્થળને પ્રણિપાત કર્યા ને કહ્યું:

'હું એ ઐતિહાસિક અવસર પર ઉપસ્થિત રહી શક્યો હોત તો કેટલું સારું થાત? મારું સર્વકાંઈ સાચેસાચ કૃતાર્થ બની જાત. પરંતુ એમણે કાંઈક જૂદું જ ધાર્યું હશે. મને લાગે છે કે અંતકાળે એમણે એમના મનને નાનીમોટી બધી જ વસ્તુઓ ને વ્યક્તિઓમાંથી પાછું વાળી લીધું હશે. અરે, જીવન દરમિયાન પણ એમનું મન ક્યાં કશામાં લિપ્ત બનેલું? એ તો સરવરમાં કમળ પેઠે અલિપ્ત જ રહેલા. એ આવશ્યકતાનુસાર સર્વ પ્રકારનો સર્વાંગીણ અભિનય કરતા હોવા છતાં એમને કશાનો સંસ્પર્શ નહોતો થતો.'

એ શાશ્વત પ્રેરણાદાયક સ્થળે બેસીને અર્જુને મનને એકાગ્ર કરીને થોડીક પ્રાર્થના કરી.

સંગમને લીધે એ સ્થળની શોભા અદ્દભૂત અને અવર્ણનીય લાગતી હતી. એનું આકંઠ પાન કરતાં એ ભાવસમાધિમાં ડૂબી ગયો. ત્યાં તો ઉદ્ધવે જણાવ્યું:

'કૃષ્ણના કથનાનુસાર સમુદ્રે દ્વારકાને પોતાના ઉદરમાં સમાવી લીધી હશે. દ્વારકા પણ કૃષ્ણની વિદાય પછી નિસ્તેજ બનેલી. એ એમના વિના રહેવાનું કેવી રીતે પસંદ કરે? એનું જીવન એમને લીધે જ ટકી રહેલું. એનું મહાત્મ્યપણ એમને જ આભારી હતું.'

'સમુદ્રે દ્વારકાને પોતાના ઉદરમાં સમાવી લીધી હશે?'

'અવશ્ય. કૃષ્ણે પોતે અસંદિગ્ધ શબ્દોમાં એવું કહેલું. એમનું કથન કદાપિ મિથ્યા ના જ થાય. સર્વભક્ષી સાગરે પોતાની સ્વભાવસહજ સીમાનું અતિક્રમણ કરીને એને અદ્દશ્ય કરી દીધી એ સમાચાર મને મળી ચૂક્યા છે.'

'તો પછી એનાં પ્રજાજનો?'

'એમણે અગમચેતી વાપરીને આરંભમાં જ સ્થળાંતર કર્યું એટલે એ સુરક્ષિત છે. એમનામાંના કેટલાંકના પુનર્વસવાટની મહત્વની જવાબદારી કૃષ્ણે તમને સોંપી છે. એ તમને કેટલા બધા વિશ્વાસપાત્ર સમજતા હતા તેની પ્રતીતિ એના પરથી સહેલાઈથી થઈ રહે છે.'

અર્જુને થોડાક વખત સુધી વિચાર કરીને કહ્યું:

'મને એ ખૂબ જ વિશ્વાસપાત્ર સમજતા હતા એ સાચું છે. પરંતુ મને તો જુદી જ જાતના વિચારો આવ્યા કરે છે. '

'જુદી જાતના એટલે કેવા?'

'એવા વિચારો મને કુરુક્ષેત્રના યુધ્ધમેદાનમાં કૌરવો સાથેના સંગ્રામ પહેલાં આવેલા. યુદ્ધકર્મમાં પ્રવૃત્ત થવા માટે મારું મન ના પાડતું'તું. આજે પણ કાંઈક એવા જ વિચારો આવ્યા કરે છે. એમ થાય છે કે આ પરમપવિત્ર પ્રેરણાપ્રદાયક સુંદર સ્થળમાં બેસી જઉં, સર્વ પ્રકારના બાહ્ય વિષયોમાંથી મનને પાછું વાળું, અંતરમાં કેન્દ્રિત કરું, અને એમનું ચિંતનમનન કરતાં જીવનને મહોત્સવમય બનાવી દઉં. સંક્ષેપમાં કહું તો મન હવે નિવૃત્તિ તરફ વળી રહ્યું છે. કૃષ્ણે પોતાનું લીલાસંવરણ કર્યું એટલે મને પણ જીવન ને જગતમાં વધારે પડતો રસ નથી રહ્યો.'

'રસ તો મને પણ નથી રહ્યો, પરંતુ એમના આદેશનું પાલન કર્યા સિવાય અને કર્તવ્યનું અનુષ્ઠાન કર્યા સિવાય છૂટકો છે?'

'સાચું છે. એમણે કુરુક્ષેત્રમાં મને મમતા, આસક્તિ અથવા રાગદ્વેષથી રહિત થઈને કર્મ કરવાની દીક્ષા આપેલી. આજે પણ એનું સ્મરણ થાય છે. જીવન કુરુક્ષેત્ર છે. એમાં સ્વ અને પરના હિતને માટે એક અથવા બીજી જાતનાં કર્મો કરતાં જ રહેવાનું છે. પરંતુ હવે એવા કર્મો કરવાનું નથી ગમતું. મન એકદમ ઉપરામ બની ગયું છે. જીવન કે જગત પ્રત્યે તિરસ્કાર નથી થતો, કંટાળો પણ નથી આવતો, પણ એવું થાય છે કે હવે ઘણું થયું. કર્મોનાં અનેકવિધ અનુષ્ઠાનોને કરી લીધાં. એમનાં વિરોધાભાસી ફળોનું પણ નિરીક્ષણ કર્યું. હવે એ પરંપરામાંથી મનને પાછું વાળીને શાંત કરવાની વૃત્તિ સતેજ બની છે.'

'તો પછી કૃષ્ણે આપેલો આદેશ? એનું શું?'

'એ આદેશને અમુલખ માનીને શિરોધાર્ય કરીશ. એનો અમલ કરીશ. આ તો મારા મનની અવસ્થાનો મેં તમને પરિચય કરાવ્યો.'

'એ અવસ્થાને સહાનુભૂતિથી સમજી શકું છું. કૃષ્ણના પરમધામગમન વખતે મારી અવસ્થા પણ અત્યંત ઉપરામ અથવા કરુણ હતી. કરુણાતિકરુણ. મને પોતાને શરીરનો પરિત્યાગ કરીને એમની સાથે જવાની આકાંક્ષા હતી. પરંતુ એમણે એને માટે અનુમતિ ના આપી. એમના આદેશને મારે માથે ચઢાવવો પડ્યો. એમણે કહ્યું કે ઉદ્ધવ! પ્રિયજનની સાથે પ્રયાણ કરવામાં એટલું આત્મબળ નથી જોઈતું જેટલું એમના પ્રયાણ પછી શાંતિ

અને સ્વસ્થતાપૂર્વક જીવવામાં જોઈએ છે. એમણે મને બદરીનાથ જવાનો ને ત્યાં પરમાત્મપરાયણ બનીને વસવાનો આદેશ આપ્યો છે. એ આદેશને અનુસરીને હવે હું બદરીનાથની દૈવી ભૂમિ તરફ પ્રયાણ કરીશ. આ ભૂમિમાં આ આપણો અંતિમ મેળાપ છે. તમારે પણ વિષાદમગ્ન કે ભગ્નહૃદય બન્યા વિના એમણે સુપ્રત કરેલું કર્તવ્ય કરી બતાવવાનું છે.'

ઉદ્ધવે વિદાય લીધી.

અર્જુનનું પણ અંતર ભરાઈ આવ્યું. એણે જણાવ્યું :

'મને કૃષ્ણના દૈવી દર્શનનો આનંદ તો ન મળ્યો પરંતુ તમારો સુરદુર્લભ સમાગમ થયો અને તમારી દ્વારા એમનો સંદેશ સાંભળવા મળ્યો એને પણ મારું સદ્દભાગ્ય સમજું છું. કૃષ્ણના સખા કે પરમ કૃપાપાત્ર ભક્તના દર્શનનો લાભ પણ કાંઈ જેને તેને નથી મળતો. મને તમારા દર્શનનો લાભ તો મળ્યો જ પણ સાથેસાથે તમારા સદ્દુપદેશની પણ પ્રાપ્તિ થઈ. એથી મને જેવીતેવી મદદ નથી મળી.'

'એ બધો કૃષ્ણનો જ સંકેત છે.' ઉદ્ધવે જતાંજતાં જણાવ્યું: 'એમની લીલા ઘણી ગહન છે. મોટામોટા મુનિ, યોગી ને જ્ઞાનીઓને પણ સહેલાઈથી ના સમજાય એવી.'

ત્યાંથી થોડેક આગળ જતાં સરિતાના સુંદર તટપ્રદેશના એક આશ્રમમાં વ્યાધનો મેળાપ થયો.

વ્યાધે એને પ્રણામ કરીને કહ્યું:

'મારું નામ જરા. શ્રીકૃષ્ણને મૃગ માનીને મેં દૂર રહીને ભૂલથી બાણ મારેલું . મને ખબર નહિ કે એ બાણ એમના જેવા લોકોત્તર મહાપુરૂષની મહાસમાધિનું કારણ થઈ પડશે. મારા અજ્ઞાત અપરાધને માટે મને પાર વગરનો પશ્ચાતાપ થયો ને થઈ રહ્યો છે. પરંતુ પાણીનો પ્રવાહ વહી ગયા પછી શું થાય? એને પાછો વાળી શકાય છે?'

'કૃષ્ણે તારા પર ક્રોધ કરેલો ખરો?'

'ક્રોધ કરવાની વાત તો બાજુએ રહી પણ એમણે સંપૂર્ણ સ્વસ્થતા તથા શાંતિપૂર્વક મને ક્ષમા આપી. હું બાણ મારીને એમની પાસે પહોંચ્યો ત્યારે એ પવિત્ર પીપળના વૃક્ષની છાયામાં બેઠેલા. એમના પગની પાનીમાંથી રક્તની ધારા વહેતી'તી. મેં એમને ઓળખ્યા ત્યારે મારું અંતર અને અંગનું અણુઅણુ આક્રંદ કરી ઊઠ્યું, અસાધારણ દુ:સહ દુ:ખથી ભરાઈ ગયું, ને પશ્ચાતાપના પ્રબળતમ પાવકથી પ્રજળી રહ્યું. મને થયું કે મારાથી એક અક્ષમ્ય અમંગળ બની ગયું. આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં, હૃદય બંધ પડવાની તૈયારી કરવા માંડ્યું, અને હું તરત જ એમના ચરણમાં ઢળી પડ્યો.'

'પછી? પછી શું થયું?'

'મેં બે હાથ જોડીને એમની ક્ષમાયાચના કરી ત્યારે એમણે સુકોમળ સુધાભર સ્વરે જણાવ્યું કે મેં તને ક્ષમા આપી જ દીધી છે. તેં જે કર્યું છે તે અજ્ઞાનને લીધે જ કર્યું છે તેની મને માહિતી છે. માટે શોકનો પરિત્યાગ કરીને ઈચ્છાનુસાર વિચરણ કર. બાણ તો શરીરને વાગ્યું છે, મને નથી વાગ્યું. મને કશું જ નથી વાગી શકતું. હું તો સૌથી અલિપ્ત, અસ્પર્શ્ય, અચ્છેદ્ય છું. જગતમાં જે કાંઈ થાય છે તે મારી ઈચ્છાથી જ થાય છે. મને તેની માહિતી હોય છે. મારા લીલાસંવરણનો સમય હવે સંનિકટ છે. મારું વર્તમાન જીવનકાર્ય હવે સ્વલ્પ સમયમાં મારી સુનિશ્ચિત યોજનાને અનુસરીને જ પૂરું થવાનું છે. તું તો તેમાં કેવળ નિમિત્ત છે એટલું જ. હું ઈચ્છું તો

શરીરને વધારે વખત સુધી રાખી શકું તેમ છું પરંતુ એના પરિત્યાગનો સમય થઈ ગયો છે. મુનિઓએ યાદવોના સર્વનાશનો શાપ આપ્યો છે તે કેવી રીતે મિથ્યા થઈ શકે? વીતરાગ, પરમાત્મપરાયણ પુરૂષવરોનાં વચન કદી અન્યથા નથી થતાં. મૂશળના લોહખંડના ટૂકડા કરાવીને મહારાજા ઉગ્રસેને સમુદ્રમાં નંખાવી દીધેલા. તેમાંનો એક ટુકડો માછલી ગળી ગઈ. તેં એને પકડીને એ ટૂકડાનું બાણ બનાવ્યું. તને કદાચ એ બધા ઈતિહાસની ખબર નહિ હોય, પણ મારા શરીરને એ જ બાણે ઘાયલ કર્યું છે.'

'આ આખોય ઈતિહાસ અતિશય કરુણ છે.'

'એનું શ્રવણ એટલું બધું કરુણાજનક લાગે છે તો પછી એનું દર્શન કેટલું બધું કરુણાજનક હશે? એની કલ્પના સહેલાઈથી કરી શકાશે. એના ઉત્તરાર્ધનો હું સાક્ષી છું. કૃષ્ણના શબ્દો સાંભળીને હું સ્તબ્ધ બની ગયો. મને એમને માટે અપાર આદરભાવ થયો.'

'થાય જ.'

'મને લાગ્યું કે મારાં નેત્રો, મારા શ્રવણ અને મારું શરીરધારણ સર્વકાંઈ સફળ થયું. એ ત્યાંથી ઊઠીને આ ઋષિમુનિતસેવિત સુંદર સંગમસ્થળમાં આવ્યા અને સ્વધામમાં સિધાવ્યા. એમણે મને ક્ષમા આપી ખરી, પરંતુ મારા દિલનો ડંખ હજુ નથી મટ્યો. એ પળ પછી આજ સુધી અનેકવાર મારા અપરાધને માટે ઊંડો પશ્ચાતાપ કર્યો છે ને મારા શેષ જીવનને સુધારવાની સાધના અથવા આરાધનાનો આધાર લીધો છે. હવે હું હિંસા નથી કરતો, મારી પોતાની આસુરી વૃત્તિઓને અંકુશમાં રાખવાનો પ્રયત્ન કરું છું, આપ્તકામ સત્પુરુષોનું સેવન કરું છું, ને પળેપળે કૃષ્ણની સ્મૃતિમાં તરબોળ બનું છું.'

અર્જુને એને અભિનંદન આપતાં કહ્યું:

'તેં તારા જીવનને સાચેસાચ ઉજ્જવળ બનાવ્યું.'

'એનું સમસ્ત શ્રેય શ્રીકૃષ્ણને છે. મને નહિ. અભિનંદન પણ એમને જ ઘટે છે. મારા જેવા કેટલાય નરાધમોના જીવનમાં એમણે એક અથવા બીજી જાતની ક્રાંતિ કરી હશે. એમણે મારું કલ્યાણ કર્યું.'

'એમણે કોનું કલ્યાણ નથી કર્યું? પોતાના સમાગમમાં આવ્યા છે તે સૌનુંયે કર્યું છે. માટે જ તારી જીવનકથાના શ્રવણથી મને કોઈ પ્રકારનું આશ્ચર્ય નથી થતું. મારું મન એમને જે સ્થળે બાણ વાગેલું એ સ્થળના અવલોકનની ઈચ્છા કરે છે. તને હરકત ના હોય તો...'

જરા અર્જુનની ભાવનાને સમજીને વચ્ચે જ બોલી ઊઠ્યો:

'હું તમને એ સ્થળમાં લઈ જઈશ. મને કશી જ હરકત નથી.'

અર્જુન જરા સાથે એ સ્થળમાં આવી પહોંચ્યો. ત્યાં જે સુવિશાળ પુરાતન પીપળાનું વૃક્ષ હતું તેની પ્રત્યે અંગુલિનિર્દેશ કરીને જરા બોલ્યો:

'આ જ એ વૃક્ષ. કૃષ્ણ આને જ અઢેલીને બેઠેલા. અહીં જ.'

'અહીં જ?'

'હા.અહીં જ.'

અર્જુન ભગવાન કૃષ્ણની માનસમૂર્તિનું નિરીક્ષણ કરવામાં મશગુલ બની ગયો.

એની તન્મયતા એટલી બધી વધી ગઈ કે બાણ ક્યારે આવ્યું ને ક્યાંથી આવ્યું એની એને ખબર પણ ના પડી. એ બોલી ઊઠ્યો:

'અરે બાણ આવ્યું ને કૃષ્ણને વાગ્યું.'

'ક્યાં વાગ્યું?'

'આ વાગ્યું.'

'અહીં તો કશું જ નથી. કૃષ્ણ પણ નથી ને બાણ પણ નથી. હા, વ્યાધ જરૂર છે.'

અર્જુનની તલ્લીનતા તૂટી.

'ઓહ! મારા મનશ્ચક્ષુ આગળ એ દૃશ્ય આબેહુબ રીતે ઊભું થઈ ગયું. હું તો કૃષ્ણને બચાવવા દોડવાનો હતો.'

'મેં હવે હિંસા છોડી દીધી છે.' વ્યાધે પુન: કહ્યું: 'હા. હું દોષિત જરૂર છું.'

'કૃષ્ણે પોતે તને દોષિત નથી માન્યો તો હું શા માટે માનું?'

'તે તમારી ઈચ્છા. તમારી મહાનતા કે ઉદાત્તતા.'

અર્જુન એ વિશાળ વૃક્ષને અઢેલીને બેસી ગયો. એનાં લોચન વર્ષાના વાદળની પેઠે વરસવા લાગ્યાં.

થોડીક ક્ષણો સુધી એણે શાંત રહીને ધ્યાન કર્યું ને કહ્યું:

'આ સ્થળ હવે તીર્થ બની ગયું. પ્રજાને માટે આ સુંદર સ્થળ યુગો સુધી પ્રેરક અને ઉદ્ધારક બનશે. આનો મહિમા કાંઈ સાધારણ નથી સમજવાનો.'

જરાએ મૂક સંમતિ દર્શાવી.

એ સ્થાન સાથે એના જીવનની સૌથી મોટી, સંવેદનભરેલી સંસ્મૃતિ સંકળાયેલી.

એને પુન: પ્રત્યક્ષ જોઈને એનું હૃદય રડી ઊઠ્યું.

એને પોતાનો પૂર્વપ્રસંગ યાદ આવ્યો.

ભગવાન કૃષ્ણ એને એ શાંત સ્થળમાં સૂક્ષ્મ રીતે વિરાજેલા લાગ્યા.

એમના દેવદુર્લભ દર્શનથી ધન્યતાનો અનુભવ કરતાં એણે કહ્યું:

'બીજાને માટે આ સ્થળ ગમેતેવું હોય પરંતુ મારે માટે તો ખરેખર તીર્થસ્વરૂપ છે. એની વિશેષતાને હું નથી ભૂલી શકતો. આ સ્થળે મને નવજીવનની દીક્ષા આપી છે ને મારી કાયાપલટ કરી છે. અહીં અનુભવવા મળેલી ભગવાન કૃષ્ણની ઉદાત્તાનું વિસ્મરણ મને કદાપિ નહિ થઈ શકે. એમનું સ્વરૂપ કેવું અનોખું હતું? એ સ્વરૂપનું ધ્યાન ધરીને અને એમના પરમપ્રેરક સુધામય શબ્દોનું શ્રવણ કરીને મારા જીવનના શેષ સમયને વિતાવી રહ્યો છું. એમના અલૌકિક અનુગ્રહથી સમસ્ત પ્રકારના ક્લેશો અને બંધનોમાંથી મુક્તિ મેળવીશ એવી આશા છે.'

અર્જુન બોલ્યો:

'ભગવાન કૃષ્ણના સ્વલ્પ સંસર્ગથી તારી અંદર આટલું બધું પરિવર્તન આવ્યું તે જોઈને મને ખૂબ જ નવાઈ લાગે છે. એની સાથે આનંદ પણ થાય છે.'

‘એમાં નવાઈ જેવું વિશેષ કશું જ નથી. અગ્નિનો સ્વલ્પ સંસર્ગ કઠોર કાષ્ઠને ભસ્મિભૂત કરી નાખે છે એમાં કોઈને નવાઈ ક્યાં લાગે છે? સલિલનો સંસર્ગ થોડાક સમયને માટેનો હોય છે તો પણ શરીરને શીતળ કરે છે. શ્રીકૃષ્ણ કોઈ સામાન્ય વ્યક્તિ ન હતા.’

‘સાચું છે. હું એમના સ્વરૂપને વધારે સારી રીતે જાણું છું. મહાભારતના યુધ્ધમેદાનમાં અને એ પછી મને એનો અનુભવ છે. એ વ્યક્તિ ન હતા, વિભૂતિ હતા. મહાન વિભૂતિ. સંસારના સર્વેશ્વર, સર્વાત્મા.’

અર્જુન ગળગળો બની ગયો. એના અનુસંધાનમાં એ માત્ર એટલું જ બોલી શક્યો: ‘એમના અનુગ્રહના અંશમાત્રથી જ હું એમને ઓછાવત્તા પ્રમાણમાં જાણી શક્યો છું. એમના અનુગ્રહ સિવાય એમને કોણ જાણી શકે?’

‘કોઈ જ નહિ.’ જરાએ સંમતિનો સૂર પૂરાવ્યો.

* * * * *

## ૪. વ્યથા

પવિત્રતમ પ્રભાસક્ષેત્રની તથા અન્ય આવશ્યક સ્થળોની મુલાકાતના પરિણામરૂપે પેદા થયેલા સૂક્ષ્માતિસૂક્ષ્મ સંવેદનને જેમતેમ કરીને શાંત કરીને અર્જુને દ્વારકામાંથી આવેલાં સ્ત્રીપુરુષો સાથે હસ્તિનાપુરની દિશામાં પ્રસ્થાન કર્યું.

સ્થળાંતર કરીને સહીસલામત આવી પહોંચેલાં એ સ્ત્રીપુરુષોએ દ્વારકાના વિનાશનું વર્ણન કરી બતાવ્યું ત્યારે એના મનમાં ભાતભાતના ભાવો પેદા થયા અને એને અપાર દુ:ખ થયું.

દ્વારકા કૃષ્ણની હોવાથી એ દુ:ખ સ્વાભાવિક થઈ પડયું. એને થયું કે કાળ કેવાંકેવાં કલ્પનાતીત અચિંત્ય ખેલ કરે છે? એની લીલાને કોણ સમજી શકે તેમ છે? માણસની બુધ્ધિ અને શક્તિ છે જ કેટલી બધી સીમિત? પરંતુ...કૃષ્ણના સંબંધમાં એવું ના કહી શકાય. એ તો એક મહામાનવ હતા. પૂર્ણ પુરુષોત્તમ. દ્વારકાનો વિનાશ એમની ઈચ્છા વિના ના થઈ શકે. સમુદ્રમાં થયેલા એના વિલયનું પૂર્ણજ્ઞાન એમને હશે જ. અવશ્ય હશે. માટે તો એમણે દ્વારકાપુરીના પ્રજાજનોનું સફળ સ્થળાંતર કરાવેલું અને કહેલું કે મારાં શરીરત્યાગ પછી થોડા જ સમયમાં - સાતમા દિવસે સમુદ્ર સીમાલ્લંઘન કરીને દ્વારકાપુરીને ઉદરમાં સમાવી લેશે. થયું પણ એવું જ. બલરામે પોતાના પાર્થિવ શરીરનો પરિત્યાગ કર્યા પછી એમણે સ્વેચ્છાપૂર્વક એમની જીવનલીલા સંકેલી લીધી, અને એથી વિરહવ્યથિત થયેલા સમુદ્રે માઝા મૂકીને સમસ્ત પુરીને પોતાની અંદર જોતજોતામાં સમાવી લીધી. કૃષ્ણ તો કાળના અધીશ્વર હતા એટલે કશુંય એમની અનુજ્ઞા વિના ના થઈ શકે.

‘એ દૃશ્ય કેટલું બધું કરુણ હશે?’ એણે ઉદ્દગાર કાઢ્યા, ‘અને એ છતાં પણ કૃષ્ણ કેટલા બધાં સ્વસ્થ અથવા સ્થિતપ્રજ્ઞ હશે? એ જ એમની વિલક્ષણતા. મહાભારતના મહાસમરના સર્વનાશ પછી પણ એ એવા જ સ્વસ્થ હતાને? એ સ્વસ્થતા કે સ્થિતપ્રજ્ઞતા તો એમને વારસામાં મળેલી. સર્વનાશની એવી પ્રતિકૂળ પળોમાં બીજું કોઈ ભાગ્યે જ એવું સ્વસ્થચિત્ત રહી શકે અને એમનો મારા પ્રત્યેનો પ્રેમભાવ પણ કેવો? લીલાસંવરણ પહેલાં એમણે મને યાદ કરીને આવું અગત્યનું કાર્ય સુપ્રત કર્યું. એવી જ રીતે મને પ્રથમથી જ બોલાવીને તથા મળીને એમણે લીલાસંવરણ કર્યું હોત તો અમારા પારસ્પરિક પ્રેમને માટે એક ઉચિત અંજલિ થઈ પડત. પરંતુ એ અવસર તો વહી ગયો. હવે એની વિચારણા કરવાથી શું થાય?’

કૃષ્ણ વિના એકદમ સૂનું લાગવા માંડ્યું તો પણ નિરુપાય થઈને એ આગળ વધ્યો.

માર્ગમાં એને અનેકાનેક સંકલ્પવિકલ્પો થવા માંડ્યા. એક પ્રકારનો સાત્વિક અહંકાર પણ ઘેરી વળ્યો, એને થયું કે હસ્તિનાપુરમાં યુધિષ્ઠિર, ભીમ તથા બીજા કેટલાય છે. એ બધા કાંઈ સામાન્ય પુરુષો નથી. તે છતાંપણ કૃષ્ણે એમને ગૌણ ગણીને આ બધાંના પુનર્વસવાટનું કાર્ય માત્ર મને સોંપ્યું એ શું બતાવે છે?

હૃદય બોલી ઊઠ્યું કે એ તો એમનો આશીર્વાદ છે. અનુગ્રહ છે.

પરંતુ મન બોલ્યું કે ના, એથી કાંઈક વધારે છે. મારું સામર્થ્ય જ એવું લોકોત્તર છે. એમને અવારનવાર એનો પરિચય થયો છે. મારા જેવું બળ બીજા કોઈનું નથી એટલે જ એમણે મને આ કાર્ય સુપ્રત કર્યું છે.

એને થયું કે સાંપ્રત સમયમાં મારા જેવો યુધ્ધનિપુણ શક્તિશાળી પુરૂષ ત્રિલોકમાં, અરે સમસ્ત બ્રહ્માંડમાં બીજો કોઈયે નહિ હોય. નથી જ. મારી કીર્તિ ચરાચરમાં સર્વત્ર પ્રસરી ચૂકી છે. યુધિષ્ઠિર તથા ભીમ

જેવા યોધ્ધાઓ અનેક હતા, ભગવાન કૃષ્ણ સરખા કુશળ સારથિ ને પથપ્રદર્શક હતા, તો પણ અમારા મહાભારત યુધ્ધના ને બીજા સંગ્રામોના વિજયનું મૂળ કે મુખ્ય કારણ હું હતો અથવા મારું અનંત બાહુબળ હતું એમાં શંકા નથી. સ્વયં કૃષ્ણને એની માહિતી હતી. માટે તો આવા અણીના વખતે એમણે મને યાદ કર્યો. એમને ખ્યાલ રહ્યો નહિ. બાકી મને અગાઉથી જણાવત તો દ્વારકાને પોતાના ઉદરમાં સમાવવા તત્પર થયેલા સમુદ્રને હું એક ક્ષણમાં જ શોધી લેત, મારા ગાંડીવના અસાધારણ ચમત્કારને એ યાદ કરત, આખી અવની યાદ કરત, પછી કોઈને સ્થળાંતર કરવાનું પણ ના રહેત.

એણે પોતાના સુદ્રઢ બાહુ તરફ દ્રષ્ટિપાત કર્યો, ગાંડીવ પર હાથ ફેરવ્યો, ને મનોમન કહ્યું:

‘કૃષ્ણ એક મહત્વનો મહામૂલ્યવાન અવસર ચૂકી ગયા. એમને એનો ખ્યાલ જ ન રહ્યો કે પછી મને એવો અસાધારણ યશ પ્રદાન કરવાનું એમને અનુચિત લાગ્યું. હરકત નહિ.’

એટલામાં તો એની સાથે પ્રવાસ કરનારાં સ્ત્રીપુરુષોમાં હાહાકાર થઈ રહ્યો. એ ભયભીત બનીને મદદને માટે પોકારો પાડવા લાગ્યાં.

સમીપસ્થ સરિતાના તટપ્રદેશ પર વિશ્રામ કરવાની સૌ તૈયારી કરતાં’તાં ત્યાંજ એમની ઉપર આસપાસના અરણ્યમાંથી દોડી આવેલા દસ્યુઓએ અચાનક આક્રમણ કર્યું.

બધા ‘અર્જુન, અર્જુન, વીર અર્જુન ! અમને બચાવો.’ અને એવા બીજા સ્વરો સાથે ચિત્કાર કરવા માંડ્યાં.

અર્જુને વિચારતંદ્રામાંથી જાગીને જણાવ્યું:

‘હમણાં જ બચાવું છું. કોણ છે? દસ્યુઓ? એમને મારા પરાક્રમનો પરચો નથી મળ્યો લાગતો. મારી ઉપસ્થિતિની એમને ખબર નથી.’

‘તારી ઉપસ્થિતિની અમને ખબર છે. પૂરેપૂરી ખબર છે. તું શું કરી લેવાનો છે? આવી જા લડવું હોય તો અમે યુધ્ધથી નથી ડરતા. ’ એક દસ્યુએ લલકાર કર્યો.

‘જીવ બચાવવો હોય તો જે થાય તે મૂંગે મોઢે જોયા કર.’બીજાએ કહ્યું:

‘આજે તારું મરણ આવ્યું લાગે છે.’ ત્રીજાએ કહ્યું.

‘અમારા સંયુક્ત સામર્થ્ય આગળ તારું કાંઈ જ નહિ ચાલે.’ચોથો બોલ્યો.

અર્જુન રોષે ભરાયો ને તરત જ બોલી ઉઠ્યો:

‘મારા ત્રિભુવનવિખ્યાત સામર્થ્યને જે જાણે છે તે આવા પ્રલાપો નથી કરતા. તમે બધા એનાથી અજ્ઞ લાગો છો. હરકત નહિ. હમણાં જ તમને એનો પરિચય કરાવું છું. એનો પરચો જોશો ત્યારે જ તમારી બુધ્ધિ ઠેકાણે આવી શકશે. મરણ મારું નથી આવ્યું, તમારું આવ્યું છે, એની ઘડીના છઠ્ઠા ભાગમાં જ પ્રતીતિ કરાવું છું.’

‘પ્રતીતિ કરાવનારા આવી વાતો નથી કરતા.’

‘એમ ? જોવું છે? ’

‘હા. જોવું છે. તું શું કરી બતાવવાનો છે? આ કાંઈ મહાભારત નથી. ત્યાંના કૌરવયોધ્ધાઓ કરતાં અમે વધારે બળવાન છીએ.’

અર્જુને અટ્ટહાસ્ય કર્યું.

'વધારે બળવાન?'

'હા ખૂબ જ બળવાન. એની ખાતરી કરવી હોયતો આવી જા. અમે તારો મદ ઉતારવા માટે જ આવ્યા છીએ.'

'તો પછી જોઈ લો મારા ગાંડીવનો ચમત્કાર.'

એણે ગાંડીવ પર શરસંધાન કર્યું. દસ્યુઓ પર બાણ પર બાણ છૂટવા લાગ્યાં.

દસ્યુઓ પણ એમ સહેલાઈથી પાછા પડે તેમ નહોતા. એ બધા પ્રબળ પ્રતિકાર કરતાં અર્જુનને ઘેરી વળ્યા.

બીજા કેટલાક પુરુષો પણ અર્જુનનો પક્ષ લઈને લડવા લાગ્યા.

જોતજોતામાં તો ભયંકર સંઘર્ષ શરૂ થયો.

અર્જુનના મનમાં હતું કે દસ્યુઓનો નિમીષમાત્રમાં નાશ થશે અથવા તો એ બધા નિરુપાય બનીને પોતાના પ્રાણની રક્ષા કરવાની આશયથી નાસી જશે, પરંતુ એની ધારણા એના આશ્ચર્ય વચ્ચે ના ફળી ત્યારે એ વિચારમાં પડી ગયો ને ખૂબજ અસ્વસ્થ બન્યો. એની  ધનુર્વિદ્યા સીમિત અને નિષ્ફળ બની ગઈ. અસ્ત્ર અને શસ્ત્રના બીજા પ્રયોગો પણ નિરર્થક  થયા.

એની બધીએ વિદ્યા વિલુપ્ત થઈ હોય એવું લાગ્યું.

એ કિંકર્તવિમૂઢ બનીને પોતાની નિષ્ફળતાને નિહાળી રહ્યો.

એ નિષ્ફળતાનું કારણ એને ના સમજાયું.

આજ સુધી એણે નાનાં ને મોટાં યુધ્ધો તો અનેક કરેલાં. યુધ્ધની કળા એને માટે નવી ન હતી. એ કળામાં એ અતિશય કુશળ હતો. સૌથી વધારે કુશળ હતો એમ કહીએ તો પણ ચાલે. એમાં કોઈ પ્રકારની અતિશયોક્તિ નથી છતાં પણ આ નાનુંસરખું પ્રતિકારાત્મક યુધ્ધ એને માટે અતિશય અઘરું થઈ પડયું. ગાંડીવ એજ હતું અને બાણ પણ એનાં એ હતાં. ભિન્ન ભિન્ન શસ્ત્રાસ્ત્રોમાં પણ કશો ફેર નહોતો પડયો. તો પછી ફેર કયે ઠેકાણે ને શેનો પડેલો?

વિજયના મદમાં મત્ત બનેલા દસ્યુઓના સરદારે અટ્ટહાસ્ય કરીને કહ્યું:

'આ જ તારું પરાક્રમ કે? તારું ત્રિભુવનવિખ્યાત, જેનાં તું બણગાં ફૂકતો'તો તે, અસાધારણ સામર્થ્ય આ જ? અર્જુન, તને તારા સામર્થ્યનો અતિશય અહંકાર થયેલો, પરંતુ તું ભૂલી ગયેલો કે તારી અસાધારણ યુધ્ધકળા તથા શક્તિ કેવળ કૃષ્ણની કૃપાને જ આભારી હતી. એ જ તારા શક્તિદાતા હતા. સૌના શક્તિપ્રદાતા એ જ છે. એમના દેહવિલય પછી તું બીજી રીતે વિચારવા લાગ્યો ને મિથ્યાભિમાની બન્યો તો આખરે પરાજીત થયો. તારું ગાંડીવ નકામું બન્યું ને તારાં અન્ય શસ્ત્રાસ્ત્રો પણ નિરર્થક ઠર્યાં.'

અર્જુનની મોહનિદ્રાનો નાશ થયો.

એને પોતાની ભૂલ સમજાઈ.

પોતાના પરાજયના રહસ્યને સમજી જઈને મનને ભ્રાંતિમુક્ત કરીને એ ફરી લડવા લાગ્યો પરંતુ વિજયી ના બની શક્યો.

દસ્યુઓ અઢળક સંપત્તિને તથા અનેક સૌન્દર્યવતી યુવતીઓને લઈને વીજળીવેગે નાસી ગયા.

એમની સાથેના સંઘર્ષમાં ઘાયલ થયેલા પુરુષો સાથે એ પછી હતપ્રભ થયેલો પરાજીત અર્જુન આગળ વધ્યો.

આવો ઘોર પરાજય એણે કદી પણ નહોતો વેઠ્યો.

દસ્યુઓના સરદારના શબ્દો એને અવારનવાર યાદ આવવા લાગ્યા. એના પરિણામે એનો રહ્યોસહ્યો વ્યામોહ દૂર થયો. કૃષ્ણની મહત્તા અને લીલાને એ સારી પેઠે સમજી શક્યો. એને થયું કે પોતાની બુધ્ધિને ઠેકાણે લાવવા ને પોતાના અહંકારનો અંત આણવા જ એમણે આ પ્રસંગને પેદા કર્યો છે. શરીર જેવી રીતે આત્મા વિના નિરર્થક બની જાય તેવી રીતે એમના તિરોધાન થવાથી બધું નિરર્થક થઈ ગયું છે. એમની સંનિધિમાં એમના શુભાશીર્વાદથી મહાભારતના મહાસંગ્રામના મોટા મોટા મહારથીઓને જીતી શકાયલા પરંતુ આજે સામાન્ય દસ્યુઓના હાથે પોતાનો પરાજય થયો. આજ સુધીની સમગ્ર શક્તિ જાણે કે પોતાની નહતી, કૃષ્ણની હતી. કૃષ્ણની શક્તિથી જ પોતાને સર્વ પ્રકારે ને સર્વત્ર સફળતા મળ્યા કરતી.

અર્જુનનું અંત:કરણ અનભ્ર આકાશસમાન સ્વચ્છ બની ગયું. અલબત્ત, એને પોતાના પ્રખર પરાજયનો વસવસો તો રહ્યો જ. મનને એણે કેટલુંય મનાવી જોયું કે જય તથા પરાજય કૃષ્ણની ઈચ્છા પર અવલંબે છે અથવા એમની લીલા છે પરંતુ એ પૂરેપૂરું ના માન્યું.

માર્ગમાં એક સુંદર સ્થળે પોતાની સાથેનાં કેટલાંક સ્ત્રીપુરુષોનો પુનર્વસવાટ કર્યો અને અન્ય કેટલાંકને લઈને એ આગળ વધ્યો.

હસ્તિનાપુરમાં પ્રવેશતાં પહેલાં ભગવાન કૃષ્ણનું સ્મરણ કરીને એણે ગંગાના પુનિતપ્રવાહમાં સ્નાન કર્યું અને અશ્રુથી છલેલી આંખને લૂછી નાખી.

શહેરની શોભા એવી જ સુંદર અને અનુપમ હતી છતાં પણ એને એની આજુબાજુનું સમગ્ર વાતાવરણ નીરસ લાગ્યું. મન બદલાય છે ત્યારે બહારના પદાર્થો પણ ઓછાવત્તા પ્રમાણમાં બદલાઈ જાય છે. એના સંબંધમાં એવું જ બન્યું.

યુધિષ્ઠિર, ભીમ તથા દ્રૌપદી તો એને દેખીને ડઘાઈ જ ગયાં. કુશળ સમાચારને પૂછ્યા પછી દ્રૌપદી બોલી:

‘તમે કુશળ છો એવું નહિ માની શકું. તમને મળનારું કોઈયે નહિ માની શકે. છતાં પણ પૂછવા માટે પૂછું છું. તમારા માધુર્યથી નિરંતર મંડિત રહેનારા મુખમંડળ પર વિષાદ છે. એ મુખમંડળ પદ્મની પેઠે પ્રફુલ્લી ઊઠતું’તું. આજે એ મ્લાન બન્યું છે. એના પર ઉલ્લાસ નથી દેખાતો.’

અર્જુન મૂંગો રહ્યો એટલે યુધિષ્ઠિર બોલ્યા:

‘દ્રૌપદીની વાત સાચી છે. તારા જીવનમાં આવી અને આટલી બધી વેદનાનું દર્શન તો ક્યારેય નહોતું કર્યું. તને થયું છે શું? દ્વારકામાં કાંઈક અમંગલ થયું? કે પછી કોઈક અપરિચિત શુરવીર શત્રુના હાથે તારો એકાએક પરાજય થયો? તારું સ્વાસ્થ્ય તો સારું છે ને? જ્યાં સુધી તું બધી હકીકત મન મૂકીને કોઈપણ પ્રકારના સંકોચ સિવાય નહિ કહી બતાવે ત્યાં સુધી અમને ચેન નહિ પડે. ભગવાન કૃષ્ણ એમની રોજની પ્રકૃતિ પ્રમાણે કુશળ તો છે ને? યાદવો સર્વસંહારક સંહારમાંથી એમની અદભૂત અનુગ્રહથી ઉગરી શક્યા કે નહિ? ઋષિઓનો

શાપ અટલ હતો, પણ કૃષ્ણની શક્તિ પણ એવી જ અટલ છે. તો એનું પરિણામ શું આવ્યું? તને કૃષ્ણના દર્શનનો દિવ્ય લાભ તો મળ્યો ને?'

'તારા વદન પરથી તો કશુંક વિપરીત અથવા વેદનાજનક થયું હોય એવું લાગે છે.' ભીમે જણાવ્યું.

સહદેવને નકુળ પણ એના અનુભવને જાણવા માટે અતિશય આતુર બન્યા.

અર્જુનની તિતિક્ષા તૂટી ગઈ.

એની આંખ ભાવોદ્રેકથી ભરાઇને વહેવા વાગી. એ બોલ્યો:

'યાદવોનો પ્રભાસક્ષેત્રમાં સર્વનાશ થઈ ગયો. એ પરસ્પર અતિશય કરુણ રીતે, ઝનૂનપૂર્વક લડીને ધરાશાયી થયા.'

'કૃષ્ણ એમને ઉગારી ના શક્યા?' દ્રૌપદીએ પૂછયું.

'એ ધારત તો એમને અનાયાસે ઉગારી શકત.' ભીમ બોલ્યો: 'એમની શક્તિ કેટલી બધી અસીમ છે એ આપણે જાણીએ છીએ.'

'છતાં પણ એ શાંત રહ્યા. એમણે કાળની એ વિનાશક તાંડવલીલામાં હસ્તક્ષેપ કરવાનું ઉચિત ના માન્યું. મુનિઓના શ્રાપને મિથ્યા કરવાનું સામર્થ્ય હોવા છતાં એમણે એનો ઉપયોગ ના કર્યો. એમની ઉપસ્થિતિમાં, એમની દૃષ્ટિની સામે જ સર્વસંહાર થયો તો પણ એ તટસ્થ રહ્યા. એમના પ્રિય યાદવો એમની આગળ જ શાંત થયા.'

અર્જુનના શબ્દો સાંભળીને યુધિષ્ઠિરે પૂછયું:

'અને કૃષ્ણ? એમનું શું થયું? એ આનંદમાં તો છે ને? યાદવોના વિનાશ પછી એમના જીવનમાં કશો રસ રહ્યો છે ખરો? એમને એકલા રહેવું ગમે છે? એમને આગ્રહ કરીને અહીં આવવાનું આમંત્રણ આપ્યું હોત તો?'

'વિચાર તો એવો જ હતો. પરંતુ....'

'પરંતુ શું?'

'એ પોતે પણ આ પૃથ્વી પર નથી રહ્યા. આપણો વિચાર કર્યા વગર આપણને છોડીને વિદાય થયા છે.'

'વિદાય થયા છે? કેવી રીતે? ક્યારે? શા માટે?

ત્યાં બેઠેલા બધાં સ્તબ્ધ થઈ ગયાં. દુ:ખી બની ગયાં.

'તમને એ મળ્યા કે ના મળ્યા?' દ્રૌપદીએ સંવેદનશીલ સ્વરે પૂછ્યું.

'મને પોતાને પણ એમના દર્શન કે સમાગમનો લાભ નથી મળ્યો: હું જ્યારે પ્રભાસક્ષેત્રમાં પહોંચ્યો ત્યારે એ હતા જ નહિ. એ પહેલા જ તેમણે પોતાની લીલાને સંકેલી લીધેલી.'

'એમણે પોતાની લીલા પ્રભાસક્ષેત્રમાં સંકેલી લીધી?'

'હા. અને યાદવોનો અંતકાળ પણ ત્યાં જ આવ્યો. એ ભૂમિખંડ એવી રીતે ઐતિહાસિક બની ગયો.'

'પરંતુ કૃષ્ણે પોતાની ભૌતિક લીલા એટલી બધી આકસ્મિક રીતે સંકેલી જ શા માટે?'

'એ તો એ જ જાણે છે. એમના ગુહ્યાતિગુહ્ય રહસ્યને બીજું કોણ સમજી શકે તેમ છે? એટલું સાચું છે કે એમણે પ્રથમથી કહીને જ પોતાની લીલાને પરિસમાપ્તિ કરેલી.'

'પહેલેથી કહીને?'

'હા. કહીને જ.'

'કોને કહીને?'

'એમની પાસેનાં સૌ કોઈને.'

અર્જુને એમની લીલાને પરિસમાપ્તિનો સઘળો ઈતિહાસ સંક્ષેપમાં છતાં ક્રમબધ્ધ રીતે કહી બતાવ્યો.

એ રોચક છતાં મર્મભેદક ઈતિહાસ સાંભળીને સૌના શોકની સીમા ના રહી. સૌ એ શોકની અભિવ્યક્તિ વિવિધ પ્રકારે કરવા લાગ્યાં.

અર્જુને દસ્યુઓના પ્રસંગનો પણ ઉલ્લેખ કર્યો ને કહ્યું:

'મારું જીવન એકદમ અસહાય બની ગયું. એનો બધો જ રસકસ ઊડી ગયો. કૃષ્ણ વગરના વેદનામય જીવનની આપણે કદાપિ કલ્પના પણ નહોતી કરી. પરંતુ એ જીવન જીવવાનું કપરું કામ કરવું પડ્યું.'

'આપણું જીવન પણ એવી જ રીતે પૂર્ણાહુતિ પામ્યું હોત તો કેટલું સારું? પરંતુ આપણું એવું સદ્દભાગ્ય ક્યાંથી? એ તો આપણા જીવનાધાર હતા. એમણે આપણી અનેકવાર રક્ષા કરેલી અને આપણને પથપ્રદર્શન પૂરું પાડેલું.'

'એમના અનુગ્રહથી જ આપણે આ અવસ્થા પર પહોંચી શક્યા છીએ.' યુધિષ્ઠિર બોલ્યા.

'એમને આપણને છોડીને જતાં કશો વિચાર પણ ના થયો?' ભીમે વેદનાસભર સ્વરે જણાવ્યું.

પાંડવોના જીવનમાં આવી રીતે વ્યથાનાં વાદળ ફરી વળ્યાં. અને એકલા પાંડવોના જીવનમાં જ શા માટે? સમસ્ત હસ્તિનાપુરની દશા એવી જ થઈ. આબાલવૃધ્ધ કૃષ્ણના લીલાસંવરણના સમાચાર સાંભળીને વિષાદગ્રસ્ત બની ગયા. કૃષ્ણે માનવના અંતરના અંતરતમમાં પ્રાપ્ત કરેલા શાશ્વત સ્થાનનો નિર્દેશ એની ઉપરથી સહેલાઈથી મળી રહ્યો.

પરીક્ષિતને એ બધા સમાચાર સાંભળવા મળ્યા ત્યારે એને પણ વ્યથા થઈ. એણે પોતાની પ્રિયતમા ઈરાવતીને કહ્યું:

'કૃષ્ણના દેહત્યાગના સમાચાર અતિશય દુઃખદ છે. એમના દેવદુર્લભ દર્શનની અભિલાષા મને અવારનવાર થયા કરતી, મને શી ખબર કે એમની જીવનલીલા આટલી જલદી પૂરી થશે નહિ તો દ્વારકા જઈને એમનું દર્શન કરી આવત. એ અભિલાષા હવે મનમાં જ રહી ગઈ. એ તો મારા જીવનપ્રદાતા હતા. માતાના ઉદરમાં એમણે મારી રક્ષા કરેલી. એમના વિના મારું જીવન હોત જ નહિ.'

'સાચું છે. મને પોતાને માટે અપાર અનુરાગ અને આદરભાવ હતો. હવે હું પણ એમને નહિ નિહાળી શકું.'

ઉત્તરાના મસ્તક પર જાણે વીજળી પડી. એને પણ અનંત વ્યથા થઈ.

પરીક્ષિતના રાજ્યભિષેકનો આનંદાર્ણવ એકાએક ઓટમાં પલટાઈ ગયો. જીવન એવું જ અચોક્કસ-અર્ણવ કરતાં પણ વધારે અચોક્કસ છે ને? એમાં ક્યારે ભરતી આવશે અને ક્યારે ઓટ એ કોણ કહી શકે એમ છે? માનવે તો એના દૃષ્ટા જ બનવું પડે છે.

* * * * *

## ૫. સંકલ્પ

ભગવાન કૃષ્ણના લીલાસંવરણના પરિણામે પેદા થયેલી પીડા સહેલાઈથી ના શમી.

દ્રૌપદી, યુધિષ્ઠિર અને અર્જુનના અંતરમાં સૌથી વિશેષ વેદના થયા કરતી. એમના પ્રાણ એથી સંતપ્ત રહેતા. પોતાના મનને જ્ઞાનની મદદથી ગમે તેટલું સમજાવવા છતાં એ શાંત ના રહેતું.

યુધિષ્ઠિરનું મન હવે સાંસારિક સુખોપભોગમાંથી પૂર્ણપણે ઉપરામ બન્યું. એમને બધું નીરસ લાગવા માંડ્યું. એક દિવસ સંધ્યાસમયે એમણે દ્રૌપદી અને અર્જુનને કહ્યું પણ ખરું:

'કૃષ્ણના લીલાસંવરણપહેલાંજ મારું મન સંસારમાંથી ઉપરામ બન્યું છે. પરમશક્તિશાળી સૂર્યના અસ્તની જેમ જીવન પણ એક દિવસ એકાએક અસ્ત પામી જશે એ નિશ્ચિત છે. એ પહેલાં પરમાત્મામાં પ્રાણને પરોવીને પ્રશાંતિની પ્રાપ્તિ કરવાની આકાંક્ષા રહ્યા કરે છે. હવે મારે વિવિક્તસેવી બનવું છે. જીવનનું ધ્યેય આખરે દુન્યવી ભોગોનો ઉપભોગ તો નથી જ. એ ભોગોને તિલાંજલિ આપીને આપણા પૂર્વજો મુનિજીવન જીવવા માટે એકાંતમાં ચાલ્યા ગયા છે. એમણે આપણી આગળ એક ઉજ્જવળ આદર્શની પ્રતિષ્ઠા કરી છે.'

થોડીવાર અટકીને એ આગળ બોલ્યા:

'હસ્તિનાપુરમાં હવે મન નથી લાગતું. કૃષ્ણના લીલાસંવરણ પછી જીવન નીરસ જેવું બની ગયું છે. એમાંથી એક મહત્વની મહામૂલ્યવાન વસ્તુ જતી રહી છે. પરીક્ષિતનો રાજ્યાભિષેક કરીને જીવનનું એક આવશ્યક કર્તવ્ય પૂરું કર્યું છે એનોય સંતોષ છે. હવે વનગમન કરવાનું જ શેષ રહે છે.'

અર્જુન બોલ્યો.

'હસ્તિનાપુરમાં તમારું મન નથી લાગતું તો અમારું પણ ક્યાં લાગે છે? અમારા જીવનમાં પણ પહેલાં જેવો રસ નથી રહ્યો. તમે વનગમન કરશો તો અમે પણ આ નશ્વર સુખોપભોગની વચ્ચે શા માટે રહીશું? અમે પણ જીવનની ધ્યેયસિધ્ધિની પ્રાપ્તિ કરવાના પ્રયોજનથી પ્રેરાઈને તમારી સાથે જ આવીશું અને એવી રીતે આપણાં પ્રાતઃસ્મરણીય પૂર્વજોનું અનુસરણ કરીશું.'

દ્રૌપદી બોલી: 'જીવનના ઉત્તરકાળની શેષ ક્ષણોને પરમાત્માના સાક્ષાત્કારની સાધનામાં વીતાવવા જેવું બીજું સદ્દભાગ્ય કે સુખ કયું હોઈ શકે? એ સુખને સંપાદન કરવા માટે હું પણ તમને સાથ આપીશ. જો કે રાજપ્રાસાદના રમણીય રસમય વાતાવરણની વચ્ચે વસીને પણ મારું મન ઉપરામ અને અંતર્મુખ રહ્યા કરે છે. મને બાહ્ય વિષયોની મોહિની નથી લાગી શકતી. અહીં રહીને પણ મારા મનને પરમાત્માના નિદિધ્યાસનમાં લગાડું છું. એટલે રાજપ્રાસાદમાં અને અરણ્યમાં બાહ્ય રીતે ગમે તેટલો ભેદ હોય તો પણ મારે માટે એ ભેદ મટી ગયો છે. છતાં પણ તમારી સાથે વનગમન કરવાની મારી પણ તૈયારી છે. વનગમન કરીને ક્યાં જવાની ઈચ્છા રાખો છો? એ સંબંધી કશોક વિચાર તો કર્યો હશે ને?'

'કર્યો છે.'

'શો વિચાર કર્યો છે?'

'હિમાલયની ભૂમિમાં, ઉત્તરખંડના પુણ્યપ્રદેશમાં જવાનો.'

'હિમાલયની ભૂમિમાં?'

'હા. હિમાલયની પ્રાતઃસ્મરણીય પરમાત્મદર્શી ઋષિમુનિસેવિત પુણ્યભૂમિમાં. એ ભૂમિ મને સર્વશ્રેષ્ઠ ને સુખદ લાગે છે. આધ્યાત્મિક ઉત્તમોત્તમ પરમાણુઓથી ભરેલી એ ભૂમિ આપણને અસાધારણ આનંદ આપશે ને જીવનનું આત્યંતિક કલ્યાણ કરવામાં મદદ કરશે. આપણે ત્યાં રહીને સતત સાધનાનો આશ્રય લઈએ અને છેવટે સંતૃપ્તિપૂર્વક સમાધિસ્ત થઈએ તો જીવન સાર્થક ઠરે. બીજી એક પણ અભિલાષા મને નથી રહી. કોઈ વાસના પણ નથી ને કોઈ કામના પણ નથી સતાવતી. જીવનમાં જાતજાતનાં પરિવર્તનો જોઈ લીધાં છે. અને ના જોયાં હોય તો પણ શું? કાળ એક દિવસ એકાએક આવવાનો જ છે. તો તે પહેલાં કૃતકૃત્ય, શાંત ને સફળ જીવનની જરૂરી તૈયારી કરી લઈએ એ યોગ્ય જ છે. કેમ અર્જુન?'

'મને તમારી વિચારસરણી આદર્શ અને અનુકરણીય લાગે છે. એમાં કશું ખોટું નથી દેખાતું. હિમાલયની નૈસર્ગિક સૌંદર્યથી સંપન્ન પ્રશાંત પુણ્યભૂમિથી હું પરિચિત છું. એમાં વરસો સુધી વસવાનું ને વિહરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે. ત્યાં રહીને મારી રહીસહી શક્તિ પ્રમાણે મેં સાધના પણ કરી છે. એથી શાંતિ તથા સિધ્ધિ પણ મેળવી છે. એ ભૂમિ તો મારી પ્રિય ભૂમિ છે. ત્યાં જવાનું, વસવાનું ને વિહરવાનું મને ગમશે.'

'તારું મન પરીક્ષિતમાં તો નથી?'

'પરીક્ષિતમાં શા માટે હોય?'

એ અલ્પવયસ્ક  છે એટલે.'

'અલ્પવયસ્ક હોય એથી શું થયું? બળ ને બુધ્ધિમાં એ ભલભલા વયોવૃધ્ધોને પણ શરમાવે તેવો છે. એને રાજ્યશાસનની સર્વાંગીણ શિક્ષાની પણ પ્રાપ્તિ થઈ છે. એટલે એ સંબંધી પણ કશી ચિંતા નથી. એ ઉપરાંત એની પાસે પ્રજાના અભ્યુદયમાં અભિરુચિ રાખનારા અનુભવસમૃધ્ધ અમાત્યોની પણ કમી નથી. ઈરાવતી સરખી શીલવતી સ્ત્રીને પ્રાપ્ત કરીને પણ એને સંતોષ છે. મેં પોતે પણ સંસારના સ્વરૂપને સારીરીતે જોઈ લીધું છે. સંસારના અનુકૂળ તથા પ્રતિકૂળ અનુભવોને કરી લીધાં છે. એટલે મારું મન પરીક્ષિતમાં તો શું બીજા કોઈની અંદર આસક્ત નથી થાય તેમ. આપણને તો આપણા પૂજ્ય પિતાજીનો આટલો સમાગમ પણ નહોતો સાંપડ્યો. પરીક્ષિત એ બાબતમાં વિશેષ ભાગ્યશાળી છે. એની ચિંતા કરવાની કે એની અંદર મનને રાખવાનું ના હોય. મહાભારતના સર્વવિનાશક સંગ્રામમાં કાળદેવતાના તાંડવનૃત્યને નજરે નિહાળ્યા પછી સાચું કહું તો મને કશાની મમતા અથવા આસક્તિ નથી રહી.'

'દ્રૌપદીની પણ નથી રહી?'

'ના, લાગણી રહી છે પણ આસક્તિ નથી રહી. લાગણીમાં અને આસક્તિમાં ભેદ છે. '

'એ તો હું પણ જાણું છું.' દ્રૌપદી બોલી: 'અને એ પણ જાણું છું કે તમને કશામાં મમતા કે આસક્તિ નથી રહી. મારામાં પણ નહિ.'

'તેથી તને દુઃખ તો નથી થતું?'

'દુ:ખ શા માટે થાય? ઉલટું આનંદ થાય છે. કોઈને કોઈની અંદર આસક્તિ શા માટે રહેવી જોઈએ? આસક્તિ જ બંધન તથા દુ:ખનું કારણ બને છે. પરંતુ એની સમજ ઘણી મોડી પડે છે. જીવનની સાધના સમસ્ત પ્રકારની આસક્તિઓનો અંત આણવા માટે જ છે. તમને મારામાં કે કોઈનામાં આસક્તિ નથી રહી એ જોઈને મને ઊંડું સુખ થાય છે. તમને એને માટે અભિનંદન આપું છું.'

'એવાં અભિનંદન તારા વિના બીજી કયી સ્ત્રી આપી શકે? તારો પોતાનો અંતરાત્મા અતિશય ઉદાત્ત છે માટે જ તું આવાં અભિનંદન આપી શકે છે. એની કશી આવશ્યકતા નથી.'

'યોગ્ય વસ્તુને માટે યોગ્ય અભિનંદન તો આપવા જ જોઈએ ને?'

'અભિનંદન મને નહિ પણ તને ઘટે છે. અને આવો અસાધારણ નિર્ણય કરવા માટે યુધિષ્ઠિરને.'

'એના કરતાં આપણે પરમાત્માને જ અભિનંદન આપો અને એમનો ઉપકાર માનો કે એમણે આપણને આવી સદ્દબુધ્ધિ આપી.' યુધિષ્ઠિરે કહ્યું.

દ્રૌપદી અને અર્જુન હસી પડ્યાં.

યુધિષ્ઠિરે જરાક ગંભીર બનીને સ્વસ્થતાપૂર્વક જણાવ્યું:

'પરમાત્માના પરમ અનુગ્રહ સિવાય સદ્દબુધ્ધિનો સૂર્યોદય કેવી રીતે થઈ શકે? એમના અનુગ્રહથી જ સઘળું શક્ય બને છે. માટે તો વૈદિક ઋષિઓએ ગાયત્રી મંત્ર દ્વારા એમની આરાધના કરી છે. એ આરાધના પરંપરાગત રીતે આજે પણ ચાલ્યા કરે છે. અભિનંદનના એકમાત્ર અસલ અધિકારી તો એ છે.'

વાયુમંડળમાં થોડી ક્ષણો સુધી શાંતિ રહી.

એ શાંતિનો ભંગ કરતાં આખરે યુધિષ્ઠિરે જણાવ્યું:

'કોઈપણ કાર્ય કાંઈ સહસા ને કારણ વગર બને છે?'

'ના.' અર્જુને ઉત્તર આપ્યો.

'વૃક્ષ પર પેદા થઈને પરિપકવ બનનારું ફળ કાંઈ એમનેમ પ્રકટે છે કે પરિપકવ બને છે?'

'ના.' દ્રૌપદીએ સૂર પુરાવ્યો,

'એ ફળ ક્રમિક વિકાસના પરિણામે જ પેદા થાય છે ને પરિપકવ બને છે. બીજમાંથી અંકુર, અંકુરમાંથી છોડ, છોડમાંથી વૃક્ષ, વૃક્ષ પર ફૂલ, ફૂલમાંથી ફળ, એવો નિયમિત વ્યાપાર વરસોથી ચાલ્યા કરે છે. કુદરતને ત્યાં કશું પણ એમનેમ નથી થતું.'

'એ તો બરાબર છે.'

'એવી જ રીતે મારા મનમાં પ્રકટીને પ્રબળ બનેલો વનગમનનો આ વિચાર પણ કાંઈ આજે જ નથી જાગ્યો. એની પાછળ વરસોનું ચિંતન, મનન અથવા આત્મનિરીક્ષણ છે. મારું મન મહાભારતના યુધ્ધ પહેલાં જ ઉપરામ બનેલું. મને એ જ વખતે એકાંતવાસનો આધાર લઈને આત્માનુભૂતિની આરાધના કરવાની અભિરુચિ થયેલી. પરંતુ કૃષ્ણના કહેવાથી એ વિચાર કામચલાઉ વખતને માટે પડતો મૂકાયો. યુધ્ધમાં પ્રવૃત્ત થયા પછી પણ મને શાંતિ નહોતી મળી. માટે તો આત્મિક અસંતોષનો અંત આણવા એમણે મારા રાજ્યાભિષેક પછી મારી પાસે અનેકવિધ યજ્ઞો કરાવેલા. એ યજ્ઞોએ મને યશ આપ્યો. પ્રજાને માટે એ કલ્યાણકારક પુરવાર થયા, પરંતુ મારા મનનું સમાધાન ના સાધી શક્યા. મારો અંતરાત્મા એ બધા યજ્ઞોના અનુષ્ઠાનનો આધાર લેવા છતાં અતૃપ્ત અને અશાંત જ રહ્યો. મારી મૂળભૂત સમસ્યાનો અંત ન આવ્યો. આટલાં બધાં વરસો સુધી મારું મનોમંથન એકધારું ચાલુ જ રહ્યું. હવે જીવનના પરમધ્યેયની પ્રાપ્તિ માટે મેં સંકલ્પ કર્યો છે તો એમાં કશું નવું નથી. અન્ય અપરિચિતને એ ભલે નવું લાગે પણ તમને નહિ લાગે.'

અર્જુને જણાવ્યું:

'તમારાં મનોમંથનની માહિતી અમને વરસોથી છે એટલે એ સંકલ્પને સાંભળીને કશું નવું નથી લાગતું. આશ્ચર્ય પણ નથી થતું. એ સંકલ્પ સર્વથા ઉચિત લાગે છે. એ સર્વ પ્રકારે શ્રેયસ્કર થઈ પડશે.'

દ્રૌપદી બોલી:

'જે શાંતિ તમને રાજ્યશાસનથી, વિભિન્ન વિષયોપભોગથી, અસાધારણ ઐશ્વર્યથી અને મંગલ યજ્ઞાનુષ્ઠાનથી નથી સાંપડી શકી તે પરમાત્માના સુખદ સાક્ષાત્કારથી અને એમની સાથેના અલૌકિક અનુસંધાનથી સહેલાઈથી સાંપડી શકશે. હિમાલયની હિમાચ્છાદિત દૈવી ભૂમિ એમાં મદદરૂપ થશે. એ ભૂમિનાં પવિત્ર પરમાણુઓ અને એમાં તપશ્ચર્યા કરનારા આપ્તકામ વીતરાગ ઋષિવરો તમારા આંતરિક અસંતોષનું શમન કરશે. હું ઈચ્છું છું કે તમને સનાતન શાંતિની પ્રાપ્તિ થાય. કાળદેવતા અનેકવિધ અભિનયો દ્વારા પોતાનું કાર્ય કર્યા કરે છે. એ પોતાના એક વિશેષ અભિનયનો ભલે આરંભ કરે. આવા સફળ ને સર્વાંગસુંદર જીવનની એવી પૂર્ણાહુતિ બધી રીતે ઉચિત જ છે.'

યુધિષ્ઠિરે થોડીવાર શાંત રહીને મક્કમ સ્વરે જણાવ્યું:

'કૃષ્ણે પોતાની જીવનલીલાની પરિસમાપ્તિ ના કરી હોત તો પણ મારો સંકલ્પ ના બદલાત. એ હોત તો પણ મને અરણ્યમાં જવાની અનુજ્ઞા અવશ્ય આપત. જો કે એમણે અવારનવાર કહેલું કે શાંતિ વનમાં નથી પરંતુ માનવના મનમાં-એના અંતરના અંતરતમમાં અથવા આત્મામાં છે. છતાં પણ આજે એ હોત તો મારી વિચારસરણીને સહેલાઈથી સમજી શકત અને એનું સમર્થન કરત.'

'એ આપણી અંદર અને આજુઆજુ સર્વત્ર છે જ. એ કાયમ માટે ક્યાંય ગયા જ નથી. એમણે તો કેવળ વેશપલટો કર્યો છે.'

'એ કોઈ વ્યક્તિ નહોતા, તત્વ હતા, પરમસત્ય અથવા સંસારની ચેતના હતા. સંસારના શ્રેયને માટે એ પાર્થિવ તનુને ધારીને સ્વેચ્છાથી પ્રકટ થયેલા. એમણે જ કુરુક્ષેત્રની પુણ્યભૂમિમાં કહેલું કે હું અજન્મા, અવિનાશી અને સંસારનો સ્વામી છું તો પણ મારી પ્રવૃત્તિનો આશ્રય લઈને મારી માયાશક્તિથી પ્રકટ થઉં છું. જ્યારે જ્યારે ધર્મનાં મૂલ્યોનો હ્રાસ અને અધર્મની અભિવૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હું જન્મું છું. શુભ તત્વોની સુરક્ષા અને અશુભ તત્વોના સર્વનાશ તથા સનાતન ધર્મના સંસ્થાપન માટે યુગેયુગે પ્રકટું છું. **संभवामि युगेयुगे।** એમની એ વાણીને હું નથી ભૂલ્યો. એ મારા શ્રવણપટ પર અને અંતરમાં અથડાયા કરે છે.'

'સાચું છે.' અર્જુનના સ્નેહાર્દ્ર શ્રદ્ધાસભર શબ્દો સાંભળીને દ્રૌપદી બોલી ઊઠી: 'કૃષ્ણ તો પરમતત્વ હતા. પરમાત્માના પરમપ્રતીક અથવા પરિપૂર્ણ પ્રતિનિધિ. એમની શક્તિ અતિશય અસાધારણ અને અનોખી હતી. એનો અનુભવ મને અનેકવાર થયેલો. કૌરવોની સભામાં દુર્યોધનના આદેશથી દુ:શાસને મને હાજર કરીને મારી મર્યાદાનો ભંગ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે મેં અસહાય બનીને અંતરના અંતરતમમાંથી એમની ખૂબ જ કરુણ સ્વરે પ્રાર્થના કરેલી. મારી મદદ માટેની એ પ્રેમાર્દ્ર પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપે એમણે લેશ પણ વિલંબ વિના મારી રક્ષા કરેલી ને કૌરવોના મદનો નાશ કરેલો એ પ્રસંગનું સ્મરણ હજુ એવું જ તાજું છે. એ સ્મરણથી મને રોમાંચ થઈ આવે છે. અને અરણ્યમાં આપણા અજ્ઞાતવાસ વખતે દુર્યોધને આપણને અભિશાપ અપાવવાના અશુભ આશયથી મોકલેલા દુર્વાસા મુનિને પણ સુવર્ણપાત્રમાંના શેષ શાકના ફોડવાને આરોગીને સમસ્ત

સંસારની સાથે એમની શિષ્યમંડળી સહિત એમને નિમીષમાત્રમાં જ કેવા સંતૃપ્ત કરેલા? એ પ્રસંગ પણ અવિસ્મરણીય છે.'

'એ બધા પ્રસંગોનું સ્મરણ મને પોતાને પણ એવું જ છે. મેં મહાભારતના યુદ્ધમેદાનમાં એમની અલૌકિકતાની સહેજ શંકા કરેલી તે વખતે મારી શંકાનું સુખદ સમાધાન સારુ એમણે પોતાના વિશ્વરૂપનું દર્શન કરાવીને મને દિગ્મૂઢ બનાવી દીધો. એમની મૂળભૂત મહત્તાનો એથી વધારે વિશિષ્ટ પ્રસંગ બીજો કયો હોઈ શકે? એ જ વખતે મેં એમની સૃષ્ટિના એકમાત્ર સ્વામી તરીકે સ્તુતિ કરેલી.'

'આજે પણ એ આપણી સાથે જ છે, અને આપણી જીવનપ્રવૃત્તિના સાક્ષી બનીને આપણને પથપ્રદર્શન કરવા તથા મદદરૂપ થવા તત્પર છે. મને તો એવું જ લાગે છે. એ આપણો આત્યંતિક ત્યાગ કદાપિ નહિ કરી શકે. એમની પરમશક્તિશાળી શાશ્વત ચેતના આપણા જીવનને નિત્યનિરંતર આલોકિત કરતી રહેશે.'

દ્રૌપદીની આંખમાં આંસુ આવી ગયાં.

યુધિષ્ઠિર અને અર્જુન પણ ભાવવિભોર બની ગયા. યુધિષ્ઠિરે જણાવ્યું: 'કૃષ્ણના જેવા પૂર્ણ પુરૂષનું પ્રાકટ્ય આપણી પાર્થિવ પૃથ્વી પર કાંઈ જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે નથી થતું. એમના સમાગમમાં શ્વાસ લેવાનું સૌભાગ્ય પણ જેને તેને નથી સાંપડતું. એમના સ્નેહભાજન થવાનું અને એમના અનુગ્રહના અધિકારી બનવાનું પણ કોઈક બડભાગીના જ લલાટમાં લખાયેલું હોય છે. એ જેમની ચિંતા કરે છે જેમને માટે સંવેદન અનુભવે છે, વિપત્તિ વેઠે છે, અથવા જેમનું ધ્યાન રાખે છે તે પણ ધન્ય છે. એવી ધન્યતા આપણને અનાયાસે આવી મળેલી. આપણે એમની સાથે રહ્યાં, ફર્યાં, જમ્યાં, વિચારો ને ઊર્મિઓની આપલે કરી, અને એમના સ્નેહભાજન અથવા અનુહગ્રહપાત્ર બન્યાં. એમની પ્રેરણા મેળવી, એ આપણા પ્રકાશદાતા તથા પથદર્શક બન્યા. એમણે આપણી ચિંતા કરી, આપણા અભ્યુદયની યોજના ઘડી, અને આપણે માટે વિપત્તિ વેઠી. આપણું એટલું સદ્દભાગ્ય. એવી કોઈ વિશેષ યોગ્યતા તો આપણામાં ન હતી છતાં પણ આપણને એમની કૃપા મળી. આપણાં જીવન એટલા પૂરતાં કૃતાર્થ થયાં. એ બધું કેવી રીતે ભૂલી શકાય?'

યુધિષ્ઠિર ગદ્દગદ બની ગયા.

થોડીક ક્ષણો સુધી પોતાની જાતને સ્વસ્થ કરીને બોલ્યા :

'આ પરિવર્તનશીલ પૃથ્વીમાંથી જવાનું તો સૌ કોઈને છે. કોઈ અહીં કાયમ માટે નથી રહેતું. પરંતુ જનારાની સ્મૃતિઓ રહી જાય છે. સ્મૃતિઓ સંવેદનની સૃષ્ટિ કરે છે. કૃષ્ણ તો પ્રકૃતિના અધીશ્વર હતા. પોતાની ધારણા પ્રમાણે કરવાની એમનામાં શક્તિ હતી. એ આપણી વચ્ચે હજી પણ રહ્યા હોત તો સારું હતું. એમના આશીર્વાદ સાથે આપણે વનમાં વિદાય થાત. પણ એ તો આપણી પહેલાં જ વિદાય થઈ ગયા. હવે તો આપણે એમના સૂક્ષ્મ અથવા અદ્રષ્ટ આશીર્વાદ જ લેવા રહ્યાં.'

'બરાબર છે. દ્રૌપદી બોલી: 'આપણે માટે એ આશીર્વાદ જ શેષ રહે છે. અને એમના એ અદ્રષ્ટ છતાં અનેરા અસરકારક આશીર્વાદ આપણી ઉપર વરસે છે પણ ખરા. આપણે એમનો અનુભવ કરી શકીએ છીએ. આ વિચારો અને ભાવોની પાછળ પણ પ્રેરક બળ તરીકે એમની જ શાશ્વત શક્તિ કામ કરી રહી છે. એ જ આપણું પથદર્શન કરે છે. એમના આશીર્વાદમાં વિશ્વાસ રાખીને આપણે આગળ વધીશું તો સઘળા ભયસ્થાનોમાંથી મુક્તિ મેળવીશું, પ્રલોભનોને પાર કરી જઈશું ને જીવનને ઉજ્જવળ કરીશું.'

'દ્રૌપદીની વાત બરાબર છે.' અર્જુને ઉપસંહાર કરતાં કહ્યું: 'મને એમાં વિશ્વાસ છે. કૃષ્ણ આપણને આજે પણ દોરે છે ને ભવિષ્યમાં પણ દોરશે જ. એમના શુભાશીર્વાદ આપણી ઉપર અહર્નિશ વરસી રહ્યા છે. એ આપણું કલ્યાણ કરશે. એમણે આપણી વિદાય પહેલાં જ વિદાય લીધી એનું દુ:ખ અવશ્ય થાય છે, પરંતુ હવે બીજો ઉપાય જ નથી. જે થયું છે એ અન્યથા નથી થઈ શકવાનું.'

'હવે તો આપણે પણ એમના માર્ગે ચાલીને જીવનનું પરમશ્રેય સાધી લઈએ એ જ ઉચિત છે.' યુધિષ્ઠિરે જણાવ્યું: 'હિમાલયની પવિત્ર પુણ્યભૂમિનું આકર્ષણ મને પહેલેથી જ છે. એની પર્વતમાળાનાં પ્રશાંત ઉત્તુંગ શિખરો અને ગંગા મને આકર્ષે છે. એના ઋષિમુનિસેવિત તટપ્રદેશ પર આસન વાળીને અંતર્મુખ વૃત્તિ દ્વારા આત્મામાં અવગાહન કરવાની અભિલાષા છે. એ અભિલાષાને પરિપૂર્ણ કરવાનો સ્વર્ણ સમય સમીપે આવ્યો છે ત્યારે મને સ્વાભાવિક રીતે જ આનંદ થાય છે. એને પરિપૂર્ણ કરીને જીવનના સાફલ્યનો સાચો સંતોષ મેળવી શકીશ. એ પણ કૃષ્ણની કૃપા જ સમજીશ.'

યુધિષ્ઠિરે પોતાનો સંકલ્પ પરીક્ષિતને કહી બતાવ્યો ત્યારે એની પ્રતિક્રિયા પરીક્ષિત પર બહુ સારી તો ના જ થઈ. એણે વિચારોના વમળમાં આવતાં પૂછ્યું:

'મારા રાજ્યશાસનથી તમને સંતોષ છે? એમાં કોઈ પ્રકારનો દોષ તો નથી?'

'દોષ કશો જ નથી. મને એથી સંપૂર્ણ સંતોષ છે.'

'એમાં કોઈક ત્રુટિ હોય તો એના પ્રત્યે પ્રેમપૂર્વક અંગુલિનિર્દેશ કરો. મને એવો નિર્દેશ ગમશે.'

'એમાં ત્રુટિ જેવું કશું જ નથી લાગતું.'

'તો પછી......'

'મને બીજી બધી રીતે સંતોષ છે માટે જ હવે જીવનના મૂળભૂત ધ્યેયની પ્રાપ્તિ કરવા હિમાલયના પવિત્ર પ્રદેશમાં જવાનો નિર્ણય કર્યો છે.'

'જીવનના મૂળભૂત ધ્યેયની પ્રાપ્તિ અહીં રહીને ના થઈ શકે ?'

'ના જ થઈ શકે એવું કશું નથી. થઈ શકે. પરંતુ મારા જીવનમાં હિમાલયગમનની પ્રેરણા જ પ્રબળ બની છે. જીવનનો શેષ સમય સર્વસંગ-પરિત્યાગ કરીને મારે ત્યાં જ પસાર કરવો છે.'

'પરંતુ તમારી સાથે બીજા બધાએ પણ આવવાનો સંકલ્પ કર્યો છે તેનું શું?'

'એવો સંકલ્પ કરવા માટે એ સ્વતંત્ર છે. સૌ કોઈ સ્વતંત્ર છે. એ સંકલ્પ શુભ અને શ્રેયસ્કર છે એટલું સારું છે. આપણે માટે એવી વિચારધારા નવી નથી. એનો આધાર પરંપરાગત રીતે દીર્ઘકાળથી લેવાતો આવ્યો છે.'

'એ હકીકત સાચી છે. પરંતુ અમે તો અમારા સ્વાર્થના વિચારથી રડીએ કે દુ:ખી થઈએ છીએ. તમારા ગયા પછી મને માર્ગદર્શન કોણ કરશે?'

'આપણી સાથે સદાને માટે રહેનારા કૃષ્ણ. એમની કૃપાવર્ષા આપણા પર વરસતી જ રહેશે. એ તને સહીસલામત રીતે સફળતાપૂર્વક આગળ દોરશે.'

'તમારા વિના હસ્તિનાપુર હસ્તિનાપુર નહિ હોય. એની શોભા સૂકાઈ જશે. એનો આત્મા હણાઈ જશે.'

'તારે લીધે એની શોભા અક્ષય છે. એનો આત્મા કદી પણ નહિ હણાય. પરિક્ષિત, સંસારમાં કોઈ શાશ્વત સમયને માટે નથી રહેતું એ સનાતન સત્યને કેમ ભૂલી જાય છે? એક દિવસ મારે, તારે ને બીજા બધાને અહીંથી વિદાય થવાનું છે. તે પહેલાં જરૂરી કાર્ય કરી લેવું જોઈએ. સાચો સ્વાર્થ તથા પરમાર્થ એમાં જ સમાયેલો છે.'

'તો તો પછી હું પણ તમારી સાથે આવું.'

'તારે હજુ વાર છે. પ્રજાના હિતને માટે સ્વધર્મ સમજીને બનતી અલિપ્તતાપૂર્વક રાજ્યકાર્ય કરવાનું છે. એ ધર્માનુષ્ઠાન પણ એટલું જ અગત્યનું ને કલ્યાણકારક છે. એનો ત્યાગ એટલી સહેલાઈથી ના થઈ શકે.'

હિમાલયગમનના એ સંકલ્પને જાણીને ઉત્તરા તથા ઈરાવતીને પણ વેદનાનો અનુભવ તો થયો જ. દ્રૌપદીની પાસે પહોંચીને એમણે કરુણાર્દ્ર સ્વરે જણાવ્યું:

'તમારો હિમાલય પ્રદેશમાં જવાનો નિર્ણય છેવટનો છે?'

'હા.'

'તમે તો તમારા આત્યંતિક શ્રેયની પ્રાપ્તિ કરી લેશો પરંતુ અમે? અમારી દશા તમારા વિના કેવી દયનીય થશે તે જાણો છો? તમે અમને માતાની ખોટ નથી પડવા દીધી. તમારી અમારા પ્રત્યેની મમતા અસાધારણ છે. એને આટલી જલદી તોડી નાખશો?'

'મમતા તો મને હવે કશામાં નથી રહી. કરું છું બધું જ પરંતુ મારું મન કશામાં નથી. મારી સઘળી મમતા કેવળ કૃષ્ણમાં કેન્દ્રિત થયેલી. તે પણ આ પાર્થિવ પૃથ્વીનો પરિત્યાગ કરીને વિદાય થયા. મેં તમારી સાથે માતા જેવું વર્તન કર્યું છે તો તમે પણ મારી પુત્રીઓની પેઠે જ વ્યવહાર કર્યો છે. તમારી દશા દયનીય શા માટે બનવી જોઈએ? પરીક્ષિત તમારી ને સૌની સર્વ પ્રકારે રક્ષા કરશે. એ એને માટે સુયોગ્ય છે. જીવનના અંતિમ ધ્યેયની પૂર્તિ માટે જવાનો સમય સંનિકટ આવ્યો છે ત્યારે તમે મને પ્રસન્નતાપૂર્વક વિદાય આપો એવું ઈચ્છું છું.'

ઈરાવતી બોલી: 'અમે તો અમારા સ્વભાવ સહજ મનોભાવોની અભિવ્યક્તિ જ કરીએ છીએ. એવી અભિવ્યક્તિનો અમને અધિકાર છે. બાકી તમે કૃતસંકલ્પ છો એટલે વિદાય તો જ્યારે આપવાની હશે ત્યારે પ્રસન્નતાપૂર્વક જ આપીશું. ફક્ત જ્યાં પણ હો ત્યાંથી અમારા પર આશીર્વાદ વરસાવતાં રહેજો જેથી અમે જીવનના ધ્યેયને ભૂલી ના જઈએ ને ભૂલેચૂકે પણ વિપથગામી ના બનીએ.'

'આશીર્વાદ ભગવાન કૃષ્ણના.' દ્રૌપદી બોલી: 'એ હંમેશા વરસતા રહેશે.'

'અમારે તો તમારા આશીર્વાદ પણ જોઈએ.' ઉત્તરાએ કહ્યું: 'એમનું મહત્વ અમારે મન મોટું છે.'

'એ તો છે જ.' દ્રૌપદી વધારે ના બોલી.

* * * * *

## ૬. દ્રૌપદીનું સ્વપ્ન

પાંડવોના દ્રૌપદી સાથેના સંભવિત વનગમનની વાત વખતના વીતવાની સાથે પ્રજાના બધા વર્ગોમાં પ્રસરી ગઈ. એની પ્રતિક્રિયા જુદીજુદી જાતની થવા લાગી. મોટાભાગના પ્રજાજનોને પણ એ વિચાર ગમ્યો તો બીજાએ એની આલોચના પણ કરવા માંડી:

'આટલા વરસે માંડમાંડ સુખ, શાંતિ તથા સમૃધ્ધિનો સોનેરી સમય સાંપડ્યો ત્યારે યુધિષ્ઠિરે હિમાલયની ભૂમિમાં જવાની ઈચ્છા કરી. કહ્યું છે ને કે સુખ સાંપડે તો પણ જેટલું ભાગ્યમાં હોય છે એટલું જ ભોગવી શકાય છે. આવું એમને ક્યાંથી સુઝ્યું?'

'અરે, હિમાલયના પવિત્ર પ્રદેશમાં જવું હતું તો એકલા ક્યાં નહોતું જવાતું? આ તો પોતાના ભાઈઓને પણ સાથે લેવાનો નિર્ણય કર્યો.'

'અને કોમળાંગી દ્રૌપદીને પણ લઈ જવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પ કેટલો બધો કઠોર કહેવાય? એ જ બતાવે છે કે એમને દ્રૌપદીની અને ભાઈઓની કેટલી બધી મમતા છે કે એમને છોડીને એક ડગલું પણ ભરવાની ઈચ્છા નથી રાખતા. એમને બધા જ્ઞાની ગણે છે પરંતુ મને તો એ ઘોર અજ્ઞાની લાગે છે. જ્ઞાનીનાં લક્ષણ આવાં ના હોય.'

'એ પોતે ગમે ત્યાં જાય પરંતુ તેમને દ્રૌપદીને પોતાની સાથે લઈ જવાનો શો અધિકાર? દ્રૌપદીને દુર્યોધન સાથે દ્યુત રમતી વખતે એમણે હોડમાં મૂકેલી ત્યારે પણ એવી જ દુર્બુદ્ધિનો પરિચય કરાવેલો. દ્રૌપદી એમની દાસી હોય એવો વ્યવહાર છે.'

'કહે છે કે પાંડવો ને દ્રૌપદી એમની સાથે સ્વેચ્છાથી અને સમજપૂર્વક જઈ રહ્યાં છે.'

'અરે ભાઈ! મને તો દાળમાં કાંઈક કાળું લાગે છે. પોતાની મેળે તે કોઈ વનમાં જતું હશે અને એ પણ રાજસુખ છોડીને? તમે એટલુંય નથી સમજતાં? બહારની દુનિયામાં પ્રચાર તો એવો જ થાયને કે એ સમજપૂર્વક અને સ્વેચ્છાથી જઈ રહ્યાં છે. એ હકીકત યથાર્થ હોય તો એમ જ માનવું જોઈએ કે એમનામાં સાચી સમજ જ નથી. ખરેખરા કારણની કાંઈ આપણને ખબર પડે છે? પણ સત્ય કાંઈ સદાને સારુ છૂપું નહિ રહે. એક દિવસ એ છાપરે ચઢીને બોલી ઊઠશે.'

'એ વખતે એમની એટલી બધી ફજેતી થશે કે વાત નહિ.'

'જીવતા હશે તો ફજેતી જરૂર થશે પરંતુ સ્વર્ગમાં સિધાવ્યા હશે તો શું?'

'એવા પુરૂષ તો ફજેતીને પણ ઘોળીને પી જાય. એમને એનો કોઈ પ્રકારનો ભય હોય જ નહિ.'

'યુધિષ્ઠિરને રાજ્ય કરતાં વળી આવડતું જ ક્યારે? રાજગાદી પર તો કૃષ્ણે એમને બળજબરી બેસાડેલા. ખરું રાજ્ય તો એ જ ચલાવતા.'

'અને એક બીજી વાત કહું? એ વાત મારા મનમાં કેટલાય કાળથી ઘોળાયા કરે છે. મને તો ચોક્કસપણે લાગે છે કે પરીક્ષિતને ને પાંડવોને નથી બનતું. એમનાં મન એક અથવા બીજા કારણે ઊંચા રહે છે. એટલા માટે જ યુધિષ્ઠિરે વનગમનની યોજના ઘડી છે. પરીક્ષિતે એને માટે કાં તો એમને વિવશ કર્યા હોય કે પછી એમણે પોતે જ પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી બચવા માટે એવો માર્ગ કાઢ્યો હોય.'

'મને પણ લાગે છે તો એવું જ. યુધિષ્ઠિર એમના બંધુઓની સાથે અહીં રહીને બીજું કરત પણ શું? શ્રી અને સત્તાથી વંચિત થઈને નગરમાં રહેવા કરતાં વનમાં વસવું એમને વધારે સારું લાગ્યું હશે.'

'એવું પણ હોઈ શકે. પરંતુ સંક્ષેપમાં કહીએ તો છે બધું રહસ્યમય. આપણને સંપૂર્ણપણે નથી સમજાય એવું.'

મોટા ભાગના પ્રજાજનો યુધિષ્ઠિરના સંકલ્પની પ્રશંસા કરતાં વાતો કરતા: 'યુધિષ્ઠિર જેવા સત્યપુરૂષ સિવાય આવો ઉત્તમ સંકલ્પ બીજું કોણ કરી શકે? સામ્રાજ્યના સુખોપભોગોમાંથી મનને પાછું વાળવું કાંઈ રમતવાત છે? મોટા મોટા સમ્રાટો પણ એમાં સફળ નથી થઈ શકતા. એમણે સામ્રાજ્યનો પરિત્યાગ કરીને પરીક્ષિતને રાજ્યધુરા સુપ્રત કરી અને એટલું જાણે ઓછું હોય તેમ હવે હિમાલયના પાવન પ્રદેશમાં પ્રવેશવાનો નિર્ણય કર્યો છે.'

'એમનો એ નિર્ણય સુયોગ્ય છે. એની જેટલી પણ પ્રશંસા કરીએ એટલી ઓછી છે. એની પાછળ એમના અસાધારણ મનોબળનું દર્શન થાય છે. એ નિર્ણય એમની કુળપરંપરા સાથે સુસંગત છે.'

'એ પોતે તો હિમાલયની પરમપવિત્ર પુણ્યભૂમિમાં જઈ રહ્યાં છે પરંતુ સાથેસાથે એમના બંધુઓ પણ એને માટે તૈયાર થયા છે. એમને પણ જીવનના આત્મિક અભ્યુત્થાનનો એવો નિર્ણય કરવા માટે ધન્યવાદ ઘટે છે.'

'અને પરમવિદુષી પતિવ્રતા દ્રૌપદીને? એને પણ ઓછો ધન્યવાદ નથી ઘટતો. એ પાંડવોની પ્રથમથી જ પ્રેરણાદાયી બની છે. એના સમર્થન સિવાય એ બધા આવો નિર્ણય ના લઈ શક્યા હોત.'

'મહારાજા પરિક્ષિતને એમને માટે કેટલો બધો અનુરાગ અને આદરભાવ છે? એમની અનુપસ્થિતિમાં રાજ્યનો સઘળો ભાર એમણે એકલે હાથે જ ઉપાડવો પડશે. તો પણ વિદાય આપવા માટે એમણે તૈયારી બતાવી એ કાંઈ ઓછી આશ્ચર્યકારક હકીકત નથી લાગતી.'

'મહાપુરુષોનાં કર્મો એવા જ આશ્ચર્યકારક હોય છે.'

'મહારાજા પરીક્ષિત પોતે પરમભક્ત છે. એમને ભગવાન કૃષ્ણના અલૌકિક અનુગ્રહનો આસ્વાદ મળ્યો છે. એટલે એ ઉચ્ચ પ્રકારના આધ્યાત્મિક વિષયોને સુચારુરૂપે સમજી શકે છે. પાંડવો જ્યારે આત્મિક અભ્યુત્થાનના શ્રેયસ્કર પંથે પ્રયાણ કરવા તૈયાર થયા છે ત્યારે એ એમની વચ્ચે શા માટે આવે? એવી અસંસ્કારિતાની એમનામાં કલ્પના પણ નથી કરી શકાય તેમ.'

'મહાપુરુષો દુન્યવી મમતા અને આસક્તિથી પર હોય છે. એમને દુન્યવી વિષયો નથી બાંધી શકતા.'

'રાજ્યશાસન દ્વારા પ્રજાનું સર્વવિધ કલ્યાણ કરીને, એ શાસન પોતાના સુયોગ્ય પરમપ્રતાપી પૌત્રના હાથમાં સોંપીને, યુધિષ્ઠિર હવે એકાંતમાં વિદાય થશે. જીવનની સફળતાનો સંતોષ એમને સહેલાઈથી ને સ્વાભાવિક રીતે જ મળી રહેશે. એને મેળવવાના એ અધિકારી છે.'

'પ્રજા એમના દૈવી દર્શન ને માર્ગદર્શનથી વંચિત રહેશે એ સાચું, પરંતુ એ પોતાની શ્રેયસિદ્ધિ કરશે એમાં શંકા નથી.'

નગરત્યાગની આગલી રાતે પાંડવો દ્રૌપદી સાથે મોડે સુધી વાતો કરતા બેઠા. યુધિષ્ઠિરે જણાવ્યું: 'આપણો જન્મ ક્યાં થયો, કેવી રીતે થયો, આપણા જીવનના અભિનયે ક્યાં આકાર લીધો, અને અભિનયની

પરિસમાપ્તિ હવે ક્યાં થશે? હિમાલયની હિમાચ્છાદિત પ્રશાંત પર્વતમાળામાં. હજુ પણ તમારે કોઈને વિચાર બદલવો હોય તો બદલી શકો છો.'

'મારો વિચાર તો નિશ્ચિત છે.'

'અને મારો પણ.'

'હું પણ તમારી સાથે જ શ્વાસ લઈશ.'

'અને મારો નિર્ણય પણ અડગ છે.'

અર્જુન, ભીમ, સહદેવ અને નકુલ વારાફરતી બોલી ઊઠ્યા.

'તમે સૌની કસોટી કરી રહ્યા છો કે શું?' દ્રૌપદીએ પૂછ્યું.

'ના.' યુધિષ્ઠિરે જણાવ્યું; 'કસોટી શા માટે કરવી પડે?'

'તો પછી શું કરો છો?'

'વિચારને બદલવાની છૂટ આપું છું.'

'એવી છૂટ કોઈ જ નથી માંગતું એટલે એનો સવાલ જ નથી ઊભો થતો. હા, તમારે પોતાને એવી છૂટની આવશ્યકતા હોય તો જુદી વાત છે.'

'કેવી છૂટની?'

'હસ્તિનાપુરના ત્યાગના ને હિમપ્રદેશના પ્રયાણના નિર્ધારને બદલવાની.'

બધા હસી પડ્યા. યુધિષ્ઠિર પોતે પણ હસ્યા. પણ પછી સહેજ ગંભીર બનીને બોલ્યા: 'તને એક વાતની ખબર નથી લાગતી.'

'કયી વાતની?'

'વિચારો કદીક પ્રસંગોપાત બદલાય છે પરંતુ નિર્ધાર નથી બદલાતા.'

'નિર્ધાર પણ જો અપરિપકવ હોય તો બદલાઈ જાય છે.'

'એ કદાચ બરાબર હશે તો પણ આ નિર્ધાર પરિપકવતા પર પહોંચેલો છે એટલે બદલાય એવી લેશપણ સંભાવના નથી.'

'તો પછી અમારા સંબંધમાં પણ એવું જ છે. અમે પણ તમારી સાથે પ્રસ્થાન કરવાનો સમજપૂર્વકનો, છેવટનો ને સુનિશ્ચિત નિર્ધાર કર્યો છે. એ નિર્ધાર હવે નહિ ફરે. મેરું ચળશે તો પણ નહિ ચળે.'

પાંડવોએ એમાં પોતપોતાની રીતે સંમતિનો સૂર પુરાવ્યો એટલે યુધિષ્ઠિરે કહ્યું: 'હું જાણું છું કે તમારો સંકલ્પ સુદ્રઢ છે છતાં પણ પૂછવા માટે પૂછી રહ્યો છું. જીવનનો અંતિમ આદેશ એ જ છે-પરમાત્મામાં મનને પરોવવાનો. એની સિદ્ધિ માટે જ આપણે એકાંતમાં જઈએ છીએ. એના સરખું સદ્દભાગ્ય બીજું કયું હોઈ શકે? એ સદ્દભાગ્ય અનાયાસે સામેથી આવ્યું છે ત્યારે એને આપણે જતું કરવા નથી માંગતાં.'

'અમે તમારા શબ્દો સાથે સંપૂર્ણપણે સંમત છીએ.'

યુધિષ્ઠિરે થોડીક વાર શાંત રહીને જણાવ્યું: 'આ પ્રદેશમાં આવીને આપણે કેટકેટલી પ્રતિકૂળતાઓમાંથી પસાર થયા અને કેટલી બધી વિપત્તિઓ વેઠી? એનાં રેખાચિત્રો મારી આગળ આવીને ઊભાં રહે છે. દુર્યોધને આપણને હેરાન કરવામાં કશું બાકી નહોતું રાખ્યું.'

'સાચું છે.' ભીમ બોલ્યો; 'અને એને એનો દંડ પણ મળી ચૂક્યો છે. એ આપણો નાશ કરવા ગયો તો એનો જ સર્વનાશ થઈ ગયો.'

અર્જુને જણાવ્યું: 'એણે આપણું રાજ્ય તો લઈ લીધું પણ આપણને રહેવા માટે પાંચ ગામ પણ ના આપ્યાં, એ કેટલું બધું ખરાબ કહેવાય? ભગવાન કૃષ્ણે એને વિષ્ટિકાર બનીને સમજાવવાનો પર્યાપ્ત પ્રયત્ન કરતાં ખાસ કહેલું કે પાંડવોને વધારે નહિ તો પાંચ ગામ પણ આપ તો પાંડવો ત્યાં શાંતિથી રહીને શેષ જીવન પૂરું કરશે. પરંતુ એણે એમની અભિમાનપૂર્વક અવજ્ઞા કરેલી ને લલકારીને ભારે અશિષ્ટ ભાષામાં કહેલું કે પાંડવોને પાંચ ગામ તો શું, પણ એક ગામ પણ નહિ આપું. અરે સોયના અગ્રભાગને જેટલી જમીન જોઈએ છે તેટલી જમીન પણ નહિ આપું; અને એ છતાં પણ, એમને રાજ્યસુખના ઉપભોગની લાલસા હોય તો યુદ્ધ કરવા માટે તૈયાર થાય. રાજ્ય કાંઈ ભિક્ષુકની પેઠે યાચના કરવાથી નથી મળતું. જેનું બાહુબળ વધારે હશે એ રાજ્યશ્રીનો ઉપભોગ કરશે. એણે જો કૃષ્ણની વાત માની લીધી હોત તો હસ્તિનાપુરનો ઈતિહાસ જુદો જ હોત.'

'પરંતુ એના મસ્તક પર કાળ ભમતો'તો એટલે એ કેવી રીતે માને? એને પોતાનું સાચું શ્રેય શેમાં સમાયલું છે તે સમજાતું જ નહોતું. એની બુદ્ધિ અંધ બની ગયેલી. એ વિનાશકાળની સૂચક હતી.' નકુળે કહ્યું.

ભીમે તરત જ જણાવ્યું: 'એનો સર્વનાશ તો ત્યારે જ નિશ્ચિત થઈ ચૂકેલો જ્યારે એણે તે દિવસે કૌરવોની સભામાં દ્રૌપદીનું અપમાન કરેલું. એના જેવી પવિત્ર પતિવ્રતા સ્ત્રીનું અપમાન નિરર્થક નથી થતું. એ મનુષ્યનો શું, કુળોનો નાશ કરી નાખે છે. એની પહેલાં પણ એણે કાંઈ ઓછા અનર્થો નહોતા કર્યા. એ બધા અનર્થો ને યાદ કરતાં લાગે છે કે કુદરતે એને જે દંડ આપ્યો છે એ ખૂબ જ વિચારપૂર્વક અને ઉચિત જ આપ્યો છે.'

'પરંતુ એની પ્રતિશોધની ભાવના તો છેવટ સુધી નહોતી મરી.'

યુધિષ્ઠિર બોલ્યા: 'છેવટ સુધી એણે શક્ય તેટલા તમામ ઉપાયોને અજમાવી વેરભાવપૂર્વક પ્રતિકાર કરવાનો પ્રયાસ કરેલો.'

'એ જ બતાવે છે કે જો એનો પુનર્જન્મ થાય અને જો આપણને એ પાછો મળે તો એનાથી પણ વિશેષ વેરભાવે આપણો વિનાશ કરવાનો પ્રયાસ કરે.'

દ્રૌપદીના શબ્દો સાંભળીને ભીમ ગરજી ઊઠ્યો: 'અરે આપણો વિનાશ કરવાનો પ્રયાસ શું કરે? હું એને ચપટી વગાડતામાં ચોળી નાખું. મારી ગદા કાંઈ નકામી નથી થઈ ગઈ. એને ફરી બેઠો જ ના થવા દઉને! એ આવે તો ખરો.'

યુધિષ્ઠિરે કહ્યું: 'કોણ જાણે કેમ પણ મને વેરનો બદલો વેરથી લેવાની એ પરંપરાગત પદ્ધતિ પસંદ નથી પડતી.'

'બીજો માર્ગ પણ આપણી પાસે કયો છે? અનિષ્ટનો પ્રતિકાર તો કરવો જ જોઈએને?'

'એવો પ્રતિકાર પ્રેમથી ના થઈ શકે?'

'ના. મને તો એવું નથી લાગતું.'

'તો પણ જો પ્રેમપૂર્વક પ્રતિકાર કરાતો હોય તો વધારે સારું.'

'હવે આપણે પ્રતિકાર કરવાનું રહ્યું છે જ ક્યાં?'

અર્જુને પૂછ્યું ને જણાવ્યું: 'હવે તો જે કરવાનું હતું તે પૂરું થયું છે. ભગવાન કૃષ્ણે આત્મભાવમાં પ્રતિષ્ઠિત થઈને પ્રતિકાર કરવાનો પાઠ શીખવ્યો જ છે. એ પાઠ મને સર્વોપયોગી ને સર્વશ્રેષ્ઠ લાગે છે. મહાભારતના મહાસંગ્રામમાં મેં એનો જ આધાર લીધેલો.'

'પરંતુ સશસ્ત્ર પ્રતિકારની એ પદ્ધતિ જ મને આવકારદાયક નથી જણાતી. એવો ઉત્તમ પ્રતિકાર કોઈક જ કરી શકે.'

'તો પછી બીજો વિકલ્પ પણ કયો છે?'

'એવો વિકલ્પ યોગીઓએ બતાવ્યો છે ખરો. એક માનવે પોતાની આત્મિક શક્તિનો વિકાસ જ એટલો બધો અસાધારણ કરવો જોઈએ કે એની આગળ વિદ્વેષવાળા માનવની વેરવૃત્તિ કે હિંસા ભાવના શમી જાય. સમૂહની પણ શમી જાય. શસ્ત્રશક્તિ એની આગળ નિરર્થક જાય. સામેના માનવ કે માનવસમૂહનો પલટો થાય.'

'પરંતુ એવું સામુહિક રીતે તો હજુ સુધી નથી થઈ શક્યું.'

'છતાં પણ મને લાગે છે કે થઈ શકે. જો તે એકાદ વ્યક્તિને માટે થઈ શકતું હોય તો સમૂહને માટે પણ થઈ શકે. ભગવાન કૃષ્ણમાં એવી શક્તિ હતી એવો મારો વિશ્વાસ છે. છતાં પણ એમણે એનો પ્રયોગ નથી કર્યો. એવો પ્રયોગ કરવાનું કદાચ સૂઝ્યું નહિ હોય કે મન નહિ થયું હોય. ગમેતેમ પણ મને મહાભારતનું મનન કરતાં એવો વિચાર આવે છે ખરો.'

'એ વિચાર હજુ વિચાર જ છે. એને અમલમાં મૂકવાનું કાર્ય અતિશય કઠિન છે.'

'કઠિન હોય તો પણ અશક્ય તો નથી જ. એને માટેનો પ્રયત્ન કરવામાં આવે તો સંસારને કાંઈક નવું મળી શકે.'

'એવો પ્રયત્ન કોણ કરી શકે?' ભીમ બોલ્યો: 'તમારા જેવા કોઈક જ. પરંતુ તમે તો હિમાલયમાં જવાની વાત કરો છો.'

'હિમાલયમાં એવો પ્રયત્ન ના થાય?'

'થાય, પણ મને નથી લાગતું કે તમે હવે એવા પ્રયત્નની પાછળ પડી શકો. તમારું ધ્યેય જુદું જ છે.'

'સાચું છે. એને માટે સાધનાની સંગીન ભૂમિકા જોઈએ. એ ભૂમિકા મારા જીવનમાં નથી જ. એના નિર્માણને માટેનો સુયોગ્ય સમય પણ હવે નથી મળી શકે તેમ. એ દિશામાં તો હવે જન્માંતરમાં કાંઈક થઈ શકે તો ભલે. બાકી તો આ એક વિચાર છે. ને વિચાર કદી નિષ્ફળ નથી જતો. એનો જન્મ થયો છે તો એનું જતન કરનાર પણ મળી રહેશે. સૃષ્ટિ ખૂબ જ વિશાળ છે ને સમય પણ અનંત છે.'

એ વાર્તાલાપ ત્યાં જ અટકી પડ્યો.

રાતે દ્રૌપદીની આંખ મીંચાઈ ત્યારે એના અંતરમનની આગળ એક અવનવું દૃશ્ય ઊભું થયું.

હિમાલયની ઉત્તુંગ પ્રશાંત પર્વતમાળાની વચ્ચેથી એ પાંડવો સાથે હિમાચ્છાદિત ભૂમિ પરથી પસાર થઈ રહેલી.

એનું શરીર શ્રમિત થયેલું. એના કમળ કરતાં પણ કોમળ ચરણ ક્રમેક્રમે આગળ વધતા'તા.

પ્રમત્ત પવન સુસવાટા પર સુસવાટા કરતો એને ચારે તરફથી વીંટી વળેલો.

વચ્ચે વચ્ચે એ ઊભી રહેતી ને પાછળ જોતી.

ક્યાંય જીવનની નિશાની નહોતી જડતી.

ચારે તરફ પ્રકૃતિએ પોતાનો પાર વિનાનો વૈભવ પાથરી દીધેલો. એવો અનોખો વૈભવ બીજે ક્યાંય નહોતો જોવા મળ્યો: હિમાચ્છાદિત પ્રશાંત શ્વેત પર્વતમાળા એનું આનંદ અને આશ્ચર્યપૂર્વક અવલોકન કરતી.

પર્વત પરની પગદંડી પરથી પસાર થતાં નીચે ખીણમાં અલકનંદા નદીનો પ્રબળ ગતિએ પસાર થતો પ્રવાહ પેખાતો. એ ખૂબ જ હૃદયંગમ લાગવાની સાથે કોઈકવાર ભયાનક દેખાતો.

કાળનો પ્રબળ પ્રવાહ એવી જ સતત રીતે આજુબાજુ બધે જ જાણે દોડી રહેલો. એ પ્રવાહ પણ કેટલાકના મનમાં ભય પેદા કરતો, આશ્ચર્ય જગાવતો, તો કેટલાક અસાધારણ આત્માઓને આનંદ આપતો.

દ્રૌપદી આજુબાજુના વાતાવરણને વિલોકતી મંદ ગતીએ આગળ વધી રહેલું. એનું મન કુદરતની કળાત્મકતાથી મંત્રમુગ્ધ બની ગયેલું. એવી રીતે કેટલોક કાળ વીતી ગયો ત્યાં તો એનો પગ લપસ્યો. એ બરફમાં ઢળી પડીને બોલી: 'અરે કોઈ મને બચાવો, હું પડી!'

પરંતુ બચાવવા માટે કોણ આવે?

પાંડવો વારાફરતી બોલ્યા: 'અમે પણ અહીં વહેલા કે મોડા પડવાના જ છીએ. આ પ્રદેશ જ એવો વિચિત્ર છે. અહીં આપણે પડવા માટે જ આવ્યાં છીએ.'

'પડવા માટે?'

'હા. પડવા માટે. આ વાયુમંડળમાં વિલીન થવા માટે.'

'જીવન એટલું બધું સસ્તું છે?'

'સસ્તું છે એવું તો કેવી રીતે કહી શકાય? પરંતુ આખરે એ પડવાનું તો છે જ. આપણે એને સદાને માટે પકડી રાખવાનો પ્રયત્ન કરીશું તો પણ નહિ પકડી રાખી શકાય. એ છે જ પરિવર્તનશીલ, ક્ષણભંગુર, અનિત્ય. આવા વિશુદ્ધ વાયુમંડળમાં આ અદ્દભુત સૌંદર્યસંપન્ન પરમ પવિત્ર પ્રદેશમાં એ પડે તો એમાં શોક કરવા જેવું છે? જીવનની એથી અધિક કૃતાર્થતા બીજી કયી હોઈ શકે?'

'મને એમાં એટલી બધી કૃતાર્થતા નથી લાગતી.'

'કેમ?'

'કૃતાર્થતા મરવામાં નથી, જીવવામાં છે.'

'તો તને હજુ જીવવામાં મોહ છે?'

'શા માટે ના હોય? જીવનમાં સાધનાનું આલંબન લઈને મારે ઉચ્ચોચ્ચ આત્મિક વિકાસની સિદ્ધિ કરવી છે. જીવન છે જ એટલા માટે. આપણે આ પવિત્ર પ્રદેશમાં પ્રવેશ કર્યો છે તે પણ એ જ પ્રયોજનથી. એ પ્રયોજનને ભૂલી કેમ જવાય અને અકાળે મૃત્યુના મોહમાં કેમ પડાય?'

'પરંતુ મૃત્યુ આવી રીતે જ આવવાનું હશે તો? તો તારી રક્ષા કોણ કરશે?'

'મારું મૃત્યુ આવી રીતે આવી શકે જ નહિ. મને શ્રદ્ધા છે. અને રક્ષા? રક્ષા તો ભગવાન કૃષ્ણ કરશે. એમણે જીવનમાં પદ પદ પર મારી રક્ષા કરી છે.'

'તો પછી એમને પોકારવાને બદલે મદદ માટે અમને શા માટે પોકારે છે?'

'હું તમને નહિ પણ એમને જ પોકારું છું. તમે મારા પ્રેમભરેલા પોકારો નથી સાંભળતા પરંતુ એ સાંભળે છે.'

દ્રૌપદીએ ફરી વાર પોકાર કર્યો. એ જ વખતે ભગવાન કૃષ્ણ એની આગળ પ્રકટ થયા. એમણે એનો હાથ પકડીને એને બેઠી કરી ને કહ્યું: 'તારી રક્ષા માટે હું તૈયાર છું.'

'પરંતુ તમે તો પૃથ્વી પરથી વિદાય થયા છોને?'

'સ્થુળ રીતે વિદાય થયો હોઉં તે ભલે, પરંતુ સુક્ષ્મ રીતે તો છું જ. હું બીજે ક્યાંય નથી ગયો. તારી સાથે જ છું.'

'ખરેખર?'

'ખરેખર. તને અત્યારે એનો અનુભવ થઈ રહ્યો છે તેમ ભવિષ્યમાં પણ આવશ્યકતાનુસાર થયા કરશે.'

દ્રૌપદી આનંદાતિરેકમાં આવીને બોલી: 'પાંડવો તો કહે છે કે અમે અહીં મરવા માટે આવ્યાં છીએ.'

'એ એમની ભાષામાં જે કાંઈ કહેવું હોય તે ભલેને કહ્યાં કરતાં. એથી કાંઈ સત્યનો લોપ થોડો થવાનો છે?'

'સત્ય શું છે?'

'તમે બધા મરવા માટે નહીં પરંતુ જીવવા માટે અથવા વધારે સારા શબ્દોમાં કહું તો અમર બનવા માટે આવ્યાં છો.'

'અમર બનવાં?'

'હા. જેના પર મારો અનુગ્રહ થાય છે તે અમર બને છે. તારી ઉપર તો મારો અનુગ્રહ સૌથી અધિક છે, પછી તારું મૃત્યુ કેવી રીતે થાય?'

દ્રૌપદીને શાંતિ વળી. એણે ભગવાન કૃષ્ણના પદમાં પ્રણિપાત કર્યા. કૃષ્ણે એને આશીર્વાદ આપ્યા.

એ પછી કૃષ્ણ એકાએક અદ્રશ્ય થયા અને હિમાલયના પ્રશાંત પ્રદેશ પરથી આગળ વધી ત્યાં તો એની આંખ ઊઘડી ગઈ. સ્વપ્નને યાદ કરીને અતિશય આશ્ચર્ય ને આનંદ પામી.

વહેલી સવારે યુધિષ્ઠિર, અર્જુન અને ભીમને એણે એ સંબંધી વાત કરી તો એમણે જણાવ્યું.

'સ્વપ્નનો આ અનુભવ ઘણો સુચક છે એ દ્વારા આપણને કૃષ્ણના આશીર્વાદની પ્રાપ્તિ થઈ છે. આજના પવિત્ર પ્રયાણના સુ-અવસર પર આવો સરસ સ્વાનુભવ સાંપડ્યો એ અતિશય આનંદકારક છે.'

'પરંતુ સ્વનપ્ના એ પ્રસંગ પ્રમાણે હું ઢળી તો નહિ પડું?'

અર્જુને ઉત્તર આપતા કહ્યું: 'ઢળી પડશે તો પણ ભગવાન કૃષ્ણ તને સહાય કરવા આવી પહોંચશે. એમાં ડરવા જેવું શું છે? એમની એવી અલૌકિક સહાય સાંપડતી હોય તો તો હું એકવાર નહિ અનેકવાર ઢળી પડું.'

દ્રૌપદી હસી પડી.

અર્જુને આગળ કહ્યું: 'આ તો સ્વપ્નનો પ્રસંગ છે. પરંતુ ભોગજોગે તું ખરેખર ઢળી પડીશ તો અમે કાંઈ જોઈ રહીશું? તારી મદદે તરત જ દોડી આવીશું. અમે તને અટૂલી મૂકીશું જ નહિને!'

દ્રૌપદી બોલી: 'તમે મૂકશો કે નહિ મૂકો પરંતુ ભગવાન કૃષ્ણ તો નહિ જ મૂકે. એ ખરેખર ભગવાન છે.'

* * * * *

## ૭. વિદાય

કેટલાક અવસર જીવનમાં એવા આવે છે જ્યારે હર્ષ અને શોકનાં, પ્રસન્નતા ને પીડાનાં, સંમિશ્રિત સ્પંદનો પ્રાણમાં પ્રાદુર્ભાવ પામે છે. એ અવસરો ઉત્સવ કરવા યોગ્ય પણ હોય છે અને ઉત્સવ કરવાને યોગ્ય નથી પણ હોતા. એ આનંદ તો અર્પે જ છે પરંતુ સાથે સાથે ગંભીરતા તથા ગમગીનતાની પ્રચ્છન્ન છાયા મૂકી જાય છે. એમનું જયગાન કરવાનું મન થાય છે તો પણ હોઠ ઉઘડતા નથી ને પ્રશસ્તિના સુસ્વરો સહેલાઈથી બહાર નથી નીકળતા. અંતઃકરણની અભિવ્યક્તિ કરવાની આકાંક્ષા થવા છતાં પણ, એવે વખતે અંતઃકરણ અત્યંત સંવેદનશીલ ને મૂક બની જાય છે. આંખમાં આહ્લાદ અને અશ્રુ બંનેની સૃષ્ટિ થતી જોવા મળે છે. હૃદય વિદાય આપે છે ખરું પરંતુ મન મૂકીને નથી આપતું. મોટા મોટા ક્રાંતદર્શી કવિઓને માટે પણ એવા અવસરની સાંગોપાંગ સંપૂર્ણ કવિતા કરવાનું કઠિન હોય છે. એ એને માટે કોશિશ કરે છે પરંતુ એમાં સંપૂર્ણપણે સફળતા નથી મેળવતા. પાંડવોના પ્રસ્થાનનો અવસર પણ એવો જ હતો. એ અવસર પર સૌ કોઈને જે સંમિશ્રિત ઊર્મિઓનો અનુભવ થઈ રહેલો એને અક્ષરમાં અંકિત કરવાનું કાર્ય કઠિન હતું. સમુદ્રને માપવા જેવું અથવા આકાશને આલિંગન કરીને બાહુમાં સમાવવા જેવું કઠિન.

પ્રજાના વિવિધ વર્ગો પ્રભાતના પ્રથમ પ્રહરથી જ હર્ષ તથા શોકનો સંમિશ્રિત અનુભવ કરી રહેલા.

પાંડવોને વિદાય આપવાનો અવસર એમને માટે અનોખો હતો. એમની સાથે દ્રૌપદી પણ પ્રયાણ કરીને કાયમને માટે નગરત્યાગ કરવાની છે એ સમાચારે સૌના કાળજામાં કરૂણા પેદા કરેલી.

અસંખ્ય પુરુષોના ને સ્ત્રીઓના પ્રાણમાં પ્રસન્નતા પ્રકટેલી પરંતુ એમની આંખમાં અશ્રુ દેખાતાં.

પરીક્ષિતે એ દિવસે એ શુભાવસર પર સમસ્ત પ્રજાજનોને ઉત્સવ કરવાનો આદેશ આપેલો. એ આદેશને અનુસરીને શહેરને સારી રીતે શણગારવામાં આવેલું. ઠેકઠેકાણે ધ્વજ તથા તોરણો દેખાતાં. રાજમાર્ગો તથા શેરીઓ સુગંધિત દ્રવ્યોથી પવિત્ર ને સુવાસિત કરવામાં આવેલી.

પરીક્ષિતના રાજ્યાભિષેકના અસાધારણ અવસર જેવો ઉલ્લાસ છવાયેલો એવો જ ઉલ્લાસ પરંતુ સહેજ શોકમિશ્રિત ઉલ્લાસ ચોતરફ જોવા મળતો.

પ્રજાજીવનમાં કોઈક પર્વદિવસ પ્રકટ્યો હોય એવો ભાસ થતો.

પરીક્ષિતે ઈરાવતી અને ઉત્તરા સાથે સુનિશ્ચિત સમયે પાંડવો ને દ્રૌપદીની પાસે પહોંચી જણાવ્યું:

‘તમારા મંગલમય મહાપ્રયાણનો અવસર આખરે આવી પહોંચ્યો. આ દિન આહ્લાદનો છે અને અવસાદનો પણ. આહ્લાદનો એટલા માટે કે તમારા જીવનની સાર્થકતા સારુ તમે સૌ હિમાલયના તપસ્વીપ્રિય ઋષિમુનિસેવિત પુણ્યપ્રદેશનો પ્રવાસ કરવાનાં છો અને અવસાદનો એટલા માટે કે અમને આટલા વખત પછી ને કાયમને માટે તમારો વેદનામય વિયોગ થવાનો છે.’

‘પરંતુ એ વિયોગ સહેતુક છે. યુધિષ્ઠિરે કહ્યું.

'એ તો જાણું છું પરંતુ એ છે તો વિયોગ જ.'

'એની ના કોણ પાડી શકે એમ છે? તો પણ એ વિયોગ ઈચ્છવા જેવો જ નહીં, ઉત્સવ કરવા યોગ્ય છે.'

પરિક્ષિતની આંખ ભીની થઈ ગઈ. એણે તરત જ જણાવ્યું:

'મને વ્યક્તિગત રીતે તો ઉત્સવ કરવાનું મન નથી થતું. મારું મન થોડુંક ઉદાસ છે. તો પણ મેં નગરજનોને ઉત્સવ કરવાનો આદેશ આપ્યો છે, અને એને અનુસરીને નગરમાં બધે ઉત્સવ થઈ રહ્યો છે પણ ખરો. જો કે નગરજનો પણ બધા જ ઉત્સવમાં લીન હોય એવું નથી લાગતું.'

'કારણ ?'

'કારણ બીજું કશું જ નથી. તમારા વિયોગનો વિચાર સૌને સાલે છે એ જ.'

'પરંતુ પરીક્ષિત ! વિયોગ તો સૌનો થવાનો છે. કોઈનો થોડો વહેલો તો કોઈનો મોડો. સંસારમાં કોઈ અમર છે ખરું ? કોઈ સનાતન સમયને માટે શ્વાસ નથી લઈ શકતું. સંસારનું સ્વરૂપ જ એવું પરિવર્તનશીલ છે. અમારે પણ એક દિવસ તો જવાનું જ છે. આપણો અને અન્ય સૌનો વિયોગ નિશ્ચિત જ છે. ત્યારે એની પહેલેથી જ તૈયારી કરવામાં કશું ખોટું નથી. અમારા દેખતાં દેખતાં આ સંસારમાંથી કેટલાય વિદાય થયા. તારા પિતા અભિમન્યુની અવસ્થા કેટલી બધી નાની હતી? એનું સૌંદર્ય, તેજ તથા સામર્થ્ય કેટલું બધું અસાધારણ હતું? એની આકૃતિ જેવી અલૌકિક આકૃતિઓ પૃથ્વી પર બહુ ઓછી પ્રગટે છે. પરંતુ કાળે એની ઉપર પણ કરુણા ના કરી. એ વિયોગ અમારા જીવનના સૌથી વધારે વેદનાજનક વિયોગોમાંનો એક હતો. હજુ પણ એ નથી ભૂલાયો. સંસાર એવો જ સંવેદનશીલ ને વિરહથી ભરેલો છે.'

અભિમન્યુની સ્મૃતિથી સૌનાં દિલ દ્રવી ઊઠ્યાં. ઉત્તરા અને અર્જુન અવનવી ભાવોર્મિનો અનુભવ કરવા માંડ્યા એ તો ખરું જ, પણ યુધિષ્ઠિર ને ભીમ પણ ભાવવશ બની ગયાં.

પરીક્ષિતની આંખ ટપકવા લાગી. તો પણ મનને બનતું સ્વસ્થ રાખીને એ બોલ્યો :

'મારા એ પરમપ્રતાપી દેવતાતુલ્ય પિતાના દર્શનનું સૌભાગ્ય તો મને પૂર્વના મારા કોઈ અસાધારણ અપરાધના પરિણામે ના સાંપડી શક્યું. એનો વસવસો મારા મનમાં સદાને સારું રહી ગયો છે. પરંતુ એટલો સંતોષ અવશ્ય છે કે તમે મારું પિતાની પેઠે જ પ્રેમપૂર્વક પાલન કર્યું છે. રાજ્યશ્રીની વચ્ચે રહેવા છતાં પણ હું અહંકારી થઈને એમાં આસક્ત ના બનું એવું ઈચ્છું છું. તમારા સૌની પાસે એવો આશીર્વાદ માગી લઉં છું.'

'અમારા આશીર્વાદ તારા પર વરસી રહ્યા છે ને સદાને માટે વરસી રહેશે. તારી આંખમાં અશ્રુ જોઈને અમને કાંઈનું કાંઈ થઈ જાય છે. આવે પ્રસંગે તારે દુઃખી થવાનું જરાપણ ઉચિત નથી. અમે ઉત્તમ હેતુથી પ્રેરાઈને જઈ રહ્યા છીએ એ તું જાણે જ છે.'

'જાણું છું.' અર્જુનના શબ્દો સાંભળીને પરીક્ષિતે જણાવ્યું: 'સારી પેઠે જાણું છું. તો પણ મનુષ્યસહજ નિર્બળતાને લીધે દુઃખ થઈ આવે છે. તમને હિમાલયપ્રદેશમાં જવા તૈયાર થયેલા જોઈને હૈયું હાથમાં નથી રહેતું.'

'હૈયું તો અમારું પણ હાથમાં નથી રહેતું.' દ્રૌપદી બોલી: 'આવા અનોખા અવસર પર અંતર સંવેદનશીલ બને એ સ્વાભાવિક છે. તો પણ વિદાય વખતે અમને દુઃખી થવાનું કોઈ કારણ નથી લાગતું. અમે તારા જેવા સુપુત્રને પાછળ છોડી જઈએ છીએ એટલો આત્મસંતોષ કાંઈ ઓછો નથી. અમારી પાછળ સઘળી પરિસ્થિતિને તું સારી પેઠે સંભાળી શકે તેમ છે. અમાત્યો આદર્શ છે, કુળગુરુ પણ શ્રેષ્ઠ છે, પ્રજાજનો પ્રેમથી ભરેલા છે, અને ઉત્તરા જેવી ઉત્તમ માતાનો તેમજ ઈરાવતી જેવી સદ્‌બુદ્ધિસંપન્ન સુંદર શીલવતી

સન્નારીનો સાથ છે, એટલે અમને પાછળની કશી જ ચિંતા નથી. સંસારનું ચક્ર અનાદિકાળથી ચાલે છે તેમ ચાલ્યા જ કરશે. એમાં આપણી ચિંતાથી વળવાનું પણ શું છે?'

ઉત્તરા વચ્ચે જ બોલી:

'પરંતુ એક વાત કહી બતાવું?'

'જરૂર.'

'તમે બધા જીવનવિકાસના ઉત્તમોત્તમ પ્રયોજનથી પ્રેરાઈને જઈ રહ્યાં છો. એ સાચું પરંતુ એ પ્રયોજનની સિદ્ધિ અહીં રાજપ્રસાદમાં જ રહીને ના થઈ શકે?'

'ના.' યુધિષ્ઠિરે સ્પષ્ટીકરણ કર્યું. 'અહીં રહીને એ પ્રયોજનની પૂર્તિ થઈ શકતી હોય તો પણ મારું અંતર હિમાલયના અત્યંત આહ્લાદક એકાંત પ્રદેશમાં જવા આતુર છે. એ માટે મેં નિર્ણય કર્યો છે તે હવે કોઈ કારણે નથી ફરે તેવો. અર્જુનને, દ્રોપદીને કે બીજા કોઈને એ નિર્ણય બદલવો હોય તો ભલે, તેમને તેવી સ્વતંત્રતા છે. બાકી મારું મંતવ્ય તો સ્પષ્ટ છે.'

'અમારે કોઈને પણ અમારો નિર્ણય નથી બદલવો.' પાંડવો ને દ્રોપદી બોલી ઊઠ્યાં: 'અમે જે કર્યો છે તે નિર્ણય સમજપૂર્વક કરેલો છે ને તેને બદલવાનું કોઈ કારણ નથી.'

'પરંતુ તમે થોડાક દિવસો વધારે રહીને પછી જાવ તો?' ઈરાવતીએ સૂચન કર્યું.

'થોડાક દિવસો વધારે રહીને પછી શા માટે?' યુધિષ્ઠિરે સામેથી પૂછયું ને કહ્યું: 'અત્યારે બધી જાતની અનુકૂળતા છે પછી વિલંબ શા માટે કરવો જોઈએ? કાળનો કશો ભરોસો નથી. એ પોતાનું નિર્ધારીત કાર્ય નિરંતર કર્યા જ કરે છે. પુરૂષે એમાં પ્રમાદી થવાનું નથી પાલવે તેમ. જે કાંઈ શુભ કરવાનું છે એનું અનુષ્ઠાન વહેલામાં વહેલી તકે આરંભી દેવું જોઈએ. એ જ ઉત્તમ છે.'

'અને એની સાથે બીજી વાત પણ વિચારવાની છે.' દ્રૌપદી બોલી: થોડાક વધારે વખત પછી જવાનું તો છે જ ને? એ વખતે પણ આ જ પ્રકારની પરિસ્થિતિ પેદા થશે ને? એ વખતે પણ લાગણીઓ પોતાનું કામ કરશે જ. એ કાંઈ એટલી સહેલાઈથી શાંત નહિ પડી જાય. એટલે સાચો માર્ગ આદર્શની સિદ્ધિની દિશામાં આગળ વધવાને અને અત્યારે જ આગળ વધવાનો છે.'

પરીક્ષિતે કહ્યું:

'આ તો અમે અમારા અભિપ્રાય જણાવ્યા. બાકી તમે પ્રયાણ કરવા કૃતનિશ્ચય છો તો અમે એને માટેની તૈયારી પણ કરી છે. અમે તમને બનતી પ્રસન્નતાપૂર્વક વિદાય આપીશું. અમે જે કાંઈ કહીએ છીએ તે તો અમારા સ્વાર્થ માટે જ કહીએ છીએ. તમારે માટેની લાગણી જ અમને રડાવે છે કે ચિંતીત કરે છે. તમારે લીધે અમારો જીવનપથ સરળ અને નિષ્કંટક છે. અમને મોટી હૂંફ મળે છે. તમારી છત્રછાયામાં અમે સંપૂર્ણ સલામત છીએ. એ છત્રછાયા ચાલી જશે, એ હૂંફ મટી જશે, એટલે અમારું જીવન એકલું પડી જશે. વ્યક્તિગત રીતે કહું તો મને મોટામાં મોટી, કદી પણ ના પૂરાય તેવી ખોટ પડશે. એ ખોટ જીવનભર ચાલ્યા કરશે. અને જો સમષ્ટિગત રીતે વાત કરું તો સામ્રાજ્યની શોભા નાશ પામશે. ઈન્દ્રપ્રસ્થ અને હસ્તિનાપુર નિસ્તેજ બનશે. એનો આત્મા તમારા જવાથી વિદાય થશે. મારી લાગણીનું મુખ્ય કારણ એ જ છે.'

યુધિષ્ઠિરે જણાવ્યું:

'તારી ને સૌની લાગણીને સમ્યક્ પ્રકારે સહાનુભૂતિપૂર્વક સમજી શકું છું. પરંતુ એનો કોઈ ઉપાય નથી. લાગણી તો તમારા બધાની વિદાય લેતી વખતે અમને પણ થઈ આવે છે. અમારાં અંતર પણ કાંઈ જડ નથી. પરંતુ કેટલીકવાર કર્તવ્યનો વિચાર કરીને લાગણીને ગૌણ ગણવી પડે છે. આજનો અવસર પણ એવો જ છે. ઈન્દ્રપ્રસ્થ તેમજ હસ્તિનાપુર નિસ્તેજ શા માટે બને? અમારા જેવા કેટલાય પુરૂષો અહીંથી વિદાય થયા તો પણ એનો પ્રભાવ તથા પ્રતાપ એવો જ અક્ષય છે. અરે, દિનપ્રતિદિન વધતો જાય છે. અમે અહીં નહિ હોઈએ પરંતુ તું તો છે ને? તારી ઉપસ્થિતિથી એનું તેજ એવું જ અક્ષય રહેશે. તું પણ કાંઈ ઓછો પ્રતાપી ને પુણ્યશાળી નથી જ.'

'એવું કહીને મને સંકોચમાં ના નાખો. મારી વધારે પડતી પ્રશસ્તિ કરવાથી હું મિથ્યાભિમાનમાં પડી જઈશ.'

'હું કોઈની વધારે પડતી પ્રશસ્તિ કરવા નથી ટેવાયેલો. તારી પણ નહિ. હું જે કાંઈ કહું છું તે સાચું જ કહું છું. એ સંભાળીને સંકોચમાં પડવાનું કશું કારણ નથી. ને મિથ્યાભિમાનમાં પણ તું કદી પડે એવું મને નથી લાગતું.'

'એવું તો કેવી રીતે માની શકાય? માનવની નિમ્ન પ્રકૃતિ ક્યારે કેવો વળાંક લે તે કેવી રીતે કહી શકાય? હું એમાં અપવાદરૂપ નથી જ.'

'તારો જન્મ જેવી રીતે અપવાદરૂપ છે તેવી રીતે તારું લોકોત્તર જીવન પણ અપવાદરૂપ છે.'

'મને તો એવું નથી લાગતું.'

'છતાં પણ એ સાચું છે. હું તારી યોગ્યતાને બરાબર જાણું છું.'

દ્રોપદીએ યુધિષ્ઠિરના સૂરમાં સૂર પુરાવતાં કહ્યું:

'યુધિષ્ઠિર જે કહે છે તે સાચું છે. ઈન્દ્રપ્રસ્થની, હસ્તિનાપુરની કે સમસ્ત સામ્રાજ્યની શોભામાં તારે લીધે કોઈ ઘટાડો નહિ થાય. તું પોતે સર્વોત્તમ શોભારૂપ છે. અમે કાંઈ એમનેમ નથી જતાં. તું અમારી પાછળ છે એવો ઊંડા આત્મસંતોષ સાથે જઈએ છીએ.'

'દ્રૌપદીનું કથન બરાબર છે.' અર્જુને જણાવ્યું: 'હું એની સાથે સંપૂર્ણપણે સંમત છું. તારે માટે જે કાંઈ કહેવાઈ રહ્યું છે તે યોગ્ય રીતે જ કહેવાઈ રહ્યું છે. અને અમારા જેવાની છત્રછાયા ચાલી જશે ને હૂંફ મટી જશે તેથી શું થયું? તને વ્યક્તિગત રીતે વિચારતાં કાંઈક ખોટ પડશે એ સમજી શકાય તેવું છે. પરંતુ એવું તો આ જગતમાં ચાલ્યા જ કરવાનું. કોઈ કાયમને માટે બેસી નથી રહેતું. એકમેકના જવાથી ઓછા કે વત્તા પ્રમાણમાં સૌ કોઈને ખોટ પડતી જ હોય છે. અને અમારી છત્રછાયા અથવા હૂંફ ક્યાં સુધી ટકવાની હતી? શ્રીકૃષ્ણની વધારે મૂલ્યવાન તથા શાશ્વત છત્રછાયા ને હૂંફ તને પ્રાપ્ત થઈ છે. એની આગળ બીજી હૂંફની શી વિસાત છે? એ હૂંફ તથા છત્રછાયાની તને પ્રાપ્તિ થઈ છે એ કાંઈ ઓછા આનંદની વાત નથી જ. એમાં જીવનનું મહાન સાર્થક્ય સમાયલું છે.'

'તો પણ તમારા સૌની ખોટ મારા જીવનમાં રહેવાની જ. એ ખોટ કેમે કરીને નહી પૂરી શકાય.' પરીક્ષિત બોલ્યો.

'એ તો રહેવાની જ.' અર્જુને ઉપસંહાર કર્યો: 'પરંતુ એ ખોટને ખોટ ના માનતો. અમારા આ અસાધારણ પ્રયાણ પ્રસંગ પરથી પ્રેરણાની પ્રાપ્તિ કરીને અહંતા, મમતા તથા આસક્તિના બધાં જ બંધનોને તોડવાનું તથા જીવનના ઉત્તમોત્તમ આધ્યાત્મિક આદર્શની સિદ્ધિ કરવાનું સદા ધ્યાન રાખજે. તો એની સંસ્મૃતિ તારે માટે ઉપકારક થઈ પડશે. જીવન આખરે તો નિર્મમ, નિરહંકાર ને નિર્બંધ બનવાની સાધના માટે જ છે.'

એ આખોય પ્રસંગ એવી રીતે અત્યંત કરુણ અને પ્રેરક બની રહ્યો.

સૌનાં અંતર ભાવવિભોર બની ગયાં.

રાજ્યસભાના તથા સમસ્ત પ્રજાજનોના એક સવિશેષ સમારંભમાં પરીક્ષિતે એ સૌની વિધિપૂર્વક પૂજા કરી.

બ્રાહ્મણો કે વેદપાઠી પંડિતોએ સ્વસ્તિવચનો ઉચ્ચાર્યા.

એ મંગલમય ઉલ્લાસજનક ઉચ્ચારોથી આખું વાયુમંડળ ગૂંજી ઊઠ્યું.

પરીક્ષિતે સૌને તિલક કર્યું, સુવાસિત સુમનોની મનહર માળાઓ પહેરાવી અને પ્રણામ કર્યા.

એ વખતે અનેકની આંખ અશ્રુબિંદુથી ઉભરાઈ ગઈ.

પરીક્ષિતનું પોતાનું હૈયું પણ હાથમાં ના રહ્યું.

ઉત્તરા તથા ઈરાવતી પણ રડવા લાગી.

એમણે પણ બીજાની સાથે સૌને પ્રણામ કર્યા ને કહ્યું:

'જ્યાં પણ જાવ તથા રહો ત્યાંથી અમારા પર આશીર્વાદ વરસાવતા રહેજો. તમારા આશીર્વાદની આવશ્યકતા તો અહર્નિશ પડશે જ.'

'અમારા આશીર્વાદ તમારી સાથે હશે જ.' યુધિષ્ઠિર બોલ્યા.

ઉત્તરાએ ગદગદ કંઠે કહેવા માંડ્યું :

'મારી ઈચ્છા તો તમારી સાથે જ આવવાની હતી. પરંતુ તમે સૌએ અનુજ્ઞા ના આપી એટલે નિરુપાય છું. એક બાજુ પરીક્ષિતની પ્રીતિ છે ને બીજી બાજુ તમારી. પરીક્ષિત પ્રત્યે મારું મન સ્વાભાવિક રીતે જ વિશેષ ખેંચાય છે.'

અર્જુને જણાવ્યું:

'તારે પરીક્ષિતની પાસે રહેવાની આવશ્યકતા પણ છે, એને તારી જરૂર છે. તને એના પ્રત્યે જે ખેંચાણ છે તે સહેતુક છે. પરીક્ષિતને તારે લીધે ઘણું સાંત્વન મળશે. તું એના જીવનઘડતરમાં ઉપયોગી યોગદાન આપી શકીશ.'

'હું તો બીજું કયું યોગદાન આપવાની છું? છતાં પણ તમે સાથે આવવાની ના જ પાડો છો તો તમારી આજ્ઞાને શિરોધાર્ય કરીને અહીં વાસ કરીશ. મારું મન તો તમારી પાસે જ રહેશે પરંતુ શરીર અહીંના વાતાવરણમાં ફર્યા કરશે. હવે આ જીવનમાં આપણે કદાચ નહિ મળી શકીએ.'

'નહિ જ મળી શકીએ. અમે જઈએ છીએ તે પાછાં આવવા નથી જતાં. હિમાલયના પાવન પ્રદેશમાં પરમાત્માપરાયણ બનવાનો પ્રયત્ન કરતાં અને આત્મવિકાસની અનેકવિધ આરાધનાનો આધાર લેતાં અમે શરીરને શાંત કરીશું. એવા નિરધાર સાથે જ અમે જઈ રહ્યાં છીએ.'

ઉત્તરા થોડીવાર વિચાર કરીને બોલી:

'તમારો એ નિરધાર સફળ થાય એમ ઈચ્છું છું. બીજું તો શું કરું? મારાથી બીજું થઈ શકે પણ શું? આ જન્મમાં આપણે નહિ મળી શકીએ તો જન્માંતરમાં તો મળીશું જ. મારા ભાવ અથવા અનુરાગમાં કશો જ ફેર નહિ પડે.'

દ્રૌપદી વચ્ચે બોલી:

'ફેર તો અમારા ભાવ અથવા અનુરાગમાં પણ નહિ પડે. પરંતુ અમારા મનમાં હવે જન્માંતરની ઈચ્છા નથી રહી. અમે આ જીવનને અને જગતને સારી પેઠે જોઈ લીધું છે.'

'તો પછી હું પણ જન્માંતરની અપેક્ષા નહિ રાખું.'

'તારે તો હજુ ઘણુંઘણું જોવાનું અને અનુભવવાનું બાકી છે.'

'છતાં પણ મને એની લાલસા નથી.'

'લાલસા ના હોય તો ઘણું સારું છે. લાલસા જ માનવને અશાંત બનાવે છે ને દુઃખી કરે છે. જે એને છોડી શકે છે તે સુખી થાય છે. એને છોડવાનું કામ ધાર્યા જેટલું સહેલું નથી.'

'તો પણ ઉત્તરાના આવા આદર્શ વિચારોને માટે એને અભિનંદન ઘટે છે.'

'અભિનંદનની અધિકારિણી હું નથી.' ઉત્તરા બોલી: 'એના સાચા અધિકારી તો તમે છો. તમે એ વિચારોને જીવનમાં સંમિશ્રિત કરી ચૂક્યા છો. બોલનાર કરતા કરનારની મહત્તા વધારે છે.'

સૌ એ વિચારને વાગોળવા માંડ્યા ને શાંત રહ્યાં.

*

## ૮. હિમાલની પુણ્યભૂમિમાં

દ્રૌપદી સાથે એકાંતિક આરાધના માટે સર્વસંગપરિત્યાગ કરીને વિદાય થવા તૈયાર થયેલા પાંડવોને પ્રેમભરી વિદાય આપવા માટે સમસ્ત નગર ઉમટી પડેલું. માનવમહેરામણ જાણે હિલોળે ચઢેલો.

કેટલાક નગરજનો પરસ્પર ચર્ચા કરતા સંભળાયા:

'આટલો બધો જનસમુદાય તો મહારાજા પરીક્ષિતના રાજ્યાભિષેક અવસર પર પણ નહોતો ઉમટ્યો. આ તો દૃશ્ય જ તદ્દન જુદું છે.'

'લોકોનો ઉમંગ એકદમ અનેરો અને અવર્ણનીય છે.'

'આવો ઉત્સાહ તો આ નગરમાં કોઈ દિવસ નહોતો જોયો. હા, યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ભગવાન કૃષ્ણની અગ્રપૂજા થવાની હતી ત્યારે ઉત્સાહનાં પ્રતીક જેવાં આવાં દૃશ્યો જોવા મળેલા ખરાં. પરંતુ તે પછી છેલ્લા કેટલાય વખતથી આવું કશું જ નહોતું જોવા મળ્યું.'

'પાંડવો પ્રત્યે અને એમાંય ખાસ કરીને યુધિષ્ઠિકને માટે જનતાના હૃદયમાં કેટલું બધું મહત્વનું સ્થાન છે એનું અનુમાન આના પરથી સહેલાઈથી થઈ શકે છે. આબાલવૃદ્ધને એમને માટે પુષ્કળ પ્રેમ છે.'

'સાચું છે. એવો પ્રેમભાવ શા માટે ના હોય? પાંડવો જેવા પવિત્ર ને પ્રતાપી પુરૂષો કાંઈ જ્યારે ત્યારે ને જ્યાં ત્યાં નથી થતા. વરસોમાં નહિ પરંતુ યુગો કે કલ્પોમાં કોઈકવાર જ થતા હોય છે.'

'પરંતુ એ થોડાક વ્હેલા વિદાય થઈ રહ્યા છે એવું નથી લાગતું? હજુ એ અહીં જ રહેત તો આપણને એમના દર્શન કે સંસર્ગનો લાભ ના મળત?'

'મળત. પરંતુ એ તો એમની ઈચ્છા પર નિર્ભર છે ને? એમને અત્યારે જ જવાનું ઉચિત લાગ્યું હશે. બાકી મારા અભિપ્રાયને અનુસરીને કહું તો અત્યારે એમને જવાની આવશ્યકતા જ ન હતી. એમના જેવા આદર્શ જીવન જીવનારા પવિત્ર પુરૂષોને હિમાલયના પાવન પ્રદેશમાં પ્રવેશવાનો સંકલ્પ કરવાનું કોઈ કારણ જ નહોતું. એમને તો ઘેરબેઠે જ મુક્તિ હતી.'

'મુક્તિ હતી પણ શાંતિ ક્યાં હતી? કહે છે કે મહાભારતના મહાસંગ્રામ પછી ખાસ કરીને યુધિષ્ઠિરનું અંતર એકદમ અશાંત હતું. એની અંદર અસંતોષની જ્વાળા સતત રીતે સળગ્યા કરતી. એ જ્વાળા રાજપ્રાસાદની ભિન્નભિન્ન સુખોપભોગની સામગ્રીથી પણ શાંત ના થઈ શકી એટલે તો એમણે એકાંતમાં જવાનો સંકલ્પ કર્યો. એવો સંકલ્પ એમના વિના બીજું કરી શકે પણ કોણ?'

'સામાન્ય માનવનું એમાં ગજું જ નહિ.'

'દ્રૌપદી અને અન્ય પાંડવોએ પણ જીવનની ઉત્તરાવસ્થાને ઉજ્જવળ કરવાના પ્રયોજનથી પ્રેરાઈને એમને સાથ આપ્યો. એમનો સંકલ્પ પણ કાંઈ ઓછો પ્રશંસનીય ના કહેવાય.'

'મને તો લાગે છે કે સૌએ પોતપોતાનો વ્યક્તિગત વિચાર કર્યો પરંતુ પરીક્ષિતનો ના કર્યો.'

'એમનો વિચાર કરીને એ જીવનભર અહીં બેસી રહે?'

'બેસી ના રહે પણ...'

'તો પછી બીજું શું કરે? એમણે પરીક્ષિતને રાજગાદી આપી ને જરૂરી સૂચનાઓ પૂરી પાડી. એટલે એમનું સાંસારિક કર્તવ્ય પૂરું થયું. પછી એ એમના આત્મિક વિકાસનો વિચાર કરે કે ના કરે?'

'તો પણ પરીક્ષિતનું જીવન એકાંકી તો બની જ જવાનું.'

'એવી પરિસ્થિતિનો અનુભવ તો સૌ કોઈને કરવો પડે છે. સૌને એક દિવસ પોતાના સ્વજનોથી છૂટા પડવાનું જ છે. પરીક્ષિતની પાસે તો માતા છે, પત્ની છે, સેવકો છે, સંપત્તિ છે, અને આખું રાજ્ય છે, પરંતુ જેની પાસે કશું જ નથી હોતું તેનું શું થાય છે? એવા માનવો પણ અનેક છે અને એમના જીવન પણ ચાલ્યા કરે છે. સંસારમાં કોઈના સિવાય કોઈનોય વ્યવહાર નથી અટકતો.'

'વ્યવહાર ના અટકે તે ભલે પરંતુ ખોટ તો પડે ને?'

'તો પછી એનું શું થાય? કોઈને માટે કોઈ કાંઈ બેસી રહે છે? બધાં પોતપોતાના પંથે પ્રયાણ તો કરે જ છે.'

'એ તો બધું ઠીક, પરંતુ  આજના આ આનંદમેળાને વરસો સુધી નહિ વિસરી શકાય. જનતાની સાથે સમસ્ત પ્રકૃતિ એમને વિદાય આપવા તત્પર થઈ છે.'

વાત સાચી હતી. આકાશ નિર્મળ બનીને પોતાના અંતરના અસાધારણ આનંદને પ્રકટ કરી રહેલું. સૂર્ય પોતાનાં સોનેરી કિરણોરૂપી કુસુમો દ્વારા એમને અંજલિ આપી રહેલો. પવનની લલિત લહેરી આજુબાજુ બધે નર્તન કરતી, ઉપવનનાં પુષ્પો પ્રફુલ્લી ઊઠેલાં. ગંગા પણ એ અદ્દષ્ટપૂર્વ દૃશ્યથી ભાવવિભોર બનીને ત્વરિત ગતિથી વહેવા માંડેલી. અને પૃથ્વી પ્રસન્નતાને પ્રકટ કરીને એમનું અવલોકન કરતી ઊભી રહેલી. માનવીની સાથે પ્રકૃતિનું અંતર પણ અનોખી ભાવોર્મિનો અનુભવ કરીને ઝંકૃત બનેલું.

પાંડવો દ્રૌપદી સાથે ચાલી નીકળ્યા ત્યારે વાતાવરણમાં જયકારના હર્ષસૂચક ધ્વનિ ફરી વળ્યા.

પ્રજાજનોમાં કેટલાકે એમની ઉપર રંગબેરંગી પુષ્પોની વૃષ્ટિ કરી.

કેટલાંકનાં નેત્રો છલકી ઊઠ્યાં.

પ્રજાજનોએ પીડાત્મક પ્રસન્નતાનો અનુભવ કર્યો.

સુદીર્ઘ અંતર સુધી સૌ એમને વળાવવા ગયાં.

પરીક્ષિતે પોતાના મનને બનતું મક્કમ રાખેલું તો પણ એના વદનને વીંટી વળેલી વેદના સ્પષ્ટ દેખાતી. એ વેદના એનાં નેત્રોમાંથી પણ પ્રકટ થતી.

પાંડવોને માટે એના પ્રાણમાં જે પ્રખર પ્રેમ હતો તેની પ્રતીતિ એ રીતે સૌ કોઈને ને સહેલાઈથી થઈ રહેતી.

પાંડવોએ ઊભા રહીને એને આશીર્વાદ આપ્યા ને દ્રૌપદીએ પાછા વળવાની સૂચના કરી ત્યારે એના અશ્રુનો બંધ તૂટી ગયો અને એણે કહ્યું:

'હું આવીશ તો પણ છેવટ સુધી તમારી સાથે ક્યાં આવવાનો છું? બહુ બહુ તો ગંગાના તટપ્રદેશ સુધી આવીશ.'

'છેવટ સુધી કોઈની સાથે કોઈ જઈ શકે છે? અમે તો હિમાચ્છાદિત પર્વતપ્રદેશમાં જઈએ છીએ.'

'તમે અનુમતિ આપો તો હું ત્યાં આવી શકું ખરો?'

'એવી ખોટી અનુમતિ કેવી રીતે આપી શકાય? તારે તો હજુ રાજ્ય કરવાનું છે. તારું કર્તવ્ય જુદું છે.'

'એટલા માટે જ હું ખોટો આગ્રહ નથી કરતો. તમારાથી છૂટા પડતી વખતે વેદના અવશ્ય થાય છે પણ વેદનાને વચ્ચે નહિ આવવા દઉં. તમને સૌને સાનંદ વિદાય આપીશ.'

ઈરાવતી અને ઉત્તરાએ સૌને ફરીવાર પ્રણામ કર્યા.

યુધિષ્ઠિરે જણાવ્યું:

'હવે તમે બધાં અમારા શુભાશીર્વાદ સાથે પાછાં વળો. મમતા અને આસક્તિ સદાયે દુઃખદ હોય છે. એ જેને વળગે છે એના જીવનને અશાંત કરે છે. એની ગ્રંથિને તોડીને સંસારમાં સુખપૂર્વક શ્વાસ લો.'

અર્જુને પરીક્ષિતને જણાવ્યું:

'અમે જઈએ છીએ પરંતુ અમારી સ્મૃતિને પાછળ છોડતા જઈએ છીએ. એ સંસ્મૃતિમાંથી પ્રેરણાની પ્રાપ્તિ કરીને સન્માર્ગગામી બનીને જીવનને ઉજ્જવળ અને કલંકરહિત કરવાનો પ્રયાસ કરજે. એવો પ્રયાસ તારે સારુ સુખદ અને આશીર્વાદરૂપ થઈ પડશે.'

પરીક્ષિતે કહ્યું:

'તમારા શુભાશીર્વાદ મારી સર્વ પ્રકારે રક્ષા કરશે. એમને લીધે મને મંગલની પ્રાપ્તિ થશે.'

'સંતો, તપસ્વીઓ અને વિદ્વાનોની કદી પણ અવજ્ઞા ના કરતો. ભૂલેચૂકે પણ નહીં. એમની અવજ્ઞા વ્યક્તિ તથા સમષ્ટિનો નાશ નોંતરે છે. યાદવોનું ઉદાહરણ એ સંબંધમાં યાદ રાખવા જેવું છે.'

'મને એ ઉદાહરણ યાદ છે અને સદા યાદ રહેશે. એ કદીપણ નહિં ભૂલાય. એ મને જગ્રત રાખશે.'

'બસ ત્યારે. તારું જીવન મંગલમય અને સફલ બનશે.'

હસ્તિનાપુરની હદને વટાવીને પાંડવો દ્રૌપદી સાથે ધીમે ધીમે શાંતિપૂર્વક આગળ વધ્યાં ત્યારે પરીક્ષિત તથા અન્ય સ્ત્રીપુરૂષો પાછાં ફર્યા.

પાંડવો દ્રૌપદી સાથે જ્યાં સુધી દેખાયા ત્યાં સુધી પરીક્ષિતે એમને જોવાનો લોભ જતો ના કર્યો.

એને થયું કે રાજપ્રાસાદમાં વિભિન્ન પ્રકારની સુખોપભોગની સામગ્રી વચ્ચે વસનારા એ પુણ્યાત્માઓ એકાંત અરણ્યમાં કોઈપણ પ્રકારના બાહ્ય સુખોપભોગ વિના કેવી રીતે રહી શકશે? અરણ્યનું જીવન કાંઈ સરળ અને સુખમય નથી હોતું. વધારે ભાગે કઠિન તથા કષ્ટપ્રદ હોય છે. અને હિમાલયનો પાવન પ્રદેશ પણ ઓછી પ્રતિકૂળતાઓથી નહી ભરેલો હોય. એ પ્રતિકૂળતાઓને અથવા ભાતભાતની વિપત્તિઓને એ કેવી રીતે વેઠી શકશે? કાળદેવતાએ એમને આટલે વખતે આ કેવીક પ્રેરણા કરી? એમને બીજાનો નહીં તો દ્રૌપદીનો પણ કોઈ વિચાર ના આવ્યો? એ અતિશય અવિચારી કે કઠોર લાગે છે. નહીં તો એ બધાના મનને ફેરવી નાખે.

પાંડવો દ્રૌપદી સાથે આગળ ચાલ્યા એટલે હસ્તિનાપુર તરફ દૃષ્ટિપાત કરીને યુધિષ્ઠિર ધીમા સ્વરે બોલ્યા:

'આપણી અભિલાષાનો એક તબક્કો પરમાત્માની પરમકૃપાથી પૂરો થયો હવે બીજા તબક્કાનો આરંભ થયો.'

'રાજ્યસુખથી છલેલા જીવન પર પડદો પડી ગયો.' ભીમ બોલ્યો.

'એ જીવનની સંસ્મૃતિઓ તો કેમે કરીને નહીં છૂટે.' સહદેવે કહ્યું.

'અને હસ્તિનાપુર પણ કદી ભૂલી શકાય તેવું છે ખરું..?' નકુલે જણાવ્યું. 'એ તો મનમાં સદાને માટે જડાયેલું જ રહેશે.'

'એનું સ્મરણ થાય તો ભલે.' યુધિષ્ઠિરે સ્પષ્ટ કર્યું: 'મનમાં પ્રતિષ્ઠા તો બીજા કોઈની નહીં પણ પરમાત્માની જ કરવાની. જીવનનું સાચું શ્રેય એમાં જ સમાયેલું છે. આપણે હવે શ્રેય માર્ગના મુસાફર થયા છે. '

તો પણ પ્રકૃતિએ પોતાનું કાર્ય અનાયાસે કર્યું જ. દ્રૌપદી તથા અન્ય પાંડવોના મનશ્ચક્ષુ આગળ ભૂતકાળના ભાતભાતના રંગો હાજર થયા.

લાક્ષાગૃહની ઘટના, દુર્યોધન સાથેના દ્યુતનો પ્રતિકૂળ પ્રસંગ, યુધિષ્ઠિરની હાર, દ્રૌપદીનું ભરસભામાં ઘોર અપમાન અને ભીમની પ્રતિજ્ઞા, અજ્ઞાતવાસનાં વરસો, કૃષ્ણનો મેળાપ, મહાભારતનું યુદ્ધ, એના પરિણામે થયેલો સર્વનાશ ને યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક, એ બધું એમની આગળ આજે જ બનતું હોય તેમ જુદાજુદા ભાવોને જગાવતું ઉપસ્થિત થયું. કિશોરાવસ્થાના પ્રસંગો પણ તાજા થયા. શરીરો આગળ વધવા લાગ્યાં પણ મન એવી રીતે પાછળ-વરસો પાછળ પ્રવાસ કરવા માંડ્યા. અર્જુને તંદ્રાવસ્થા જેવી એ અવનવી ભાવાવસ્થામાંથી જાગીને કહ્યું પણ ખરું:

'આટલા વરસોમાં કેટલું બધું વિલક્ષણ જીવન જીવી લીધું ? અને હજુ પણ કોણ જાણે કેવાકેવા જીવનાનુભવો શેષ છે.'

'હવે પછીના અનુભવો પણ કાંઈ ઓછા વિલક્ષણ નહિ હોય.' યુધિષ્ઠિરે કહ્યું: 'એ અનુભવોનું મૂલ્ય સવિશેષ હશે.'

'કાળ કોણ જાણે કેવી કેવી અનોખી કલ્પનાતીત લીલાઓ કર્યા કરે છે! એનો કોઈ પાર નથી પામી શકતું.'

'એનો પાર પામવાના પ્રયાસો સફળ નથી થયા. એવા પ્રયાસો કરવાને બદલે એના સ્વામીનો સાક્ષાત્કાર કરવાના પ્રયાસો કરીએ એ જ બરાબર છે. એ પ્રયાસો કલ્યાણકારક થશે. એવા સાધનાત્મક પ્રયાસોને માટે જ આપણે એકાંતમાં જઈએ છીએ.'

'એ તો યથાર્થ છે પરંતુ ભૂતકાળને કાંઈ સંપૂર્ણપણે ભૂલી શકાય?'

'કેમ ના ભૂલી શકાય? ભૂલવો હોય તો ભૂલી શકાય છે.'

અર્જુને કહ્યું:

'શું ભૂલી શકાય? એને ભૂલવાની આવશ્યકતા પણ શી છે?'

'આવશ્યકતા હોય કે ના હોય તો પણ એને વાગોળવાથી શો ફાયદો થવાનો છે?'

'એ તો એને વાગોળનારા જ કહી શકે.'

દ્રૌપદીએ એકાએક પૂછ્યું:

'ધારો કે આપણા માર્ગમા દુર્યોધન, શકુનિ, દુઃશાસન તથા કર્ણ આવી પહોંચે તો? તો તમે શું કરો?'

'એ ક્યાંથી આવી પહોંચશે?' યુધિષ્ઠિરે પૂછ્યું ને કહ્યું: 'એ તો સ્વર્ગે સિધાવ્યા છે. તને ને સમસ્ત સંસારને એની માહિતી છે.'

'છતાં પણ ધારો કે એ માર્ગમાં મળી જાય તો?'

'તો બીજું શું ? હું એમને પ્રેમથી બોલાવું અને એમની સાથે વાતચીત કરું.'

'વાતચીત કરો કે બોલાવો ? હું તો એમને સાફ જ કરી નાખું. એમને જીવતા જ ના રાખું. હા, એક કર્ણને જીવતો રહેવા દઉં.' ભીમ બોલી ઊઠ્યો.

'કર્ણ પ્રત્યે તને કરુણા ક્યારથી પેદા થઈ.'

'એના જીવનનો પૂર્વવૃતાંત જાણ્યો ત્યારથી.'

'દુર્યોધન, દુઃશાસન ને શકુનિ ક્ષમા માંગે તો એમને જવા દઉં.' અર્જુને જણાવ્યું: 'નહીં તો મારું ગાંડીવ હજુ તૈયાર છે.'

'એ બધા ક્ષમા માંગે તો પણ એમને જવા કેમ દેવાય? એમણે આપણને રંજાડવામાં કશું બાકી નથી રાખ્યું.' નકુલ તથા સહદેવે કહ્યું.

'પરંતુ એ તો ભૂતકાળ થયો એને યાદ કરવાથી શું વળવાનું છે? વળી આપણે તો હિમાલયમાં તપશ્ચર્યા કરવા માટે જઈ રહ્યાં છીએ એટલે સર્વપ્રકારના પૂર્વગ્રહો અને હિંસક ખ્યાલોમાંથી મુક્તિ મેળવીને તદ્દન નવો અવતાર ધારણ કરીને જ જવું જોઈએ. હિમાલયમાં પણ આવા જ વાસનાયુક્ત કામનાપરાયણ મનને લઈને જઈએ તો કાંઈ જ ન વળે. પ્રતિશોધની ક્ષુલ્લક પશુભાવનાનો પરિત્યાગ કરીએ તો જ જીવનનું શ્રેય સાધી શકીએ.'

'એ ભાવનાને પશુભાવના કેવી રીતે કહી શકાય?' યુધિષ્ઠિરના શબ્દો સાંભળીને ભીમે પૂછયું.

'આત્મજ્ઞાનનો ઉદય થયા પછી એ પશુભાવના છે એવી પ્રતીતિ થતાં વાર નથી લાગતી.' યુધિષ્ઠિરે સ્પષ્ટીકરણ કર્યું.

વિવિધપ્રકારનું ચિંતન કરતાં એવી રીતે સૌ આગળ વધ્યાં. હસ્તિનાપુરની સીમા હવે ખૂબ જ દૂર જતી રહી. પતિતપાવની ભાગીરથીની વિશુદ્ધ ધારા પણ દૃષ્ટિપટ પર ના પડી. અરણ્યનો એકાંતપ્રદેશ શરૂ થયો. દ્રૌપદી વાયુવેગે પલટાયલા ને પલટાતા જતા કાળચક્રનો વિચાર કરવા લાગી. એ વિચાર બધે જ વખતે આનંદદાયક નહતો એ કહેવાની જરૂર ભાગ્યે જ રહી. એના મુખમંડળની પ્રતિક્રિયા પરથી એ સ્પષ્ટ થયું. એ કાળચક્રના નિયંતાને એણે મનોમન નમસ્કાર કર્યા.

પાંડવોના મનમાં પણ વિચારોના એવા જ આવેગો ઉત્પન્ન થવા લાગ્યા. એક યુધિષ્ઠિરનું ચિત્તતંત્ર શાંત રહ્યું. એમની ચિત્તવૃત્તિ બાહ્ય પદાર્થોને વિષયોમાંથી ઉપરામ થઈને આત્માભિમુખ બનવા માંડી. એમની સ્વસ્થતા એવી જ અચળ રહી.

સુદીર્ઘ સમયના કષ્ટકારક પ્રવાસ પછી એ સૌએ હિમાલયની પુણ્યભૂમિમાં પ્રવેશ કર્યો. એ ભૂમિનું દર્શન એમને માટે અલૌકિક આનંદદાયક થઈ પડ્યું.

ગંગાની પવિત્ર ઋષિમુનિસેવિત ધારા એના અવલોકનમાત્રથી જ અંતરને શાંતિ આપતી અને અદ્ભુત પ્રેરણા પ્રદાન કરતી અનંતકાળથી વહી રહેલી.

એના સુંદર શાંત તટપ્રદેશ પર એકાંતપ્રેમી પરમાત્માપરાયણ ઋષિમુનિઓનાં આહ્લાદક આશ્રયસ્થાનો હતાં. એમની બહાર વિભિન્ન સ્વભાવનાં પશુઓ વેરભાવ તેમજ ભયથી મુક્તિ મેળવીને ક્રીડા કરતાં. એમને નિહાળીને યુધિષ્ઠિરે જણાવ્યું:

'આત્મારામ આરાધકો કે મુનિઓના અસાધારણ આત્મબળના આ શ્રેષ્ઠ ચમત્કારને જોયો? આવા અદ્દભુત ચમત્કારોનું દર્શન આપણી લૌકિક દુનિયામાં કદાપિ ના થઈ શકે. ત્યાં એની અપેક્ષા જ ના રાખી શકાય. આવી આત્મશક્તિથી અલંકૃત થયેલા પુરૂષવિશેષોને વેરભાવ કે ભય ના હોય. એમની સુખદ સંનિધિમાં વેરભાવ ફરકી પણ ના શકે. આપણે એવી જ અનોખી આત્મશક્તિની પ્રાપ્તિ કરવાની છે. પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી એ શક્તિ સહેલાઈ સાંપડી શકે છે.'

હિમાલયની પુણ્યભૂમિનો પ્રવાસ જેમજેમ આગળ ને આગળ વધતો ગયો તેમતેમ ઊંચી ને ઊંચી પર્વતમાળાઓ દેખાવા માંડી. એ પ્રશાંત પર્વતમાળાઓ કોઈનાય અંતરનું આકર્ષણ કરવાની શક્તિ ધરાવતી. દ્રૌપદી ને પાંડવો એમને પેખીને મંત્રમુગ્ધ બની ગયાં. એ પર્વતમાળાઓએ નાનાંમોટાં અસંખ્ય ગામડાં, શહેરો, પશુપંખીઓ, જળપ્રવાહો અને તપસ્વીઓને આશ્રય આપેલો. એમની સુંદરતા તથા શાંતિ અસીમ હતી.

છેવટે બદરીનાથની પુણ્યભૂમિ આવી પહોંચી. નર અને નારાયણ પર્વતોની વચ્ચેના પ્રદેશમાં વસેલી એ ભૂમિએ પોતાના દર્શનમાત્રથી જ સૌના મનને પ્રસન્ન કર્યાં.

અલકનંદાના શીતળ તટપ્રદેશ પર આવેલા ઉકળતા ઉષ્ણ પાણીથી ભરેલા કુંડોમાં સ્નાન કરીને સૌએ સ્ફુર્તિ પ્રાપ્ત કરી, અને ત્યાંના શાંત વિશુદ્ધ વાયુમંડળની વચ્ચે બેસીને થોડીવાર ધ્યાન ધર્યું.

નરનારાયણ પર્વતની ચિત્તાકર્ષક કોલાહલરહિત ગુફાઓમાં તપસ્વીઓ, સાધકો તથા સિદ્ધો નિવાસ કરતા. એમનામાંના કેટલાકના દર્શન તથા સમાગમનો દેવદુર્લભ લાભ એમને અનાયાસે પ્રાપ્ત થયો. એ લાભ એમને માટે ખૂબ જ પ્રેરણાદાયક થઈ પડ્યો. પરંતુ એની સાથે જે અન્ય અસાધારણ લાભ સાંપડ્યો તે તો ઉદ્ધવના મેળાપનો.

ઉદ્ધવજી એક ધન્ય દિવસે એમને બદરીનાથથી આગળના પ્રદેશમાં સરસ્વતીના સુંદર તટપ્રદેશ પરની મઢૂલીમાં મળી ગયા.

બધા એમને ભાવથી ભરાઈને ભેટી પડ્યા ને બોલ્યા:

'તમે તો ભગવાન કૃષ્ણના ભક્ત અને સવિશેષ કૃપાપાત્ર કહેવાઓ છો. તમારા દર્શનથી અમને અપાર આનંદ થાય છે.'

ભગવાન કૃષ્ણની સ્મૃતિથી ઉદ્ધવની આંખ ઉભરાઈ આવી. એમને લૂછીને એમણે પૂછયું:

'ભગવાન કૃષ્ણના સવિશેષ કૃપાપાત્ર તો તમે છો. મારા પર તો એમની સાધારણ કૃપા હતી એટલું જ. તમારા દર્શનથી મને આનંદ થાય છે. પરંતુ તમે બધા આ ભૂમિમાં કેવી રીતે આવ્યાં?'

'કેમ? તમે આવો ને અમે ના આવીએ?' અર્જુને સામેથી પૂછયું.

'અવશ્ય આવો. કોઈપણ આવે. આ પુણ્યભૂમિ સૌ કોઈની છે. પરંતુ એની પાછળનું પ્રયોજન?'

'પ્રયોજન વિના કશું થઈ શકે છે?'

'ના એટલે તો પુછું છું. હસ્તિનાપુરમાં સૌ કુશળ તો છે ને? કૃષ્ણે જેની પોતાની અલૌકિક શક્તિથી ઉત્તરાના ઉદરમાં રક્ષા કરેલી તે સ્વનામધન્ય પ્રતાપી પરીક્ષિતને કશી આંચ તો નથી આવી?

'ના. એની રક્ષા કૃષ્ણની એ અચિંત્ય મહિમામયી શક્તિ નિરંતર કર્યા કરે છે. એ રાજ્યશાસનના સૂત્રોને સારી પેઠે સંભાળે છે. પ્રજાજનો એનાથી સુખી છે.'

'સાચેસાચ ને સંપૂર્ણ સુખી છે?'

'હા.'

'એ સમાચાર સાંભળીને મને અતિશય આનંદ થાય છે. ભગવાન કૃષ્ણના અંતરઆત્માને પણ આનંદ થયો હશે. એમની સુરક્ષા ખૂબ શ્રેયસ્કરી સાબિત થઈ.'

'એ તો અંતર્યામી હતા.' યુધિષ્ઠિરે જણાવ્યું: 'એમણે પોતાના દૈવીદૃષ્ટિથી ભાવિના ગર્ભમાં શું શું જોયું હશે એની આપણને શી સમજ પડે? પરંતુ પરીક્ષિતની લોકોત્તરતાને એ પહેલેથી જ જાણી ગયા હોવા જોઈએ.'

'એમાં સંદેહ નહિ.'

અર્જુને હસ્તિનાપુરના પરિત્યાગનું અને હિમાલયના પુણ્યપ્રદેશના પ્રવેશનું પ્રયોજન કહી બતાવ્યું. એ સાંભળી ઉદ્ધવને અપાર આનંદ થયો. એમણે પરમ સંતોષપૂર્વક જણાવ્યું:

'માનવજીવનનો અંતિમ આદર્શ એ જ છે. આ જીવન કેવળ અર્થોપાર્જનને માટે નથી. કેવળ કામની સંતૃપ્તિ સારું પણ નથી. એની દ્વારા ઉત્તમોત્તમ ધર્માનુષ્ઠાન કરીને પરમશક્તિની પ્રાપ્તિ કરવાની છે. એમાં જ એનું સાફલ્ય સમાયલું છે. તમે એ સાફલ્યની સિદ્ધિ સારું સંકલ્પ કર્યો છે એમ જાણીને મને અભૂતપૂર્વ સંતોષ થાય છે. તમને તમારા કાર્યમાં સફળતા ઈચ્છું છું. તમારો સંકલ્પ ખૂબ જ કઠોર છે. દ્રોપદીએ તમને એમાં સાથ આપ્યો એને માટે એ પણ અભિનંદનની અધિકારિણી છે.'

દ્રૌપદીએ મંદ છતાં સુમધુર સ્વરે કહ્યું:

'જીવનમાં અમે ઘણુંઘણું જોયું, સાંભળ્યું. હવે પ્રકૃતિજન્ય પદાર્થોનું કશું આકર્ષણ નથી રહ્યું. કેવળ પરમાત્માનો સાક્ષાત્કાર શેષ રહે છે. એને માટે અંતરના અંતરતમમાંથી જોવાનું ને નિમજ્જન કરવાનું છે. એવી સાધના માટે આ પ્રદેશ સર્વપ્રકારે અનુકૂળ છે. વળી તમારા સરખા કૃષ્ણપ્રેમીનો સમાગમ સાંપડ્યો એટલે અમારું કાર્ય સરળ બન્યું. સત્પુરૂષોનો સમાગમ જેને તેને ને જ્યારે ત્યારે નથી સાંપડતો. અને સત્પુરુષોમાં પણ કૃષ્ણના ચરણાનુરાગી પ્રેમનું દર્શન ખૂબ જ દુર્લભ છે.'

ઉદ્ધવે નમ્રતાપૂર્વક જણાવ્યું:

'હું તો કૃષ્ણનો એક સામાન્ય પ્રેમી છું. એમના અસામાન્ય પ્રેમી તો તમે છો. તમારા તથા પાંડવો પર એમનો અનુગ્રહ કેટલો બધો અસાધારણ હતો? એવી ઊંડી લાગણી તો એમને બીજા કોઈના પર નહિ હોય.'

'સાચું છે.' અર્જુને અનુમોદન આપતાં કહ્યું: 'એવી લાગણી ના હોય તો કુરુક્ષેત્રમાં કૌરવો સામે લડતી વખતે એ મારા સારથિ બની શકે ખરા? એમની કૃપાથી જ અમે વિજયી બનેલા ને રાજશ્રી લભેલા. એ અમારા જીવનસારથિ હતાં. અમને છોડીને એ કોણ જાણે ક્યાં ગયાં! '

અર્જુન ગળગળો બની ગયો. દ્રૌપદી અને અન્ય પાંડવો પણ ભાવોદ્રેકનો અનુભવ કરી રહ્યાં. વાતાવરણ કરુણ બની ગયું.

* * * * *

## ૯. સદ્દભાગ્ય

'એ બીજે ક્યાંય નથી ગયા. અને જઈ શકે એમ પણ ક્યાં છે? એ તો આપણી પાસે, સાથે અને સર્વવ્યાપક છે. આજે પણ અંતર્યામી બનીને એ એટલા જ પ્રખર પ્રેમપૂર્વક આપણા જીવનનું સારથિપદ સંભાળી રહ્યા છે. તે આપણને ડગલે ને પગલે દોરે છે. મારો તો એવો અનુભવ છે. એ પોતાના પાર્થિવ લીલાતનુના પરિત્યાગની તૈયારીમાં હતા ત્યારે એમના સંકલ્પને સાંભળીને મારું અંતર આક્રંદ કરી ઉઠેલું. એ વખતે એમણે માતા કરતાં પણ વિશેષ મમતાપૂર્વક મને આશ્વાસન આપતાં કહેલું કે ઉદ્ધવ, હું ક્યાંય કાયમ માટે ચાલ્યો નથી જતો. આ તો અભિનય છે. અને આવા અદ્દભુત અલૌકિક અભિનયો મારી ઈચ્છાનુસાર હું અવારનવાર કર્યા કરું છું. મારા પ્રેમીજનો મારી સંનિધિનો સ્વાનુભવ સદાને માટે કર્યા કરશે. મારી અચિંત્ય લોકોત્તર શક્તિ એમને માટે યુગયુગાન્તર સુધી પ્રેરક તથા કલ્યાણકારક બનશે. હું કાંઈ કાયમ માટે થોડો જતો રહું છું ? ના. જઈ શકતો જ નથી. નહીં તો વેદો મને સનાતન અને સર્વત્ર શા માટે કહે ?'

ઉદ્ધવે થોડીક વાર ભાવવિભોર બનીને મૌન રાખીને કહ્યું :

'એમના એ અમૃતમય અનોખા શબ્દોનું સ્મરણ આજે પણ એવું જ તાજું છે. એમના ઉદ્દગારોએ મને અનેકવાર શાંતિ આપી છે ને સાંત્વન પૂરું પાડ્યું છે. મને એમાં અડગ શ્રદ્ધા છે.'

'શ્રદ્ધા તો મને પણ છે.' અર્જુને તરત જ જણાવ્યું: 'તે ધન્ય દિવસે મારી સંશયાત્મિકા વૃત્તિના સંપૂર્ણ સમાધાનને માટે એમણે એમની અલૌકિક આત્મશક્તિથી કુરૂક્ષેત્રના પવિત્ર પ્રદેશમાં મને વિશ્વરૂપનું દર્શન કરાવેલું તેનું વિસ્મરણ મને નથી થયું. તે દિવસે જ મને પ્રતીતિ થયેલી કે કૃષ્ણ સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સનાતન છે. પરંતુ...એમનું શરીર હતું ત્યારે તો આપણે એમની પાસે આકાંક્ષાનુસાર સહેલાઈથી પહોંચી શકતા. હવે કાંઈ એવું થઈ શકે?'

'અત્યારે પણ એમની પાસે એવી રીતે જ, બલ્કે એથી પણ વધારે જલ્દી ને સહેલાઈથી પહોંચી શકીએ તેમ છીએ.'

'કેવી રીતે?'

'એ સર્વદા આપણી પાસે ને સાથે છે. આપણી બહાર ને અંદર, અંતરમાં ને અણુ અણુમાં એમનો વાસ છે એવી શ્રદ્ધાથી પ્રેરાઈને એમનું સ્મરણ તથા મનન કરીએ અને ધ્યાન ધરીએ એટલે એમની સુખદ સંનિધિનો સત્વર અનુભવ થાય છે. એમનો દર્શનલાભ તો મળે જ છે પરંતુ સાથે સાથે એમની સાથે વાર્તાલાપ પણ કરી શકાય છે. એ આપણને આશીર્વાદ આપે છે અને આપણું પથપ્રદર્શન કરે છે.'

' તમારો એવો સ્વાનુભવ છે?'

'મારા સ્વાનુભવના આધાર પર જ આ બધું કહી રહ્યો છું. મારા જેવા સામાન્ય પુરૂષને એવો અનુભવ થાય છે. તો તમારા જેવા અસામાન્ય પવિત્રતમ આત્માઓને તો અવશ્ય થઈ શકે.'

'તમે સામાન્ય આત્મા નથી, ઉદ્ધવજી!' સહદેવે સ્પષ્ટીકરણ કર્યું.

'જેમને શ્રીકૃષ્ણે પોતાના સવિશેષ સંદેશવાહક તરીકે વ્રજની ગોપીકાઓ પાસે મોકલેલા તે કાંઈ સામાન્ય આત્મા ના હોઈ શકે.'

'હું તો મને સામાન્ય જ માનું છું.'

'એ તમારી મહાનતા કે વિનમ્રતા છે.' નકુળે કહ્યું.

'મહાનતા કે વિનમ્રતા નથી. વાસ્તવિકતાની કે અનુભૂતિની અભિવ્યક્તિ છે, કેવળ કૃષ્ણ જ સાચા અર્થમાં અસામાન્ય છે. એમની આગળ સમસ્ત સંસાર સામાન્ય છે. '

‘તો પણ અમે તો તમને અસામાન્ય જ સમજીએ છીએ.’

'એ તમારી ઈચ્છાની વાત છે. '

'થોડા સમય સુધી શાંતિ રહી. એ પછી દ્રૌપદીએ કહ્યું:

'તમારા જેવા શ્રદ્ધાભક્તિ અને સ્વાનુભૂતિસંપન્ન ભક્તાત્માના દર્શન કે સંસર્ગનો લાભ કાંઈ જેને તેને નથી મળતો. એ જીવનનો એક દેવદુર્લભ મહામૂલ્યવાન લ્હાવો છે. કૃષ્ણની કૃપાથી જ એ પ્રાપ્ત થઈ શકે છે. '

'અને તમારો દર્શનલાભ પણ કોઈકને જ મળી શકે છે. તમારી મહત્તા સર્વવિદિત છે. કૃષ્ણનો તમારા પ્રત્યેનો પ્રેમાનુગ્રહ જાણીતો છે. એમની કૃપા તમારા પર નિત્યનિરંતર વરસ્યા કરતી.'

'દ્રૌપદીની આંખ ભરાઈ આવી. એણે કહ્યું:

'એ બધી એમની કરુણા હતી. મારામાં તો કશી જ યોગ્યતા ન હતી તો પણ એ એમનો અલૌકિક અનુગ્રહ વરસાવ્યા કરતાં એટલું મારું સદ્દભાગ્ય.'

'તમારી યોગ્યતા કશી જ નહોતી એવું કોણ કહી શકે? એ અસાધારણ યોગ્યતાની એ અનેકવાર એમના શ્રીમુખે પ્રસંશા કરતાં. તમારા જેવી ઉત્કટ પ્રીતિ તથા શ્રદ્ધાભક્તિ સામાન્ય માનવોમાં તો શું મોટા મોટા મુનિવરોમાં પણ નથી જોવા મળતી. મેં તો અસંખ્ય મુનિઓનો સમાગમ કર્યો છે.'

દ્રૌપદી ધીમેથી બોલી:

'અર્જુને પહેલાં તમારી પ્રસંશા કરી અને હવે તમે મારી પ્રસંશા કરો એટલે બધું સરખું થઈ રહે.'

ઉદ્ધવે કહ્યું:

'ના મારો હેતુ તમારી પ્રસંશા કરવાનો નથી. ને હોય તો પણ આવકારદાયક છે. હું જે કહી રહ્યો છું તે યથાર્થ જ કહી રહ્યો છું. શ્રીકૃષ્ણ મને અવારનવાર કહેતા કે અર્જુન અને દ્રૌપદીના આત્મા અસાધારણ છે. આ પૃથ્વી પરનું એમનું પ્રાકટ્ય અલૌકિક ઘટના છે. આમ તો બધાં જ પાંડવોની એ પ્રસંગોપાત પ્રસંશા કરતા પરંતુ તમારી બંનેની વધારે કરતાં.'

'એ સ્વયં મહાન અથવા સર્વેશ્વર હતા એટલે પ્રેમથી પ્રેરાઈને અમારી પ્રસંશા કરે એમાં કશું આશ્ચર્ય નથી લાગતું.'

'એ પ્રસંશા કેવળ પ્રેમથી પ્રેરાયેલી નહીં પણ વાસ્તવિક હતી. મારો આત્મા એની સાક્ષી પૂરે છે.'

'તમારા જેવા ભક્તપુરૂષ એવા ઉદ્દગારો કાઢે છે એ અતિશય આશ્ચર્યકારક છે.'

'એમાં મારો દોષ નથી લાગતો. સત્ય અનેકવાર એવી જ રીતે આશ્ચર્યકારક થઈ પડે છે.'

દ્રૌપદીએ શાંતિ રાખી. એણે આગળ વધવાનું ઉચિત ના માન્યું.

યુધિષ્ઠિર વિષયાંતર કરતાં બોલ્યા:

'રૂપની વાત જવા દઈએ ને નામરૂપાત્મક સૃષ્ટિમાંથી મનને પાછું વાળીએ તો પણ આત્મારૂપે અંતરમાં અને ચરાચરમાં વિરાજમાન કૃષ્ણનો અનુભવ સહેલાઈથી કરી શકાય છે. ને સમજાય છે કે એ આપણી પાસે જ છે: બીજે ક્યાંય નથી ગયા. આપણે હવે એકાંતમાં એવા અંતરંગ અભ્યાસની મદદથી એમની અંદર મન તથા પ્રાણને પરોવીએ અને એમનો સુખદ સાક્ષાત્કાર કરીએ એ જ હિતાવહ છે.'

'બરાબર છે.' ભીમે કહ્યું, 'કૃષ્ણના સાનિધ્યને આપણે એવી રીતે અહર્નિશ અનુભવી શકીશું. એ આપણાથી દૂર અથવા અલગ નહીં રહી શકે. અને આપણે પણ એમનાથી દૂર નહીં રહીએ. એમની અનુગ્રહવર્ષા આપણા પર આઠે પ્રહર વરસ્યા કરશે.'

ઉદ્ધવનો સમાગમ સૌને સારું અત્યંત સુખદ ને શાંતિપ્રદાયક થઈ પડ્યો. એમની સાથેના વાર્તાલાપે એમને અનંતપ્રેરણા સામગ્રી પૂરી પાડી.

અર્જુને જણાવ્યું: 'ભગવાન કૃષ્ણે તમને અહીં આવવાનો આદેશ આપ્યો એ પાછળ એમની અસાધારણ અનુકંપાનું જ દર્શન થાય છે. જીવનની ઉત્તરાવસ્થામાં રાજ્યશ્રીનો પરિત્યાગ કરીને પરમશાંતિની પ્રાપ્તિ માટે અમે આ પુણ્યપ્રદેશમાં આવી પહોંચીશું એવું આર્ષજ્ઞાન એમને પ્રથમથી જ થઈ ગયું હોવું જોઈએ. એટલે જ અમને મદદરૂપ થવા માટે એમણે તમને અહીં મોકલી આપ્યાં.'

'એમની અહેતુકી કરુણાનો વિચાર કરતા મન મંત્રમુગ્ધ ને અંતર આનંદમગ્ન બની જાય છે.' યુધિષ્ઠિર બોલ્યાં: 'એ કરુણા પ્રત્યેક પળે ને સ્થળે કામ કરી રહી છે. એની ખાતરી થાય છે.'

'સાચું છે.' ઉદ્ધવે ઉદ્દગાર કાઢ્યાં.

'મને પોતાને પણ મારા જીવનમાં એનો અનુભવ થઈ રહ્યો છે. એમણે મને પણ પરમકૃપા કરીને આ પુણ્યપ્રદેશમાં આવવાનો આદેશ આપ્યો. અને એવી જ અસાધારણ કૃપાપૂર્વક તમારો મેળાપ કરાવ્યો. તમે બધા કૃષ્ણના પરમકૃપાપાત્ર છો એટલે તમને મળીને મને ઓછો આનંદ નથી થતો.'

ઉદ્ધવે થોડાક સમય સુધી ભાવમગ્ન બનીને જણાવ્યું:

'આ પુણ્યપ્રદેશનો મહિમા બીજા પ્રદેશ કરતાં ઘણો મોટો છે. કૃષ્ણે પોતાના શ્રીમુખે મને કહેલું કે બદરીનાથ સાક્ષાત વૈકુંઠતુલ્ય છે. બીજા પ્રદેશોમાં સુદીર્ઘ સાધના પછી જે અસાધારણ આત્મબળની પ્રાપ્તિ થાય છે તે અહીં અનાયાસે-સ્વલ્પ સાધનાના અનુષ્ઠાનથી જ આવી મળે છે. અહીંનું વાયુમંડળ જ એટલું બધું વિશુદ્ધ અને વિશિષ્ટ છે કે એમાં પ્રવેશનારાના ચિત્તતંત્રમાં સહેલાઈથી પરિવર્તન થાય છે. બીજા સ્થળોમાં અતીન્દ્રિય અવસ્થાની અનુભૂતિને અથવા સ્વરૂપ-સાક્ષાત્કારને વિલંબ લાગે છે, ત્યારે અહીં તો એની ઉપલબ્ધિ સરળ બને છે. બદરીનાથનો પુણ્યપ્રદેશ પરમપવિત્ર અને અપાર્થિવ છે. જીવનમુક્તિના અલૌકિક અનુભવને માટે એ અનેરા અમોઘ આશીર્વાદરૂપ છે. મારા અહીંના સ્વલ્પ સમયના નિવાસ દરમ્યાન મને એ નરપુંગવનાં વચનોની વાસ્તવિકતાની પ્રતીતિ થઈ છે ને લાગ્યું છે કે એમના ઉદ્દગારો લેશ પણ અતિશયોક્તિપૂર્ણ ન હતાં. પરંતુ અત્યંત સાવધાનીપૂર્વક સંયમપૂર્ણ ભાષામાં બોલાયેલા હતાં. આ ઋષિમુનિસેવિત પુણ્યપ્રદેશમાં સ્વલ્પ સમય સુધી વસવાથી તમને પણ એ હકીકતની પ્રતીતિ થશે.'

પાંડવો એમની સાથે સંમત થયા. યુધિષ્ઠિરે એમના વતી કહ્યું :

'કૃષ્ણના કથનમાં શંકા કરવાનું કોઈ કારણ નથી. એમનું સ્વાનુભવયુક્ત મંતવ્ય સંપૂર્ણ સાચું છે. આ પ્રદેશ એકદમ અલૌકિક છે. એમાં પ્રવેશતાંવેંત જ પ્રાણ પુલકિત બને છે ને પ્રેરણા લભે છે. આત્માના ઊંડાણમાં ઉદાત્તતાની વીણા વાગી ઉઠે છે. મન વિષયવતી વૃત્તિનો પરિત્યાગ કરીને આત્મામાં અવગાહન કરવાનાં આશયથી અંતર્મુખ બને છે. આ પુણ્યપ્રદેશ પૃથ્વી પર હોવા છતાં પૃથ્વી પરનો નથી લાગતો. એનો મહિમા નિરાળો છે.'

'અહીં જીવનમુક્તિની પ્રાપ્તિ થશે તથા શાંતિ સાંપડશે એમાં સંશય નથી.' અર્જુને કહ્યું : 'મંદમંદ મકરંદયુક્ત પવન મારા મનને ઉપરામતા તરફ લઈ જાય છે અથવા ઊર્ધ્વગામી કરે છે.'

'આ પ્રદેશમાં આત્મસાધનાની પ્રેરણા સ્વતઃ થયા કરે છે.'

'અને એમ પણ લાગે છે કે એ સાધના સહેલાઈથી સફળ થશે.' ભીમના અભિપ્રાયના અનુસંધાનમાં સહદેવે જણાવ્યું.

ઉદ્ધવે ફરીથી કહ્યું:

'યોગીઓ જે સત્ય સનાતન પરમતત્વના સુખદ સાક્ષાત્કાર માટે ધ્યાન તથા સમાધિની અંતરંગ સાધનાનો ઉત્સાહપૂર્વક આશ્રય લે છે તે પરમતત્વ આ પ્રદેશનાં પરમાણુઓમાં પ્રત્યક્ષપણે પ્રકટ્યું હોય એવું લાગ્યા કરે છે. એ તત્વની સાથે સંપર્ક સાધીને જીવનને કૃતાર્થ કરવાનો અમુલખ અવસર શ્રીકૃષ્ણકૃપાથી પ્રાપ્ત થયો છે. એનો પૂરેપૂરો લાભ લઈ શકીએ તો ઘણું. આવા એકાંત સુંદર પવિત્ર પ્રદેશમાં બીજું કરવાનું પણ શું હોય?'

'એ પ્રયોજનથી પ્રેરાઈને એની પૂર્તિ માટે તો અહીં આવવાનું થયું છે. આ પુણ્યભૂમિ એને માટે બધી રીતે અનુકૂળ છે. માત્ર મન અનુકૂળ હોવું જોઈએ. સંસારમાં શુભાશુભ, સુખદુઃખ તથા બંધનમોક્ષની વિરોધાભાસી સૃષ્ટિનું સર્જન એ જ કરે છે. એ જો સમજી જાય તો થયું. અને આવા અસાધારણ સ્થળોમાં તો એ સમજી જ જશે. ક્યાં સુધી નહિ સમજે ?' દ્રૌપદીએ પોતાની પારદર્શક પ્રજ્ઞાનો પરિચય આપતાં ઉપસંહાર કર્યો.

પાંડવોએ દ્રૌપદી સાથે ઉદ્ધવનું માર્ગદર્શન મેળવીને એ પુણ્યપ્રદેશમાં શાંતિપૂર્વક વિહરવા માંડ્યું.

બદરીનાથના એ પવિત્રતમ પુણ્યપ્રદેશમાં હિમાચ્છાદિત પર્વતમાળાની એકાંત ગુફામાં કોઈ કોઈ ઋષિવરો વાસ કરતાં. એમનાં અંતઃકરણ અત્યંત નિર્મળ હતાં ને મુખમંડળ દીર્ઘકાલીન તપશ્ચર્યાને લીધે દૈદીપ્યમાન દેખાતાં. આત્માના અનંત ઊંડાણમાં અવગાહન કરવાથી અને એના પરિણામે અખંડ આત્મનિષ્ઠાની પ્રાપ્તિ થવાથી એમનાં વ્યક્તિત્વ સનાતન શાંતિથી સંપન્ન તથા છેક જ સંતુષ્ટ દેખાતાં. એમનો સમાગમ ખૂબ જ શ્રેયસ્કર થઈ પડતો.

બદરીનાથની એ અલૌકિક ભૂમિ એવા વીતરાગ, આપ્તકામ, પરાત્મદર્શી સંતપુરૂષોની ઉપસ્થિતિથી અધિકાધિક અલંકૃત લાગતી ને ગૌરવાન્વિત જણાતી.

એમના દર્શન તથા સમાગમનો લાભ કોઈક પુણ્યશાળી પુરૂષોને જ પ્રાપ્ત થતો.

પાંડવોને ઉદ્ધવના અનુગ્રહથી એ લાભ આપોઆપ મળી ગયો.

એમના દર્શનથી એ આનંદ પામ્યા.

ઉદ્ધવે એમની સંનિધિમાં સ્વર્ગીય સુખની અનુભૂતિ કરતાં કહ્યું:

'આ પ્રાતઃસ્મરણીય પરમાત્માનિષ્ઠ સંતપુરૂષોનાં જીવન કેટલાં બધાં આદર્શ ને પ્રેરક છે? એ પોતાના પવિત્રતમ જીવન દ્વારા આપણને એવું જીવન જીવવાનો અમોઘ સંદેશ આપે છે. પ્રકૃતિની ગોદમાં શ્વાસ લેનારા આ સત્પુરૂષોની પેઠે આપણે પણ પરમાત્મા સાથે સંબંધ બાંધીને આપણા શેષ જીવનને કૃતાર્થ કરવાની કોશિશ કરવાની છે.'

યુધિષ્ઠિરે પોતાના મનોભાવોને વાચા આપતાં કહ્યું:

'મને પણ એ જ પ્રકારની પ્રેરણા થયા કરે છે. આ પુણ્યપ્રદેશમાં પ્રવેશીને સંતોનો સમાગમ કર્યો છે ત્યારથી મારી અશાંતિ મટવા માંડી છે. એમનું દર્શન મારે માટે મંગલકારક થઈ પડ્યું છે. એકાંતમાં સતત સાધના કરીને મને પણ એમની પેઠે જીવનને કૃતકૃત્ય કરવાની ઈચ્છા થઈ છે.'

અર્જુને જણાવ્યું:

'તમારા જેવો જ મનોરથ મારા મનમાં પણ પેદા થયો છે. આપણા જીવનમાં કર્તવ્ય પણ હવે એ જ રહ્યું છે. એની સિદ્ધિથી જ આપણું જીવન કૃતાર્થ થઈ શકશે એમાં કશી શંકા નથી.'

તપ્તકુંડમાં સ્નાન કરતી વખતે એક દિવસ અમે એક આકર્ષક વ્યક્તિત્વવાળા તપસ્વીનું દર્શન કર્યું. એ તપ્તકુંડની બાજુની નાની સરખી ગુફામાં ધ્યાનમુદ્રામાં બેઠેલા.

એમનો દેખાવ અદ્દભુત અથવા અનોખો હતો. મસ્તક પર મોટી જટા, શરીરે ભસ્મલેપન, એકમાત્ર કૌપીનરૂપી વસ્ત્ર, આગળ ધૂણી, પ્રદીપ્ત નેત્રો ને પ્રશાંત મુખમંડળ.

એમને વિધિપૂર્વક પ્રણામ કરીને સૌ એમની પાસે બેસી ગયાં, એટલે એ શાંતિથી બોલ્યા.

'તમારા શુભાગમનનું પ્રયોજન જાણું છું. પ્રત્યેકના જીવનનું એકમાત્ર મૂળભૂત પ્રયોજન એ જ છે. એની પૂર્તિમાં જ માનવજીવનની સફળતા સમાયલી છે.'

'તમે અમારા પ્રયોજનને કેવી રીતે જાણો?' ભીમે પૂછયું: 'તમે અમને જાણો છો?'

'જાણું છું.'

'કેવી રીતે?'

'સાધનાની દૈવી શક્તિથી.'

'સાધનાની શક્તિ એવી દૈવી હોય છે?'

'એથી પણ વધારે દૈવી હોય છે. આ તો એ શક્તિનો કેવળ ઝબકારો છે, અને એ પણ સાધારણ ઝબકારો. તમારા આ અલૌકિક પ્રદેશમાંના આગમન વિશે, તમારા મહાભારતના યુદ્ધ વિશે, એ યુદ્ધમાનાં વિજય વિશે, કૌરવોના વિનાશ વિશે, યુધિષ્ઠિરના રાજ્યશાસન તથા પરીક્ષિતના રાજ્યાભિષેક વિશે ને ભગવાન કૃષ્ણના તિરોધાન વિશે, નાનીમોટી બધી જ ઘટનાઓ વિશે હું જાણું છું. મારાથી કશું જ અજ્ઞાત નથી.'

દ્રૌપદી તથા પાંડવોના આશ્ચર્યનો પાર ન રહ્યો.

'તમે આ પ્રદેશમાં કેટલા વખતથી વાસ કરો છો?' યુધિષ્ઠિરે પૂછયું.

'એની ગણના મેં નથી કરી. મને એમાં એટલો રસ નથી. હું જીવનની અમરતામાં માનું છું ને મને એની પ્રાપ્તિ થઈ છે. હું કોઈ સ્થૂળ પ્રદેશવિશેષમાં લાંબા વખત સુધી બદ્ધ બની બેસી રહેવાને બદલે આ દૈવી ભૂમિમાં ઈચ્છાનુસાર વિહાર કરું છું.'

'અમને પણ એવી અવસ્થાની પ્રાપ્તિ થઈ શકે?'

'શા માટે ના થઈ શકે? કોઈને પણ થઈ શકે. પરંતુ જીવનનો ઉદ્દેશ્ય એ નથી. એ દ્વારા કોઈ સવિશેષ સિદ્ધિ કે વિભૂતિની પ્રાપ્તિની આકાંક્ષા રાખવા કરતાં પરમાત્માના સાક્ષાત્કારની જ આકાંક્ષા રાખવી જોઈએ. અશાંતિનો આત્યંતિક અંત ત્યારે જ આવી શકે.'

'અમે પરમાત્માના સાક્ષાત્કારની સાધનામાં સફળ થઈ શકીશું?'

'ઓછાવત્તા અંશે જરૂર સફળ થઈ શકશો.'

પાંડવો, ઉદ્ધવ તથા દ્રૌપદી એ મહાપુરૂષને થોડીક ક્ષણો સુધી અતિશય આદરપૂર્વક નિહાળી રહ્યાં. એમના મનમાં જાતજાતના સંકલ્પવિકલ્પો પેદા થવા લાગ્યા. ત્યાં તો એક અસાધારણ આશ્ચર્યકારક ઘટના બની. એ પરમપ્રતાપી સંતપુરૂષનું સ્થૂળ શરીર ધીમેધીમે આજુબાજુના અવકાશમાં વિલીન થયું અને એને ઠેકાણે પ્રકાશનું વર્તુળ દેખાયું. એ વર્તુળ પણ શનૈઃ શનૈઃ એવી જ રીતે શાંત થયું.

એ ઘટનાના રહસ્યને એ સમજી શક્યા નહિ. ઉદ્ધવે સૌનું સમાધાન કરવાનો પ્રયત્ન કરતાં જણાવ્યું:

'મહાપુરૂષોનાં જીવન એવાંજ વિસ્મયકારક હોય છે. એમની શક્તિ અનોખી હોય છે. એમને સંપૂર્ણપણે કોણ સમજી શકે? ઈશ્વરના અનુગ્રહ વિના એમના દર્શનનો લાભ નથી મળતો. આપણને એમના આશીર્વાદ મળે એ પણ ઓછું નથી. એ આપણું સદ્દભાગ્ય જ કહેવાય.'

સૌએ સંમતિનો સૂર પૂરાવતાં ચાલવા માંડ્યું.

* * * * *

## ૧૦. દંડની ભાવના

દ્રૌપદી તથા પાંડવોનાં શરીરો કાળક્રમે એ પવિત્ર પ્રદેશમાં કર્મના નિયમને અનુસરીને શાંત થયાં.

યુધિષ્ઠિર પોતે પણ પોતાના વિશિષ્ટ કર્મસંસ્કારોના પ્રભાવથી સ્વર્ગે સિધાવ્યા.

એમના જીવન પર કાળદેવતાએ એવી રીતે પડદો પાડી દીધો.

ઉદ્ધવ કૃષ્ણના પ્રેમમાં તરબોળ બનીને જીવનના બહુમૂલ્ય દિવસો શાંતિપૂર્વકની સતત ઉપાસનામાં પસાર કરવા લાગ્યા તે પછી એક શુભ દિવસે એમણે પણ પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કરી દીધો.

બદરીનાથની પુણ્યભૂમિ એમના સ્થૂળ અવશેષને પોતાના ઉદરમાં સમાવીને પુણ્યમયી દેખાવા લાગી. હિમાચ્છાદિત, આકાશને અડવાની સાધના કરતી, ઉત્તુંગ પર્વતની માળા એની મૂક સાક્ષી બનીને ઊભી રહી.

યુગયુગાંતરથી એ એવાં કેટલાય દૃશ્યોને જોયા કરતી.

એ દૈવી પ્રદેશમાં પોતાના જીવનના છેવટના સમયમાં સાધનામય જીવન ગાળીને પાર્થિવ શરીરના પરિત્યાગ પહેલાં પાંડવોએ એમનો રહ્યોસહ્યો અસંતોષ દૂર કરીને પરમાત્માની પરમસત્તાની ઝાંખી દ્વારા શાશ્વત શાંતિ મેળવી અને દ્રૌપદીએ પણ પોતાના શરીરધારણને સફળ કર્યું.

એમના એ પાવન પ્રદેશના આગમનનો હેતુ એવી રીતે સંપૂર્ણપણે સફળ થયો.

એમના જ્વાજ્વલ્યમાન જીવનના અંતભાગનો એક આદર્શ અનુકરણીય, પરમપ્રેરક ઈતિહાસ એમની પાછળ અમર બનીને ઊભો રહ્યો.

એમના મહાપ્રસ્થાન પછી પરીક્ષિતને કેટલાક દિવસો સુધી તો હસ્તિનાપુરમાં જરાય પણ ગમ્યું જ નહિ. એમની અનુપસ્થિતિમાં એને આખું રાજ્ય રંક લાગ્યું.

પીયૂષ વરસાવતી પૂનમની રાતે એકવાર એણે ઈરાવતીની આગળ પોતાના મનોભાવોની અભિવ્યક્તિ કરતાં કહેવા માંડ્યું:

'દ્રૌપદીના તથા પાંડવોના પ્રયાણને દિવસો થયા તો પણ કોણ જાણે કેમ કશું ગમતું જ નથી એમના વિના ચેન નથી પડતું. એમનું સ્મરણ નિરંતર સતાવ્યા કરે છે.'

ઈરાવતી બોલી:

'એમના વિના તમને જરા પણ નથી ગમતું તો શું મને ગમે છે એમ માનો છો? દ્રૌપદીના પ્રયાણથી મને કાંઈ ઓછી ખોટ નથી પડી. એમનું જીવન મારે માટે પ્રેરણારૂપ હતું. મને આવશ્યકતાનુસાર એમની પાસેથી અવારનવાર માર્ગદર્શન મળ્યા કરતું. એમની હૂંફ મારા જીવનમાં ઘણી મોટી હતી. એમની પાસે બેઠી હોઉં ત્યારે એવું જ લાગતું કે મારી માતા પાસે બેઠી છું.'

'શરીર તો છે પરંતુ એની અંદરનો આત્મા જાણે કે ઊડી ગયો છે. ચંદ્રના કિરણો આમ તો આહ્લાદક લાગતાં પરંતુ એમની આહ્લાદકતા એકાએક ઓછી થઈ છે. પરિમલને લઈને પ્રસરનારો પવન પણ હવે એટલો બધો પુલકિત કરનારો નથી લાગતો. આજુબાજુનું દૃશ્ય જગત એવું જ અવનવું હોવાં છતાં મારા આત્માનું આકર્ષણ નથી કરી શકતું. પ્રિયજનોના વિયોગની દશામાં આ પ્રમાણે બધું પલટાઈ જતું હશે તેની મને

ખબર નહિ. પરંતુ એનો અનુભવ આપોઆપ થઈ રહ્યો છે. વાતાવરણ બધું એવું ને એવું જ છે પણ મન એમાંથી ઊઠી ગયું છે.'

'માટે તો મહાપુરૂષો કહેતા આવ્યા છે સુખદુઃખનું કારણ મન છે. જીવનના હર્ષશોકનો ઘણો મોટો આધાર એની ઉપર જ રહેલો છે. એ કથન સંપૂર્ણપણે સાચું છે. હસ્તિનાપુર એનું એ જ છે, એ જ ચંદ્ર તથા એવી જ રાત્રિ છે, પરંતુ મનનું સ્વરૂપ બદલાઈ ગયું છે. સ્વજનોના માઠા એકાએક આવી પડેલા શોકની અસર નીચે આવીને એ અસ્વસ્થ બન્યું છે. એ અવસ્થામાં બીજું થાય પણ શું? બીજો ઉપાય પણ આપણી પાસે કયો છે? પરિસ્થિતિને અનુકૂળ થવાનો માર્ગ જ આપણે સારું શેષ રહે છે. એ માર્ગ જ આદર્શ છે.'

'મને તો એક બીજો માર્ગ પણ દેખાય છે. કોઈકવાર એનો વિચાર પણ આવ્યા કરે છે.'

'કયો માર્ગ ?'

'તારાથી ગુપ્ત રાખવા જેવું મને કશું જ નથી લાગતું. તારાથી મેં કશું ગુપ્ત રાખ્યું પણ નથી.'

'એ હકીકતનો હું સ્વીકાર કરું છું.'

'તો પછી એ વાત પણ કહી દઉં. મને કોઈકવાર રાજ્યનો ત્યાગ કરવાની ઈચ્છા થઈ આવે છે.'

'ત્યાગ કરવાની?'

'હા. મને થાય છે કે પાંડવોની અનુપસ્થિતિમાં અહીં રહીને રાજ્ય કરવા કરતાં એમની પાછળ વનમાં જવું વધારે શ્રેયસ્કર છે. તારી અનુમતિ હોય તો એ ઈચ્છાનો અમલ કરું.'

'એવી અનુમતિ મારાથી કેવી રીતે આપી શકાય ?'

'કેમ ના આપી શકાય?'

'યુધિષ્ઠિરે સર્વસંમતિથી તમારો રાજ્યાભિષેક કર્યો છે તે એટલા માટે કે તમારી દ્વારા પ્રજાનું પરિપાલન થઈ શકે ને પ્રજા પ્રથમની પેઠે જ સુખી રહે. તમારું કર્તવ્ય એમની એ ભાવનાનો અમલ કરવાનું છે. એ ભાવનાના અમલથી જ એમને શાંતિ મળી શકશે.'

'પ્રજાનું પાલન તો બીજાથી પણ થઈ શકે.'

'બીજાથી થઈ શકે ખરું પરંતુ એ કર્તવ્ય તમને જ સોંપાયલું એટલે તમારા ધર્મરૂપ થઈ પડે છે. તમે તેનો પરિત્યાગ ના કરી શકો અને એવા પરિત્યાગમાં હું સાથ પણ ના આપી શકું.'

'હું જાણતો'તો જ કે તું સાથ નહિ આપી શકે.'

'સ્ત્રીનું જીવન પુરૂષને અધર્મમાં દોરવા માટે નથી પરંતુ ધર્મમાં દોરવા માટે છે. રાજ્યનો પરિત્યાગ કરવાનું કહીને હું તમને અધર્મમાં દોરવાનો અપરાધ નહિ કરું.'

પરીક્ષિતે થોડીવાર શાંત રહીને કહ્યું:

'પરંતુ યુધિષ્ઠિરને તો દ્રૌપદીએ રાજ્યનો પરિત્યાગ કરીને વનમાં વસવાની અનુમતિ આપેલી. એ અનુમતિને અપરાધરૂપ ના કહી શકાય?'

'ના.'

'કારણ?'

'એનું કારણ જુદું છે. તમે એ કારણને કદાચ જાણતા પણ હશો. યુધિષ્ઠિર તથા તેમના બંધુઓ વયોવૃદ્ધ થયેલા. એમણે એમના લૌકિક કર્તવ્યનું અનુષ્ઠાન સારી રીતે કરી લીધેલું. એમના જીવનમાં કેવળ આત્મવિકાસનું શ્રેષ્ઠ કર્તવ્ય જ શેષ રહેલું. એની પરિપૂર્તિ માટે તમારા હાથમાં રાજ્યનું સમસ્ત સુકાન સુપ્રત કરીને સંપૂર્ણ સંતોષ સાથે એ વનમાં ગયા અને દ્રૌપદીએ એમને સર્વ પ્રકારે સહયોગ પ્રદાન કર્યો. કેટલાય કાળથી પરંપરાગત રીતે એવું થતું આવ્યું છે. એમાં કશું ખોટું ન હતું. તમારી અવસ્થા હજુ વનમાં વસવા જેવી નથી થઈ. તમારી શક્તિઓનો સદુપયોગ કરીને હજુ તમારે શાસન કરવાનું છે. તમારી પરિસ્થિતિ જુદી છે એટલે મારી પાસેથી દ્રૌપદીના આદર્શનું અનુકરણ કરવાની આશા ના રાખી શકાય. એવી આશા વધારે પડતી અથવા અસ્થાને છે.'

ઈરાવતી સહેજ અટકીને બોલી:

'પ્રિયજનોના વિયોગની વ્યથા તો મને પણ થયા કરે છે. એ વ્યથાથી પ્રેરાઈને આવા અનુચિત વિચારોનો આધાર ના લેવાય. વિવેકશક્તિની મદદથી એ વ્યથા વખતના વીતવાની સાથે ઓછી થશે ને તદ્દન શાંત બનશે. એને સમજપૂર્વક શાંત કરવામાં જ જીવનની મહાનતા છે, કર્તવ્યના પરિત્યાગમાં નહિ. કુરુક્ષેત્રના યુદ્ધમેદાનમાં શસ્ત્રોનો ત્યાગ કરીને આપણે સાંભળ્યું છે તેમ, અર્જુને લડવાની ના પાડેલી તેથી તો કૃષ્ણ ભગવાનને એમને કર્તવ્યપરાયણ કરવા માટે જ્ઞાનનો ઉપદેશ આપવો પડેલો.'

'તું પણ એવું જ કાર્ય કરતી લાગે છે.'

'જરાપણ નહિ. હું એવું નથી માનતી. હું ક્યાં ને ભગવાન કૃષ્ણ ક્યાં? હું તો સામાન્ય સ્ફુલિંગ અને એ સૂર્ય. મારી સરખામણી એમની સાથે સ્વપ્ને પણ ના થઈ શકે. એ તો મારા કરતાં અનંતગણા મહાન હતા. હું એમના એક સહસ્ત્રાંશ બરાબર પણ નથી. હું તો એમની પવિત્ર પદરજ બની શકું તો પણ ઘણું છે.'

'છતાં પણ તું મને સ્વસ્થચિત્ત થવામાં સહાય કરી રહી છે.'

'તે ભલે. તેમ કરવામાં મારો ધર્મ રહેલો છે એવું માનું છું. એ માટેનો તિલમાત્ર અહંભાવ મારામાં નથી પેદા થતો. એનું યે સઘળું શ્રેય ભગવાન કૃષ્ણને જ ઘટે છે. એમના અનુગ્રહને લીધે જ એ બધું થઈ રહ્યું છે. એ ઉપરાંત એક બીજી વાત પણ કહી દઉં.'

'કહી દે.'

'તમે આ રાજ્ય મારું છે ને હું ચલાવું છું એવું માનો છો જ શા માટે?'

પરીક્ષિતને જરાક નવાઈ લાગી. એમાં દોષ પણ નહોતો. એ શબ્દો હતા જ કોઈને પણ નવાઈ લાગે તેવા. એણે પૂછ્યું:

'કેમ? એવું ના માનું?'

'ના. એવું માનવામાં અજ્ઞાન રહેલું છે.'

'તો પછી શું માનું? શું માનવું જોઈએ? આ રાજ્ય મને મળ્યું છે અને હું ચલાવું છું એ દેખીતું છે. જ્ઞાની અથવા અજ્ઞાની સૌ કોઈને એની માહિતી છે.'

'છતાં પણ એવી માન્યતા પાછળ મિથ્યા અહંકાર રહેલો છે એ પણ એટલું જ સાચું છે. જ્ઞાનદૃષ્ટિથી યુક્ત અને ભક્તિભાવથી ભરપુર બનીને તમારે એમ જ માનવું જોઈએ કે આ સમસ્ત સામ્રાજ્ય ભગવાન કૃષ્ણનું

જ છે અને એ જ ચલાવે છે. એ જ તમને ચલાવવાની બુદ્ધિ તથા શક્તિ આપે છે ને પ્રેરણા પૂરી પાડે છે. તમારા જીવનદાતા પણ એ જ છે. એમણે જ તમારી રક્ષા કરી છે. એમની અલૌકિક રક્ષા સિવાય તમારાથી સંસારમાં શ્વાસ ના લઈ શકાયો હોત.'

'એ તો સર્વાંશે સાચું છે. મારા રક્ષક, પાલક તથા તારણહાર એ જ હતા.'

'હતા પણ અને છે પણ. એમની લોકોત્તર શક્તિ આજે પણ એવી જ સક્રિય છે. એ શક્તિનો અને એમનો નાશ કદાપિ નથી થઈ શકે તેમ. એ શક્તિ દ્વારા એ તમને અનુપ્રાણિત કરે છે કે દોરે છે. આ સમસ્ત રાજ્યના સાચા સ્વામી એ છે અને તમે તો એમના અનુગ્રહપ્રાપ્ત આજ્ઞાંકિત સેવક છો એવી ભાવનાથી સંપન્ન થઈને કાર્ય કરો તો એને કરવા છતાં મુક્ત અથવા અકર્તા રહેશો. એ કાર્ય તમારા માટે બોજારૂપ નહિ બને. રાજ્યના પરિત્યાગનો વિચાર તમને આવશે જ નહિ અને આવશે તો તમે સહેલાઈથી શાંત કરી શકશો. તમને એમ જ લાગશે કે કૃષ્ણ તમારી પાસે કે સાથે છે ને કર્તવ્યના પથ પર સદા દોર્યા કરે છે.'

'આ તો તદ્દન નવી જ વાત થઈ.'

ઈરાવતીએ સ્મિતપૂર્વક જણાવ્યું:

'નવી લાગે ખરી પરંતુ નવી નથી. ભગવાન કૃષ્ણે અર્જુનની આગળ એ વાત રજૂ કરેલી. અર્જુને આપણને એ વિશે કહેલું પણ ખરું. તમે એને ભૂલી ગયા છો એટલું જ. મનુષ્યસ્વભાવ જ એવો વિચિત્ર છે કે કેટલીકવાર કામની વાતો ભૂલી જાય છે. મેં તો તમને કેવળ સ્મૃતિ કરાવી છે.'

'એને માટે તમારો ઋણી છું.'

'એવા શબ્દો કહીને મને લજવશો નહીં.'

'હું જે કાંઈ કહું છું તે સાચું જ કહું છું.'

'છતાં પણ મને એ ઠીક નથી લાગતું. તમારી શક્ય તેટલા બધા જ પ્રમાણમાં સેવા કરવાનો મારો ધર્મ છે. એ વિચારસરણીને વફાદાર રહીને હું મારું કાર્ય કરી રહી છું. એ રીતે તમારી ઉપર કશું ઋણ નથી ચઢાવી રહી.'

'હું તો એવું જ માનું છું.'

'તો તે બરાબર નથી.'

'શા માટે નથી? તારે લીધે મને કેટલી બધી શાંતિ મળે છે? જીવનમાં મને તારા સરખી સુવિચારશીલા પત્ની પ્રાપ્ત થઈ એને મારું સદ્દભાગ્ય સમજું છું. જીવનમાં કાંઈ જેને તેને આવી સુંદર સદ્દગુણી પત્ની નથી મળતી. તેને માટે ઘણું મોટું ભાગ્ય જોઈએ. પૂર્વનો પ્રબળ પુણ્યોદય હોય તો જ....'

પરીક્ષિત હજું આગળ બોલત પરંતુ ઈરાવતીએ એ પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં જ એના મોઢા પર હાથ દાબી દીધો ને કહ્યું:

'તમે તો જ્યારે જ્યારે અવસર ઉપસ્થિત થાય ત્યારે ત્યારે આમ બોલ્યા જ કરવાના. આવું બધું બોલવાનું સારું લાગે છે? અને સારું લાગતું હોય તો પણ મને સાંભળવાનું સારું લાગે છે?'

પરીક્ષિતે ઈરાવતીના સ્નિગ્ધ સુવાસિત હાથને અળગો કરતાં જણાવ્યું:

'હું જે કાંઈ કહું છું તે સહજ રીતે જ કહી રહ્યો છું.'

'હું પણ સહજ રીતે કહી રહી છું.'

'મને જે ઉચિત લાગે એની અભિવ્યક્તિ પણ ના કરી શકું?'

'કરી શકો. પરંતુ એવી અભિવ્યક્તિનો અધિકાર મને પણ ખરો કે નહીં?'

'ખરો.'

'તો પછી હું પણ કહેવું હોય તો કહી શકું ને કે તમારા જેવા પ્રતાપી પતિ પણ જેને તેને નથી મળતાં. એ પણ કોઈ સૌભાગ્યશાલિની સ્ત્રીને જ પ્રાપ્ત થાય છે. પૂર્વે જેણે પર્યાપ્ત પુણ્યો કર્યા હોય અથવા જેના પર પરમાત્માનો પરમ અનુગ્રહ હોય તેને જ એવા પતિ મળી શકે છે. હું મારા ભાવને અત્યાર સુધી અંતરમાં રાખતી ને તમે તમારા ભાવને બોલી બતાવ્યો એટલું જ. બાકી હું પણ તમારા જેવાં જ શબ્દોનો ઉપયોગ કરી શકું.'

'એનો અર્થ એમ કે તારા મુખને બંધ કરીને હું પણ તને બોલતી અટકાવી દઉં. તને મારા સ્નેહયુક્ત શબ્દો સાંભળતાં સંકોચ થાય છે તો તારા શબ્દો સાંભળતાં મને પણ સંકોચ નહીં થતો હોય?'

'એ શબ્દો એકલા સ્નેહયુક્ત નથી પણ અત્યુક્તિવાળા છે. '

'મને તો એમાં અત્યુક્તિ જેવું કશું જ નથી લાગતું.'

'કારણ કે તમારો પ્રાણ મારા પ્રત્યેના પ્રેમથી પરિપ્લાવિત છે એને લીધે તમારા મુખમાંથી એવા ઉદ્દગારો નીકળે એ સ્વાભાવિક છે. તો પણ આપણા આજના વાર્તાલાપને લીધે તમને જુદી જ જાતની દૃષ્ટિની પ્રાપ્તિ થઈ હશે. હવે રાજ્યના પરિત્યાગનો વિચાર નહીં કરો. '

'ના એવો વિચાર હવે નહિ કરું. હવે મારી દૃષ્ટિ કે વૃત્તિ બદલાઈ ગઈ. અલબત્ત, પાંડવોની તથા દ્રૌપદીની વિદાયવેદના જીવનમાંથી એટલી જલદી નહિ મટી શકે. એમની ખોટ સદાને સારું સાલ્યા કરશે. છતાં પણ મનને શક્ય તેટલું સ્વસ્થ રાખીને રાજકાજને બનતી નમ્રતા ને નિર્લિપ્તતાથી કરવાનું સામર્થ્ય સાંપડી રહેશે. હવે મન અતિ ઉદ્વિગ્ન કે વિષાદગ્રસ્ત બનીને નિષ્કર્મણ્યતા તરફ નહિ લઈ જાય.'

'બસ ત્યારે. હવે મને સંતોષ થયો. આપણો વાર્તાલાપ સફળ થયો. ચંદ્રનાં કિરણો હવે એટલાં બધાં અશાંતિકારક નહિ લાગે. મન બદલાયું છે. એટલે બીજું બધું પણ બદલાઈ જશે. એની પ્રતિક્રિયામાં ફેર પડશે.'

પૂનમનો ચંદ્ર જડચેતન પર અમૃતવર્ષણ કરતો પ્રકાશી રહેલો. એનું અવલોકન કરતાં બંને મંત્રમુગ્ધ બનીને થોડીક ક્ષણો સુધી કાંઈપણ બોલ્યા વગર બેસી રહ્યાં.

આકાશ અભ્રરહિત અને નવજીવનથી ભરેલું લાગ્યું. જીવન પણ એવું જ વ્યથારહિત અને અવનવું બન્યું.

પરીક્ષિતે ભાવસમાધિમાંથી જાગીને ઈરાવતીને એકાએક પૂછયું:

'ચંદ્ર કેવો લાગે છે?'

'તમારા જેવો.' ઈરાવતીએ તરત જ ઉત્તર આપ્યો.

'મારા જેવો? મારા જેવો કેવી રીતે?'

'તમે પણ મારા જીવનનભના ચંદ્ર જ છો. તમારા અમીમય પ્રેમકિરણોનો રેલીને તમે પણ મારા સમસ્ત જીવનને આવી રીતે જ જ્યોતિર્મય કર્યું છે ને રસથી ભર્યું છે. એ જીવનમાં તમારે લીધે આનંદનો અર્ણવ ઊછળી

રહ્યો છે. અને કેવળ મારી વાત શા માટે કરું, તમે તો સમસ્ત સામ્રાજ્યના ચંદ્ર છો. તમારે લીધે સૌ કોઈ પ્રેરણા પામે છે ને શાંતિ મેળવે છે.'

'તારી વાત અતિશયોક્તિ ભરેલી છે.'

'બિલકુલ નહિ. એમાં અલ્પોક્તિ અવશ્ય હશે પરંતુ અતિશયોક્તિ તો નથી જ. ચંદ્ર ગગનમાં છે ને તમે પૃથ્વી પર છો, એ જડ છે ને તમે ચેતન છો. એટલો જ ફેર છે.'

'તારું વર્ણન મને બરાબર નથી લાગતું.'

'કેમ?'

પરીક્ષિતે એનો સીધો ઉત્તર આપવાને બદલે કહેવા માંડ્યું:

'ચંદ્ર કેવો લાગે છે તે કહી બતાવું?'

'કહી બતાવો.'

'તારા મુખમંડળ જેવો લાગે છે.'

'મુખમંડળ જેવો?'

'હા. તારું મુખમંડળ પણ એવું જ અમૃતમય અને આહ્‌લાદક છે. એમાંથી રેલાતાં રસકિરણો સૃષ્ટિને અનોખા આનંદે ભરી દે છે. મારું સમસ્ત જીવન એના આસ્વાદથી ટકી રહ્યું છે અને અમૃતમય થયું છે. સાચું કહું તો તારું મુખમંડળ ચંદ્ર કરતાં પણ વધારે ચારું અને મધુમય છે. એની તુલના પૃથ્વીના કોઈયે પદાર્થ સાથે નથી થઈ શકે તેમ. એ તો એક, અનન્ય અને અનુપમ છે.'

'આ તો મેં તમારે માટે જેવા પ્રેમભાવો વહાવ્યા તેવા જ પ્રેમભાવો તમે મારે માટે વહાવ્યા. આપણા બંનેના દિલ એક જ દિશામાં એક જ પ્રકારની ઊર્મિઓનો અનુભવ કરતાં દોડી રહ્યાં છે.'

'એનું નામ પારસ્પારિક પ્રેમ અથવા અનુરાગ. પ્રેમનું એ લક્ષણ છે. એમાં એકના આત્માની સિતારી પર સ્નેહના જે સ્વર્ગીય સૂરો પ્રકટ થાય છે તે જ સૂરોની સૃષ્ટિ બીજાની સિતારી પર પણ થતી હોય છે. એવો પારસ્પારિક પ્રેમ જીવનને મહોત્સવમય બનાવે છે. એ પ્રેમ માનવનું ને સમસ્ત જગતનું જીવન છે.'

ઈરાવતી શાંત રહી.

ચંદ્ર પોતાના રશ્મિથી સંસારમાં રસનું સિંચન કરતો અને પ્રેમીજનોના હૃદયમાં અવનવી ભાવના ભરતો ચમકી રહેલો. એટલામાં તો વાદળે એકાએક આવીને એને ઢાંકી દીધો.

પરીક્ષિત તથા ઈરાવતી બંને એ દૃશ્યને ભારે રસપૂર્વક જોઈ રહ્યાં.

પરીક્ષિતે તર્કવિતર્કના જગતમાંથી જાગીને જણાવ્યું:

'ચંદ્ર કદી કદી ઢંકાઈ જાય છે ખરો.'

'જરૂર ઢંકાઈ જાય છે.' ઈરાવતીએ ઉત્તર આપ્યો: 'વિષાદનાં, વિપત્તિનાં, વિરહનાં તથા વિક્ષેપનાં વાદળો એને ઢાંકી દે છે. ત્યારે એનો અમૃતરસ થોડો ઓછો થાય છે. એનું લાવણ્ય અથવા માધુર્ય મટી જાય છે.'

'અને કાળનું વાદળ પણ આખરે એને ક્યાં નથી ઢાંકી દેતું? એ વખતે એની દશા ખૂબ જ દયનીય હોય છે.'

'દયનીય હોય છે અને નથી પણ હોતી.'

'એટલે ? એ વિરોધાભાસ મને ના સમજાયો.'

'એમાં ના સમજાય એવું છે જ શું? જેણે પોતાના જીવનને પરમાત્માના અનુગ્રહથી અલંકૃત કરીને ઊજ્જવળ બનાવ્યું છે તેના મુખમંડળ પર અંતકાળે પણ પ્રસન્નતા અને શાંતિ જ હોય છે. એની દશા કદી પણ દયનીય નથી થઈ શકતી. એની આગળ તો કાળની દશા દયનીય બની જાય છે એવું કહી શકાય. જેને મોહ અને આસક્તિ જેવાં અનેકવિધ આવરણો ઘેરી વળે છે એની દશા દયાજનક બની રહે છે.'

એ જ વખતે રાજપ્રાસાદના અંદરના ખંડમાંથી નાનો જનમેજય બહાર આવ્યો ને બોલ્યો:

'પિતાજી! આટલા બધા સુંદર અને આનંદદાયક ચંદ્રને ઢાંકી દેનારું પેલું કોણ છે?'

'બીજું કોણ હોય? વાદળ.'

'મને તો હિતશત્રુ લાગે છે.'

'હિતશત્રુ?'

'હા. હિતશત્રુ. નહિ તો એ આવા સરસ ચંદ્રને શા માટે ઢાંકી દે?'

ઈરાવતી હસીને બોલી:

'તુંય ખરો છે. એ તો કુદરતનો નિયમ છે. એવું તો વરસોથી ચાલ્યા કરે છે.'

'વરસોથી ચાલ્યા કરે છે તો પણ તમે બધાં જોયા કરો છો?'

'જોયા ના કરીએ તો શું કરીએ? આપણાથી કાંઈ આકાશમાં ચંદ્રની પાસે થોડું જ જઈ શકાય છે?'

'ચંદ્રની પાસે ના જઈ શકાય તો શું થયું? અહીં બેઠેબેઠે બાણ મારીએ તો એ હિતશત્રુનો નાશ થાય ને ચંદ્ર એના સકંજામાંથી છૂટી જાય. નિર્દોષને હેરાન કરનારને તો દંડ જ દેવો જોઈએ.'

પરીક્ષિતે સ્મિતપૂર્વક એના અંગ પર હાથ ફેરવતાં કહ્યું:

'તું મોટો થાય ત્યારે દંડ દેજે.'

'પરંતુ તમે નિરાંતે આ બધું જોતા બેસી રહ્યા છો એ જોઈને મને નવાઈ લાગે છે. ચંદ્ર પોતે પણ કાંઈ કરતો નથી દેખાતો. પોતાને પીડા પહોંચાડનાર શત્રુનો તો નાશ જ કરી નાખવો જોઈએ. મારો કોઈ અપરાધ કરે તો હું એને ના જવા દઉં.'

'વેર વેરથી નથી શમતું.' ઈરાવતીએ કહ્યું: 'વેરનો ઉત્તર વેરથી ના અપાય વેરભાવ હંમેશા હાનિકારક છે.'

'મને તો એવું નથી લાગતું.'

'તું મોટો થઈશ ને વિવેકી બનીશ એટલે લાગ્યા વિના નહિ રહે.'

'હું મોટો જ છું.'

'એ તો અમે કહીએ ત્યારે ને!'

જનમેજય વિચારમાં પડ્યો ને બોલ્યો:

'પાંડવો પોતાની મેળે જ વનમાં ગયા કે એમને કોઈએ જવા માટે વિવશ કર્યા? કોઈ એમને કાઢી તો નથી મૂક્યા? નહિ તો એને દંડ દઉં.'

'એ તો પોતાનું કલ્યાણ કરવા પોતાની મેળે જ વનમાં ગયા છે.'

'તું બધાને દંડ દેવાના જ વિચારો કર્યા કરે છે?' પરીક્ષિતે પૂછયું.

'બધાને નહિ પણ બીજાનું નુકશાન કરનારને તો દંડ કરવો જ જોઈએ ને?' જનમેજયે સામેથી પૂછ્યું.

બંને એને ઊંડા વાત્સલ્યભાવથી જોઈ રહ્યાં.

* * * * *

## ૧૧. ઉત્તરાની સ્મૃતિ

પાંડવોના ને દ્રૌપદીના વિયોગની વેદના વખતના વીતવાની સાથે પરીક્ષિતના, ઈરાવતીના, ઉત્તરાના અને અન્ય પ્રજાજનોના અંતરમાંથી ઓછી થતી ગઈ ને છેવટે સંપૂર્ણપણે શાંત થઈ. કાળ પ્રત્યેક શુભાશુભ પ્રસંગનું લગભગ એવું જ પરિણામ પેદા કરે છે. ધીમે ધીમે અથવા ક્રમેક્રમે એ પ્રસંગની અસર ઓછી થાય છે ને માનવ નવા પ્રસંગોની અસર નીચે આવીને નવી રીતે જીવવાનું શરૂ કરે છે. ભૂતકાળના પસાર થઈ ચૂકેલા પ્રસંગોની સ્મૃતિઓ એ પછી કોઈવાર જાગે છે કે બળવાન પણ બને છે તો પણ જીવનને વેરવિખેર નથી કરતી. અનાદિકાળથી પુરૂષની પ્રકૃતિ એવી રીતે જ કાર્ય કરે છે; અને પરીક્ષિતનું જીવન પણ એમાં અપવાદરૂપ નહોતું. વખત જેમજેમ વીતતો ગયો તેમતેમ એણે પોતાના મનને રાજ્યકાર્યમાં લગાડી દીધું ને પ્રજાહિતનું ધ્યાન રાખવા માંડ્યું.

એની પ્રવૃત્તિથી પ્રસન્નતા વધવા માંડી. પ્રજાજનો એના ગુણગાન ગાતાં કહેવા લાગ્યાં:

'મહારાજા યુધિષ્ઠિરના સમય કરતાં પણ પ્રજા અત્યારે વધારે સુખી છે. એનો સઘળો યશ પરીક્ષિતને ઘટે છે. એમની ઉંમર નાની છે પરંતુ એમનો આત્મા નાનો નથી. એમના ગુણ ઘણાં મોટા છે.'

'સાચું કહું તો યુધિષ્ઠિર કરતાં પણ એમની યોગ્યતા ચઢી જાય તેવી છે.'

'યુધિષ્ઠિરના સમયમાં લોકો આટલા બધા સુખી ક્યાં હતા? એમણે રાજ્યનો ત્યાગ કરીને પરીક્ષિતનો રાજ્યાભિષેક કર્યો ત્યારે પ્રજાનો એક વર્ગ એવું માનતો'તો કે હવે રાજ્યવ્યવસ્થા તૂટી પડશે ને રાજ્યમાં બધે અશાંતિ ફેલાશે. પરંતુ એમની એ માન્યતા તદ્દન મિથ્યા થઈ. પરીક્ષિતે પોતાની યોગ્યતા થોડી જ વારમાં બતાવી આપી. આજના જેવી સંગીન કે સુદૃઢ રાજ્યવ્યવસ્થા પહેલાં ક્યારેય નહોતી.'

'પરીક્ષિતની ઉપર કહે છે કે કૃષ્ણની કૃપા છે. અને જેના પર કૃષ્ણની કૃપા હોય તેના જીવનમાં કયી ત્રુટિ રહી શકે? એને તો સર્વત્ર ને સર્વ પ્રકારે સફળતા મળે.'

'સાચું છે.'

પરીક્ષિત લોકોની એવી પ્રશંસાને પૂરેપૂરો લાયક હતો. રાજ્યશાસન એનો પ્રિય વિષય હતો. શાસનનાં કાર્યોમાં એ સતત અને સક્રિય રસ લેતો ને પ્રજાને સર્વપ્રકારે ઉપયોગી થવાની મહેચ્છા રાખતો. પ્રજાની પરિસ્થિતિથી માહિતગાર થવા તથા રહેવા માટે એ અવારનવાર અને એકાએક પોતાના રાજ્યના જુદા જુદા વિભાગોની દિવસે તથા રાતે મુલાકાત લેતો ને પ્રજાનાં સુખદુઃખ સ્વયં સમજતો, સાંભળતો અને આવશ્યક ઉપાય કરતો. એની એવી પ્રવૃત્તિથી પ્રજાજનો પ્રસન્ન રહેતા, એની પ્રશંસા કરતા, તેમજ એને આશિષ આપતા.

એવી પ્રજાહિતની પ્રવૃત્તિમાં ઈરાવતીનો સંપૂર્ણ સાથ હતો એ હકીકત પણ કાંઈ જેવી તેવી આનંદકારક નહોતી. ઈરાવતી પ્રસંગોપાત આવશ્યકતાનુસાર એને સલાહ પણ આપ્યા કરતી. એને લીધે એનો ઉત્સાહ બળવત્તર બનતો અને એને હંમેશા નવોનવો પ્રકાશ મળતો રહેતો.

મંત્રીઓ કે સલાહકારો પણ એને ઘણા સારા મળેલા. એ પોતાના દીર્ઘકાલીન અમુલખ અનુભવના આધાર પર ન્યાય, નીતિ તથા સત્યને વફાદાર રહીને સમુચિત સલાહ પ્રદાન કરતા. એને લીધે રાજ્યશાસન સુંદર, સુવ્યવસ્થિત અને સ્વચ્છ રહેતું.

એની દંડ દેવાની પદ્ધતિ પણ અભિનંદનીય હતી. અપરાધીને આવશ્યકતાનુસાર દંડ દેવામાં એ પાછી પાની ના કરતો. એમાં નિરર્થક વિલંબ કરવાની નીતિમાં પણ એ નહોતો માનતો. એવી રીતે વિલંબ કરવાનો એનો સ્વભાવ જ નહોતો.

એકવાર પ્રજાની પરિસ્થિતિનું નિરીક્ષણ કરતો એ નયનાભિરામ નગરના મુખ્ય માર્ગ પરથી આગળ વધી રહેલો ત્યારે એની નજરે એકાએક એક દૃશ્ય પડ્યું.

કોઈક અપરિચિત રાજવેશધારી પુરૂષ લાકડીના પ્રહારો કરીને ગાય તથા બળદને જાણે કે દેહાંતદંડ દઈ રહેલો.

એના કઠોર પ્રહારોથી ગાય તથા બળદની એ જોડી મરણાસન્ન બનીને કંપી અને પોકારો પાડી રહેલી.

સ્વર્ણરથમાં વિરાજેલા પરીક્ષિતે એની પાસે પહોંચીને એ દૃશ્યથી દયાર્દ્ર ને દુઃખી થઈને એને લલકારતાં કહેવા માંડ્યું :

'તું કોણ છે અને બળવાન બનીને આવાં નિર્બળ નિર્દોષ પશુઓ પર શા માટે પ્રહારો કરે છે? એમને તારું શું બગાડ્યું છે? તારો વેશ તો રાજપુરૂષો જેવો છે પરંતુ તારું આ કુકર્મ એક સંસ્કારહીન શૂદ્રને છાજે તેવું છે. તારે આવું કુકર્મ ના કરવું જોઈએ.'

'તું મને સલાહ અથવા ઉપદેશ આપનાર કોણ છે? તું પણ આ પશુઓની પેઠે અકાળે મરવા માગતો લાગે છે.'

'મરવા નથી માગતો પરંતુ જેમને તું મારવા તૈયાર થયો છે તેમને બચાવવા માગું છું.'

'તું તેમને નહિ બચાવી શકે.'

'અવશ્ય બચાવી શકીશ. હું મહારાજા પરીક્ષિત છું.'

'મહારાજા પરીક્ષિત ?'

'હા.'

'તેથી શું થયું? હું તારા નામથી થોડો જ ડરી જવાનો છું?'

'તારો જેવા પુરૂષોને દંડ દેવા માટે જ મારું જીવન છે. હું આ પ્રદેશનો રાજા છું એટલે એનું ધ્યાન રાખવાનું મારું કર્તવ્ય છે. મારા રાજ્યમાં કોઈ અનર્થ ચાલતો હોય તો તે મારાથી ચલાવી ના લેવાય. તું આ ગાય તથા વાછરડાને છોડી દે નહિ તો તને દંડ દઉં છું. મારા રાજ્યમાં મનુષ્યો તો શું પશુપક્ષી પણ સુરક્ષિત રહેવાં જોઈએ.'

'હાથમાં આવેલાંને એટલી સહેલાઈથી છોડી દઉં?'

'તો પછી જોઈ લે. મારે આ નિર્દોષ પ્રાણીઓને તારા હાથમાંથી છોડાવવાં જ પડશે.'

પરીક્ષિતે હાથમાં તલવાર લીધી.

એ જોઈને પેલો દુષ્ટ પુરૂષ સમજી ગયો કે પરિણામ સારું નહિ આવે. કાળ હાથવેંતમાં છે. એટલે એણે પરિક્ષિતના પગમાં પડીને ક્ષમા માગવા માંડી.

એની ક્ષમાયાચનાને લક્ષમાં લઈને પરીક્ષિતે એને જીવતદાન આપ્યું. ને કહ્યું:

'પૃથ્વી ગાયરૂપ છે ને વાછરડો ધર્મરૂપ. એમની રક્ષા કરવા માટે જ મારું જીવન છે. મારા રાજ્યમાં તારા જેવા દુરાચારી પુરૂષો નહિ રહી શકે. પ્રાણ પ્રત્યેકને પ્રિય છે. એનાથી કોઈને વંચિત કરવા જેવો ભયંકર અપરાધ બીજો કોઈ નથી.'

પરીક્ષિત આગળ વધ્યો.

પ્રજાજનો એનાં એવાં સત્કર્મની પ્રશંસા કરતાં થાકતાં નહિ.

ઈરાવતી તથા ઉત્તરાને પણ એ સાંભળીને આનંદ થતો.

રાજપ્રાસાદમાં પાછા ફર્યા પછી એણે એ આખોય પ્રસંગ એ બંનેને કહી સંભળાવ્યો. એ સાંભળીને બંનેએ એને અભિનંદન આપ્યાં.

એમણે જણાવ્યું:

'યુધિષ્ઠિરનો યશ હવે અખંડ રહેશે એવી પ્રતીતિથી અમને આનંદ થાય છે. યુધિષ્ઠિર જ્યાં પણ હશે ત્યાં એમના આત્માને એ જાણીને અતિશય આનંદ અને સંતોષ થશે કે એમની પરંપરા એમના યશમાં અભિવૃદ્ધિ કરતી અબાધિત રીતે ચાલુ રહી છે. દ્રૌપદી પણ એ સાંભળીને આનંદ પામશે. એ બધાં કોણ જાણે ક્યાં ને કેવી રીતે રહેતાં હશે!'

'મારો આત્મા તો એવું જ કહી રહ્યો છે કે એ સંપૂર્ણ સુરક્ષિત અને સુખી હશે. જે ધ્યેયની સિદ્ધિ માટેની સાધનાથી પ્રેરાઈને એ હિમપ્રદેશમાં જઈને વસ્યા છે એ સાધનાનું અનવરત અનુષ્ઠાન એમને આનંદ આપતું હશે એમાં સહેજ પણ શંકા નથી.' પરીક્ષિતે કહ્યું.

'આપણે ઈચ્છીએ કે એ સુખશાંતિથી રહીને પોતાના શેષ જીવનને સફળ કરતાં હોય.'

પરીક્ષિતે થોડીક ક્ષણો સુધી શાંતિ રાખીને આગળ કહ્યું:

'હું યુધિષ્ઠિરના વારસાને જાળવી રાખવાની અંતઃકરણપૂર્વક ઈચ્છા રાખું છું. એમનો યશ એકદમ અનુપમ છે. એ યશને વધારી ના શકું તો ઘટાડું તો નહિ જ, એને સદાયે અકબંધ રાખું, તો પણ ઘણું. એને માટે મારો પ્રયત્ન છે, અને એ પ્રયત્નમાં મને સફળતા સાંપડશે જ. આપણા સમસ્ત રાજ્યમાં કોઈ ચોર ના હોય, હિંસક ના હોય, વિપથગામી, વ્યસની કે વ્યભિચારી ના હોય એવી મારી અભિલાષા છે. કોઈ કંગાળ કે પતિત પણ ના હોય. મને વિશ્વાસ છે કે કૃષ્ણની કૃપાથી હું સફળ થઈશ.'

'અમને પણ એમાં શંકા નથી.'

'ભગવાન કૃષ્ણે પોતાના પાર્થિવ શરીરનો પરિત્યાગ કર્યો અને યુધિષ્ઠિર, અર્જુન અને ભીમ જેવા પરમપ્રતાપી પુરૂષો હિમાલયના ઋષિમુનિસેવિત પુણ્યપ્રદેશ માટે પ્રસ્થાન કરી ગયા ત્યારથી કેટલાંક આસુરી સંપત્તિવાળા અનર્થકારક તત્વોને ખુલ્લું મેદાન મળી ગયું લાગે છે, પરંતુ એમને અંકુશમાં રાખવા માટે બનતું બધું જ કરી છૂટીશ. મારી આગળ એવાં તત્વોનું જોર નહિ ચાલી શકે. ન્યાય, નીતિ ને ધર્મની મર્યાદામાં રહીને હું એ મર્યાદાની સ્થાપના કરવાના સફળ પ્રયત્નો કરીશ.'

ઉત્તરાએ ઉરની ઊર્મિની અભિવ્યક્તિ કરતાં જણાવ્યું:

'તારા વિચારો મને ખરેખર આનંદ આપે છે ને યુધિષ્ઠિરની તેમજ અર્જુનની યાદ કરાવે છે. એ બંને ન્યાય, નીતિ, સદાચાર ને ધર્મની મર્યાદામાં રહીને આગળ વધનારા કે જીવનારા હતા.'

'અર્જુન પણ?'

'હા. અર્જુન પણ. ફરક માત્ર એટલો જ છે કે યુધિષ્ઠિરની એ બાબત પ્રસિદ્ધિ હતી અને અર્જુનની આદર્શ જીવનચર્યા એટલી બધી પ્રસિદ્ધ નહોતી બની. મોટા ભાગના લોકો અર્જુનને એક અતિશય સામર્થ્યવાળા મહાન વીરપુરૂષ કે યોદ્ધારૂપે જ ઓળખતા, પરંતુ એની સાથેસાથે એ એક મહાન ધર્મપરાયણ, પવિત્ર ને નીતિમાન સત્પુરૂષ પણ હતા એ હકીકતની બહુ થોડા લોકોને ખબર છે.'

'એ વાત સંપૂર્ણ સાચી છે.'

'જો એ નીતિમાન, પવિત્ર ને પરમ ધર્મપરાયણ ના હોત તો ભગવાન કૃષ્ણે એમના પર આટલો બધો અસાધારણ અનુગ્રહ કર્યો હોત? એમના પરનો એમનો પ્રેમ કેટલો બધો અપાર હતો? એટલા માટે, એનાથી પ્રેરાઈને તો એમના પથપ્રદર્શક અથવા સારથિ બન્યા, અને યુદ્ધના મેદાનમાં એમણે આવશ્યકતાનુસાર ઉપદેશ પણ પ્રદાન કર્યો. એમની નીતિપરાયણતા ને પવિત્રતાના કેટલાય પ્રસંગોની હું સાક્ષી છું.'

'તને એમની સાથે રહેવાનો કે એમનું નજદીકથી અવલોકન કરવાનો સુયોગ સાંપડ્યો લાગે છે.'

'સાંપડ્યો છે.'

'ક્યારે?'

'એકવાર નહિ પરંતુ અનેકવાર. મારા લગ્ન પછી ને લગ્નજીવન પહેલાં પણ.'

'હા. મેં તને તે દિવસે જે કહેલું તે ભૂલી ગયો? પાંડવો દ્યુતમાં હાર્યા પછી અમારે ત્યાં વિરાટનગરમાં અમને ખબર ના પડે તેવી રીતે એક વરસ અજ્ઞાતવાસમાં રહેલા. અર્જુને ત્યારે બૃહન્નલા નામ ધારણ કરેલું ને સ્ત્રીવેશ રાખેલો. મારા પિતાના આદેશાનુસાર એ નૃત્ય ને સંગીતનું શિક્ષણ પ્રદાન કરતા. ત્યારે સૌથી પહેલાં મને એમનો સંપર્ક થયેલો અને એમની અદ્દભુત નીતિમત્તા તથા પવિત્રતાનો ખ્યાલ આવેલો.'

'એ હકીકત તો મેં તારી પાસેથી અને દ્રૌપદી, ભીમ તથા અર્જુન પાસેથી સાંભળી છે: એ દિવસો કેટલા બધા અનોખા હશે? અર્જુન સ્ત્રીના વેશમાં કેવા વિચિત્ર લાગતા હશે?'

ઉત્તરા સહેજ શાંતિ રાખીને બોલી:

'એ તો તને નજરે જોવાનો લાભ મળ્યો હોત તો ખબર પડત. એ વેશ પણ એમને ખૂબ જ સુંદર લાગતો.'

'પુરૂષના વેશ કરતાં પણ સુંદર?'

'એવું તો કેવી રીતે કહી શકાય?' પુરૂષનો વેશ એમને વધારે સુંદર લાગતો. પુરૂષ તરીકે એ વધારે અદ્દભુત અને આકર્ષક હતા. છતાં પણ સ્ત્રીના વેશમાં પણ શોભી ઊઠતા.'

'હવે તો મારે એમના એ સ્ત્રીરૂપની કલ્પના કરવાનું જ કાર્ય શેષ રહ્યું.'

'અને મારે પણ.' ઈરાવતી બોલી:

પરીક્ષિત કલ્પના પ્રદેશમાં વિહરવા લાગ્યો. ઈરાવતી પણ જુદી જુદી કલ્પનાઓ કરવા લાગી. ઉત્તરા ભાવમય બનીને બોલી ઊઠી:

'એ દિવસોમાં પણ અર્જુનનું મન નિર્વિકાર રહેલું. એમનું જીવન નીતિ ને ધર્મના સારતત્વોના સમન્વયરૂપ હતું. હું એની સાક્ષી છું. તું ધર્મ ને નીતિની એવી મર્યાદાને પાળીને એની સાર્વત્રિક સ્થાપના માટે

કૃતસંકલ્પ છે એ જોઈને મને આનંદ થાય છે. એમની અને યુધિષ્ઠિરની પેઠે તું પણ સર્વ પ્રકારે સફળ થાય ને યશસ્વી બને એવું ઈચ્છું છું.'

'તારા શુભાશિષ હશે તો એવું અવશ્ય થશે.'

'મારા શુભાશિષ શા માટે ના હોય? એ તો છે જ.'

'બસ ત્યારે. મને એમની સફળતામાં શ્રદ્ધા છે.'

એ રાતે ઉત્તરાને જલદી ઊંઘ ના આવી. એનું મન વિરાટનગરમાંના રમણીય રાજપ્રાસાદમાં પહોંચી ગયું. એને કૌમાર્યાવસ્થાની કામચલાઉ પ્રાપ્તિ થઈ. એની આંખ આગળ અર્જુનની એ ચિરપરિચિત આકૃતિ ઊભી રહી.

અર્જુને બૃહન્નલાનો વેશ ધરીને એને જુદુંજુદું શિક્ષણ આપવા માંડ્યું. એ શિક્ષણના સમસ્ત દિવસો અવનવા અનુભવથી ભરેલા અને અત્યંત આનંદદાયક થઈ પડ્યા.

છેવટે દ્રૌપદીના ને પાંડવોના વાસ્તવિક સ્વરૂપ પરથી પડદો ઊંચકાયો.

ઉત્તરાને અને એનાં માતાપિતાને એ આકસ્મિક પ્રસંગ પરિવર્તનથી અનહદ આનંદ થયો.

એમણે એ સૌનું અસાધારણ આદરભાવપૂર્વક સુંદર સ્વાગત કર્યું.

વિરાટનરેશે ઉત્તરા અને અર્જુનના વિવાહનો પ્રસ્તાવ મૂક્યો. એ પ્રસ્તાવ કોઈને પણ પ્રસન્ન કરવા માટે પૂરતો હતો. ઉત્તરા લોકોત્તર લાવણ્યથી સંપન્ન હતી. એના જેવી સૌન્દર્યવતી સુકુમારી સાથે લગ્નગ્રંથિથી જોડાવાનાં સ્વપ્ન મોટામોટા રાજકુમારો પણ સેવ્યા કરતા. એવા અવસરને એ પોતાના જીવનનો લહાવો લેખતા. પરંતુ વિરાટનરેશના પ્રસ્તાવના પ્રત્યુત્તરરૂપે અર્જુને જણાવ્યું:

'મારાથી આ પ્રસ્તાવનો સ્વીકાર નહિ કરી શકાય.'

'એનું કારણ?'

'કારણ સ્પષ્ટ છે. સહેજ શાંતિથી વિચારશો એટલે સમજી શકશો.'

'કેવી રીતે?'

'ઉત્તરા સાથે મારાથી લગ્ન થઈ શકે જ નહિ.'

'એવું કોણે કહ્યું?'

'મેં કહ્યું.'

'પરંતુ અમે કહીએ છીએ તે...'

'તે મને સ્વીકાર્ય નથી. ઉત્તરાને મેં અત્યાર સુધી મારી પુત્રી જેવી માની છે. એની સાથે એવો જ વ્યવહાર કર્યો છે. એ મારી શિષ્યા છે.'

વિરાટનરેશને એ સ્પષ્ટીકરણ આદર્શ અને આનંદદાયક ના લાગ્યું. એ તરત જ બોલ્યા:

'એથી શું થયું? તમે એની સાથે લગ્ન ના કરી શકો?'

'ના. ધર્મની મર્યાદા મને એ માટે ના પાડે છે. શિષ્યા કે પુત્રીની સાથે લગ્ન કરવાનું કાર્ય અનુચિત છે. એને માટે મારું મન નથી પ્રેરાતું. ઉત્તરાને માટે મારા મનમાં જે પવિત્ર ભાવ છે એને હું દુષિત કરવા નથી માગતો. હું પરિણીત પણ છું.'

'પરિણીત હો તેની કશી જ હરકત નથી.'

'તેની હરકત હોય કે ના હોય તો પણ ધર્મ કે નીતિની મર્યાદાનો વિચાર કરીને હું એની વિરુદ્ધ કશું કરવા નથી માગતો. મારો અંતરાત્મા એને માટે સ્પષ્ટ ના કહે છે. એની અવજ્ઞા મારાથી નહિ કરી શકાય.'

'ધર્મ ને નીતિની મર્યાદાનું સૌથી વધારે જ્ઞાન તો યુધિષ્ઠિરને છે. આપણે એમને પૂછીએ અથવા એમની સલાહ લઈએ.'

'એમાં પૂછવાનો કે સલાહ લેવાનો કોઈ સવાલ જ નથી. મારો નિર્ધાર મક્કમ છે. એમાં લેશમાત્ર પણ ફેર નથી પડે એવો. છતાં પણ એમની સાથે પરામર્શ કરવો હોય તો કરી શકો છો. મારા દૃષ્ટિકોણને એ સુચારુરૂપે સમજી જશે એવો મને વિશ્વાસ છે.'

ઉત્તરાનું ભાવિ એવી રીતે અર્જુનની સંમતિ અથવા અસંમતિ પર લટકવા માંડ્યું. એને પોતાને અર્જુનને માટે ભાવ હતો. વિશેષ ભાવ હતો એવું કહીએ તો પણ ચાલે, પરંતુ એ અર્જુનની વિચારસરણીની વિરુદ્ધ જવાની ઈચ્છા નહોતી રાખતી. એણે સઘળી હકીકતની માહિતી મેળવીને પોતાના પિતાને કહ્યું પણ ખરું:

'અર્જુનની ભાવના ઉદાત્ત અને પ્રશંસનીય છે. એ ભાવનાથી મને એમના પ્રત્યે અસાધારણ આદરભાવ થાય છે. એમની મારે માટેની લાગણીને સમજુ છું. એમનો વ્યવહાર પવિત્ર છે એ પણ સાચું છે. એમને કોઈ પણ પ્રકારનો દુરાગ્રહ કરવો ઠીક નથી.'

છતાં પણ વિરાટનરેશનું મન માન્યું નહિ. એમણે એ આખીય સમસ્યાને યુધિષ્ઠિર આગળ રજૂ કરી. યુધિષ્ઠિરે પરિસ્થિતિની નિષ્પક્ષ વિચારણા કરીને જણાવ્યું:

'ઉત્તરા સર્વ રીતે સુયોગ્ય છે. એનામાં કોઈપણ પ્રકારની ક્ષતિ નથી. અર્જુન સાથેનું એનું પાણિગ્રહણ મને ને બીજા બધાને ગમે. પરંતુ મુખ્ય આધાર અર્જુન પર છે. એના દૃષ્ટિબિંદુને સમજવાનું કામ કઠિન નથી. એ વિકારરહિત બનીને પ્રલોભનની વચ્ચે પણ ધર્મ તથા નીતિની મર્યાદાને વફાદાર રહેવાનો વિચાર કરી શકે છે અને વફાદાર રહી શકે છે. એને માટે અભિનંદનને પાત્ર છે. એ ખરેખર મહાન છે. એની ઈચ્છા વિરુદ્ધ એની ઉપર કોઈ જાતનું દબાણ નહિ કરું. એવું દબાણ કરવાનું મને જરાપણ ઉચિત નથી લાગતું. પરંતુ મને એક બીજો વિચાર આવે છે. એ વિચારની પાછળ આપણા સ્નેહસંબંધને સુદૃઢ કરવાની ને ઘનિષ્ઠ કુંટુંબભાવમાં ફેરવવાની ભાવના જ કાર્ય કરે છે. અર્જુન એ વિચારનો વિરોધ નહિ કરે એવો મને વિશ્વાસ છે. હા; તમારામાંથી કોઈ એનો વિરોધ કરે તો જુદી વાત છે.'

વિરાટનરેશની જિજ્ઞાસાના જવાબમાં યુધિષ્ઠિરે પોતાનો વિચાર કહી બતાવ્યો ત્યારે ઉત્તરાને અવનવી લાગણી થઈ આવી. એનું હૈયું હાલી ઉઠ્યું.

વિરાટનરેશે એ સાંભળીને કહ્યું:

'તમારો વિચાર સારો છે. અર્જુન પોતાના સંકલ્પમાં મક્કમ છે તો ઉત્તરાનું લગ્ન અર્જુનપુત્ર અભિમન્યુ સાથે થાય તે ઈચ્છનીય અથવા બધી રીતે આવકારદાયક છે. ઉત્તરાની એ સંબંધમાં સંમતિ મળે એટલે સુયોગ્ય નિર્ણય કરી શકાય.'

ઉત્તરાએ અભિમન્યુને સૌથી પહેલો જોયો ત્યારથી જ એનું અંતર અનુરાગનો અનુભવ કરવા માંડ્યું. અભિમન્યુની અવસ્થા પણ એવી જ થઈ. બંને એકમેકને ચિરપરિચિત લાગ્યાં. હૃદયની વીણાઓ રાગમય બનીને વાગી ઊઠી. બંનેને એવું લાગ્યું કે પોતે એકમેકને સારું જ સર્જાયાં છે.

પછી તો...એક ધન્ય દિવસે એ બંનેના લગ્ન થયાં. બંનેના કુટુંબીજનોમાં ઉલ્લાસ છવાઈ ગયો. એ પર્વસમાન સુખદ પ્રસંગે વિરાટનરેશે અર્જુનને અભિનંદન આપતાં જણાવ્યું:

'તમારા જેવો આદર્શ આચારધર્મ બીજું કોઈ ભાગ્યે જ પાળી શકે. માનવનું સ્વભાવથી જ નિર્બળ મન આટલું બધું સાત્વિક, શુદ્ધ ને શક્તિશાળી ભાગ્યે જ રહી શકે. તમને જેટલાં પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. ઉત્તરાને છેવટે સુયોગ્ય પુરૂષરત્નની પ્રાપ્તિ થઈ એનો મને સંતોષ છે.'

'મને પણ એનો ઓછો આનંદ નથી.' અર્જુન બોલી ઊઠ્યો; ઉત્તરાનું જીવન સદાને સારું સુખી થાય એવી મંગલ કામના મારા મનમાં હંમેશા રહે છે ને રહ્યા કરશે.'

ઉત્તરાની આંખમાંથી અશ્રુબિંદુ ટપકી પડ્યું.

લગ્નપછી ઉત્તરા ઈન્દ્રપ્રસ્થમાં આવી પહોંચી. ભગવાન કૃષ્ણને પ્રણામ કરીને બંનેએ શુભાશિષ માગ્યા. કૃષ્ણને આનંદ થયો. એમની આંખ થોડીક ભીની થઈ. અર્જુને પાછળથી એકાંતમાં એનું રહસ્ય પૂછયું તો એમણે કહ્યું:

'મારી આંખ ભીની ના થાય?'

'ભાગ્યે જ થાય. કોઈક વિરલ કાળે કે વિરલ પ્રસંગે.'

'સાચું કહું?'

'અવશ્ય કહો.'

'સાંભળવાનું ગમશે.?'

'ગમશે.'

'ઉત્તરાનું લગ્નજીવન લાંબુ નહિ ટકે.'

'હેં..? કેમ નહિ ટકે? શું ઉત્તરાનું આયુષ્ય ટૂંકું છે? કે પછી અભિમન્યુનું?'

'એ ગુપ્ત રહસ્યને અત્યારે નહિ ખોલું. પરંતુ એમનું લગ્નજીવન હશે સુખી. એ બંને અમર બનશે અને એક અમર પુત્રને જન્મ આપશે. લગ્ન પહેલાં મારી સલાહ લીધી હોત તો કાંઈક વિશેષ કહેત, પણ હવે તો આટલું જ. અને તે પણ તને જ. તેની જાહેરાત ના કરતો.'

અર્જુન ભારે વિમાસણમાં પડ્યો.

ઉત્તરાની આંખ ક્યારે મીંચાઈ ગઈ એની એને ખબર પણ ના પડી.

*

## ૧૨. સંવેદન

ઉત્તરાની આંખ ઊઘડી ત્યારે એના મનમાં એ દૃશ્ય તાજું હતું. એ દૃશ્યને વારંવાર યાદ કરીને એનું અંતર અતિશય સંવેદનશીલ બની રહ્યું. ભૂતકાળની અસંખ્ય સ્મૃતિઓ એ અંતરમાં સળવળી ઊઠી. એ સ્મૃતિઓએ એના હૈયાને હચમચાવી નાખ્યું. તો પણ એ સ્મૃતિઓ સુખદ હતી એની ના નહિ. એને થયું કે કૃષ્ણની વાત સાચી પડી. એમની ભવિષ્યવાણી પ્રમાણે જ એના જીવને વળાંક લીધો. અભિમન્યુનું યુદ્ધભૂમિમાં વીરતાપૂર્વક લડતાં લડતાં અકાળે અવસાન થયું, ને પોતાના લગ્નજીવનનો એકાએક અંત આવ્યો. એ અંત અભિમન્યુને તથા પોતાને માટે કેટલો બધો કરુણ હતો?

અર્જુનનું ધર્મ ને નીતિની મર્યાદાનું પરિપાલન એને ખૂબ જ પ્રશંસનીય લાગ્યું. પરીક્ષિત પણ એ જ વિચાર ને ભાવનું પ્રતિનિધિત્વ કરતો હોઈને કૃષ્ણના કહ્યા પ્રમાણે યશસ્વી અથવા અમર બનવા સરજાયેલો છે એમાં એને શંકા ના રહી.

વિરાટનગરના પેલા વૈવિધ્યપૂર્ણ દિવસોનું વિસ્મરણ એને સહેલાઈથી નહોતું થઈ શકે તેમ. એમના વિસ્મરણની આવશ્યકતા પણ નહોતી. એ દિવસો ઓછા અગત્યના ન હતા. એમાંયે અર્જુનની સાથે ગાળેલા દિવસો તો એના જીવનના અવિસ્મરણીય અને મહામૂલ્યવાન દિવસો હતા. એ દિવસોનો આનંદ અનેરો હતો.

એ દિવસો પાણીના રેલાની પેઠે ખૂબ જ ઝડપથી જોતજોતામાં પસાર થઈ ગયા. એ દિવસો દરમિયાન એના અંતરમાં અર્જુન પ્રત્યે પ્રેમભાવનું પ્રાકટ્ય થયેલું ખરું? અવશ્ય થયેલું. એ પ્રેમભાવ વખતના વીતવા સાથે વધતો પણ ગયેલો. એની સંસ્મૃતિ પાછી જાગી ઊઠી.

નૃત્યકાળનો પોતાનો અભિનય પૂરો કરીને એ દિવસે સંધ્યાસમયે એ નૃત્યશાળામાં વિશ્રામ કરી રહેલી ત્યારે આકાશ અવનવી રંગોળીથી કેટલું બધું આહલાદક લાગતું'તું? એના અવલોકનથી મન ધરાતું નહોતું. એ વખતે અર્જુને એની પાસે પહોંચીને કહ્યું:

'સંધ્યાના રંગો કેટલા બધા રમણીય લાગે છે? આવા આહલાદક અને અદ્દભુત રસસભર રંગોની સૃષ્ટિ કોઈ સામાન્ય વ્યક્તિ કરી શકે?'

'હું પણ એ જ વિચારું છું. આ કાર્ય કોઈ વ્યક્તિનું નથી લાગતું. અસાધારણ શક્તિનું લાગે છે.' ઉત્તરા બોલી.

બંને બેચાર ક્ષણો સુધી સંધ્યાના એ સુંદર રંગોને નિહાળી રહ્યાં પછી ઉત્તરાએ સહજ ભાવે પૂછયું:

'સંધ્યા કેવી લાગે છે?'

'તારા જેવી.' અર્જુને તરત જ ઉત્તર આપ્યો.

'મારા જેવી?'

'હા.'

'કેવી રીતે?'

'કેવી રીતે તે તો પરિપૂર્ણપણે કેમ કહી બતાવું? પરંતુ નૃત્ય કરવાને લીધે એ તારી જેમ થાકીને ઘડીભર વિશ્રામ કરી રહી છે. એનું શરીર પણ તારા જેવું જ સુંદર અને લાલિમાવાળું છે. એની જેમ તું પણ તારા અવલોકનથી સૌ કોઈને આનંદ આપે છે. તારા સૌન્દર્યનું પાન કરનાર ભાગ્યે જ તૃપ્તિ પામે છે.'

એટલામાં તો સંધ્યા અદૃશ્ય થવા માંડી એ જોઈને ઉત્તરાએ ઉદ્દગાર કાઢ્યા:

'સંધ્યા સહસા શાંત થવા માગે છે કે શું?'

'શાંત થવા માગે છે એવું તો કેવી રીતે કહી શકાય? એ તો એને ચંદ્ર પ્રત્યે પ્રેમ થયો લાગે છે. એટલે ચંદ્ર પણ એને અપનાવવા તૈયાર થયો છે. એ ચંદ્રને ઘેર જવા અને ચંદ્રના અંતરમાં સમાવા તૈયાર થઈ છે.'

'એ તો અત્યંત આશ્ચર્યકારક કહેવાય.'

'છતાં પણ સાચું છે.'

થોડા વખત પછી અર્જુન બોલ્યો:

'સંધ્યાના આ દૃશ્યને દેખીને મને એક વિચાર આવે છે.'

'શું?'

'તારી સાથે હવે ખાસ પડદો નથી રહ્યો એટલે એ વિચાર કહી બતાવું. મને એમ થાય છે કે તું પણ સંધ્યા જેવી-અરે એના કરતાં પણ વધારે આકર્ષક અને સુંદર છે. તને પણ કોઈક સુયોગ્ય ચંદ્ર મળી જાય તો સારૂં. તારું જીવન સફળ તથા સુખી થાય.'

'પરંતુ એવો ચંદ્ર છે ક્યાં? મને તો નથી દેખાતો.'

'એ ક્યાંક પણ પણ હશે તો ખરો જ. એ સમય પર મળી પણ રહેશે. તારું જીવન એને પામીને સફળ તથા સુખી થશે તેમ એનું પોતાનું જીવન પણ તને મેળવીને ધન્ય બનશે.'

'સાચું કહો છો?'

'સાચું કહું છું.'

ઉત્તરા સહેજ શાંત રહીને બોલી ઊઠી:

'એવા સર્વગુણસંપન્ન રસચંદ્રનો મેળાપ કાંઈ સહેલો નથી.'

'સહેલો ના હોય તો પણ દૈવ જો સર્વપ્રકારે સાનુકૂળ હોય તો થઈ શકે છે. મને તો લાગે છે કે તને એનો મેળાપ થઈ રહેશે.'

'મારા મનની વાત કહી બતાવું? એવા રસચંદ્રો અવનીમાં બહુ ઓછા હશે. તમે અર્જુનનું નામ સાંભળ્યું છે?'

'સાંભળ્યું છે. કેમ?' અર્જુને ચમકીને પૂછયું.

'મેં એમના વિશે મારા પિતાજી પાસેથી સાંભળ્યું છે. એના પરથી મારો નિશ્ચય થયો છે કે એ ચંદ્ર બરાબર છે. એવા પુરૂષરત્નની પ્રાપ્તિ થાય તો જીવન ધન્ય બની શકે ખરું?'

'પરંતુ એ તો પરિણીત છે અને એમની ઉંમર કાંઈક મોટી છે.'

'એથી શું થયું? એની મને હરકત નથી.'

'છતાં પણ કોઈક અપરિણીત હોય તો વધારે સારું. કર્મના સંસ્કારો પ્રમાણે એવું પણ કોઈક મળી રહેશે.'

'મારે એની ઉતાવળ થોડી છે, બૃહન્નલા?'

'ઉતાવળ હશે તો પણ બધું સુયોગ્ય સમયે જ થઈ રહેશે. બાકી અર્જુનની અપેક્ષા રાખવી નકામી છે. એમનો સ્વભાવ ખૂબ જ વિચિત્ર છે.'

'હું એમની કે કોઈની આકાંક્ષા રાખીને થોડી જ બેઠી છું. આ તો ચંદ્ર પરથી વાત નીકળી ત્યારે મેં સહજ રીતે કહી બતાવ્યું. મારા વિચાર વ્યક્તિગત હોવાથી ગુપ્ત રાખજો.'

'સારું. એ ગુપ્ત જ રહેશે. તું એની ચિંતા ના કરતી.'

'હું કોઈથી ગભરાતી કે ડરતી નથી. પરંતુ વાત કવખતે અને કારણ વગર બહાર ના પડી જાય માટે જ આટલી સૂચના આપું છું.'

અર્જુન ઉત્તરા તરફ લાગણીપૂર્વક જોઈ રહ્યો. ઉત્તરા એકાદ પળ પછી બોલી:

'મારા મનની એક બીજી વાત કહી બતાવું?'

'આજે મનની વાતોને વ્યક્ત કરવાનો જ કાર્યક્રમ રાખ્યો છે કે શું?' અર્જુને સસ્મિત પૂછ્યું.

'જે સહજ રીતે સ્ફુરે છે તે કહું છું. તમારા પ્રત્યે પણ મને અગાધ આકર્ષણ કે પ્રેમ થાય છે.'

'તો શું એક સ્ત્રીને બીજી સ્ત્રીને માટે પ્રેમ અથવા આકર્ષણ ના હોય શકે? પ્રેમ અથવા આકર્ષણ કાંઈ વિજાતીય વ્યક્તિમાં જ થાય અને સજાતીય વ્યક્તિ વચ્ચે ના થાય એવું થોડું છે? એ તો આત્માનો સ્વભાવ હોય છે, શરીરનો નથી હોતો. અને આત્માને કોઈ વિશેષ જાતિ નથી હોતી એ તો તું જાણતી હોઈશ.'

'જાણું છું. સજાતીય આકર્ષણ અને અનુરાગનો અનુભવ પણ કાંઈ સૌ કોઈને માટે નથી થતો. એની પાછળ કર્મના કોઈ અદૃષ્ટ, વિશિષ્ટ અનુબંધો અથવા નિયમો કામ કરતાં હોય છે. આપણા પારસ્પરિક પ્રેમભાવની પાછળ પણ એવું જ કોઈક કારણ કામ કરતું હશે એટલું તો સ્વીકારશોને?'

'હા.'

ઉત્તરાએ એના અનુસંધાનમાં આગળ કહ્યું:

'બૃહન્નલા! તમારો આત્મા પણ કોઈ સામાન્ય આત્મા નથી લાગતો. કલાકારનો આત્મા આમેય સામાન્ય નથી હોતો. તમને જે રીતે જાણું છું તે રીતે, તેટલા પ્રમાણમાં કહી શકું છું કે તમે પણ ચંદ્ર છો અથવા એમ કહો કે ચંદ્રિકા. તમે પુરૂષ હોત તો તો તમને ચંદ્ર જ કહેત અને તમને પતિ તરીકે પસંદ કરવાનો વિચાર કરત.'

'મને ? મને પસંદ કરવાનો વિચાર કરત?'

'કેમ? તમને કાંઈ આશ્ચર્ય થયું? તમે સ્ત્રી છો એટલે તમને ક્યાંથી પસંદ કરી શકું? સ્ત્રી કાંઈ સ્ત્રીને એવી રીતે વરી કે પસંદ કરી શકે છે? તમને ઈશ્વરે પુરૂષનું શરીર આપ્યું હોત તો કેટલું સારું? મારી સમસ્યા સહેલી થાત ને ઉકલી જાત. કેટલાય પુરૂષ થવાને યોગ્ય આત્માઓને એણે સ્ત્રી બનાવ્યા છે અને કેટલાય સ્ત્રી થવાને યોગ્ય જીવોને પુરૂષ કર્યા છે.'

અર્જુને હસીને કહ્યું:

'તારી કલ્પનાશક્તિ ઘણી સુંદર અને વિશાળ અને મૌલિક લાગે છે. પરંતુ...ઈશ્વરે મને સ્ત્રી શરીર આપ્યું છે તે સારું છે નહીં તો મારી મુસીબતમાં વધારો થાત. તને આટલી બધી સહજ અને સારી રીતે શીખવી ના

શકત. તું જરાક કલ્પના દ્વારા એ પરિસ્થિતિનો વિચાર તો કરી જો. વિરાટનરેશ મને નૃત્ય અને સંગીતાદિ કળાના શિક્ષણ સારું રાખત જ નહીં.'

'શા માટે ના રાખત? તમારી અસાધારણ યોગ્યતાને જોઈને એ તમને જરૂર રાખત. એમને પુરૂષને માટે પૂર્વગ્રહ અથવા સ્ત્રીને માટે કોઈ વિશેષ પક્ષપાત નહોતો. એ તો કળાના ઉપાસક તરીકે મને કોઈની પાસેથી પણ કળાનું શિક્ષણ અપાવવા માંગતા હતાં. આજે પણ એમની દૃષ્ટિ એવી જ ઉદાત્ત ને વિશાળ છે.'

'પરંતુ હવે મારાથી આ શરીરનો પરિત્યાગ કરીને બીજું શરીર થોડું જ બદલી શકાય છે? એવી અસામાન્ય શક્તિનો મારામાં નિતાંત અભાવ છે, હવે તો બીજો નવો જન્મ મળે અને એમાં પણ પુરૂષનું શરીર મળે ત્યારે. એ જન્મમાંય કયું શરીર આવી મળશે એનો નિર્ણય કોઈનાથી થોડો જ થઈ શકે તેમ છે? અને થઈ શકતો હોય તો પણ, ત્યાં સુધી તું મારી પ્રતીક્ષા કરીને કૌમાર્યાવસ્થામાં થોડી જ બેસી રહેવાની છે? કોઈ કોઈની પ્રતીક્ષા કરીને બેસી નથી રહેતું. તારી જગ્યાએ હું હોઉ તો પણ ના બેસી રહું. માટે તને તારા આ જીવનમાં કોઈ સુયોગ્ય સાથી મળે એવા અંતઃકરણપૂર્વક આશિષ આપું છું.'

ઉત્તરા ભાવાત્મક જગતમાંથી જાગીને બોલી:

'ચંદ્રની વાત પરથી આપણે ક્યાંના ક્યાં જઈ પહોંચ્યાં? કશી ખબર પણ ના રહી.'

'તને દુઃખ થાય છે?'

'દુઃખ શા માટે થાય? મેં ક્યાં કોઈ દુષ્કર્મ કર્યું છે કે મને દુઃખ થાય? હા. એટલો વસવસો જરૂર થાય છે કે આપણી વાતો કેવળ વાતો જ રહેશે. એમને આચારમાં અનુવાદિત નહિ કરી શકાય. જો કે વાતોનો પણ એક પ્રકારનો વિશિષ્ટ આનંદ તો છે જ. સંજોગો આપણે માટે જરાપણ સાનુકૂળ નથી.'

'એમાં કશુંક શુભ જ સમાયલું હશે.'

'એ તો કેવી રીતે કહી શકાય?'

'મારો અંતરાત્મા એવું કહી રહ્યો છે.'

'અંતરાત્મા બધે જ સમયે સાચું કહે છે એવું થોડું છે? કોઈક વિરલ વ્યક્તિવિશેષનો અંતરાત્મા જ એને સાચા સંદેશ સંભળાવતો હશે.'

'મારા સંબંધમાં પણ એવું જ સમજી લેજે. મારા ઉદ્દગારો પણ મિથ્યા નહિ થાય.'

'એમ?'

'હા.'

ઉત્તરા આખરે ઊઠી. એના અંતરમાં સંવેદનના સહસ્ત્રો સ્વરો જાગી ઊઠ્યા. જતાં જતાં એણે મંદ છતાં મંજુ સ્વરે જણાવ્યું:

'બૃહન્નલા, આજની વાત આપણી વ્યક્તિગત વાત રહે તેનું ધ્યાન રાખવાનું છે.'

'તેની સહેજ પણ ચિંતા ના કરતી.' અર્જુને સ્પષ્ટીકરણ કર્યું: 'મારી પાસેથી વ્યક્તિગત વાતો બીજે ક્યાંય નથી જતી. આમેય મને બીજાને મળવાની અને બીજાની સાથે છૂટથી વાતો કરવાની ટેવ નથી.'

ઉત્તરાને સંતોષ થયો. બંને લલિત કળાના ખંડમાંથી ધીમી ચાલે બહાર નીકળ્યાં.

એની પછીની પરિસ્થિતિ ઘણી વિચિત્ર અને નાજુક હતી. વિરાટ નગરના નિવાસકાળ દરમિયાન છેલ્લેછેલ્લે પાંડવો તથા દ્રૌપદીનું વાસ્તવિક સ્વરૂપ પ્રકટ થઈ ગયું ત્યારે ઉત્તરા અવનવું મંથન અનુભવી રહી.

'અમે તમને સૌને સેવામાં રાખ્યા એ સારું ના થયું. અમને અગાઉથી ખબર હોત તો તમારી સાથે જુદી જ જાતનો વ્યવહાર કરત. તમને અમારા આદરણીય અતિથિ તરીકે આશ્રય આપત.' એણે અર્જુનની આગળ એનું અંતર ખોલ્યું.

અર્જુને એને આશ્વાસન આપતાં જણાવ્યું:

'તેં તથા તારા પિતાજીએ અજ્ઞાત અવસ્થામાં પણ અમારી પ્રત્યે ઘણો સારો વ્યવહાર કર્યો છે. એ વ્યવહાર સેવક તરીકેનો નહોતો પણ સન્માન્ય સુહૃદ તરીકેનો હતો. એને માટે તમે બધાં અભિનંદનને પાત્ર છો. તમારા સૌના સ્નેહને લીધે અમને અહીં કશી જ તકલીફ નથી પડી. અમારો સમસ્ત સમય ખૂબ જ શાંતિ અને આનંદપૂર્વક પસાર થઈ ગયો.'

'તમારા વાસ્તવિક સ્વરૂપનું અમને પહેલેથી જ ભાન કરાવ્યું હોત તો અમને તમને સૌને આવકારતાં કેટલો બધો આનંદ થાત? તમારી સેવાના સૌભાગ્યથી અમારાં જીવન ધન્ય બની જાત.'

'અજ્ઞાતવાસના અમારા સમગ્ર સમયને શાંતિપૂર્વક સમાપ્ત કરવાને માટે એ વાતને અજ્ઞાત રાખવાની આવશ્યકતા હતી.'

'પરંતુ અમને એવી પૂર્વસૂચના આપી હોત તો અમે એ હકીકતને એકદમ અજ્ઞાત રાખત.'

'એની પાછળ ખૂબ જ જોખમ સમાયલું હતું. વાત વહેતીવહેતી જો કોઈ રીતે દુર્યોધન પાસે પહોંચી જાય તો અમારે ફરી પાછો વનવાસ વેઠવો પડત. એટલે જે થયું તે ઠીક જ થયું છે. હવે આટલા વખતે એનો અફસોસ કરવાનું અનાવશ્યક છે.'

'પરંતુ હું તો તમને બૃહન્નલા માની બેઠેલી.'

'હરકત નહિ એથી કશું બગડ્યું નથી.'

'કેમ નથી બગડ્યું? મારું તો બગડ્યું જ છે. મેં પ્રથમથી જ જાણી લીધું હોત કે તમે બૃહન્નલા નથી પણ અર્જુન છો તો પરિસ્થિતિ જુદી જ હોત.'

અર્જુને શાંતિથી કહ્યું:

'તો પણ કશો ફેર ના પડત. હું તને પ્રથમથી જ પુત્રી જેવી માનું છું. તને કળાનું શિક્ષણ આપ્યું એ દૃષ્ટિએ પણ તું મારી સંસ્કારપુત્રી છે. એવું જ કહી શકાય. મેં તારા પ્રત્યે વિકારી દૃષ્ટિ કે વૃત્તિથી નથી જોયું ને જોઈ શકીશ પણ નહિ. હું ધર્મ ને પ્રસ્થાપિત નીતિનાં મૂલ્યોને અનુસરતું જીવન જીવવાનો આગ્રહ રાખું છું.'

ઉત્તરા બોલી:

'એને માટે તમને અભિનંદન આપું છું. મારું આકર્ષણ એવું અજ્ઞાનજન્ય અથવા અંધ નહોતું. ધર્મ તથા નીતિની મર્યાદાનું પરિપાલન મને પણ આવકારદાયક અને આદર્શ લાગે છે. મને પણ એ પ્રકારના અમુક સર્વોત્તમ સંસ્કારો વારસામાં મળ્યા છે. તમારી દૃષ્ટિ કે વૃત્તિને જાણી લીધા પછી હવે મારા દિલમાં દુઃખ નથી રહેતું.'

અર્જુનનું અંતર આહ્લાદથી ભરાઈ ગયું. એણે કહ્યું:

'હું પણ તારા વ્યક્તિગત વિશદ વિચારોને માટે તને અભિનંદન આપું છું. તારું હૃદય કોઈક સામાન્ય રાજકુમારીનું નથી. મને એનો અનુભવ છે. તારા જેવાં કન્યારત્નો આપણી પાર્થિવ પૃથ્વીમાં ઘણાં ઓછા મળે છે. સ્વર્ગલોક જેવા ઉત્તમ મનાતા લોકમાં પણ ભાગ્યે જ હશે.'

ઉત્તરાનું હૈયું ભરાઈ આવ્યું. વદન ભાવવિભોર બની ગયું. એ ઉર્મિની ઉત્કટતાને લીધે અધિક ના બોલી.

એ પછી તો કાળે પોતાની અવનવી અકલ્પ્ય ક્રીડાનો આરંભ કર્યો. અર્જુનપુત્ર અભિમન્યુ સાથે ઉત્તરાનું લગ્ન થયું. ઉત્તરા અર્જુનને પ્રણામ કરીને ઊભી રહી એટલે અર્જુને લાગણીસભર સ્વરે કહેવા માંડ્યું:

'અભિમન્યુ મારો પુત્ર છે ને તું મારી ધર્મપુત્રી થઈ. તારું સૌભાગ્ય અખંડ રહે ને સુખદ ઠરે એવા મારા આશીર્વાદ છે.'

'સંસારમાં કોઈનું સૌભાગ્ય અખંડ રહ્યું છે ખરું?' ઉત્તરાએ મોં મલકાવતાં પૂછ્યું.

'તો પણ લાગતાં વળગતાં સૌ ઈચ્છા તો એવી જ રાખે છે અને એમને આશીર્વાદ પણ એવા જ આપવામાં આવે છે.'

'અભિલાષા તો એવી પણ રાખું છું કે મારું સૌભાગ્ય ઉજ્જવળ બને.'

'ઉજ્જવળ પણ બનશે. લગ્નજીવન છે તો સંયમની ને સેવાની સાધના માટે. એનું અહર્નિશ ધ્યાન રાખજે.'

ઉત્તરાને આનંદ થયો.

એ સઘળી સ્મૃતિઓ આજે એની આંખ આગળ આવીને વારાફરતી ઊભી રહી. એમનું સ્મરણ એને માટે સુખદ ઠર્યું. એમનું ચર્વણ એણે આજ સુધી અનેકવાર કરેલું પરંતુ આજે એ એકદમ અનોખું લાગ્યું. એનો આત્મા અતિશય ઊર્મિશીલ બની ગયો. એણે મનોમન ઉદ્દગાર કાઢ્યા:

'જીવનના એ અનેકરંગી અંકો પૂરા થયા. એ અવનવા અભિનયો શાંત થયા. અભિમન્યુએ પણ આખરે વિદાય લીધી. એ વિદાય કેટલી બધી કરુણ, કઠોર, ક્લેશકારક અને વેદનાજનક હતી? એની સ્મૃતિથી કાળજું આજે પણ કંપી ઊઠે છે. છતાં પણ શું થાય? હવે કોઈ ઉપાય નથી. કાળ કાળનું કામ કર્યે જાય છે. પરીક્ષિતને પેખીને મને સંતોષ થાય છે. એ ધર્મની મર્યાદામાં રહીને જીવન ગુજારે છે એથી મને અસાધારણ આનંદ થાય છે. અર્જુન અને અભિમન્યુની પેઠે જ પવિત્ર રહીને અમર યશની પ્રાપ્તિ કરશે તો મારું માતૃત્વ ને શરીરધારણ ધન્ય બનશે. મારું અંતર એને માટે શુભાશિષની વૃષ્ટિ વરસાવી રહ્યું છે.'

* * * * *

## ૧૩. ઉર્વશીનો મેળાપ

બીજે દિવસે વહેલી સવારે ઉત્તરાએ સ્નાનાદિથી પરવારીને નિત્યનિયમ પ્રમાણે પ્રણામ કરવા આવેલા પરીક્ષિતને કહ્યુઃ

'તારા આદર્શ જીવનને જોઈને મને સંતોષ થાય છે. એ જીવન આવું જ આદર્શ રહે, બીજાને પ્રેરણા ધરે, ને બીજાની સેવા કરે એવું ઈચ્છું છું. આવા જીવનને લીધે તું સંસારમાં સર્વોત્તમ સુખની પ્રાપ્તિ કરીશ અને યશ મેળવીશ.'

પરીક્ષિતે જણાવ્યુંઃ

'તારા શુભાશિષથી મારું સદા કલ્યાણ જ થશે. આ બધો તારા, ભગવાન કૃષ્ણના, દ્રૌપદીના ને પરમપ્રતાપી પાંડવોના અનોખા અનુગ્રહનો જ પ્રતાપ છે. એ અનુગ્રહ મારી રક્ષા કરશે ને મારે માટે સદા શ્રેયસ્કર ઠરશે.'

'તું ધર્મ ને નીતિની મર્યાદામાં રહીને જીવીશ એટલે તારું સદાયે કલ્યાણ જ થયા કરશે. તારા જીવનમાં કોઈ પણ પ્રકારનો ભય નહિ રહે; અને ભય આવશે તો પણ જોતજોતામાં નિવૃત્ત થઈ જશે.'

'હું નિત્યનિરંતર એની મર્યાદામાં રહીને જ જીવવાનો આગ્રહ રાખીશ. અને પછી તો આગળ વધતા એવું જીવન મારે માટે તદ્દન સહજ બની રહેશે.'

ઉત્તરાના આશીર્વાદથી ઉત્સાહિત બનીને પરીક્ષિતે એ પછી હિંમતપૂર્વક પોતાની સાર્વભૌમતાને સિદ્ધ કરવા માટે દિગ્વિજયનો આરંભ કર્યો.

દિગ્વિજયના એ ઐતિહાસિક કાર્યમાં એણે ઉત્તરોત્તર સફળતા મેળવીને પોતાના સામ્રાજ્યનો વિસ્તાર સારી પેઠે વધારી દીધો. એથી એને ચિરકાલીન યશની પ્રાપ્તિ થઈ. એનું જીવન કૃતકૃત્યનો અનુભવ કરવા લાગ્યું.

એ દિવસોમાં એકવાર એ મૃગયા કરવા નીકળેલો ત્યારે મૃગયા કરતાં કરતાં અરણ્યમાં એકલો પડી ગયો.

સંધ્યાસમયને સમીપ સમજીને એ અશ્વને જરા જલદી ચલાવીને નગરમાં જવા માટે ઉતાવળો બન્યો ત્યાં જ એની દૃષ્ટિ એક અદૃષ્ટપૂર્વ અદ્દભુત દૃશ્ય પર પડી. માર્ગની એક બાજુએ એકાંત અરણ્યમાં સુંદર સુવિશાળ સરોવર હતું. એના તટપ્રદેશ પર તાજેતરમાં જ સ્નાન કરીને સુશોભિત વસ્ત્રોને પરિધાન કરતી કેટલીક સ્ત્રીઓ ઊભેલી. એ સ્ત્રીઓ પ્રથમ નજરે નિહાળતાં જ કોઈ સામાન્ય સ્ત્રીઓ નહોતી લાગતી. એમનું રૂપ, લાવણ્ય, વર્તન સર્વકાંઈ અસામાન્ય હતું. સરોવરની કલાત્મક કમલિનીઓ જ જાણે એમના રૂપમાં મૂર્તિમંત બની હોય એવો ભાસ થતો. એમનું દર્શન કોઈને પણ મંત્રમુગ્ધ કે મોહિત કરી દેવાની શક્તિવાળું હતું.

પરીક્ષિત એ શૃંગાર કરતી સુંદરીઓને નિહાળી રહ્યો. એનો અશ્વ પણ મંત્રમુગ્ધતાનો અનુભવ કરતો હોય એમ આપોઆપ મંદ ચાલે ચાલવા માંડ્યો. કેટલું બધું મધુમય કે માદક દૃશ્ય?

સમીર એ સુંદરીઓનાં વિવિધરંગી વસ્ત્રોને વારંવાર વિલાસ કરતાં ઉડાડતો. એમની કાળી ભમ્મર જેવી કબરીઓને પણ એ ખોલી નાખતો. એથી એમની કેશલટો અનવરત નર્તન કરતી. એ સઘળી સુંદરીઓ પરસ્પર

વિનોદ કરતાં આનંદ માણતી હતી તે જ વખતે એમણે પરીક્ષિતને પોતાની આગળ, પોતાનાથી થોડે જ દૂર, ઊભેલો જોયો.

માનવના એ આકસ્મિક મેળાપથી એમને આશ્ચર્ય અને આનંદ બંનેનો અનુભવ થવા લાગ્યો. એ એકાદ ક્ષણપર્યંત સહેજ સંકોચમાં પડી. બીજી જ ક્ષણે સ્ત્રીસહજ સંકોચનો પરિત્યાગ કરીને એમાંની કેટલીક સ્ત્રીઓએ પરસ્પર કહેવા માંડ્યું:

'આ પુરૂષ વળી કોણ છે?'

'કોણ જાણે એ આમ કેટલા વખતથી ઊભો રહ્યો છે!'

'એ શું જોતો હશે?'

'બીજું શું જુએ? આપણું રૂપ. અહીં એના સિવાય બીજું જોવા જેવું છે જ શું? એણે આવું રૂપ બીજે ક્યાંય જોયું જ નથી લાગતું. ના. સ્વપ્ને પણ નહિ.'

'એ એકદમ મંત્રમુગ્ધ બની ગયો લાગે છે.'

'તને જોઈને તો ભલાભલા મુનિઓ પણ મંત્રમુગ્ધ બની જાય છે પછી આવા સામાન્ય માનવીની શી વિસાત છે?'

'એના હાવભાવ અને પોશાક પરથી એ સામાન્ય માનવ નથી લાગતો. કોઈક રાજપુરૂષ લાગે છે.'

'અરે, આપણા જેવી સર્વોત્તમ સૌંદર્યવતી સ્ત્રીઓની આગળ તો બધા માનવો સામાન્ય માનવો જ બની જાય છે. રાજપુરૂષ હોય છે તો પણ રાજપુરૂષ મટી જાય છે.'

'હું જરા જોઉં તો ખરી કે એ કોણ છે!'

એ સ્ત્રી સઘળી સ્ત્રીઓમાં સૌથી વધારે સુંદર હતી. એના સ્વરૂપમાં સૌન્દર્ય ને માધુર્ય પોતે જ મૂર્તિમંત થયું હોય એવું લાગ્યા કરતું. એ સ્ત્રી સર્વાંગીણ સૌન્દર્યના સંપુટસરખી દેખાતી. પરીક્ષિત પાસે પહોંચીને એણે પ્રેમથી પૂછ્યું:

'તમે એકલા આમ એકાંત અરણ્યમાં શા માટે વિચરો છો? શું તમે ભૂલા પડ્યા છો? ભૂલા પડ્યા હો તો અમે માર્ગ બતાવીએ. તમારી ઓળખાણ આપી શકશો?'

પરીક્ષિત અશ્વ પરથી નીચે ઉતરીને બોલ્યો:

'મારું નામ પરીક્ષિત.'

'પરીક્ષિત?'

'હા.'

'તો તો તમે હસ્તિનાપુરના સમ્રાટ....'

'હા. લોકો મને એવી રીતે જ ઓળખે છે. હું ભૂલો નથી પડ્યો પરંતુ મૃગયાએ નીકળેલો. મૃગયા કરતાં કરતાં આ તરફ અનાયાસે જ, કોઈ પણ પ્રકારની પૂર્વધારણા વિના જ આપી પહોંચ્યો છું. આ પ્રદેશમાં આવું સરસ સરોવર છે. એની મને ખબર નહિ. તમને સૌને અવલોકીને મને આનંદ થયો. તમારો પરિચય?'

'અમે અમરાપુરીની અલૌકિક અપ્સરાઓ છીએ.'

'અપ્સરાઓ છો?'

'હા. કોઈકવાર આ સુંદર સરોવરમાં સ્નાન કરવા માટે આવીએ છીએ. અમને આ પ્રદેશ પ્રિય લાગે છે.'

'સ્વર્ગ કરતાં પણ વધારે પ્રિય લાગે છે?'

'સ્વર્ગ કરતાં પણ વધારે પ્રિય લાગે છે એવું તો કેવી રીતે કહી શકું? પરંતુ આ પ્રદેશની પણ પોતાની આગવી વિશેષતા છે. એનું સૌન્દર્ય અને વાતાવરણ જુદું જ છે. એટલે અમે અહીં કોઈકવાર ઉતરી આવીએ છીએ. અહીં અદ્દભુત આનંદ આવે છે.'

'ખરેખર, આ સરોવર છે તો આનંદદાયક અથવા રસમય.'

'પરંતુ આ સરોવર કરતાં પણ એક બીજું અધિક આનંદમય, રસમય અને સુખદ સરોવર છે. તમે કદાચ તેના વિશે નહિ જાણતા હો.'

પરીક્ષિતે વિસ્મયપૂર્વક કહ્યું:

'હજુ આ સરોવરને જ હું આજે જાણતો થયો છું તો બીજા સરોવરને તો ક્યાંથી જાણું? છતાં પણ તેની માહિતી આપો તો...'

'એ સરોવર કોઈ સ્થૂલ લૌકિક સરોવર નથી. તમે કોઈ એવું સરોવર સમજી બેઠા?'

'હું કશું સમજ્યો નહિ.'

'નહિ સમજ્યા હો તો સમજશો. એ સરોવર અમારા આત્માનું છે. એના અવગાહનનો આનંદ ઓર જ છે. એ તો એમાં અવગાહન કરે એને જ ખબર પડી શકે. અમે અપ્સરાઓ છીએ જ એટલા માટે. એવા અનેરા અવગાહનનો આનંદ આપવા માટે. અમારા જીવનનું પ્રધાન પ્રયોજન એ જ છે. અમારો આનંદ પણ એમાં જ સમાયેલો છે.'

બાજુની બધી જ અપ્સરાઓ એ સાંભળીને હસી પડી. એના પડઘા વાતાવરણમાં સર્વત્ર પડી રહ્યા. પરીક્ષિતનું અંતર અવનવો અનુભવ કરવા લાગ્યું.

'અમારી વાણી અને અમારું વર્તન અવનવું લાગે છે?' અપ્સરાએ પ્રેમથી પૂછ્યું ને કહ્યું; 'અમારું શરીર, સૌન્દર્ય, જીવન બધું જ અનોખું અને અસાધારણ છે. અમારું દર્શન સૌ કોઈને નથી થતું. એ ખૂબ જ દુર્લભ છે. અમારી સાથેનો વાર્તાલાપ એથીય દુર્લભ છે. અમારો અનુરાગ એથી પણ દુર્લભ, અમારી સંગતિ પણ દુર્લભ અને અમારો અનુગ્રહ એ બધાથી દુર્લભ અથવા સુદુર્લભ છે એવું કહી શકાય. આપણા એવા કોઈ શ્રેષ્ઠ સંસ્કારો હશે તો જ આપણો આ મધુમય મેળાપ થઈ શક્યો. આ સંસર્ગને સુખદ બનાવવાનું ને વધારવાનું કામ તમારું છે. તમે આ દૈવયોગે બોલાવ્યા વગર સામે ચાલીને આવેલા અમુલખ અવસરને નહિ ચૂકો એવી આશા છે. મારું સર્વસ્વ તમારું તથા તમારા માટે છે. આ બીજી અપ્સરાઓ તો મારી સખીઓ અને પરિચારિકાઓ છે. તે મારે આધીન છે.'

પરીક્ષિત સમગ્ર પરિસ્થિતિ સમજી ગયો.

અપ્સરાઓની અનેક કથાઓ એણે આજ સુધી અનેકવાર સાંભળેલી. પરંતુ એમના પ્રત્યક્ષ સમાગમનો અવસર આ પહેલો જ હતો. એમના સૌન્દર્યની કલ્પના એણે કરેલી ખરી પરંતુ આજે એને પ્રત્યક્ષ જોઈ રહેલો. એને થયું કે એમના સૌન્દર્યનું એણે સાંભળેલું વર્ણન તો એક સહસ્ત્રાંશ સમાન પણ ન હતું. આ બધી અપ્સરાઓ

તો એણે કદીક કરેલા અનુમાન કરતાં પણ અનેકગણી વધારે સુંદર અને મધુમયી હતી. પૃથ્વી પર આવી સ્ત્રીઓ આજ સુધી ભાગ્યે જ જોવા મળેલી.

એ એમને જોઈ રહ્યો. એમના રોમરોમમાંથી રસના ફુવારા ફૂટતા. એમના સુડોળ અંગમાં સૃષ્ટિનું સમસ્ત સૌન્દર્ય અને અમૃત ઓતપ્રોત બનેલું. એમની દૃષ્ટિમાંથી મધુ વહેતું.

'અદ્દભુત, અદ્દભુત, અત્યંત અસાધારણ.' એણે મનોમન ઉદ્દગારો કાઢ્યા; 'આવું સ્ત્રીરૂપ જીવનમાં ક્યાંય નથી જોયું. આ તો અખિલ અવનીનું આશ્ચર્ય છે.'

'શા વિચારમાં પડી ગયા?' અપ્સરાએ પૂછયું.

'એ જ કે મારા સમસ્ત જીવનમાં આવું સ્ત્રીરૂપ નથી જોયું.'

'બરાબર છે.' અપ્સરાએ સ્મિત કરતાં કહ્યું; 'તમે વનમાં મૃગયા કરવા નીકળેલાને?'

'હા.'

'તો પછી? એ મૃગયાનું કર્મ હજી પૂરું નથી થયું.'

'હું કાઈ સમજ્યો નહિ.'

'સમજી જશો. તમે કેવળ પશુઓનો શિકાર કરવા જ આવેલા?'

'મારો ઉદ્દેશ્ય તો એવો જ હતો.'

'મૃગયામાં તો સર્વ પ્રકારની મૃગયાનો સમાવેશ થાય છે. તમારા જેવા સમ્રાટો કે લોકોત્તર વીરપુરૂષો અમારા સરખી અનાયાસે આવી મળેલી મૃગનયની સુંદરીઓની મૃગયામાં પણ ગૌરવ ગણે છે અને આનંદ માને છે. એવી સુંદરીઓને એ સન્માનપૂર્વક સ્વીકારી લે છે.'

'મને એવા સંસ્કારો વારસામાં નથી મળ્યા. પ્રજાહિતૈષી પ્રજાપાલક સમ્રાટે સદા પવિત્ર ને સંયમી જીવન જીવવું જોઈએ એવી મારી માન્યતા છે.'

'અમારા જેવી અપ્સરાઓ સાથેનો સંબંધ પવિત્ર જ મનાય છે. અમે નિત્ય પવિત્ર છીએ. અમને કોઈ જાતની મલિનતા નથી લાગતી. સંસ્કારો તો વારસામાં ના મળ્યા હોય તો પણ શું? એ તો સુધારી, બગાડી ને નવેસરથી ઉપજાવી શકાય છે. હું તમને અત્યાર સુધી નહોતી મળી ત્યાં સુધી ઠીક હતું. વાત સર્વથા જુદી હતી. પણ હવે તો દૈવે આપણો મધુમય મેળાપ કરાવ્યો. એની યોજના સિવાય કશું જ નથી બનતું. અને એ યોજના સદા મંગલમય હોય છે. આપણા મધુમય મેળાપને વધારે મધુમય કરવાને માટે આ અમુલખ અવસરને એમનેમ ના ગુમાવો.'

'એમાં એમનેમ ગુમાવવા કે ના ગુમાવવા જેવું કશું જ નથી. પ્રત્યેક નાનામોટા પ્રસંગે ને સ્થળે હું બને તેટલો જાગ્રત રહેવા પ્રયત્ન કરું છું એટલે આવાં અને બીજાં પ્રલોભનો મને ફસાવી નથી શકતાં, પરસ્ત્રીને માત માનીને જીવવાની ટેવ મારે માટે સ્વાભાવિક બની ગઈ છે.'

'અમારી ગણના પરસ્ત્રીઓમાં નથી થતી. અમે કોઈની સ્ત્રીરૂપે કાયમને માટે કોઈનાય બંધનમાં નથી રહેતી. અમે ઈચ્છાનુસાર સ્વરૂપ ધારીને સ્વૈરવિહાર કરીએ છીએ. અમારા જીવન, શરીર, સૌન્દર્ય બીજાને આનંદ આપવા માટે જ છે. અમે સ્વર્ગલોકની ને સમસ્ત સૃષ્ટિની શોભા હોઈને સૌને સારું સન્માનનીય મનાઈએ છીએ. અમારો અનાદર અથવા અસ્વીકાર અનુચિત ગણાય છે. મોટામોટા મુનિવરો, તપસ્વીઓ ને દેવો પણ

અમારી આકાંક્ષા રાખે છે. તમે મૃગયાએ નીકળ્યા છો તેમ અમે પણ કોઈકોઈવાર મૃગયાએ નીકળીએ છીએ. આજનો અવસર એવો જ લાગે છે.'

અપ્સરાઓ જોરથી હસવા માંડી.

'તમે પણ મૃગયાએ નીકળો છો?' પરીક્ષિતે પૂછયું.

'શા માટે ન નીકળીએ? તમે નીકળો છો તો અમારે માટે એવી છૂટ શા માટે ના હોય? સંસારમાં સ્ત્રીને પુરૂષ બધાં જ મૃગયા રમતાં હોય છે. સ્ત્રી પુરૂષને પ્રભાવિત કરે છે અને પુરૂષ સ્ત્રીને વશ કરવા માટે મથે છે. એ મૃગયા નથી તો બીજું શું છે? મને તો મૃગયાનો જ પ્રકાર લાગે છે. આજે મૃગયા કરતાં કરતાં અમને તમે મળી ગયા.'

'તો શું થયું? હું મળી ગયો તેથી શું થયું? તમે મને વશ કરી શક્યાં?'

'તમને વશ કરી શકાશે એમાં શંકા નથી. અત્યારે નહિ તો પાછળથી પણ તમે વશ થશો ને મારા બનશો જ. મારી મોહિની એવી અજબ જેવી છે. હું કોણ છું તે જાણો છો?'

'અપ્સરા.'

'અપ્સરા તો ખરી પરંતુ હું અપ્સરાઓમાંય સર્વોત્તમ છું. મને નરનારાયણ ઋષિએ એમના અદ્દભુત અનુગ્રહથી સ્વર્ગમાં મોકલેલી. એ વખતે એ હિમાલયના પવિત્રતમ પ્રદેશમાં તપશ્ચર્યા કરી રહેલા. મારી ઉપર એમની વિશેષ અનુકંપા રહેતી. એ અનુકંપાથી હું કૃતાર્થ થયેલી. મારું નામ ઉર્વશી.'

'ઉર્વશી?'

'હા. કેમ કાંઈ નવાઈ લાગી?'

'નવાઈ શા માટે લાગે? પરંતુ... મેં તમારા સંબંધી ઘણુંઘણું સાંભળ્યું છે. એ બધાનું મને સ્મરણ થાય છે.'

'મારા સંબંધી સાંભળ્યું છે?'

'હા. સાંભળ્યું છે.'

'તો પછી આજે મારો પ્રત્યક્ષ અનુભવ કરી લો. મારો અનુભવ અસાધારણ છતાં આનંદદાયક કહેવાય છે. એ અનુભવને માટે મોટામોટા દેવો પણ ઝંખતા હોય છે. હું સૌ કોઈને સર્વ સમયે સુલભ નથી હોતી. મારી સંગતિ સ્વર્ગ કરતાં પણ વધારે સુખદ હોય છે. એ ભલભલા તપસ્વીઓને પણ આટલી સહેલાઈથી નથી સાંપડતી. તમે એટલા બધા બડભાગ છો કે હું તમને અનાયાસે માર્ગમાં જ મળી ગઈ છું. એટલું જ નહિ પરંતુ વધારામાં તમારાથી મોહિત થઈને તમારું સપ્રેમ સ્વાગત કરું છું.'

'મારાથી તમે મોહિત થાવ તે બરાબર નથી.'

'મારે માટે શું બરાબર છે અને શું બરાબર નથી એનો નિર્ણય કરવાનું કામ મારા પર છોડી દો. મારામાં એના નિર્ણયની પૂરેપૂરી શક્તિ છે. મારા વિના એવો નિર્ણય બીજું કોણ કરી શકે?'

'જે મોહિત થાય છે એની બુદ્ધિ ભ્રાંત બની જાય છે. એનામાં સ્વતંત્ર ને તટસ્થ નિર્ણય કરવાની શક્તિ નથી રહેતી.'

ઉર્વશી સહેજ ગંભીર બનીને બોલી:

'બીજા બધાને માટે એ કદાચ સાચું હશે, પરંતુ હું એમાં અપવાદરૂપ છું. અમે અપ્સરાઓ એકદમ અલૌકિક હોવાથી અનેક રીતે અપવાદરૂપ અથવા અનોખી હોઈએ છીએ. કોઈના પર મોહિત થવામાં અને કોઈને આત્મનિવેદન કરવામાં અમને કશું ખોટું નથી લાગતું. એમાં અમને કોઈ પ્રકારનો દોષ નથી દેખાતો. એમાં અમે ગૌરવ અથવા આનંદનો અનુભવ કરીએ છીએ.'

'ગૌરવ અથવા આનંદનો અનુભવ?'

'હા. તમારા મૃત્યુલોકના નિયમો કરતાં અમારા નિયમો મૂળભૂત રીતે અને અનેક પ્રકારે જુદા પડે છે. અમે સંપૂર્ણ સ્વતંત્ર ને વધારે શક્તિશાળી છીએ. તમારા જેવા યુવાન પુરૂષોને આવા વિચારો આવે છે એ આશ્ચર્ય છે.'

પરીક્ષિત ઉર્વશીને જોઈ રહ્યો. એને એ અતિશય આકર્ષક અને રહસ્યમય લાગી. આટલી બધી આકર્ષક સ્ત્રીના સમાગમમાં એ આજ સુધી કદાપિ નહોતો આવ્યો. એ કોઈ સામાન્ય સ્ત્રી તો નહોતી જ. અસામાન્ય પણ નહિ. એને કહેવી હોય તો અસામાન્યમાં પણ એકદમ અસામાન્ય કહી શકાય.'

એ આરંભની યુવાવસ્થાથી અલંકૃત લાગતી. એનું અંગ અતિશય ગૌર હતું. એણે ગુલાબી રંગની શરીર સાથે બંધબેસતી સુંદર સાડી પહેરેલી. એની ખુલ્લી કેશલટો પર પુષ્પો દેખાતાં. લોચનમાં લાસ્યનૃત્ય ચાલતાં ને મુખાકૃતિમાંથી મોહિની ટપકતી. એને જોઈને કોને આકર્ષણ કે મોહ ના થાય? કાં તો કોઈ હૃદયવિહીન જડને કે પછી કોઈક વીતરાગ આપ્તકામ જ્ઞાનીને. બીજા બધાને તો એના લલિત લહરો સહેલાઈથી ચલાયમાન કરે.'

પોતાની તરફ જોઈ રહેલા પરીક્ષિતને ઉર્વશીએ પૂછયું:

'તમને મારે માટે કોઈ જાતનું આકર્ષણ નથી થતું?'

'ના શા માટે થાય?' પરીક્ષિતે એના પ્રત્યુત્તરમાં સામેથી પૂછયું ને કહ્યું: 'હું પણ આખરે તો માનવ છું એટલે લાગણી અથવા આકર્ષણથી પૂર્ણપણે પર નથી થઈ શક્યો. અને મારામાં જે ના હોય તેનો ખોટો દાવો કરવાની મને ટેવ નથી. ઈચ્છા પણ નથી. મને તમને જોઈને આકર્ષણ અવશ્ય થાય છે પરંતુ એ આકર્ષણ અંધ નથી.'

'એટલે?'

'એની પાછળ વિવેક છે. એ વિવેક મને મોટેભાગે જાગ્રત રાખે છે ને મારું અધઃપતન નથી થવા દેતો.'

'અમારા સંસર્ગથી કોઈ જાતનું અધઃપતન નથી થતું. એ સંસર્ગ સદા શ્રેયસ્કર નીવડે છે. તમે મારા પર મોહિત નથી થયા?'

'ના.'

'હરકત નહિ. આકર્ષણનો અનુભવ થઈ રહ્યો છે તો મોહિત થવામાં પણ વાર નહિ લાગે. મને તો લાગે છે કે તમે મારા પર મોહિત થઈ જ ગયા છો પણ કોઈ કારણે એ મોહને છૂપાવો છો. આજે તો વધારે વખત સુધી નથી રોકાઈ શકતી. દેવસભામાં મારે આજે સાંજ પછી જરૂરી કાર્યને માટે ઉપસ્થિત રહેવાનું છે. પરંતુ અઠવાડિયાના અંતે પૂર્ણિમાના પવિત્ર દિવસે આ જ સમયે હું મારી સખીઓ સાથે અહીં હાજર રહીશ. તે વખતે મને જરૂર મળજો. મારું તમને અત્યંત આગ્રહપૂર્વક આમંત્રણ છે. તમે એને અનુસરીને અહીં નહિ આવો તો એ દિવસે રાતે મારે રાજપ્રાસાદમાં તમારા અંતઃપુરમાં આવવું પડશે. બોલો આવશો?'

'હા. આવીશ.' પરીક્ષિતથી વગર વિચાર્યે એકાએક બોલાઈ ગયું.

'બસ ત્યારે. એ દિવસે હું અહીં તમારી પ્રેમપૂર્વક પ્રતીક્ષા કરીશ. જો જો, વિલંબ કરીને વધારે પ્રતીક્ષા ના કરાવશો.'

'પરંતુ...મારા આગમનનો અર્થ એવો નહિ હોય કે હું તમારા પર મોહિત થયો છું.'

અપ્સરાઓના અટ્ટહાસ્યમાં એના 'પરંતુ' પછીના બધા જ શબ્દો દબાઈ ગયા. એ અટ્ટહાસ્ય આખા અરણ્યમાં ફરી વળ્યું.

ઉર્વશી એની તરફ દૃષ્ટિપાત કરીને સંમોહક સ્મિત રેલીને બીજી અપ્સરાઓ સાથે આકાશગમન દ્વારા વિદાય થઈ.

પરીક્ષિત એ સૌને વિસ્મિત વદને વિદાય થતો જોઈ રહ્યો.

અશ્વ પર ચઢીને એણે પુર તરફ પ્રયાણ કર્યું ત્યારે સંધ્યાની સુરતા આકાશ પર ઉતરવાની તૈયારી કરવા લાગી.

* * * * *

## ૧૪. સ્વપ્નપ્રસંગ

માર્ગમાં આગળ વધતાં પરીક્ષિતે મનોમન ઉદ્દગાર કાઢ્યા:

'કેવો વિચિત્ર મેળાપ? અને એ પણ કેટલો બધો અકલ્પ્ય અથવા આકસ્મિક ? ઉર્વશી વિશે સાંભળેલું તો ઘણુંઘણું પરંતુ એને નજરે તો આજે જ જોઈ. ઉર્વશી ખરે જ ઉર્વશી છે. એની સુંદરતાને વર્ણવવાનું કાર્ય કઠિન છે. બ્રહ્માએ એને કોઈક ધન્ય ઘડીએ, ધન્ય પળે ઘડી હશે. એના ઘડતરમાં સર્જનની સમસ્ત સુંદરતા ને શોભાને કામે લગાડી હશે. એને જોઈને મોટામોટા મુનિજનોનાં મન પણ ચંચલ કે ચલિત બની જાય એમાં કશું આશ્ચર્ય નથી લાગતું. એનો પ્રભાવ જ એવો અસાધારણ છે. એ જેના પર દૃષ્ટિપાત કરે એ ધન્યતા અનુભવે ને મંત્રમુગ્ધ બને. મને મોહિત કરવા માટે એણે કેટલું બધું કર્યું? કેવા કેવા અભિનયો કર્યા ને કેવાં વચનો ઉચ્ચાર્યા? છતાં પણ...મારું મન સ્વસ્થ રહી શક્યું તે સારું થયું. એને કૃષ્ણની કૃપા જ માનું છું. એ કૃપાને લીધે માતાના ઉદરમાં તો મારી રક્ષા થઈ જ પણ બહાર પણ બધે મારી રક્ષા થયા કરે છે. કૃષ્ણ અદૃષ્ટ રીતે મારી સાથે રહીને મારા જીવનનું ધ્યાન રાખે છે. ઉર્વશી અતિશય સુંદર હોવા છતાં મારાથી એવું અપવિત્ર વિલાસી જીવન ના જીવી શકાય. ના. એવું જીવન મારે માટે જરાપણ શોભાજનક નથી લાગતું. એવા જીવનમાં ને પશુજીવનમાં ફેર શું? માનવ પણ જો અવિવેકી કે મોહાંધ બનીને જીવવા માંડે તો એની મહત્તા ભાગ્યે જ રહે.'

એની દૃષ્ટિ સંધ્યાના સુંદર રંગો પર પડી. એણે વિચાર્યું કે આ રંગો રમણીય છે. છતાંપણ ઉર્વશીની રમણીયતાની બરાબરી નથી કરી શકે તેમ. ઉર્વશીની રમણીયતા અતિશય અલૌકિક છે. એમાં સંદેહ નથી.

અશ્વ વાયુવેગથી હસ્તિનાપુરની દિશામાં આગળ દોડતો જતો હતો. હસ્તિનાપુરનું સ્થૂળ અંતર ક્રમેક્રમે કપાતું જતું હતું. પરંતુ એનું મને તો હજુ અરણ્યના પેલા એકાંત, આહ્લાદક, સુંદર સરોવર પર જ વિહરી રહેલું. પેલી અમરાપુરીની અપ્સરાઓ અને એમની અધીશ્વરી જેવી ઉર્વશીની આસપાસ ફરી રહેલું.

એને થયું કે આજનો દિવસ ખૂબ જ અવનવો છે. મૃગયા માટે એ આજ સુધી અનેકવાર નીકળેલો; એ દરમિયાન એને અનેકવિધ અનુભવો પણ થઈ ચૂકેલ; પરંતુ આજના અનુભવ જેવો અનુભવ તો કદાપિ નહોતો થયો. આજનો અનુભવ એકદમ વિલક્ષણ તથા જીવનમાં શાશ્વત સમય સારુ રહેવા સરજાયેલો હતો. એ અનુભવ અવિસ્મરણીય હતો. કોણ જાણે કેવા વિચિત્ર ચોઘડીયામાં હસ્તિનાપુરથી મૃગયા માટે પ્રસ્થાન કર્યું કે સુંદર સરોવર પર સૌન્દર્યમૂર્તિ ઉર્વશીનો મેળાપ થયો. એ મેળાપ અજ્ઞાત રહેવાને બદલે પારસ્પરિક પરિચયમાં પરીણમ્યો અને વિસ્મરણીય વાર્તાલાપમાં વહેવા લાગ્યો. એ વાર્તાલાપ કેટલો બધો રોમાંચક હતો?

એ વાર્તાલાપને એનું મન અવનવા ભાવોને અનુભવ કરતું વાગોળવા લાગ્યું.

ત્યાં તો એને અટ્ટહાસ્યનો અવાજ સંભળાયો.

એકાએક સંભળાયેલા અટ્ટહાસ્યથી આશ્ચર્યચકિત થઈને એ આજુબાજુ બધે જ જોવા માંડ્યો. પરંતુ કશું દેખાયું નહિ. થોડાક વખત પછી એને ખબર પડી કે અટ્ટહાસ્યનો અવાજ સાચો નહોતો.

એ તો સરોવર પરની પેલી અપ્સરાઓના અટ્ટહાસ્યના માનસિક પડઘા હતા.

અશ્વ આગળ વધ્યો એટલે ઉર્વશી જાણે કે આગળ આવીને નયનોને નચાવતાં કહેવા માંડી:

'આકર્ષણનો અનુભવ થઈ રહ્યો છે તો મોહિત થવામાં પણ વાર નહિ લાગે. મને તો લાગે છે કે તમે મારા પર મોહિત થઈ જ ગયા છો પણ કોઈ કારણે એ મોહને છુપાવો છો.'

'ના.' પરીક્ષિતે હિંમતપૂર્વક ઉદ્‌ગાર કાઢ્યા. હું તમારા પર જરાપણ મોહિત નથી થયો. મોહને મારે શા માટે છુપાવવો પડે? મને કશું જ છુપાવવાની ટેવ નથી. હું મારી ઈરાવતી સિવાય બીજી કોઈયે સ્ત્રી પર મોહિત નથી થયો.'

'નહિ થયા હો તો થશો. મને આશા છે.'

'એ આશા નિષ્ફળ નીવડવાની છે.'

'કદાપિ નહિ નીવડે.'

'મને તો એવું જ લાગે છે.'

'એ લાગણી ખોટી છે. તમને મારે માટે આકર્ષણ તો થાય છે ને?'

'તેથી શું થયું?'

'તેથી શું થયું એવું કેમ કહો છો? આકર્ષણમાંથી જ મોહની પરિણતિ થાય છે. આકર્ષણવૃત્તિ મોહની માતા છે.'

'મારે માટે એ નિયમ નથી લાગુ પડતો.'

'તમે સમ્રાટ છો એટલે?'

'એમ સમજવું હોય તો એમ સમજો.'

'એવું શી રીતે સમજી શકાય? એ સમજ સાચી નથી. આકર્ષણ અને અનુરાગની દુનિયામાં સઘળા માનવો સરખા થઈ જાય છે. એમાં અમીર ને ગરીબ, સાક્ષર ને નિરક્ષર તથા રાજા ને પ્રજાના બાહ્ય ભેદ નથી રહેતા. પ્રેમના પવિત્ર દેવતા એ ભેદને ભૂંસી નાખે છે.'

'પરંતુ મને તમારે માટે પ્રેમ કે મોહ કશું જ નથી. મેં તો તમારો મેળાપ થયો એટલે સહજ રીતે થોડીક વાતો કરી લીધી. એને અનુરાગ અથવા મોહ સમજી બેઠાં હો તો એ તમારું અજ્ઞાન છે.'

ઉર્વશી હસીને બોલી:

'તમારી વાણી ખરેખર મર્મમયી છે. મહાપુરૂષોએ કહ્યું છે કે સ્ત્રીઓનાં ચરિત્ર ખૂબ જ રહસ્યમય કે ગહન હોય છે, પરંતુ લાગે છે કે એ ઊક્તિ પુરૂષોને પણ લાગુ પડે છે. ખાસ કરીને તમારા જેવા પુરૂષોને. તેમના મનને માપવાનું મુશ્કેલ હોય છે. આજે તો વધારે વખત સુધી નથી રોકાઈ શકતી. પરંતુ અઠવાડિયાના અંતે પૂર્ણિમાના પવિત્ર દિવસે આ જ સમયે હું મારી સખી સાથે તમારી પ્રતીક્ષા કરતી અહીં જ હાજર રહીશ. તે વખતે મને જરૂર મળજો. મારું તમને નેહભર્યું નિમંત્રણ છે. બોલો આવશો?'

પરીક્ષિત વિચારે ચઢ્યો. ઉર્વશીએ પૂછયું:

'શું વિચારે ચઢ્યા? મારા શબ્દો સ્પષ્ટ છે. એમાં કશું ના સમજાય તેવું લાગે છે?'

'ના.'

'તો પછી?'

'હું નહિ આવું તો નહિ ચાલે?'

'નહિ ચાલે. તમારે આવવું જ પડશે. આવવું જ જોઈએ. તમે આવશો એવા આશ્વાસન સાથે જ હું વિદાય થઉં છું. તમે નહિ આવો તો એ દિવસે રાતે મારે તમારા અંતઃપુરમાં આવવું પડશે.'

'પરંતુ મારા આગમનનો અર્થ એવો ના કરશો કે હું તમારા પર મોહિત છું.'

'એ બાબત તમે કોઈ આદેશ ના આપી શકો. એનો અર્થ કેવો કરવો ને કેવો ના કરવો તે વિષયને મારા પર છોડી દો. હું સર્વતંત્ર સ્વતંત્ર છું.'

ઉર્વશી સ્મિતપૂર્વક પોતાની સખીઓ સાથે ચાલી નીકળી.

સખીઓએ અટ્ટહાસ્ય કર્યું. એના પ્રતિધ્વનિ આજુબાજુ બધે ફરી વળ્યા.

વિચારો ને ભાવોના વેગમાંથી બહાર નીકળેલા પરીક્ષિતે આંખને ચોળીને આજુબાજુ અવલોકન કર્યું તો ક્યાંય પેલું સુંદર સરોવર ના દેખાયું. એના તટપ્રદેશ પર ઉર્વશી કે અપ્સરાઓ કશું જ ન હતું.

કલ્પનાજનિત દૃશ્યો આવિર્ભાવ પામીને અદૃશ્ય થઈ ગયા. એ દૃશ્યો જાણે કે એનો સાથ છોડવા નહોતા માગતાં. એ એની આગળ નવાનવા રંગોને ધારણ કરીને આટાપાટા રમવા માંડ્યાં.

પરીક્ષિત મનોમન બોલ્યો:

'આ સ્મરણો મને નહિ છોડે એવું લાગે છે. એ નહિ છોડે તેની કશી હરકત પણ નથી. મારા મન પર એ પોતાનો પ્રતિકૂળ પ્રભાવ ના પાડે એટલે થયું. એ વખતે કોણ જાણે મને શું થયું કે મેં ઉર્વશીના આમંત્રણનો કોઈપણ પ્રકારના વિશેષ વિચાર વિના સ્વીકાર કરી લીધો. એ કદાચ બરાબર ના થયું. મારાથી થોડીક ઉતાવળ થઈ ગઈ. બીજું કશું મને સૂઝયું જ નહિ. એ વખતે એને મેં ના પાડી હોત તો શી હરકત હતી?'

એ તર્કતરંગો આગળ ચાલ્યાં.

'હરકત તો કશી ન હતી પરંતુ મારાથી ના પાડી જ ના શકાઈ. અને એના આમંત્રણનો અસ્વીકાર કરીને કદાચ ના પાડત તો પણ એ મારા પર ક્રોધે ભરાત. કામની પાછળ ક્રોધ આવે જ છે. હવે એ વાતને યાદ કરીને દુઃખી થવાની આવશ્યકતા નથી. હવે તો જે થયું તે થઈ ગયું છે. એ અન્યથા નથી થવાનું. હું એની પાસે ના જઉં તો ચાલી શકે પરંતુ એ અવસ્થામાં પણ એ મને છોડે તો નહિ જ. એ મારી પાસે જરૂર આવે. એના કહ્યા પ્રમાણે એ મારા અંતપુરમાં આવે એના કરતાં હું મારા વચનને વફાદાર રહીને ત્યાં એની પાસે જઉં એ વધારે સારું છે. મારું મન મક્કમ હશે તો એ મને શું કરવાની છે?'

એમ કરતાં કરતાં હસ્તિનાપુર આવી પહોંચ્યું.

રાતે સુતા પહેલાં પરીક્ષિતે ઈરાવતીને જણાવ્યું.

'આજે એકાંત અરણ્યમાં એક વિચિત્ર અનુભવ થયો. ગયેલો દરેક વખતની જેમ મૃગયા માટે પરંતુ ત્યાં એકાએક અપ્સરાઓનો મેળાપ થઈ ગયો.'

'અપ્સરાઓનો?' ઈરાવતીએ આશ્ચર્યની આભિવ્યક્તિ કરી.

'તને મારી વાતથી વિસ્મય થશે એ સમજી શકું છું. તો પણ એ હકીકત સાચી છે, અરણ્યમાં મને અપ્સરાઓનો મેળાપ તો થયો જ પરંતુ સાથે સાથે અપ્સરાઓની અધીશ્વરી ઉર્વશી પણ મળી ગઈ. એની સાથેના વાર્તાલાપનો લાભ પણ સહેલાઈથી મળી ગયો.'

'એટલે જ તમે આટલા બધા આનંદમાં લાગો છો. મને થતું જ હતું કે આજે તમને કોઈક અસાધારણ પદાર્થની પ્રાપ્તિ થઈ લાગે છે. હું તમને તે સંબંધમાં પૂછવાની જ હતી ત્યાં જ તમે કહી બતાવ્યું તે સારું થયું તમને અપ્સરાઓ મળી એ અદ્દભુત ઘટના કહી શકાય. એમાં પણ ઉર્વશી તો અમરાપુરીની અપ્સરાઓમાં સર્વોત્તમ ગણાય છે. એનો સંપર્ક કાંઈ જેને તેને નથી થતો. મોટામોટા મુનિઓ ને દેવો પણ એના અનુગ્રહની અભિલાષા રાખે છે અને એના કૃપાકટાક્ષની કામના કરે છે.'

'ઉર્વશી પોતે પણ એવા જ ભાવાર્થનું કહેતી હતી. એના કથનનો નિષ્કર્ષ એવો જ હતો કે એનું દર્શન દુર્લભ અથવા અત્યંત દુર્લભ છે અને એનો અનુગ્રહ તો એથી પણ વધારે દુર્લભ.'

'પરંતુ એ તમને ક્યાં ને કેવી રીતે મળી? ત્યાં એકાંત અરણ્યમાં એનો સમાગમ કેવી રીતે થયો?'

'અમે એકમેકને શોધવા માટે નહોતા ગયાં તો પણ કોઈક સુદૃઢ કર્મસંસ્કારથી પ્રેરાઈને દેવેચ્છાથી આપોઆપ, કોઈ પ્રકારની પૂર્વતૈયારી કે ઈચ્છા વિના જ મળી ગયાં. આ જગતમાં કેટલાય આત્માઓને એવી રીતે મળવાનું થાય છે ને કેટલાય આત્માઓ આપણને મળે છે. એ બધામાં ઉર્વશીનો મેળાપ મોટામાં મોટા આશ્ચર્ય બરાબર કે ચમત્કારરૂપ હતો. એણે આજ સુધી જીવનમાં જુદી જ ભાત પાડી છે અને એ અવિસ્મરણીય બની ગયો છે.'

'તમે એ અપ્સરાઓથી અને એમની અધિષ્ઠાત્રી ઉર્વશીના અલૌકિક સૌન્દર્યથી અંજાઈ તો નથી ગયા? ઉર્વશીથી મુગ્ધ કે મોહિત તો નથી બન્યા?'

'તને શું લાગે છે? તું મને જે રીતે ઓળખે છે તે રીતે ચોક્કસ અનુમાન કરી શકીશ.'

'હું અનુમાન કરી શકું એ સાચું છે પણ એ અનુમાન સાચું જ હશે એવું ના કહી શકું. તમે એટલા બધા જલદી ને વાતવાતમાં કોઈનાથી મંત્રમુગ્ધ કે મોહિત થાવ તેવા નથી જ. તો પણ એ અપ્સરાઓનું ભલું પૂછવું. એમના પ્રભાવ વિશે કશું જ અંતિમ ના કહી શકાય. એ તો મોટામોટા મનોબળવાળા મહારથીઓને ને મુનિઓને પણ એક નિમિષમાત્રમાં દૃષ્ટિપાત કરીને જ મોહિત કરી દે.'

'હું એવી રીતે મોહિત થયો હોઈશ તો?'

'મારું મન તો એવું નથી માનતું. છતાં પણ તમે ઉર્વશીથી મોહિત થયા હશો તો પણ મને કશું દુઃખ નહિ લાગે.'

'સાચેસાચ નહિ લાગે?'

'ના. નહિ લાગે. મને દુઃખ શા માટે લાગે?'

'હું મારા આજ સુધીના જીવનમાં એક જ વાર મોહિત થયો છું. અને એ પણ તારાથી. તું મારા સ્વર્ગીય જીવનની સર્વશ્રેષ્ઠ અપ્સરા છે. તને જોયા પછી મારું મન બીજી કોઈ સ્ત્રીમાં નથી લાગી શકતું, ને લાગવાનો સંભવ પણ નથી. અપ્સરાઓનાં સૌન્દર્ય પણ તારા સૌન્દર્ય આગળ સામાન્ય લાગે છે. અને કોઈનું સૌન્દર્ય અસાધારણ હોય તેથી શું થયું? માણસ એવો અસ્થિર વૃત્તિવાળો તો ના જ હોવો જોઈએ કે જાતજાતના સૌન્દર્યથી પ્રભાવિત ને ચલાયમાન બની જાય. જીવનમાં શુદ્ધિ, શીલ, સંયમ અને સ્વધર્મ નામની વસ્તુઓ પણ રહેલી છે, તથા તેમના પરિપાલનનું મોટું મહત્વ છે. પણ કેટલીયવાર એને એનું ભાન નથી રહેતું. એ કામના,

લાલસા કે વાસનાના ઘોડાપૂરમાં તણાવા માંડે છે. ક્યારે ને કેવી રીતે તણાય છે તેની ખબર પણ કેટલીકવાર નથી પડતી. તણાતી વખતે ને તે પછી કેટલીકવાર તણાવાનું ભાન પણ નથી રહેતું.'

'તમે એમાં અપવાદરૂપ રહ્યા છો એ જાણીને આનંદ થાય છે.'

'એમાં અપવાદરૂપ રહેવાની કોશિશ કરું છું એવું કહેવું જોઈએ. એ કોશિશમાં સફળ પણ થતો જાઉં છું. એનું શ્રેય તને ઘટે છે.'

'મને ઘટે છે કે તમને?'

'મને નહિ પણ તને ઘટે છે. જીવનને પવિત્ર બનાવવાની ને દોષરહિત રાખવાની દીક્ષા મને તારી પાસેથી જ મળી છે. તું મારી પ્રેરણાદેવી છે. મારા જીવનને ઉજ્જવળ બનાવવામાં તારો સહયોગ કાંઈ નાનો સરખો નથી જ. તેં મને સદા જાગ્રત રાખ્યો છે.'

ઈરાવતીએ વચ્ચે જ જણાવ્યું.

'મેં તમને ઉર્વશી વિશે પૂછયું ત્યારે તમે મારા ગુણાનુવાદ ગાવા માંડ્યા.'

'ગુણાનુવાદ નથી ગાતો.' પરીક્ષિતે કહ્યું.

'તો પછી શું કરો છો?'

'વાસ્તવિકતાને કહી બતાવું છું.'

'આવી અતિશયોક્તિપૂર્વક?'

'એમાં અતિશયોક્તિ જેવું કશું જ નથી. તને લાગતું હોય તો ભલે. તે તારી નિખાલસતા ને નમ્રતા છે. ઉર્વશી મને અન્ય અપ્સરાઓની સાથે સુંદર સરોવરના તટપ્રદેશ પર મળેલી. સરોવરમાં તાજું સ્નાન કરીને એ બહાર નીકળી હોય તેવી દેખાતી. એમના અલૌકિક સૌન્દર્યનું અને સુધાસભર શરીરસૌષ્ઠવનું સંપૂર્ણ વર્ણન કોણ કરી શકે? આરંભમાં તો મેં એમને ઓળખી નહિ પરંતુ પાછળથી ઉર્વશીએ પોતે જ પોતાનો ને પોતાની પરિચારિકાઓનો કે સખીઓનો પરિચય કરાવ્યો. એ પરિચય, ખાસ કરીને ઉર્વશીનો પરિચય અત્યંત આશ્ચર્યકારક અને આનંદદાયક હતો. ઉર્વશી એવી રીતે અચાનક અરણ્યમાં મળી જશે તેની મને કલ્પના જ નહિ.'

'એવી કલ્પના કોઈને પણ હોઈ શકે જ કેવી રીતે? મને પોતાને પણ તમારું વર્ણન વિસ્મયજનક લાગે છે. કોઈક બીજું કહેત તો એની વાતને કદાચ પૂરેપૂરી માનત પણ નહિ. પણ આ તો તમે છો. તમે ભૂલેચૂકે પણ અસત્યભાષણ નથી કરતા તે જાણું છું.'

પરીક્ષિતે ઉર્વશીના મેળાપની સઘળી કથા કહી બતાવી. એની સાથેના વાર્તાલાપને પણ બનતી ક્રમબદ્ધ રીતે સંભળાવ્યો.

એ સઘળું સાંભળીને ઈરાવતી વિચારમાં ડૂબી ગઈ. એ બધાં દૃશ્યોને કલ્પનાના ફલક પર વારંવાર પેખવાનો પ્રયત્ન કરવા લાગી. એ પ્રયત્ન અજ્ઞાત, અવનવો છતાં આહ્લાદક અને અનોખો હતો.

પરીક્ષિત પણ થોડીવાર સુધી શાંત રહ્યો. એ પણ માનસિક રીતે સરોવરના તટપ્રદેશ પરની ઉર્વશી પાસે પહોંચી ગયેલો. એની સાથે વાતચીતનો આનંદ મેળવતાં એ ધરાતો ન હતો.

આખરે ઈરાવતીએ કહ્યું:

'તમે ઉર્વશીને ઉત્તરો તો સારા આપ્યા. એની પોતાની ભાવનાને પણ હું સમજી ગઈ. એ તમને સંમોહિત કરીને પોતાના પ્રભાવમાં લેવા ને સ્વેચ્છાપૂર્વક વિલાસ કરવા માંગતી'તી. એની આશંકા તો ટળી ગઈ. પરંતુ તમને એણે ફરીવાર મળવાનું આમંત્રણ આપ્યું છે અને તમે એ આમંત્રણનો સ્વીકાર પણ કરી લીધો છે.'

'મારાથી એ આમંત્રણનો સ્વીકાર થઈ ગયો. મને એ વખતે એના સિવાય બીજું કશું સૂઝ્યું જ નહિ. છતાં પણ મને મારામાં શ્રદ્ધા છે. હું એની પાસે જઈશ તો પણ એ મને કોઈપણ પ્રકારની હાનિ નહિ પહોંચાડી શકે.'

'એવી શ્રદ્ધા તો મને પણ છે, તો પણ સાવધાન તો રહેજો જ. અપ્સરાઓની માયા ઘણી વિચિત્ર હોય છે. એના પ્રભાવમાં પડીને ભલભલા ભાન ભૂલી જાય છે અને એમાં આસક્ત થાય છે.'

'તારા સ્નેહની સ્મૃતિ મને સદા જાગ્રત રાખશે ને વિપથગામી નહિ બનવા દે. તું મારી પાસે છે ને તારો પ્રેમ મારા પર અહર્નિશ વરસી રહ્યો છે પછી મને કોનો ભય છે? એ પવિત્ર ને પ્રબળ પ્રેમ જ મારી રક્ષા કરશે.'

આકાશમાં ચંદ્રોદય થઈ ચૂકેલો. વિશાળ વાતાયનમાંથી એ સ્પષ્ટ દેખાતો. પરીક્ષિત એકાદ ક્ષણ એના તરફ જોઈ રહ્યો ને બોલ્યો.

'ચંદ્ર કેટલો બધો આલ્હાદક લાગે છે?'

'ખૂબ જ આહલાદક લાગે છે.'

'એના કિરણો કેટલાં બધાં અમૃતમય લાગે છે?'

'ખૂબ જ અમૃતમય.'

'મારા જીવનમાં તારે લીધે એવાં જ અમૃતમય કિરણોની સૃષ્ટિ થઈ છે. તું એના અંધકારમાં ચંદ્રિકા બનીને પ્રકાશી ઊઠી છે. તારે લીધે મારું સમસ્ત જીવન રસમય, આનંદયુક્ત ને ધન્ય બન્યું છે. અને...ચંદ્રની બાજુમાં પેલી શુક્રતારિકા જોઈ?'

'હા.'

'ઉર્વશી ગમે તેવી તો પણ એ શુક્રતારિકા જેવી છે. તારી પાસે એ શુક્રતારિકા જેવી જ ક્ષુલ્લક લાગે છે. એ તારી સમતા કદાપિ ના કરી શકે. એ ગમે તેવી શ્રેષ્ઠ મનાતી હોય તો પણ તારી આગળ તદ્દન સામાન્ય જેવી જ લાગે છે. એ તારા કરતાં કોઈ રીતે ઉત્તમ નથી.'

ઈરાવતી જરા હસીને બોલી:

'સારું છે કે આ સરખામણી તમે મારી આગળ જ કરી છે ને બીજા કોઈની આગળ નથી કરી. બીજાની આગળ જો આવી વાત કરી હોત તો હાસ્યાસ્પદ લેખાત. તમને મારા પર પ્રેમ હોવાથી જ તમે આવું બોલી રહ્યા છો, બાકી ઉર્વશી કોઈ સાધારણ સ્ત્રી તો નહિ જ હોય. એ સ્વર્ગલોકની સર્વશ્રેષ્ઠ અપ્સરા મનાય છે એ દૃષ્ટિએ એનું લાવણ્ય, માધુર્ય, મુખમંડળ, બધું જ વિલક્ષણ હશે. એને સામાન્ય સ્ત્રી ના કહી શકાય. વિશ્વના વાયુમંડળમાં એ શુક્રતારિકા જેવી નહિ પણ ચંદ્રિકા જેવી સુશોભિત છે, એમ જ કહેવું જોઈએ. અનુભવી પુરૂષોએ એના સંબંધમાં એવું જ વિધાન કરેલું છે તે ખોટું કે વધારે પડતું ના હોઈ શકે.'

'છતાં પણ મને તો એવું જ લાગે છે.' પરીક્ષિતે ઉપસંહાર કર્યો.

એ રાતે પરીક્ષિતની આંખ સહેલાઈથી ના મીંચાઈ. એના મનની આંખ આગળ સરોવર અને અપ્સરાઓ સાથેની ઉર્વશી રમવા માંડી. એની સાથે એણે વાતચીત કરી અને એને અવારનવાર પરિતૃપ્તિ થતાં સુધી નિહાળી.

એમ કરતાં કરતાં આખરે એની આંખ મીંચાઈ ગઈ ત્યારે પણ એની આગળ ઉર્વશી આવીને ઊભી રહી. એ જ સરોવર, એ જ અરણ્ય, એ અલૌકિક અપ્સરાઓ અને એ અપ્સરાશ્રેષ્ઠ ઉર્વશી. એમના અવલોકનથી એ આનંદમગ્ન બની ગયો.

ઉર્વશી સસ્મિત એની પાસે પહોંચી ને બોલી:

'મારા કહેવા પ્રમાણે પાછા અહીં આવી ગયાને? પણ હજુ પૂનમ નથી આવી. હરકત નહિ. તમે જ્યારે મળો છો ત્યારે મારા પ્રાણમાં પૂનમ જ પ્રકટી ઊઠે છે-પ્રસન્નતાની પૂનમ. ત્યાં અવનવું અમીવર્ષણ થઈ રહે છે. મારું પ્રત્યેક પરમાણુ પાવન ને પુલકિત બને છે.'

'પૂનમ નથી આવી એ જાણું છું, પરંતુ તમારા વિના રહી ના શકાયું એટલે આવ્યો છું. મને એમ કે તમે નહિ હો પરંતુ તમને જોઈને મારી પ્રસન્નતાનો પાર નથી રહેતો. મારું ભાગ્ય અત્યંત અનુકૂળ લાગે છે.' પરીક્ષિતે જણાવ્યું.'

'સાચું છે. એટલે તો હું આવી પહોંચી છું. મારાથી પણ તમારા વિના રહી ના શકાયું.'

'હજુ ચોવીસ કલાક નથી થયા તો પણ?'

'હા. તો પણ. સ્વર્ગનો સુખમય પ્રદેશ મને સૂનો લાગ્યો. પરંતુ તમે કશુંક શોધી રહ્યા લાગો છો. તમારું કાંઈ ખોવાયું છે?'

'ખોવાયું છે.'

'શું ખોવાયું છે?'

'એ જ નથી સમજાતું.'

'હું સમજી ગઈ. તમારું બીજું તો કશું નથી ખોવાયું પણ દિલ ખોવાયું લાગે છે. તે ઈરાવતી નહિ આપી શકે. તે તો મારી પાસેથી જ મળી શકશે. ઈરાવતી મારી આગળ કશી જ વિસાતમાં નથી. તમે રોજ સાંજે અહીં આવતા જાવ. હું તમને શાંતિ આપીશ.'

'પરંતુ ઈરાવતી? તેનું શું?'

'એ હવે મરી ગઈ છે એવું જ માની લો. આવો, તમને શાંતિ આપું.'

ઉર્વશી એને આલિંગન આપવા તૈયાર થઈ. એ પાછળ હઠી ગયો. ઉર્વશીના શરીરમાંથી ભયંકર જ્વાળા નીકળી.

'અરે, તમારા શરીરમાં તો જ્વાળા છે. ભયંકર જ્વાળા.' એ બોલી ઊઠ્યો.

'હા. જ્વાળા છે. પ્રેમની, મોહની, વાસનાની જ્વાળા. પણ એ ભયંકર નથી. એ જરાપણ નહિ દઝાડે. એ જ્વાળા જ મને જીવાડી રહી છે.'

પરીક્ષિત દોડ્યો. ઉર્વશી પાછળ દોડી, ને બોલી:

'તમે ક્યાં જવાના છો? હમણાં જ પકડી લઉં છું ને વશ કરું છું.'

અપ્સરાઓએ અટ્ટહાસ્ય કર્યું. એની સાથે જ એની આંખ ઉઘડી ગઈ.

* * * * *

## ૧૫. સ્વર્ગમાં

એ અવનવા સ્વપ્નના રહસ્યને પરીક્ષિત ના સમજી શક્યો. એને સમજવાની એની એટલી બધી ઈચ્છા પણ ન હતી.

સવારે એણે એ આખીય વાત ઈરાવતીને કહી સંભળાવી તો ઈરાવતી બોલી:

'સ્વપ્ન કાંઈ સાચાં નથી હોતાં. એમાંથી બધે વખતે કોઈ સાર તારવવાનો નથી હોતો. અપ્સરાઓ પોતાના અંતરમાં અને અંગેઅંગમાં એવી વાસનાની જ્વાળાઓ લઈને જ જીવતી ને વિચરતી હોય છે. એ જ્વાળામાં એ જેને ધારે તેને જલાવીને ભસ્મીભૂત કરી શકે છે. એમની શક્તિ એવી અસાધારણ હોય છે. સ્વપ્નનો સંદેશ બીજો ક્યો હોઈ શકે? મને એ સ્વપ્નમાં કશું ચિંતા કરવા જેવું નથી લાગતું.'

'ચિંતા કરવા જેવું તો મને પણ નથી લાગતું.' પરીક્ષિતે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું, 'છતાં પણ મેં તને મારું સ્વપ્ન કહી સંભળાવ્યું. સ્વપ્ન કેટલા બધાં અવનવાં અથવા અકલ્પનીય આવે છે એની આના પરથી પ્રતીતિ થશે.'

'આ સ્વપ્નું એકદમ અકલ્પનીય હતું એવું ના કહી શકાય.'

'કારણ?'

'તમારી કલ્પનામાં ઉર્વશી રમતી જ હતી. વધારે વાસ્તવિક અને સારા શબ્દોમાં કહું તો કલ્પનામાં જ નહિ પરંતુ અનુભૂતિમાં. તમને એનો મેળાપ થયેલો. તમે એને ધારીધારીને જોયેલી અને એની વાણીની માધુરીને માણેલી પણ ખરી. તમારા મનમાં એના જ વિચારો આવ્યા કરતા. તમારું મન એનામય બની ગયેલું એમ કહીએ તો ચાલે. એને લીધે તમારી સ્વપ્નાવસ્થામાં એનું પ્રતિબિંબ પડ્યું.'

'પરંતુ મેં એની આવી કલ્પના તો કદાપી નહોતી કરી. એના આ પ્રકારના અભિનયનો મને વિચાર પણ નહોતો આવ્યો.'

'એ જ જોવાનું છે ને? કલ્પના કે અનુભૂતિના ચિત્ત પર પડેલા સંસ્કારો છેક સામાન્ય હોય તો પણ એમનામાંથી અસામાન્ય સ્વપ્નસૃષ્ટિનું નિર્માણ થાય છે. એ સૃષ્ટિ કેટલીકવાર વિસ્મયમાં નાખી દે તેવી ને જુદી હોય છે. એને કલ્પનાતીત કહીએ તો પણ ચાલે.'

ઈરાવતી થોડીકવાર અટકીને બોલી:

'તમને સ્વપ્નમાં ગમે તેવો અનુભવ થયો હોય તેની ચિંતા નથી. તેને વધારે પડતું મહત્વ આપીને ચિંતનના ચકરાવે ચડવાની જરૂર નથી લાગતી. મહત્વની વાત તો તમને એ સ્વપ્નપ્રસંગ ગમ્યો કે ન ગમ્યો તે છે. '

'મને સર્વાંશે નથી ગમ્યું.'

'બસ ત્યારે. ઉર્વશીનો અભિનય તમને રુચિકર લાગ્યો?'

'જરાપણ નહિ. એટલે તો એ સ્વપ્નમાં મને આલિંગવાની આકાંક્ષાથી મારી પાસે આવી ત્યારે પ્રસન્ન થઈને હું એને આલિંગવા માટે એક ડગલુંય આગળ ના વધ્યો પરંતુ એનાથી ઉગરવા માટે દોડી ગયો.'

'તો પછી તમારે ખોટી ચિંતા કરવાની જરૂર નથી. પરંતુ સ્વપ્ન કેટલીકવાર આગામી ઘટનાઓનું આછુંપાતળું સૂચન પણ પૂરું પાડે છે.'

'એટલે? તારો કથિતાર્થ મને ના સમજાયો.'

'શાંતિથી વિચારશો તો સહેલાઈથી સમજી શકશો. તમે તમારા કહ્યા પ્રમાણે અઠવાડિયા દરમિયાન ઉર્વશીને મળો ત્યારે એ તમારી પાસે કામની પૂર્તિની યાચના કરે તો?'

'તો શું? હું એ યાચનાનો સ્વીકાર ના કરું.' પરીક્ષિત દૃઢતાપૂર્વક બોલ્યો:

'એની કે કોઈની એવી અશુભ યાચનાનો સ્વીકાર કરવા માટે હું નથી બંધાયલો. હું કોઈનો ગુલામ નથી.'

'અને ધારો કે એ કોઈ પ્રકારની બળજબરી કરે તો?'

'તો પણ શું થયું? હું એને વશ ના જ થઉં.'

'એ સ્વપ્નપ્રસંગની પેઠે જ તમને સંમોહિત બનીને આલિંગન આપવા આવે તો?'

'તો હું એના હાથમાં ના આવું. દોડી જાઉં.'

'ખરેખર દોડી જાવ?'

'હા. કેમ તને કશી શંકા જાગી?'

'શંકા શા માટે જાગે? મને તમારી પવિત્રતામાં વિશ્વાસ છે. તમે દોડવાને બદલે એનો શાંતિપૂર્વક સફળતાથી સામનો કરો તોય ઘણું છે.'

પરીક્ષિતે હસતા હસતાં પૂછયું:

'અને ધાર કે હું એને આલિંગન કરી બેસું તો? અને એની યાચનાને અનુસરીને અરણ્યમાંથી અહીં આવવાને બદલે એની સાથે સ્વર્ગમાં જ સીધાવું તો?'

'તો તમે જાણે. પરંતુ આરંભથી જો એવો વિચાર હોય તો મને જણાવીને જજો. જેથી હું વધારે પડતી રાહ ના જોઉં.' ઈરાવતીએ સસ્મિત ઉત્તર આપ્યો.

પરીક્ષિતે જરા ગંભીરતાથી જણાવ્યું:

'તને છોડીને હું ક્યાંય નથી જઈ શકું તેમ. તું તો મારું જીવન છે.'

'એ તો સમય પર સમજાવશે. કસોટીનો કાળ કાંઈ બહુ દૂર તો નથી જ.'

એ પછી બંને કામચલાઉ સમયને માટે શાંત રહ્યાં. પછી બીજા કામમાં લાગી ગયાં.

પરીક્ષિતે એ પછી અનુકૂળતા મળતા ઉર્વશીના મેળાપના આખાયે પ્રસંગનું વર્ણન ઉત્તરાની આગળ કરી બતાવ્યું. એ વર્ણન ઉત્તરાને ખૂબ જ રોચક લાગ્યું. એ વર્ણનની પરિસમાપ્તિ થતાં એ બોલી ઉઠી:

'અપ્સરાઓ હોય છે માયાવી ને અત્યંત શક્તિશાળી, પરંતુ એમની માયા કોની આગળ ચાલી શકે છે? નિર્બળ મનના મનુષ્યોને જ એ અસર કરે છે. તું એવા નિર્બળ મનનો નથી જ. માટે ડરવાનું કે ખોટી આશંકા કરવાનું કોઈ કારણ નથી. છતાં સાવધાન તો રહેવું જ. ઉર્વશી અપ્સરાઓમાં અગ્રગણ્ય, સૌથી વધારે પ્રભાવશાળી તથા શક્તિશાળી મનાય છે. એના અસાધારણ પ્રભાવની વાત આપણે ગાંડીવધારી વીર અર્જુનના

મુખથી અનેકવાર સાંભળી છે. એને અવલોકવાનો અવસર તને આપોઆપ આવી મળ્યો એથી એની સુંદરતાનો ખ્યાલ આવી ગયો હશે.'

'એની સુંદરતા સાચેસાચ અવર્ણનીય છે. મન એને માણે છે, આંખ એને જાણે છે પણ વાણી એને વર્ણવવાની શબ્દશક્તિથી સંપન્ન નથી લાગતી. સુંદરતા પોતે જ માધુર્યથી મંડિત થઈને એના રૂપમાં સાક્ષાત બની હોય એવો ભાસ થતો. એની કાયા કળાત્મક હતી. એને જોઈને મને લાગ્યું કે એના સંબંધી અત્યાર સુધી કરાયલું બધું જ વર્ણન અધુરૂં હતું. એ એને પૂરેપૂરો ન્યાય નહોતો કરી શકયું.'

પરીક્ષિત થોડાંક સમય સુધી શાંત રહી આગળ બોલ્યો:

'એનું સર્વકાંઈ સુંદર અને સુમધુર હોવા છતાં એટલું સાચું કે એને જોઈને મને કોઈ જાતનો વિકારી ભાવ નથી થયો.'

'તું એને પુનઃ મળે ત્યારે પણ એના સંસર્ગથી તને કોઈ વિકારી ભાવ ના થાય ને તારું મન વિપથગામી ના બને એવું ઈચ્છું છું.'

'તમારા સૌના શુભાશિષથી એવું શક્ય બનશે. બાકી મારામાં તો કશી જ શક્તિ નથી દેખાતી.'

'તારી નમ્રતા, અખંડ આત્મજાગૃતિ અને નીતિની નિષ્ઠા જ તને સન્માર્ગગામી બનીને સદા બચાવશે એમાં તિલમાત્ર પણ શંકા નથી લાગતી. તારા પર કૃષ્ણની કૃપા હોવાથી તને ઉર્વશી કે બીજી કોઈયે સ્ત્રી પોતાના પ્રભાવમાં નહિં લાવી શકે. તારું જીવન સદા સુરક્ષિત રહેશે.'

પરીક્ષિત ઉત્તરાની સદ્દભાવનાથી પ્રસન્ન થયો ને બોલ્યો:

'હું ભુલેચૂકે પણ ભ્રાંત તેમજ વિપથગામી ના બનું એ જ આશીર્વાદની કામના કરું છું.'

'મારા આશીર્વાદ અહર્નિશ છે જ અને રહેશે. તારા સરખો સુપુત્ર સાંપડ્યો છે એ મારું પણ સૌભાગ્ય છે.'

ઉત્તરાની આંખ ભરાઈ આવી એ અધિક ના બોલી.

*

ઉર્વશી પરીક્ષિતને મળીને સ્વર્ગ તરફ વિદાય તો થઈ પરંતુ એનું મન સંપૂર્ણ સ્વસ્થ ના રહી શક્યું. એના મનની અપાર્થિવ આંખ આગળ પરીક્ષિતની જ આકૃતિ રમવા માંડી.

એનું મધુમય મુખમંડળ એની આગળથી હઠવાની ના પાડવા લાગ્યું.

એને થયું કે આજનો દિવસ સાચેસાચ સફળ ને ધન્ય થયો. આજે કોઈ શુભ સમયે જ પોતે સ્વર્ગથી નીકળી હશે એમાં શંકા નહિ. એટલે તો પરીક્ષિતનો પરિચય થયો.

અન્ય અપ્સરાઓને એણે કહ્યું પણ ખરું:

'આજનો દિવસ ખરેખર દૈવી લાગે છે અને એ ક્ષણો સૌથી વધારે દૈવી હતી જ્યારે પરીક્ષિતનો મેળાપ થયો અને એ મેળાપ કેવળ મૂક મેળાપ રહેવાને બદલે પારસ્પરિક વાર્તાલાપમાં પરિણમ્યો.'

'અમને પણ એવું જ લાગે છે.' બે-ત્રણ અપ્સરાઓ બોલી ઉઠી.

'પરીક્ષિત આટલો બધો સુંદર અને આકર્ષક હશે એની તો કલ્પના નહિ. મૃત્યુલોકમાં આટલી બધી સુંદરતા?'

'તમે અર્જુનની સુંદરતા નથી જોઈ?'

'જોઈ છે, છતાં આ પણ સુંદરતામાં અર્જુનથી ઉતરે એવો નથી. બલ્કે એનાથી ચઢે એવો છે એમ કહું તો ચાલે.'

'તમારી ઉપર એનો પ્રભાવ ઘણો વધારે પડ્યો લાગે છે.'

'એનો પ્રભાવ કોની ઉપર ના પડે? એ મારા હૃદયમાં રમ્યા જ કરે છે. મારું મન આટલો બધો વખત થયો છે તો પણ એના સ્મરણને નથી છોડી શકતું. એ એને છોડવાની ના પાડે છે. પળેપળે એ સ્મરણ વધારે ને વધારે પ્રબળ બનતું જાય છે.'

'એની આનંદકારક આકૃતિ અમારી આંખ આગળ રમ્યા જ કરે છે. એમ થાય છે કે આપણે એ અરણ્યના સરોવરના તટપ્રદેશ પર પાછા જઈએ, પરીક્ષિત ત્યાં એ જ અશ્વ પર બેસીને પાછો આવે, અને આપણે એની અતિશય આહ્લાદક આકૃતિનું અવલોકન કરવામાં તલ્લીન બનીએ.'

'એ સરોવરના તટપ્રદેશ પર જવાનું તો છે જ ને? હવે થોડા દિવસો જ બાકી છે.' બીજી અપ્સરા બોલી ઉઠી.

'એટલા થોડા દિવસો પણ મારા માટે તો ઘણાં વધારે થઈ પડશે.' ઉર્વશીએ વેદનાને વ્યક્ત કરતાં કહી બતાવ્યું.

'મેં એને અઠવાડિયાને બદલે એક-બે દિવસમાં જ મળવાનું કહ્યું હોત તો સારું થાત. પણ હવે શું? હવે તો વખત વીતી ગયો. અને સ્વર્ગલોકના અનિવાર્ય કાર્યને લીધે ત્યાંથી મારાથી બહાર નીકળી શકાય તેમ પણ નથી. એ વાતનો તો મને ખ્યાલ જ ના રહ્યો. પ્રેમના પ્રગાઢ ભાવતરંગમાં બીજું બધું જ ભુલાય જવાય છે.'

વાર્તાલાપ વચ્ચે બંધ પડ્યો પછી એક અપ્સરા એકાએક બોલી:

'પરીક્ષિતનો પ્રભાવ તમારા પર આટલો બધો પડી ચૂક્યો છે પરંતુ એને તો આપણા પર જરાય આકર્ષણ થયેલું ના લાગ્યું. ઉર્વશી જો ને આટલા બધા અસાધારણ અનુરાગપૂર્વક યાદ કરે છે પરંતુ...'

ઉર્વશી વચ્ચે જ બોલી ઉઠી:

'આપણને સરોવરથી થોડેક દૂર ઊભો રહીને એ નિર્નિમેષ નેત્રે નિહાળી રહેલો તે શું કોઈ પ્રકારના આકર્ષણ વગર જ? મારા પરથી એની આંખ હઠતી જ ન હતી. આપણે કોઈ સામાન્ય સ્ત્રીઓ નથી. અમરાપુરીની અપ્સરાઓ છીએ.આપણને અવલોકીને મૃત્યુલોકના કયા માનવીનું મન આકર્ષિત ના થાય અથવા મંત્રમુગ્ધ ના બને? અને એમાંય મને અવલોકીને? પરંતુ મોટા ભાગના માનવો ખૂબ જ ચતુર હોય છે. એ પોતાના આકર્ષણને અને મોહને જલદી બહાર પડવા નથી દેતા તો પણ આપણી અલૌકિક અંતર્દૃષ્ટિથી કશું છૂપું નથી રહેતું.'

પરીક્ષિતે તમારી સાથે જે વાર્તાલાપ કર્યો તેના પરથી તો એમને મોહ થયો હોય એવું નથી લાગતું.' એક સામાન્ય દેખાતી અપ્સરાઓ જણાવ્યું.

પરંતુ ઉર્વશી એમ પાછી પડે તેવી ન હતી. એણે તરત જ કહ્યું:

'એનો વાર્તાલાપ એકંદરે સંતોષકારક હતો. એ મારા પર મોહિત થયો છે ને હજુ વધારે મોહિત થશે એ સાચું છે. એ તો બીજાને બતાવવા માટે આરંભમાં એવી વાતો કર્યા કરે. બાકી મારા લોલવિલોલ લોચનનો સફળતાપૂર્વકનો પ્રતીકાર બીજું કોણ કરી શકે તેમ છે? બહારથી ગમેતેવો અભિનય કરવા છતાં અંદરથી એને

મારા પ્રત્યે અપાર અનુરાગ થઈ ચૂકેલો એટલે તો એણે સરોવરના સુંદર તટપ્રદેશ પર ફરી આવવાની હા પાડી છે. એ એના મનનો પ્રચ્છન્ન મોહ જ બતાવે છે. એને વશ કરવાનું કામ મારે માટે રમત જેવું છે એ ગણ્યાગાંઠ્યા દિવસોમાં જ બતાવી આપીશ.'

સ્વર્ગમાં પ્રવેશ્યા પછી પણ ઉર્વશીનું મન સ્વર્ગમાં સહેજ પણ ના લાગ્યું. સ્વર્ગના સુખોપભોગો એને એકદમ અધુરા લાગવા માંડ્યા. એને થયું કે જીવનમાં સર્વકાંઈ હોવા છતાં કશુંક ખૂટે છે. એને લીધે જીવન પૂરેપૂરું ને પૂર્વવત રસમય નથી લાગતું.

સખી ગૌરાંગીએ એને બીજે દિવસે એક સંગીત સમારંભમાં કહ્યું પણ ખરું:

'આ વખતે તું તારા પ્રિય સરોવરમાંથી સ્નાન કરીને પાછી ફરી છે ત્યારથી સંપૂર્ણ સ્વસ્થ નથી દેખાતી. તારા વદન પર સહેજ વેદના વ્યાપી છે.'

'વદન પર વેદના ભલે હોય, મારા અંતરમાં તો આહ્લાદ છે. આ વખતનો મારો પ્રવાસ ખૂબ જ લાભદાયક થઈ પડ્યો.'

'કેવી રીતે? તને કશી પ્રાપ્તિ થઈ?'

'અત્યંત અમુલખ પદાર્થની પ્રાપ્તિ થઈ. એવી પ્રાપ્તિ અવારનવાર નથી થતી. જીવનમાં કોઈક વાર અને કોઈક ધન્ય ક્ષણે જ થતી હોય છે.'

ઉર્વશીએ પોતાના સ્વાનુભવને સંક્ષેપમાં કહી સંભળાવ્યો ત્યારે ગૌરાંગી સહેજ ગંભીર બની ગઈ.

'કેમ? મારો અનુભવ ના ગમ્યો?' ઉર્વશીએ એને પૂછ્યું.

'ગમ્યો.' ગૌરાંગીએ ઉત્તર આપ્યો.

'તો પછી આવી ગંભીર કેમ બની ગઈ? મારે માટે ઈર્ષાનો ભાવ તો નથી પેદા થયો?'

'ના મને કોઈનેય માટે ઈર્ષા નથી થતી તો તારે માટે શા માટે થાય? તું તો મને પ્રાણથી પણ વિશેષ પ્રિય છે. હું તારું વધારે ને વધારે મંગલ ચાહું છું. મને તો એક બીજો વિચાર આવ્યો કે શરીરની વાસનાઓ કદી શાંત જ નહિ થતી હોય? સ્વર્ગમાં પણ એમનું આધિપત્ય રહેતું હશે?'

'સ્વર્ગ છે જ એટલા માટે. એમાં વાસનાઓ, કામનાઓ અને એમની સંતૃપ્તિનું ચક્ર ચાલ્યા જ કરવાનું. તારા જેવી કોઈક વિદૂષી એનાથી મુક્ત હોય તો ભલે, બાકી બીજાએ તો એની અંદર જ રમવાનું. એની અંદર ફરવાનો ને રમવાનો આહ્લાદ ઓર હોય છે. મને તો એ ગમે છે.'

'ઉર્વશી! તારો આવિર્ભાવ કોણ જાણે કેવા સમયે થયો છે કે તારા જીવનમાં આવા પ્રણયપ્રસંગો અવારનવાર આવ્યા જ કરે છે.'

'એમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. એમાં પણ એક જાતનો અવર્ણનીય આનંદ રહેલો છે. આપણા જેવી અમૃતમયી અપ્સરાઓને માટે તો એના જેવું સર્વોત્તમ સુખ બીજું કોઈ જ નથી.'

'પરંતુ એ સુખનો આસ્વાદ લેવા જતાં કોઈવાર દુઃખ આવી પડે તો તેનું શું? બધે વખતે પરિસ્થિતિ કાંઈ આપણી અપેક્ષા પ્રમાણે થોડી જ આકાર લેતી હોય છે?'

'તો શું થયું? દુઃખ આવે તો એને પણ સહન કરવાનું. પરંતુ મોટે ભાગે તો બધું આપણી અનુકૂળતાનુસાર જ થયા કરવાનું. આપણે છીએ જ એવી સૌભાગ્યશાલિની.'

ગૌરાંગી સહેજ શાંત રહીને બોલી:

'બધું તારી આકાંક્ષાનુસાર થાય તો તો ઘણું સારું કહેવાય પણ પરીક્ષિત જો ભૂલેચૂકે તારાં પ્રસ્તાવનો સ્વીકાર ના કરે તો? તો તને દુઃખ થાય કે ના થાય?'

ઉર્વશી તરત જ બોલી:

'એ મારા પ્રસ્તાવને સ્વીકારશે જ. મને મારામાં શ્રદ્ધા છે. અને કદાચ કાંઈક વિપરીત થાય તો પણ તેમાં દુઃખ શા માટે લગાડવું જોઈએ?'

'દુઃખ લગાડીએ કે ના લગાડીએ તો પણ સ્વાભાવિક રીતે જ સંજોગો એવા આવી મળતાં થઈ જાય છે. અર્જુને તું એનાથી મોહિત થઈને તારા પ્રેમને પ્રકટ કરવા ગયેલી ત્યારે આ જ સુંદર સ્વર્ગલોકમાં તારી વાત નહોતી માની. તે વખતે તને કેટલું બધું દુઃખ થયેલું યાદ છે?'

'યાદ છે. એ વખતે કામચલાઉ સમયને માટે મારું જીવન મને નીરસ લાગેલું. એ વખતે મારું સમસ્ત ચિત્તતંત્ર ચંચળ અને અસ્વસ્થ બની ગયેલું. પણ એ તો ભૂતકાળ બની ગયો. આ પ્રસંગ તો તદ્દન જુદો છે. અર્જુન ને પરીક્ષિતમાં ઘણો ફેર છે. વળી એ વખતની મારી અવસ્થામાં અને આજની અવસ્થામાં આભજમીનનો તફાવત છે. એ વખતે મને દુઃખ થયેલું પણ હવે મારી મનોવૃત્તિ બદલાઈ હોવાથી દુઃખ નહિ થાય.'

'તારી મનોવૃત્તિ બદલાઈ છે એવું મને તો નથી લાગતું.'

'નથી લાગતું?'

'ના'

'કેમ?'

'એ વખતે પણ તારા મનમાં મોહ પેદા થયેલો અને આજે પણ એવો મોહ છે જ. એ વખતે તારું અંતર અદમ્ય આકર્ષણનો અનુભવ કરીને અપાર અનુરાગથી આપ્લાવિત બનેલું અને આજે પણ બની રહ્યું છે. એ વખતે તું વાસનાની અતૃપ્તિનો શિકાર બનેલી અને આજે પણ બની ગઈ છે. દેશ તથા કાળ ભલે બદલાયા હોય પણ તારી વૃત્તિ નથી બદલાઈ.'

'મારું મન હવે પહેલાં પેઠે વ્યથિત કે દુઃખી નહિ થાય. મારા કહેવાનો આશય એટલો જ છે.'

'તે તો સમય પર જ સમજાશે. છતાં પણ સંભાળજે. મને તારે માટે મમતા છે માટે જ આટલું કહી રહી છું.'

'તારી મારે માટેની મમતાને જાણું છું. એ મમતા માટે તારી ખરેખર આભારી છું. તો પણ તું મારી ચિંતા ના કરતી. હું સર્વ પ્રકારની પરિસ્થિતિને પહોંચી વળું તેમ છું.'

ગૌરાંગી એ પછી વધારે ના બોલી. એ ઉર્વશીને નેહપૂર્વક નિહાળી રહી. ઉર્વશીએ કહ્યું:

'મારી એટલી બધી ચિંતા થતી હોય તો મારી સાથે જ શામાટે નથી આવતી?'

'મને એવા સ્વૈરવિહારો તથા પ્રેમપ્રલાપો જરાપણ નથી ગમતા. એમાં કોઈ જાતનો આનંદ નથી લાગતો. ઊલટું, વખતનો વ્યય લાગે છે.'

'એટલે જ અપ્સરાઓ તને કોઈક યોગિની જેવી માને છે ને મને ભોગિની ગણે છે. તું અપ્સરા બની છે તો ખરી પણ અપ્સરાજીવનનો આનંદ નથી લઈ શકતી.'

ઉર્વશી આગળ ના બોલી.
ગૌરાંગી એને અતિશય આશ્ચર્યકારક લાગી.

* * * * *

## ૧૬. ઉર્વશીની અવસ્થા

ઉર્વશી આમ તો શાંતિપૂર્વક રહેવા લાગી પરંતુ એના દિલમાં દાવાનળ સળગવા લાગ્યો. વાસના કે કામનાનો દાવાનળ. બીજા બહારના દુન્યવી દાવાનળો તો એકવાર જાગ્યા પછી થોડીવારમાં શાંત પણ થઈ જાય છે પરંતુ દિલનો એ દાવાનળ ભાગ્યે જ શાંત થાય છે. એ પોતાની તીક્ષ્ણ જ્વાળાથી માનવને બેચેન બનાવે છે ને બાળે છે. કોઈ કોઈવાર તો સર્વભક્ષી બનીને માનવના સર્વસ્વને ભસ્મિભૂત પણ કરી નાખે છે. એવો માનવ ઉપરથી જોતાં જીવતો દેખાય છે ખરો પરંતુ અંદરથી મૃતપ્રાય જેવો જ બની રહે છે. એ દાવાનળ પોતાની તૃપ્તિની અને અતૃપ્તિની બંને પ્રકારની અવસ્થામાં અંતરને અસ્વસ્થ કરે છે, ને તૃષ્ણાથી ભરે છે.

ઉર્વશી એમાં અપવાદરૂપ નહોતી. એના અંતરમાં પણ અસ્વસ્થતાની આંધી ઊઠી. એના દિલમાં જાગેલા દાવાનળની જ્વાળા એની આંખમાં, એની વાણીમાં, એના અભિનયમાં અને અંગેઅંગમાં દેખાવા લાગી.

છતાં પણ એણે પોતાના મનને બને તેટલું સમજાવ્યું ને શાંત રાખ્યું. એને સમજતાં ને શાંત થતાં વધારે વાર ના લાગી. એને થયું કે પોતાના અસીમ અને અનુપમ સૌન્દર્ય આગળ પરીક્ષિતનો શો હિસાબ છે? પોતાને જોઈને એનું ચિત્ત ચંચલ બનશે ને સહેજ પણ સ્વસ્થ નહિ રહી શકે. એની નીતિ ને બીજા વિષયની બધી વાતો હવામાં ઊડી જશે. એ વખતે તો મેં મારી સંપૂર્ણ મોહિનીશક્તિનો ઉપયોગ નહોતો કર્યો એટલે એ મારી આગળથી મારી ઈચ્છાને તૃપ્ત કર્યા વિના એમનેમ જ જઈ શક્યો, પરંતુ હવે? હવે એ એમનેમ નહિ જઈ શકે. એ મૃગયા માટે આવેલો તેમ ભલે આવે. હું પણ મૃગયા કરવા જ બહાર પડીશ. જોઉં છું કોણ કોને પરવશ કરે છે!

એણે એના અંગ પર દૃષ્ટિપાત કરીને મનોમન કહેવા માંડ્યું,

'આજે આખી અમરાપુરીમાં મારા સમાન સુંદરતમ બીજું કોણ છે? કોઈ જ નહિ. મારા સરખું અનંત આકર્ષણ, અખંડ યૌવન અને માધુર્ય બીજા કોનામાં છે? કોઈનામાં નહિ. મારી સમતા કયી સુંદરી સાથે થઈ શકે તેમ છે? મને અમરાપુરીની સર્વશ્રેષ્ઠ સુંદરી કહેવામાં આવે છે. અમરાપુરીના અલૌકિક અલંકાર તરીકે ઓળખવામાં આવે છે. મારે લીધે જ એની શોભા છે, મહત્તા છે, ને પ્રશંસા છે. ઈન્દ્ર પણ મારી પ્રશસ્તિ કરે છે; મારા ભ્રૂભંગથી આનંદે છે ને નાચે છે. મારા દૈવી દૃષ્ટિપાતને માટે મોટામોટા મુનિવરો ને મહારથીઓ મનોરથો કરે છે. મારા સંસર્ગને જીવનનું સર્વોત્તમ સૌભાગ્ય ગણે છે, ને અસાધારણ સૌન્દર્યસંપન્ન દેવતાઓ મારી કૃપાની કામના કરતા મારી આજુબાજુ ભૃંગની જેમ ભમ્યા કરે છે. સૌન્દર્યરસિકો મને પોતાનું જીવન ગણે છે. મારો યશ સમસ્ત સંસારમાં ફેલાયેલો છે. મને વૃદ્ધાવસ્થા નથી. યૌવનની વસંત મારા જીવનરૂપી ઉપવનમાં સદાને માટે સોહી રહી છે. વ્યાધિ મને સ્પર્શ નથી કરી શકતો અને કાળ મારા કૃપાકટાક્ષની કામના કરે છે. મારી પાસે આવવામાં એને ભીતિ લાગે છે. મારું સમસ્ત શરીર ચિન્મય છે એવું સર્વાંગસુંદર શરીર બીજા કોઈનું નથી.'

એકાદ ક્ષણ શાંત રહીને એણે પાછા ઉદ્દગાર કાઢ્યા:

'પરીક્ષિતની શક્તિ જ કેટલી? એણે મૃત્યુલોકમાં જે જોયું હશે એ કેટલું બધું અલ્પ હશે? મારા જેવી સુંદરીઓને એણે મારા સમાગમ પહેલાં સ્વપ્નમાંય નહિ જોઈ હોય. મૃત્યુલોકમાં મારા જેવી રૂપસુંદરી હોય જ ક્યાંથી? એના જેવા પુરૂષોને તો હું જોતજોતામાં મંત્રમુગ્ધ ને મોહિત કરી દઉં. મારું કામ જ એ છે. એનું મનોબળ

મારી આગળ શું કામ કરે? એ તો અમારો પ્રથમ મેળાપ હતો અને એ હસ્તિનાપુરનો સમ્રાટ હતો. એટલે મેં વધારે કાંઈ ના કર્યું. બાકી એના જેવા પુરૂષોને વશ કરવાનું રમત બરાબર છે. હવે મળવાનું થશે ત્યારે એ મારા પ્રભાવને વધારે સારી રીતે ને સંપૂર્ણપણે સમજી શકશે. એ મારા પ્રેમપાશમાંથી નહિ છટકી શકે. એ હસ્તિનાપુરનો સમ્રાટ હોય તેથી શું થયું? હું સ્વર્ગની સૌન્દર્યસ્વામિની છું. એને મારા હૃદયનો સમ્રાટ બનાવી દઈશ. એવા સમ્રાટ બનવાની આકાંક્ષા અનેક રાખે છે છતાં એમના ભાગ્યમાં એવું સુખ નથી લખાયલું. એ સુખ તો એક એને જ પ્રદાન કરીશ કારણ કે એના પ્રત્યે મને પ્રેમ થયો છે. પુરૂષો તો મેં આજ સુધી અનેક જોયા છે પરંતુ એ મારા જોયેલા પુરૂષોમાં સૌથી વધારે મોહક અથવા સુંદર છે.'

રાત પડી પરંતુ એ રાતે એ ઊંઘી ના શકી. એનું શરીર સ્વર્ગમાં સૌરભભર સુમનશોભિત પર્યંક પર પડેલું હોવા છતાં મન દૂરસુદૂર પહોંચી ગયું. મનની આગળ એ જ ચિરપરિચિત દૃશ્ય ઊભું રહ્યું. એ સરસ સરોવર, એ કમનીય કમળ, અલૌકિક અપ્સરાઓ, એમની સાથેની જાતજાતની ક્રીડાઓ, એ આનંદમય અરણ્ય, અશ્વ, પરીક્ષિત, અને એની સાથેનો સુખદ સંવાદ, સઘળું એના મનની આગળ રમવા માંડ્યું. એનું મન એનું ઉપરાઉપરી પારાયણ કરવા લાગ્યું. એમાં એને અનિવર્ચનીય, અવર્ણનીય આસ્વાદ મળવા માંડ્યો.

લાંબે વખતે, પથારીમાં પાસાં ફેરવતાં ફેરવતાં જ્યારે એની આંખ મળી ગઈ ત્યારે પણ મનની આગળ એ જ દૃશ્યો હાજર થયાં, પણ જરાક જુદી રીતે. એ ગૌરાંગી સાથે જાણે કે એ જ અરણ્યમાં એ જ સુંદર સ્થળે પહોંચી ગઈ, ને બોલી:

'કેટલું બધું અદ્દભુત સ્થળ છે, ગૌરાંગી? આજે એ અધિક આનંદદાયક લાગે છે.'

'આ સ્થળ આટલું બધું અદ્દભુત, આકર્ષક અને સુંદર હશે તેની મને ખબર નહિ. તું આની અસાધારણતા વિશે વાતો કરતી ખરી, પણ મને એ વાતો અતિશયોક્તિ લાગતી. મેં તો આ સરસ સ્થળને આજે જ જોયું.' ગૌરાંગીએ પોતાના મનોભાવોની અભિવ્યક્તિ કરી.

'આવું સુંદર સ્થળ આપણા સ્વર્ગલોકમાં છે ખરું?'

'નથી. અને હોય તો મને એની માહિતી નથી. પરંતુ એ આજે અધિક આનંદદાયક લાગે છે એનું કારણ જુદું છે.'

'જુદું એટલે?'

'તું ના સમજી? પરીક્ષિત. એ આજે આવવાનો છે ને?'

'એ તો સાચું છે. પ્રિયજનની પ્રતીક્ષા કોને આનંદ નથી આપતી?'

'એ પ્રતીક્ષાનું સ્થળ પણ ઓછું આનંદદાયક નથી લાગતું. જગતમાં સૌ કોઈનો એવો અનુભવ છે તો હું એમાં અપવાદરૂપ કેવી રીતે હોઈ શકું? પણ હજુ પરીક્ષિત કેમ ના આવ્યો? એ મને ભૂલી ગયો કે શું?'

'મને નથી લાગતું કે એ તને એટલી સહેલાઈથી ભૂલી જાય. હૃદયનો સત્ય સ્નેહ સદા અવિસ્મરણીય હોય છે.'

'તો પણ માનવના નિર્મળ ને મલિન મનનું ભલું પૂછવું.'

'નિર્મળ ને મલિન મન કોનું છે? તારું કે પરીક્ષિતનું?'

'અમારા બંનેમાંથી કોઈનુંય નહિ. આ તો મને અમસ્તો એક વિચાર આવી ગયો.'

'આ સામેથી આવે છે તે તો પરીક્ષિત નથી? લાગે છે તો બરાબર એવો જ.'

ઉર્વશીએ સામે જોયું. એનું અંતર નાચી ઉઠ્યું. એ આનંદના અતિરેકમાં આવીને બોલી ઊઠી:

'હા. એ જ. એ જ. એ પરીક્ષિત જ છે. મારા ચિત્તને એણે જ ચોરી લીધું છે.'

'ચોરી લીધું છે?'

'હા.'

'અને તેં? તેં એના ચિત્તને ચોર્યું છે કે નહિ?'

'નહિ ચોર્યું હોય તો હમણાંજ ચોરી લઉં છું. મને એવા કલ્યાણકાર્યમાં કશી વાર નહિ લાગે. પરંતુ આ શું? પરીક્ષિતનો અશ્વ ક્યાં ગયો? એ તો પગે ચાલતો આવી રહ્યો છે.'

પરીક્ષિત પાસે આવી પહોંચ્યો એટલે ઉર્વશીએ પૂછ્યું:

'તમારો અશ્વ ક્યાં ગયો?'

'હું આજે અશ્વ વિના જ આવ્યો છું.'

'મને લાગતું'તું કે તમે આવશો જ.'

'એમ?'

'હા મારા તમારા પ્રત્યેનો પ્રેમભાવ સાચો છે એટલે તમે આવ્યા વિના રહી જ ના શકો. હું પણ એ પ્રેમથી પ્રેરાઈને જ આવી પહોંચી છું. મારા હૃદયમાં તમારે માટે પુષ્કળ પ્રેમભાવ ભરેલો છે. પણ તમે ઠીકઠીક પ્રતીક્ષા કરાવી. હું કેટલાય વખતથી અહીં આતુરતાપૂર્વક ઊભી રહી છું. પૂછો આ ગૌરાંગીને.'

'એમાં પૂછવા જેવું છે જ શું?' ગૌરાંગી બોલી, હું તારા સ્નેહની સાક્ષી છું.?

'મને પોતાને તારે માટે અપાર પ્રેમ છે.' પરીક્ષિતે ઉર્વશીને ઉદ્દેશીને જણાવ્યું; એટલે તો હું આટલે દૂરથી પણ આવી પહોંચ્યો. પરંતુ આવી રીતે કાંઈ રોજરોજ આવી શકાય? હું આવું તો પણ તું ના આવી શકે. આપણે કોઈક રસ્તો કરવો જોઈએ. તારી તૈયારી હોય તો આપણે લગ્ન કરી લઈએ.'

'તમે તૈયાર હો તો મને તમારી સાથે ગાંધર્વવિવાહ કરવામાં કશી હરકત નથી.' ઉર્વશીએ તરત જ જણાવ્યું.

એટલામાં પરીક્ષિતની પાછળથી અવાજ આવ્યો:

'કોણ કોની સાથે ગાંધર્વવિવાહ કરવાનું છે? જરાક જોઉં તો ખરી કે એ વિવાહ કેવી રીતે થઈ શકે છે? હું એની આશંકાથી પ્રેરાઈને તમારી પાછળ પાછળ જ આવી પહોંચી છું. તમને વિપથગામી નહિ થવા દઉં.'

'લગ્ન કરવું એ વિપથગામી થવા બરાબર છે?' પરીક્ષિતથી પૂછ્યા વિના ના રહી શકાયું.

'હા. અપ્સરાઓ સાથે એવી વાતો કરવી તે પણ બરાબર નથી. અપ્સરાઓનો ભરોસો કેવો?'

'અપ્સરાઓ શું સ્ત્રીઓ નથી? એમને હૃદય નથી હોતાં? એ હૃદયમાં પ્રેમ પેદા ના થાય?' ઉર્વશી બોલી ઊઠી.

'પ્રેમ પેદા થવો એ એક વાત છે અને સ્વાર્થવૃત્તિ તથા લાલસા પેદા થવી એ જુદી જ વાત છે. તારા અંતરમાં કામુકતા પેદા થઈ છે. તું સ્ત્રી હોત ને તારે હૃદય હોત તો તું મારા જેવી સ્ત્રીનો પણ વિચાર કરત, ને

પરીક્ષિતને મારી પાસેથી છીનવી લેવાની પ્રવૃત્તિમાં ના પડત. પરીક્ષિત પોતે પણ સમજુ હોત તો વાસનાના પંથે પ્રયાણ કરવાનો વિચાર પણ ના કરત. પુનર્લગ્નનો વિઘાતક વિચાર એમને સ્વપ્ને પણ ના આવત.'

'તું આવી સલાહ આપનારી કોણ છે?'

'હું પરીક્ષિતની પત્ની છું. ઈરાવતી.'

'ઈરાવતી?'

'હા.'

ઉર્વશી થોડીવાર પછી બોલી ઊઠી:

'અમારા માર્ગની વચ્ચે આવીશ તો તેનું જે ભયંકર દુષ્પરિણામ ભોગવવું પડશે તે જાણે છે? તેની કલ્પના પણ કરી શકે છે?'

ઈરાવતીએ કશો ઉત્તર ના આપ્યો એટલે ઉર્વશીએ પાછું પૂછ્યું:

'આ સરોવર જોયું છે?'

'જોયું છે.'

'એમાં તને ડૂબાડી દઈશ.'

'હું જાણતી હતી કે તું એટલી બધી નિર્દય છે અને એવું કરી શકે તેમ છે છતાં પણ હિંમતપૂર્વક આવી છું. જગતના લોકો ભલે જાણે કે તું હત્યારી છે. ભયંકર હત્યારી.'

પરીક્ષિત વચ્ચે બોલ્યો:

'ઈરાવતી, તું શાંત રહે. આજે અમે લગ્ન કરી લેવાનો નિર્ણય કર્યો છે. તારું એમાં કશું નહિ ચાલે. હું માળા લઈને જ આવ્યો છું. ઉર્વશી મને એ માળા આરોપિત કરશે.'

'બિલકુલ નહિ, હું એવું નહિ થવા દઉં.'

'અમે એવું કરીશું જ. એમાં તું વચ્ચે પડનારી કોણ?'

'કેમ? મારી કશી ગણતરી જ નહિ?'

'ના.'

'તો તો હું પોતે જ સરોવરમાં ડૂબી મરું એ સારું છે.'

'તે તને કોણ ના પાડે છે? ડૂબી મર. એમાં ધમકી આપવા જેવું શું છે?'

'ધમકી નથી આપતી. તમને ધમકી આપવાનો વિચાર પણ મારાથી ના કરી શકાય. હું તો તમારા જડ બની ગયેલા હૃદયને જગાડવાનો પ્રયત્ન કરું છું.'

'એ પ્રયત્ન નિરર્થક છે. મારું હૃદય જાગેલું જ છે.'

પરીક્ષિતે ઉર્વશીને માળા આપી. એ એણે પ્રેમપૂર્વક પરીક્ષિતને પહેરાવી દીધી. એ જોઈને ગૌરાંગીએ કરુણામિશ્રિત સ્વરે કહ્યું:

'ઈરાવતીની ઈચ્છા વિરુદ્ધ વર્તવાનું બરાબર નથી લાગતું. આ માળાને કાઢી નાખો.'

'એકવાર પહેરાવ્યા પછી એને હવે નહિ કાઢી શકાય. પરીક્ષિત પર હવે મારો અબાધિત અધિકાર છે. હવે કોઈનું કાંઈપણ નહિ ચાલે. મારે ઈરાવતીની કે કોઈની ઈચ્છાને લેશ પણ મહત્વ શા માટે આપવું જોઈએ? એ ઈચ્છાને લક્ષમાં જ શા માટે લેવી જોઈએ? હું કોઈની બંધાયલી નથી. મારી મરજી મુજબ વર્તવા સ્વતંત્ર છું.'

ઈરાવતી આક્રંદ કરવા લાગી. ગૌરાંગી એને આશ્વાસન આપવા લાગી. એ જોઈને ઉર્વશીએ પરીક્ષિતને કહ્યું:

'એના આક્રંદને લક્ષમાં ના લેતા. એ તો એવા અર્થ વગરનાં, ખોટાં, કુત્રિમ આક્રંદો કર્યા કરશે. ચાલો હવે સ્વર્ગમાં. ત્યાં આપણે કોઈપણ પ્રકારના અંતરાય વિના આપણી આકાંક્ષાનુસાર આનંદ કરીશું.'

ઉર્વશીએ પરીક્ષિતનો હાથ પકડ્યો. એ સુધામય સુખદ સ્પર્શના પરિણામે અવનવી ઝંકૃતિ પેદા થઇ.

એટલામાં જ ઉર્વશી જાગી ગઈ. એનું અંતર અનોખા સંવેદનથી ભરાઈ ગયું. એને સમજાયું કે એ તો એક સ્વપ્ન જ હતું. પોતે એને વાસ્તવિક્તા સમજી બેઠેલી. અને...એ ખરેખર વાસ્તવિક્તા હોત તો? તો જીવન કેટલું બધું અવનવું, ઉલ્લાસપ્રદ અને કૃતાર્થ બની જાત ? પરંતુ એવી વાસ્તવિક્તા જીવનમાં કોણ જાણે ક્યારે પેદા થાય છે!

લાંબા સમય સુધી એ સ્વપ્નનો જ વિચાર કરતી પર્યંક પર પડી રહી. સ્વપ્નને સ્વપ્ન સમજવા છતાં વારંવાર વાગોળવામાં એને આનંદ લાગ્યો. એ આનંદને જતો કરવાનું મન એને ના થયું.

સુદીર્ઘ સમય પછી સ્વસ્થ થઈને એ ગૌરાંગી પાસે પહોંચીને બોલી:

'તને આજે કોઈ સ્વપ્ન આવેલું?'

'મને મોટે ભાગે સ્વપ્ન નથી આવતાં. અને બીજી રીતે કહું તો સમસ્ત જીવનને હું સ્વપ્ન જ માનું છું. સ્વપ્નની પેઠે જ એ એકસરખા રૂપમાં નથી રહેતું. એ પ્રાદુર્ભાવ પામે છે, પલટાય છે. અને આખરે અદૃશ્ય થાય છે. છતાં પણ સ્વપ્નની પેઠે એને સાચું માનીને એમાં આસક્તિ કરવામાં આવે છે. પણ તેં સ્વપ્નની વાત શા માટે યાદ કરી? તને પોતાને કોઈ સ્વપ્ન આવ્યું છે કે શું?'

'મને આજકાલ જુદીજુદી જાતનાં સ્વપ્ન જ આવે છે. જાગતી હોઉં ત્યારે પણ સ્વપ્ન ને નિદ્રાધીન થઉં ત્યારે પણ સ્વપ્ન. સ્વપ્ન વિના બીજું કશું દેખાતું જ નથી. સ્નેહની અવસ્થા કદાચ બીજી ભાષામાં સ્વપ્નની જ અવસ્થા કહેવાતી હશે. મારો પોતાનો અનુભવ એવો જ છે.'

'એટલે જ તારા મુખમંડળ પર આટલો બધો આનંદ છે.'

'આનંદ? આનંદ તો પરીક્ષિતથી દૂર છું ત્યાં સુધી કેવી રીતે મળી શકે? મારો આનંદ એની સાથે જ સંકળાયેલો છે. સ્વપ્નની વાત તો તને એટલા માટે પૂછી કે મારા એ સુંદર સ્વપ્નમાં તું પણ ઉપસ્થિત હતી.'

'હું ઉપસ્થિત હતી?'

'હા.'

'અને તને જેના પ્રત્યે પ્રેમ પ્રકટ્યો છે તે પરીક્ષિત હતો કે નહિ? આજકાલ તો તને એના વિના બીજા કોઈના સ્વપ્ના નહિ આવતાં હોય.'

'સાચું છે. એ સ્વપ્નમાં પરીક્ષિત પણ હતો જ. એ આખુંય સ્વપ્ન કેટલું બધું વિચિત્ર હતું? મને તો એની કલ્પના જ નહિ.'

ઉર્વશીએ ગૌરાંગી આગળ એ સમસ્ત સ્વપ્ન વર્ણવી બતાવ્યું. ગૌરાંગીએ એ સ્વપ્નને સાંભળીને મિશ્રિત લાગણીનો અનુભવ કર્યો. ઉર્વશીએ એકાએક પૂછ્યું:

'આ સ્વપ્નને સાંભળીને તને શું લાગે છે?'

'સ્વપ્ન કેવળ સ્વપ્ન હોય છે: એમાં બીજું લાગે શું?' ગૌરાંગીએ સામેથી પૂછયું: 'તું એને સાચું સમજે છે?'

'સાચું નથી સમજતી પરંતુ એ સાચું થઈ શકે છે. આ આખુંય સ્વપ્ન ભવિષ્યની કોઈક વાસ્તવિકતા તરફ અંગુલિનિર્દેશ કરે છે અથવા કશુંક સૂચવે છે એવું નથી લાગતું? પરીક્ષિત મને મળશે ને મારી સાથે ગાંધર્વવિવાહથી જોડાશે એવું અનુમાન નથી થઈ શકતું?'

'અનુમાન તો અનેક પ્રકારના થઈ શકે. ઈરાવતી વચ્ચે વિઘ્ન પણ નાખે.'

'મને નથી લાગતું કે એ કોઈ વિઘ્ન નાખી શકે. અને નાખે તો પણ શું? એના વિઘ્નની મને કશી પરવા નથી. એના વિઘ્નને હઠાવવાની મારામાં શક્તિ છે. પરીક્ષિતનું મન મારામાં લાગી જાય તો પછી શું બાકી રહે? મને તો મારી સફળતાની સંપૂર્ણ ખાતરી છે.'

'પરંતુ તું સફળ ના થાય તો?'

'સફળ ના થઉં ? તું શું બોલે છે? હું સફળ ના થઉં એવું બને જ નહિ. હું નિષ્ફળ જઈશ તો બીજું કોણ સફળ બનશે? અને પ્રેમની પ્રતિષ્ઠા પણ કોણ કરશે? તને મારી નિષ્ફળતાના વિચાર આવે છે?'

'વિચાર નથી આવતા. હું તો વાત નીકળી છે ત્યારે કલ્પના કરી રહી છું.'

'એવી કલ્પના પણ ઘાતક છે. તારે તો મારી સફળતાની જ કલ્પના કરવી જોઈએ. જો કે તું કલ્પના કરે કે ના કરે તો પણ હું સફળ થઈશ જ.'

'હવે એ વાતને વધારે વખત ક્યાં છે? હવે તો પરીક્ષિતને મળવા જવાનો દિવસ પાસે જ છે.'

એ બંને સખીઓ શાંત રહી.

* * * * *

## ૧૭. ઉર્વશીનો શાપ

વખતને વીતતાં ક્યાં વાર લાગે છે? કાળનું ચક્ર એકસરખું, અબાધિત રીતે, અનાદિકાળથી ચાલ્યા જ કરે છે. એમાં મહિના, વરસો અને યુગો ક્યાં ને કેવી રીતે પસાર થઈ જાય છે તેની ખબર નથી પડતી તો એકાદ અઠવાડિયાની ખબર તો કેવી રીતે પડે? અઠવાડિયાનો વચગાળાનો વખત જોતજોતામાં પસાર થઈ ગયો ને છેવટે પૂર્ણિમાનો દિવસ આવી પહોંચ્યો.

ઉર્વશી આજે પ્રભાતના પ્રથમ પ્રહરથી જ ઉલ્લાસમાં હતી. એનું અંતર આશાના અનોખા અર્ણવમાં અવગાહન કરવા લાગ્યું. આજનો દિવસ એને પોતાના યૌવનના વિજયનો સર્વશ્રેષ્ઠ દિવસ લાગ્યો. આજે એનું સૌન્દર્ય સોળે કલાએ ખીલીને સફળતાના સર્વોચ્ચ શિખર પર પહોંચવાનું હતું. એક મહાન સમ્રાટના અંતરની સામ્રાજ્ઞી બનવાની સોનેરી સુખમય ક્ષણ હવે એના જીવનમાં જરાપણ દૂર નહોતી રહી. આજે એની સૌન્દર્યોપાસના અથવા સ્નેહસાધના પરિસમાપ્તિ પર પહોંચવાની હતી. એના મનોવાંછિત પ્રિય પદાર્થની એને પ્રાપ્તિ થવાની હતી. પછી એનું અંતર અને અણુએ અણુ આનંદ શા માટે ના અનુભવે ? એનું સમસ્ત જીવન ઉત્સવ કરવા માંડ્યું. રોમરોમમાં રાગની અસંખ્ય વીણાઓ એકી સાથે અનવરત રીતે વાગવા માંડી. એને લીધે આખું વ્યક્તિત્વ રાગમય બની ગયું. આજે જાણે કે એના સૌભાગ્યનો સૂર્યોદય થયો.

પરીક્ષિતની આકર્ષક આકૃતિ એની આંખ આગળ આમ તો અહર્નિશ રમ્યા કરતી પરંતુ આજે વધારે પ્રમાણમાં એના અંતરાત્માનું આકર્ષણ કરતી રમવા માંડી એને નિશ્ચયાત્મક રીતે વિશ્વાસપૂર્વક લાગ્યું કે જેવી રીતે પોતાને આવું અદમ્ય આકર્ષણ થાય છે તેવી રીતે પરીક્ષિતને પણ પોતાને માટે અદમ્ય આકર્ષણ અવશ્ય થતું હશે અને એ આકર્ષણથી પ્રેરાઈને એ એને અહર્નિશ યાદ કરતાં એને મળવા માટે અતિશય આતુર બન્યો હશે. એ પણ પોતાના સરખી સૌન્દર્યસામ્રાજ્ઞીના આજના મધુમય મિલનની-કહો કે મહામિલનની ઘડીઓ ગણતો હશે એનું અંતર પણ અનુરાગથી ઉભરાઈને હાથમાં નહિ રહેતું હોય. એને પણ મારી પોતાની પેઠે મને મળવાની ચટપટી પેદા થઈ હશે, મારા સુધાસભર સાનિધ્યનો સ્વાદ લેવાની લગની લાગી હશે. આજનો દિવસ એને માટે પણ આવો જ ઉત્સવમય ને ધન્ય હશે. પ્રેમ એવો પારસ્પરિક છે. પ્રેમની લીલા જ એવી અનેરી અને અસાધારણ છે. એના પ્રતિધ્વનિ બંને બાજુએ પડતા હોય છે. પરીક્ષિત એમાં અપવાદરૂપ તો ના જ હોઈ શકે. ઉલટું, મારા કરતાં એનો અનુરાગ અધિક હશે. મારું અનુરાગમય અંતર એની સાક્ષી પૂરે છે.

ઉર્વશી વિચારોનાં એવાં અનેકવિધ વમળોમાં વિહરતી રહી.

આજે એણે સવિશિષ્ટ શૃંગાર કર્યો, શ્વેત રંગની સરસ સાડી પહેરી, અને અંબોડાની આજુબાજુ સ્વર્ગનાં સુવાસિત સુમનોની વેણી ધારણ કરી. પોતાના અલૌકિક સૌન્દર્ય તરફ ઊડતો દૃષ્ટિપાત કરીને એણે એની સખીઓને પૂછ્યું:

'કહો તો, આજે હું કેવીક લાગું છું?'

'એકદમ અવર્ણનીય' એક સખીએ ઉત્તર આપ્યો.

'અવર્ણનીય?'

'હા. પહેલાં તો તારા અસાધારણ સૌન્દર્યનું ઓછા કે વત્તા પ્રમાણમાં વર્ણન થઈ શકતું પરંતુ હવે તો એ વર્ણનનો વિષય નથી રહ્યુ. આજનું તારું સ્વરૂપ એકદમ અનુપમ છે. સમસ્ત સર્જનનું સૌન્દર્ય અને માધુર્ય એમાં એકત્ર થઈને મૂર્તિમંત બન્યું હોય એવું લાગે છે. મને નથી લાગતું કે સૃષ્ટિમાં તારી સમતા કોઈયે સ્ત્રીથી થઈ શકે.'

'તું તો આજે વિશ્વવિજયી બનવા તૈયાર બની હોય એવી અલૌકિક લાગે છે.' બીજી સખી બોલી.

'આજે સૃષ્ટિના સૌભાગ્યનો દિવસ છે કે શું?' ત્રીજી સખીએ જણાવ્યું.

'પૂર્ણિમાની સ્પર્ધા કરવા તો નથી તૈયાર થઈ? પરંતુ જડ કે પ્રાણ વગરની પૂર્ણિમા તારી સાથે સ્પર્ધા કરવાનો વિચાર પણ ના કરી શકે. તારી સાથેની સ્પર્ધામાં ટકી જ ના શકે.' ચોથી સખી બોલી.

પાંચમીએ સ્મિત કરીને જણાવ્યું:

'પરીક્ષિતની તાકાત નથી કે આજે તને અવલોકીને મોહિત ના થાય ને ભાન ના ભૂલી જાય. મૃત્યુલોકના માનવીની શક્તિ છે જ કેટલી સીમિત? અમારા સરખી સામાન્ય અપ્સરાઓ જ એમના મનમાં વિક્ષોભ પેદા કરવા, મોહિની ભરવા અને એમના હૈયાને હરવાની પર્યાપ્ત યોગ્યતા ધરાવે છે તો પછી તારું તો કહેવું જ શું? તું તો અમારા સૌમાં શ્રેષ્ઠ અને અખિલ અવનીની અજાયબી જેવી છે. આજે તું અત્યંત આકર્ષક અને સંમોહક ભાસે છે.'

અત્યાર સુધી શાંત રહીને એ સઘળું સાંભળી રહેલી ગૌરાંગી બોલી:

'ઉર્વશી અતિશય સુંદર છે એ સાચું છે, પરંતુ એની ઉપરાઉપરી પ્રશસ્તિ કરીને એને સૌન્દર્યનો નશો ના ચઢાવશો. ઉર્વશી આજે ખૂબ જ મહત્વના કામે જઈ રહી હોવાથી બનતી સ્વસ્થતા તથા શાંતિપૂર્વક જાય તે જરૂરી છે.'

'હું શાંત અને સ્વસ્થ જ છું, ગૌરાંગી ! મને સૌન્દર્યનો નશો નથી ચઢતો. ના. કદાપિ નહિ.'

'તો તો ઘણું સારું. હું જે કહું છું તે તારા હિત માટે જ કહી રહી છું. આજે તારે ખૂબ જ સાવધ રહીને આગળ વધવું પડશે. આજના દિવસ પર તારા સમસ્ત જીવનનો આધાર છે.'

'મને તેની ખબર છે. હું વિજયી બનીને પાછી ફરું ત્યારે આખી અમરાપુરીમાં મહોત્સવ મનાવજે.'

'તું પાછી તો આવીશ ને?'

'શા માટે ના આવું? તારે મને પાછી નથી આવવા દેવી?'

'મને તો તું પાછી આવે એ ગમે. પરંતુ પરીક્ષિતના પ્રેમાતિરેકને લીધે, સ્વર્ગને ભૂલીને કે ગૌણ ગણીને તું એની સાથે એના રમણીય રાજપ્રાસાદમાં પણ રહેવા માંડે.'

' ના હું અહીં તો આવીશ જ. કદાચ આવશ્યકતાનુસાર એની સાથે એના રાજપ્રાસાદમાં થોડોક વખત વાસ કરું, પણ સ્વર્ગને છોડીશ તો નહિ જ. આપણે અપ્સરાઓ કાયમને માટે કોઈની સાથે નથી રહેતી. આપણે આપણી આકાંક્ષાનુસાર આનંદ આપીએ છીએ એ સાચું છે. પરંતુ કોઈનો પણ અબાધિત અધિકાર આપણા પર નથી ચાલતો. પરીક્ષિતને પોતાને અહીં આવવું હશે તો મારી વિશિષ્ટ શક્તિથી લઈ આવીશ. સ્વર્ગના સુખ જેવું સુખ આ અવનીતલ પર બીજે ક્યાંય નથી.'

સાનુકૂળ સમય જોઈને ઉર્વશી પોતાની પરિચારિકાઓ ને સખીઓ સાથે ચાલી નીકળી.

વાયુની લલિત લહરીઓ એનાથી મંત્રમુગ્ધ બનીને એના લોકોત્તર લાવણ્ય પર વારી જતી હોય એમ એને વીંટી વળી.

પરિચારિકાઓએ એની મુક્ત કંઠે પ્રશસ્તિ કરી.

આકાશગમનની અદ્દભુત શક્તિ દ્વારા વાયુમંડળમાંથી સહેલાઈથી માર્ગ કરતી એ જોતજોતામાં આગળ વધી અને સ્વલ્પ સમયમાં તો પેલા ચિરપરિચિત એકાંત અરણ્યમાં આવી પહોંચી.

વૃક્ષો એના સ્વાગતમાં ડોલી ઊઠ્યાં, વિહંગો પ્રેમને પ્રકટ કરતાં મધુર ગીત ગાવા માંડ્યાં, ને પવન પ્રમત્ત બનીને એને આવકાર આપવા લાગ્યો.

સખીઓ અને પરિચારિકાઓની મંડળી સાથે ધીમી ગતિએ આગળ વધતાં એણે આજુબાજુ બધે જ દૃષ્ટિ ફેરવી પરંતુ...પરીક્ષિત ક્યાંય ના દેખાયો.

એણે સખીઓને કહ્યું:

'પરીક્ષિત હજુ નથી આવ્યો લાગતો. આજુબાજુના અરણ્યમાં એ ક્યાંય નથી દેખાતો. એણે આજે આવવાનું વચન આપેલું તેનું એને વિસ્મરણ તો નહિ થયું હોય?'

'એવી અગત્યની વાતનું વિસ્મણ થયું હોય એવું હું નથી માની શકતી.' સખીએ ઉત્તર આપ્યો, 'રસિક પુરૂષો બીજું બધું કદાચ ભૂલી જાય પરંતુ આવા અમુલખ આમંત્રણને ના ભૂલે.'

'તો પછી એ કેમ નહિ આવ્યો હોય? મને તો એની અનુપસ્થિતિને લીધે કાંઈના કાંઈ વિચારો આવી જાય છે.'

'વિચારો આવે એ સ્વાભાવિક છે, પરંતુ એ હવે આવી પહોંચશે એ ચોક્કસ છે. તારા જેવી રૂપસુંદરીને મળવાનો આવો અસાધારણ અનેરો અવસર કાંઈ જેને તેને નથી મળતો. આવા દેવદુર્લભ અવસરને પરીક્ષિત જેવા રસજ્ઞ પુરૂષો ભાગ્યે જ છોડે. તું એને મળવા માટે આટલી બધી આતુર છે તો એ તો તને મળવા માટે અનેકગણો આતુર હશે.'

'સાચું છે.' બીજી સખીએ એનું સમર્થન કરતાં કહ્યું: 'પ્રેમની પ્રબળતાને લીધે તને બરાબર ખ્યાલ નથી લાગતો. બાકી આપણે આજે થોડાંક વહેલાં છીએ. મધ્યાહ્નને હજુ થોડોક જ વખત થયો છે. પરીક્ષિત આટલો વહેલો આવે એવી આશા આપણે ના રાખી શકીએ.'

'અને રાખી શકીએ તો પણ એટલો વહેલો ના પણ આવે. એ કદાચ ગયા વખતના સમયે જ આવી પહોંચશે. એ આપણે માટે નહિ આવે; એના પોતાના માટે આવશે. તારાથી મોહિત થઈને તને એ અહર્નિશ યાદ કરતો હશે. એ મોહિની અને યાદી જ એને તારી પાસે ખેંચી લાવશે. એના વિના એને ચેન જ નહિ પડે, એ આવે ત્યાં સુધી આપણા પૂર્વનિયમ પ્રમાણે સૌથી પહેલાં સરોવરમાં સ્નાન કરીએ.'

ઉર્વશીની અનુમતિ મેળવીને એ બધી અપ્સરાઓ એની સાથે સરોવરમાં સ્નાન કરવા પડી. સરોવરમાં જાતજાતની ક્રીડા કરીને છેવટે એ બહાર નીકળીને વસ્ત્રપરિધાન કરીને તૈયાર થઈ ત્યારે ઉર્વશીએ જણાવ્યું:

'સામાન્ય રીતે તો આ સરોવર આપણા તાપને શાંત કરે છે અને આપણા અંતરાત્માને આનંદ આપે છે પરંતુ આજનો અવસર એકદમ અસામાન્ય લાગે છે. આજનું સરોવરસ્નાન મારા અંતરાત્માને પહેલાંની પેઠે છેક શીતલ નથી કરી શક્યું. એનો સંતાપ હજુ એવો જ અકબંધ છે.'

બધી સખીઓ હસી પડી.

એ મુક્ત હાસ્યના પડઘા આજુબાજુ બધે જ પડી રહ્યાં.

ઉર્વશી થોડીવાર પછી બોલી:

'પરીક્ષિત આ અપરિચિત એકાંત અરણ્યમાં ભૂલો તો નહિ પડ્યો હોય? ગયા વખતે એ અજ્ઞાત રીતે મૃગયા કરતો કરતો જ અહીં આવી પહોંચેલો.'

'આ વખતે પણ મૃગયાના આશયથી જ આવી પહોંચશે. મૃગયા કાંઈ સાધારણ નથી. પરંતુ..પરીક્ષિત જેવા પરમપ્રતાપી પુરુષોને માટે એ કઠિન નથી. એ એનાથી ટેવાયેલા હોય છે.'

એ સખીના શબ્દો સાંભળીને બીજી સખીઓ હસવા માંડી. ઉર્વશીએ પણ એમને સાથ આપ્યો ને કહ્યું:

'એ અરણ્યમાં ભૂલો પડે એવો તો નથી, છતાં પણ કયા વખતે શું થાય તે કાંઈ કહેવાય નહિ. આપણે જરા આમતેમ જોઈ વળીએ તો સારું. આજે કોણ જાણે કેમ પણ મને ધીરજ નથી રહેતી.'

એટલામાં તો સામેના વિશાળ વટવૃક્ષની પાછળથી અશ્વનો હણહણાટ સંભળાયો. ઉર્વશી એ સાંભળીને બોલી ઊઠી:

'આખરે આટલા બધા સમય સુધી પ્રતીક્ષા કરાવીને અને આશા તથા નિરાશાના સંમિશ્રિત ભાવઝૂલે ઝૂલાવીને એ આવી પહોંચ્યો ખરો. હા. એ પરીક્ષિત જ લાગે છે. બીજું કોઈ નથી પણ એ જ છે.'

'હા. એ જ છે. હવે તો શાંતિ વળીને? ' સખી બોલી ઊઠી.

'હવે શાંતિ વળશે ખરી. એનું દર્શન જ કેટલું બધું આનંદદાયક અને શાંતિકારક છે!'

પરીક્ષિત અશ્વ પરથી ઉતરી પડીને થોડીકવાર ઊભો રહ્યો ને પછી અપ્સરાઓ પાસે આવી પહોંચ્યો. ઉર્વશીને ઓળખતાં એને વાર ના લાગી. એ એને તરત જ ઓળખી ગયા. ઉર્વશીએ એનું અત્યંત સ્નેહપૂર્વક સ્વાગત કર્યું ને જણાવ્યું:

'હું તો ક્યારથી પ્રતીક્ષા કરી રહી છું. તમે અત્યાર સુધી નહોતા આવ્યા એટલે મને કાંઈનું કાંઈ થઈ ગયેલું. કેવાય વિચારો આવી ગયેલા.'

'હું એટલો બધો મોડો તો નથી જ. બરાબર નિર્ધારીત સમયે જ આવી પહોંચ્યો છું.' પરીક્ષિતે શાંતિથી કહ્યું.

'તમે બનતા વહેલા આવશો એવી હું આશા રાખતી'તી.'

'વિદ્વાનો આશાને જ દુઃખનું ને આશારહિત અવસ્થાને પરમ તેમજ સનાતન સુખનું કારણ કહી બતાવે છે.'

'એટલે ? આપણે આશા ના રાખવી જોઈએ. એમ?'

'ના રાખવાનું શક્ય હોય તો તો સૌથી સારું છે. અને જો શક્ય ના હોય તો પણ વધારે પડતી આશા તો ના જ રાખવી જોઈએ.'

'આપણે એકમેકની આશા ક્યાં રાખેલી? એકમેક વિશે આપણે ખાસ કશું જાણતાં પણ ન હતાં. છતાં પણ આપણો મેળાપ અચાનક રીતે જ થઈ ગયો અને એ મેળાપ પારસ્પરિક પ્રેમમાં પરીણમ્યો.'

'તમને મારા પ્રત્યે પ્રેમ છે?'

'પુષ્કળ છે.'

'પ્રેમ હોવો એક વાત છે અને મોહ હોવો એ જુદી જ વાત છે. પ્રેમ સદા સુખકારક થાય છે ને મોહ દુઃખકારક.'

'અમે અપ્સરાઓ એવા વ્યર્થ વિવાદમાં પડવા માટે નથી ટેવાયેલી. એવા વિવાદનું કામ અમારું નથી. આપણુંયે નથી, તત્વજ્ઞોનું છે. અમે તો જે અવસર મળ્યો છે તેનો પૂરેપૂરો લાભ લઈને આનંદ લૂંટીએ છીએ અને આનંદ આપીએ છીએ. અમારા શરીરધારણનું સાર્થક્ય એમાં જ સમાયેલું છે. તમે થાકેલા હશો. એ થાકને ઉતારવા અને આનંદાનુભવ કરવા આ સુંદર સરોવરમાં પડીએ ને મન મૂકીને ક્રીડા કરીએ. મારું તમને અનુરાગપૂર્વકનું આમંત્રણ છે.'

પરીક્ષિત સહેજ વિચારમાં પડ્યો ને બોલ્યો:

'મારાથી એ આમંત્રણનો સ્વીકાર નહિ કરી શકાય. હું થાકેલ નથી. પરસ્ત્રી સાથે એવી રીતે ક્રીડા કરવાની ઈચ્છા મને આજપર્યંત કદાપિ નથી થઈ.'

'પરંતુ હું પરસ્ત્રી નથી. મને પરસ્ત્રી માનવામાં તમારી ભયંકર ભૂલ થાય છે. અમે નિત્યનૂતન હોઈએ છીએ ને કોઈની સ્ત્રી બનીને કાયમને માટે નથી રહેતી.'

'મને એવું નથી લાગતું.'

'નથી લાગતું તો લાગશે. જરા આ કુંજમાં વિશ્રામ તો કરો.'

અપ્સરાઓએ એ સાંભળીને અટ્ટહાસ્ય કર્યું. એના પ્રતિઘોષ વનમાં બધે ફરી વળ્યાં. ઉર્વશી પણ હસવા લાગી.

અપ્સરાઓએ સરોવરની સમીપે સુંદર કુંજનું નિર્માણ કરેલું. ઉર્વશીએ એમને એની પ્રેરણા પૂરી પાડેલી. એમાં બેસીને અપ્સરાઓ કેટલીકવાર વિશ્રામ તથા ક્રીડા કરતી. એ કુંજમાં જઈને સૌ બેસી ગયાં. એટલે ઉર્વશીએ પરીક્ષિત પ્રત્યે પ્રેમભરેલો દૃષ્ટિપાત કરીને જણાવ્યું:

'આ ક્ષણો કેટલી બધી અમુલખ છે તે જાણો છો?'

'જાણું છું.' પરીક્ષિતે પ્રત્યુત્તર આપ્યો.

'એ સૌ કોઈને અને સદાને માટે નથી મળતી. માટે એનો જેટલો બને તેટલો સદુપયોગ કરી લેવો જોઈએ.'

એમ કહીને એણે રંગીન રુમાલમાં રાખેલી તાજાં પરિમલ ભરેલ પુષ્પોની માળા કાઢીને પરીક્ષિતને બતાવતાં પૂછ્યું:

'આ માળા જોઈ ?'

'હા.'

'તમને ગમી?'

'ગમી.'

'એના પુષ્પોને ઓળખી શકો છો? આવાં પુષ્પો આ પાર્થિવ પૃથ્વી પર ભાગ્યે જ થતાં હશે. આ પુષ્પો અમરાપુરીના અલૌકિક ઉપવનનાં છે. એમનો આકાર અને એમનું સૌન્દર્ય એકદમ અનુપમ છે. એમને એકઠાં

કરીને મનહર માળા મેં પોતે જ મારે હાથે તૈયાર કરી છે. એમાં મારા અંતરનો અસાધારણ અનુરાગ ભળેલો છે. આજે એ તમને આરોપિત કરીને તમને પતિ તરીકે સ્વીકારવા ને મારું સર્વસમર્પણ કરવા તથા એવી રીતે કૃતાર્થ બનવા અને બનાવવા માટે આવી છું. આ માળાનો અને એની સાથે સાથે મારો સ્વીકાર કરીને મને સફળમનોરથ કરો.'

ઉર્વશી પરીક્ષિતને માળા પહેરાવવા આગળ વધી પરંતુ પરીક્ષિત એના અને સૌના વિસ્મય વચ્ચે પાછો હઠી ગયો ને બોલ્યો:

'માળાનો સ્વીકાર મારાથી નહિ કરી શકાય.'

'કેમ ? એ તમને પસંદ ના પડી?'

'માળા તો પસંદ પડી પરંતુ એની પાછળની તારી દ્વારા વ્યક્ત થયેલી ભાવના પસંદ ના પડી. હું તને મારી પ્રિયતમા તરીકે કદાપિ ના સ્વીકારી શકું. તને એવી રીતે સ્વીકારવાનો વિચાર પણ મને ના આવી શકે. મહારાજા પુરુરવાની પ્રિય પત્ની તરીકે હું તને પૂજ્યભાવથી પેખું છું અને પેખતો રહીશ. મારા મનમાં તારે માટે કોઈ બુરો વિચાર કે ભાવ નથી ઊઠતો ને નહિ ઊઠે. ભાવનાનો એ વારસો મને મારા પરમ પૂજ્ય પ્રપિતા અર્જુન તરફથી સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થયો છે. સ્વર્ગમાં તને એમના સમાગમનો લાભ મળેલો ત્યારે તું એમની ઉપર મોહિત થઈને એમની પાસે પહોંચી ગયેલી. એ વખતે એમણે લેશ પણ ચલાયમાન બન્યા વગર જે કહેલું તે કદાચ તને યાદ હશે. મારે તને એ જ કહેવાનું છે. તારી કામુકતાના પરિણામરૂપે મારી વૃત્તિમાં કૃષ્ણકૃપાથી કશો જ ફેર નહિ પડે. તારા બધા જ પ્રયત્નો મિથ્યા ઠરશે. માટે મારા પ્રત્યેની દૃષ્ટિને તેમજ વૃત્તિને વિશુદ્ધ કર એટલું જ ઈચ્છું છું.'

ઉર્વશી પરીક્ષિતના એ શબ્દોને આશ્ચર્યચકિત બનીને સાંભળી રહી. એણે પૂછ્યું:

'તો પછી તમે આવ્યા શા માટે?'

'મારા મુખમાંથી નીકળી ગયેલા વચનના પાલન માટે.'

'ઉર્વશીની કાય કંપવા લાગી. એના હોઠ ધ્રુજવા માંડ્યા. એનો બાહ્ય દેખાવ ફરી ગયો. એ શાંત, મધુર ને લલિતને બદલે રૌદ્ર દેખાવા લાગી, ને બોલી:

'અમે અપ્સરાઓ અત્યંત વિચિત્ર પ્રકૃતિની હોઈએ છીએ તેની ખબર છે? અમારી શક્તિ અનંત છે. અમે પ્રસન્ન થઈએ તો અમારા અલૌકિક અનુગ્રહ દ્વારા ગમે તેને કૃતાર્થ કરી દઈએ અને જો કોઈક કારણથી ક્રોધે ભરાઈએ તો શાપ આપીને સર્વનાશ કરી નાખીએ. તમે અર્જુનની કથાનું સ્મરણ કર્યું પરંતુ મારી આકાંક્ષાનો અનાદર કરવાથી અર્જુનને મારા અભિશાપના ભાગી બનવું પડેલું તે ભૂલી ગયા?'

'ના નથી ભૂલ્યો.'

'હું કોઈને પગલે ચાલવાનો પ્રયત્ન નથી કરતો. હું તો મને જે આદર્શ લાગે છે ને મારા મનમાં જે સહજ રીતે ઊઠે છે તે ઉદાત્ત ભાવોની અભિવ્યક્તિ કરી બતાવું છું. એવું કરીને તને કોઈ પ્રકારનો આઘાત પહોંચાડવાની ઈચ્છા નથી રાખતો. એવી ઈચ્છાને રાખી પણ ના શકું. તે છતાં તું ક્રોધે ભરાતી હોય તો તેમાં મારો કોઈ દોષ નથી ને તેનો કોઈ ઉપાય પણ નથી દેખાતો. અભિશાપની આશંકાથી ડરીને હું સ્વપ્ને પણ સન્માર્ગનો પરિત્યાગ નહિ કરી શકું.'

'આને તમે સન્માર્ગ કહો છો?'

'હા આ લોકોત્તર મહાપુરુષોએ સમાજ, રાષ્ટ્ર અને સૃષ્ટિની સુરક્ષા સારુ સ્થાપેલો કે નિર્દેશેલો સન્માર્ગ છે. પ્રજાપાલક આદર્શ સમ્રાટ તરીકે મારે તેનું પરિપાલન કરવું જ જોઈએ. એમાંથી વિચલિત થઈને વિપથગામી બનવાનો વિચાર પણ મારાથી ના કરી શકાય.'

વાયુની લહરી એકાએક અને જોરશોરથી ફૂંકાવા લાગી. વનનાં ત્રણચાર વિહંગો જોરથી ચિત્કાર કરી ઊઠ્યાં. પ્રભાકરના કિરણો કોણ જાણે કેમ પણ વધારે પ્રબળ બન્યાં. અપ્સરાઓ ઉત્તેજીત બનીને પરીક્ષિતની સામે જોઈ રહી. ઉર્વશી રોષે ભરાઈને બોલી:

'મારા પ્રસ્તાવ પર પુનર્વિચાર કરી જુઓ.'

'એનો પુનર્વિચાર આવશ્યક નથી. મારો નિર્ણય સંપૂર્ણ સમજપૂર્વકનો હોવાથી અફર છે.'

ઉર્વશી થોડીવાર ક્રુદ્ધ અંગારભરેલી આંખે ને કંપતી કાયે પરીક્ષિતને નિહાળી રહી ને બોલી:

'આજે પૂર્ણિમાની પીયુષમયી રાત છે તે જાણો છો?'

'જાણું છું.'

'એ રાતને આપણે અદ્દભુત અનુરાગના આસ્વાદથી જીવનની ધન્ય અને અમર રાત બનાવી દઈએ. આજે આપણે અભૂતપૂર્વ આનંદ કરીએ.'

પરીક્ષિતે તરત જ જણાવ્યું:

'મને એવા અધમ પ્રકારના આનંદની આકાંક્ષા નથી. તું પણ એ આકાંક્ષાનો પરિત્યાગ કરીને સુખી બન અને આજની રાતને અમર કર. શરીરનાં સુખો કોઈને શાશ્વત શાંતિ તથા સુખ નથી આપી શકતાં. તારું પોતાનું જીવન એની પ્રતીતિરૂપ છે. એમની તૃષાને તિલાંજલિ આપીને જીવનના સાચા આનંદનો અનુભવ કર.'

ઉર્વશી એ શબ્દોને સાંભળીને અસ્વસ્થ બની ગઈ, ધ્રુજવા લાગી, ને બોલી:

'મેં તમને ઉપદેશ લેવા માટે નથી બોલાવ્યા.'

'હું ઉપદેશ નથી આપતો.'

'તો બીજું શું કરો છો?'

'એનો નિર્ણય હું પોતે કરી શકું એમ છું.'

'તારી બુદ્ધિ મોહાંધ હોવાથી એનો નિર્ણય કરવાની શક્તિ કુંઠિત બની ગઈ છે.'

'તો તમે મારો સ્વીકાર નહિ જ કરો?'

'ના પત્ની તરીકે નહિ જ.'

' હું તમને થોડોક વિચાર કરવાનો વખત આપું છું. તમારું મન મલિન બન્યું લાગે છે. એમાં સત્યનો પવિત્ર પ્રકાશ નથી પડતો. તમે અઠવાડિયા પછી બીજી વાર આવજો. તે વખતે તમારા વિચારોમાં ફેર પડશે.'

'મારા વિચારોમાં એવાં અનેક અઠવાડિયાં વીતી જાય તો પણ ફેર નથી પડે તેમ. એ વિચારો ચોક્કસ છે. મારું મન મલિન નથી પરંતુ પવિત્ર છે. મલિન મન તો તારું છે એટલે તું આવા અનુચિત પ્રસ્તાવો મૂક્યા કરે છે. મારો તારી સાથેનો આ મેળાપ છેલ્લો છે. હવે હું તને મળવા માટે અહીં નથી આવવાનો.'

'તો પછી...' ઉર્વશી કુત્કાર કરીને ડંખ દેનારી નાગણની પેઠે છંછેડાઈને બોલી ઊઠી: 'તો પછી હું શાપ આપું છું કે તમને વિશેષ સાંસારિક સુખ નહિ મળે. તમારું મરણ આકસ્મિક, કરુણ રીતે અને કવખતે થશે. જીવનનો પૂરો આસ્વાદ તમે નહિ લઈ શકો.'

પરીક્ષિતે સ્વસ્થતાને ખોયા વિના કહ્યું:

'તારા શાપને શાંતિપૂર્વક માથે ચઢાવું છું. હું મારી નિષ્ઠામાંથી ચળ્યો નહિ એનો મને આનંદ છે. એટલી મને શાંતિ છે. એ વાતનું ગૌરવ પણ છે.'

ઉર્વશી વધારે ના બોલી.

અરણ્યમાં એક પ્રકારનો સન્નાટો છવાઈ ગયો.

અપ્સરાઓ એ અભૂતપૂર્વ પ્રસંગથી આભી બની ગઈ.

* * * * *

## ૧૮. પ્રતિક્રિયા

ઉર્વશીની ઉત્તેજના એવી રીતે પરાકાષ્ઠા પર પહોંચી ગઈ. પરંતુ થોડાક સમય પછી એનું શનૈઃ શનૈઃ શમન થતાં એ બોલીઃ

'મેં તમને ક્રોધાવેશમાં આવીને શાપ આપી દીધો તે એટલું બધું સારૂં ના થયું. બહુબહુ તો મારે તમને ઠપકો આપીને અહીંથી વિદાય થઈ જવું જોઈતું હતું. તેને બદલે તમારા સરખા સમ્રાટને અભિશાપ આપી બેઠી એ અનુચિત થયું. પરંતુ હવે શું થઈ શકે? વહી ગયેલું પાણી પાછું નથી આવી શકતું, તેવી રીતે મુખમાંથી એકવાર જે શબ્દો નીકળી ગયા તે નીકળી ગયા. તેમને પાછા નથી ખેંચી શકાતા.'

પરીક્ષિતે કહ્યું :

'અભિશાપ શબ્દ અને એ આપવાની ક્રિયા આમ તો અશુભ કહેવાય છે પરંતુ મારા પર શ્રીકૃષ્ણની કૃપા હોવાથી તારો શાપ મારે માટે અશુભ બનવાને બદલે શુભ જ પુરવાર થશે. એ મારું અમંગલ નહિ કરી શકે. મને એવું લાગતું જ હતું કે તારી ઈચ્છાની પૂર્તિ ના થવાથી તું મને અભિશાપ આપવા તૈયાર થશે. મારા પ્રપિતા અર્જુનને પણ તેં આ જ રીતે શાપ આપેલો. હવે તને સમજાશે કે કોઈને વરદાન આપવાનું અઘરું છે અને શાપ આપવાનું સહેલું. કોઈનું અનિષ્ટ કરવા માટે મન જલદી પ્રવૃત્ત થઈ જાય છે પણ શુભ કરવામાં એટલો આનંદ નથી લેતું. તું શાંતિપૂર્વક વિચારીશ તો એ પણ સમજાશે કે તારો મારા પ્રત્યેનો પ્રેમ ન હતો પરંતુ મોહ હતો.'

'મોહ?'

'હા. કેવળ મોહ નહિ પણ ગાઢ મોહ. વ્યામોહ. પ્રેમ સદાય વરદાન આપે છે, શુભાશિષની વૃષ્ટિ વરસાવે છે, ને શ્રેયસ્કર થઈ પડે છે, જ્યારે મોહ અભિશાપ આપે છે, અનર્થની વૃષ્ટિ વરસાવે છે. ને અહિત કરે છે. પ્રેમ બલિદાન આપવામાં માને છે તો મોહ બલિદાન લેવામાં. પ્રેમ બીજાની સુખાકારી, શાંતિ કે સમૃદ્ધિમાં આનંદે છે તો મોહ પોતાની જ સુખાકારી, શાંતિ તથા સમૃદ્ધિને સર્વસ્વ સમજે છે અને એની સિદ્ધિ માટે બીજાને હાનિ પણ પહોંચાડે છે. પ્રેમ જાગ્રત રાખે છે અને આગળ વધારે છે તો મોહ મૂઢ અથવા અંધ બનાવીને પાછળ પાડે છે. એકની શક્તિ દૈવી છે તો બીજાની આસુરી. તને મારા પ્રત્યે પવિત્રતમ પ્રેમભાવ હોત તો તું મને સમજીને મારી પવિત્રતાની નિષ્ઠાને માટે મને અંતઃકરણપૂર્વક અભિનંદન આપત; અભિશાપ નહિ. મને પાડવાનો પ્રયત્ન કરવાને બદલે તું પોતે મારી અવસ્થા સુધી ઊંચી આવત. પરંતુ હવે એ બધી ચર્ચાવિચારણા કરવાથી શું વળવાનું છે? હવે તો એ પ્રકરણ પૂરૂં થયું છે. જે થવાનું હતું તે થઈ ગયું છે.'

ઉર્વશી નિશ્વાસ નાખીને બોલી:

'પ્રેમ અને મોહની મીમાંસામાં હવે નહિ પડું. એમાં પડવાનો કોઈ અર્થ પણ હવે નથી દેખાતો. મને તમારા માટે પ્રેમ ના હોત તો તમને મળવા માટે હું આટલે દૂર આવત જ નહિ. મારી ઈચ્છાની પૂર્તિ ના થવાથી મેં દુઃખી ને ક્રોધિત બનીને તમને શાપ આપ્યો પણ પછી મને મારી ભૂલ સમજાઈ અને એનું દુઃખ થયું એ પણ મારો પ્રેમ જ બતાવે છે. મારાથી શાપ અપાઈ ગયો છે એ સાચું, એને પાછો નહિ ખેંચી શકાય એ પણ સાચું, પરંતુ એ શાપ તમારે માટે હાનિકારક નહિ થાય. એ તમારું કલ્યાણ જ કરશે. તમારું મૃત્યુ કવખતનું અથવા આકસ્મિક હોવા છતાં તમારા સમસ્ત જીવનનું મંગલ કરશે અને આશીર્વાદરૂપ ઠરશે. શુદ્ધતમ આત્મજ્ઞાન અને

પરમાત્માની પ્રીતિ દ્વારા તમને છેલ્લી ક્ષણોમાં જીવનમુક્તિનો અસાધારણ દેવદુર્લભ આનંદ ધરશે. મૃત્યુ તમારે માટે મહોત્સવમય બનશે ને તમને અમર કરશે.'

ઉર્વશી અપ્સરાઓ સાથે વિદાય થવાની તૈયારી કરવા લાગી. એટલામાં એને એકાએક કશુંક યાદ આવ્યું એટલે એ બોલી:

'જીવનમાં કોઈવાર મારી જરૂર લાગે તો મારા આ સ્વરૂપનું સ્મરણ કરીને મને માનસિક રીતે બોલાવજો. હું તરત જ આવી પહોંચીશ ને તમને મારી રીતે મદદરૂપ થઈશ.'

'સારું.'

'મારા શાપ માટે મને ક્ષમા આપજો.'

'આપી દીધી છે.'

'એ વખતે મારું મન ખૂબ જ ઉત્તેજીત બની ગયેલું એટલે હું લાચાર હતી. મેં જે શાપ આપ્યો છે તે પરવશ અને વિવશ અવસ્થામાં આપ્યો છે. મેં તેને જાણી જોઈને નથી આપ્યો. જાણી જોઈને હું કદી તમારું અશુભ ના કરી શકું. અરે, વિચારીયે ના શકું.'

'જાણું છું.'

'તમારા જેવા સત્પુરૂષો સંસારની શોભારૂપ છે. એમને લીધે જ આ સૃષ્ટિ ટકી ને શક્તિશાળી બની રહી છે.'

પરીક્ષિતે સહેજ સંકોચમાં પડીને કહ્યું:

'એ જ્ઞાન તને પ્રથમથી જ થયું હોત તો? તો આજના આપણા મેળાપનું પરિણામ જુદું જ હોત. છતાં તને આખરે-મોડેમોડે પણ એ જ્ઞાન થયું એ સંતોષની વાત છે. બાકી સાચું કહું તો હું કાંઈ એવો સત્પુરૂષ નથી. સત્પુરૂષ તો કૃષ્ણ, યુધિષ્ઠિર, અર્જુન, ભીષ્મ અને એવા બીજા હતા. એવું બહુમાન એમને ઘટે છે.'

ઉર્વશી તરત જ બોલી:

'તમે પણ મારે મન સત્પુરૂષ જ છો. લલનાનાં લોચનકટાક્ષોથી જે મોહિત કે પથભ્રાંત ના થાય તે સત્પુરૂષ જ છે. સામાન્ય લલનાઓની વાત તો દૂર રહી પણ અમારા જેવી અલૌકિક અપ્સરાઓની આગળ વિકારરહિત કે સ્વસ્થ રહેવાનું કામ ઘણું કઠિન છે. સામાન્ય પુરૂષોને એમાં સફળતા ના સાંપડી શકે.'

પરીક્ષિતની પદરજને મસ્તક પર ચઢાવીને ઉર્વશી અપ્સરાઓ સાથે ચાલી નીકળી ત્યારે એકલા પરીક્ષિતને જ નહિ, અપ્સરાઓને પણ એનું આશ્ચર્ય થયું.

એક અપ્સરાએ માર્ગમાં ઉર્વશીને કહ્યુ પણ ખરું:

'તેં તો પરિક્ષિતની પદરજને મસ્તક પર ચઢાવી.'

ઉર્વશી દિવાસ્વપ્નમાંથી જાગ્રત થઈ હોય તેમ બોલી:

'મને એવી ઈચ્છા ન હતી છતાં મારાથી એકાએક એવું થઈ ગયું. કરાઈ ગયું. મારું અંતર એની પવિત્રતા ને સ્થિરતાથી ઝંકૃત બની ગયું.'

'એવું તો તને કોઈવાર નથી થયું.'

'એ જ જોવાનું છે ને? મને પોતાને એ વાતનું, એવા વ્યવહારનું, આશ્ચર્ય થાય છે. મેં એવા વ્યવહારની કલ્પના પણ નહોતી કરી; મારી કલ્પના તો જુદી હતી. એકદમ જુદી, એ કાંઈ તમારા બધાથી અજ્ઞાત નથી.'

ઉર્વશી જેમજેમ સ્વર્ગની સમીપ પહોંચતી ગઈ તેમતેમ એના અંતરનો આહ્‌લાદ ઓછો થતો ગયો; એની વેદના વધતી ગઈ. એના વદન પર વિષાદનું વાદળ ફરી વળ્યું.

ગૌરાંગી એની પાસે આવી પહોંચી ત્યારે એનું અંતર કાંઈક અસ્વસ્થ હતું. એ અસ્વસ્થતાની છાયા એની આંખમાં એકદમ સ્પષ્ટ રીતે દેખાઈ આવતી. ગૌરાંગી એને જોઈને બોલી:

'પરીક્ષિતને પ્રભાવિત કે પરવશ કરવાની તારી આશા પર પાણી ફરી વળ્યું ને? મને એવી જ આશંકા થયા કરતી'તી. એવું લાગતું'તું કે તારી મનોકામના પૂરી નહિ થાય તો તને આઘાત લાગશે. તારું અંતર અસ્વસ્થ બનશે, તું ક્રોધે ભરાઈને શાપ આપશે. મારી એ આશંકા સાચી પડી. તારી સાથે આવેલી અપ્સરાઓ દ્વારા મને આજની બધી વાત જાણવા મળી છે. એ વાત અતિશય કરુણ છે. તને તારા રૂપનું ઓછું ગુમાન નહોતું છતાં પણ એ ગુમાન પરીક્ષિતની આગળ જરાક પણ કામ ના લાગ્યું. મને લાગે છે કે હવે તારી મનોવૃત્તિમાં સુધારો થશે.'

ઉર્વશીએ જણાવ્યું :

'તેં સખીઓ દ્વારા સઘળી હકીકત જાણી છે એટલે હવે મારે તને બીજું કશું નથી કહેવાનું. મારા જીવનમાં મને જે અવનવો અનુભવ થયો તેને મારાથી કદાપિ નહિ ભૂલી શકાય. પરીક્ષિત ખરેખર પ્રતાપી નીકળ્યો. પરમપ્રતાપી. એ પરમપ્રતાપી ના હોત તો મારી પ્રાર્થનાની આવી રીતે અવગણના ના કરી શકત, એ મને જોઈને જ સાનભાન ભૂલી જાત. આ તો..મારી માળા મારા હાથમાં જ રહી ગઈ.'

'પરંતુ આટલો બધો અનુરાગ હોવા છતાં તેં પરીક્ષિતને શાપ આપ્યો તે સારું થયું?'

'સારું નથી થયું તે તો હું પણ જાણું છું પણ તેનો કોઈ ઉપાય નથી. શાપ મારાથી એકાએક અપાઈ ગયો તેનું મને દુઃખ છે. તે વખતે પણ દુઃખ થયેલું પણ હું જરાક મોડી પડી. મારા અભિશાપને એણે શાંતિથી સહન કર્યો એ એની ઓછી મહાનતા ના કહેવાય.'

'હવે સ્વર્ગમાં રહીને ઈન્દ્રિયોના વિષયોની અસારતાને સારી પેઠે સમજી લઈને એમાંથી મનને ઉપરામ કરી દે. એ જ ઈચ્છવા જેવું છે. એવું કરવાથી તને શાશ્વત શાંતિ અને સંતૃપ્તિ સાંપડી શકશે. એ મહાકાર્યમાં હું તને મદદ કરીશ. વિષયોના જગતને તો તેં જીવનભર જોયું ને માણ્યું છે. હવે આત્માના અલૌકિક પ્રદેશમાં પ્રવેશવા માટે તૈયાર થા. એક સાચી સખી તરીકે મારે તને એ જ કહેવાનું છે.'

'એ માટે તારી આભારી છું.' ઉર્વશી વિશેષ કશું ના બોલી.

ઉર્વશી અને અન્ય અપ્સરાઓના વિદાય થયા પછી પરીક્ષિતે એ સુંદર સ્વચ્છ સરોવરમાં સ્નાન કર્યું. એથી એના મનને સહેજ શાંતિ થઈ. ઉર્વશીના શાપના શબ્દો એના કર્ણપટ પર અવારનવાર અથડાવા લાગ્યા. એમનું વિસ્મરણ એને સારું સહેજ પણ શક્ય નહોતું.

એને થયું કે ઉર્વશીએ મૃત્યુ આકસ્મિક રીતે અને કવખતે થશે એવું કહ્યું છે પરંતુ ક્યારે થશે તે નથી કહ્યું. એનો શાપ અનોખો કહેવાય છતાં પણ એની ચિંતા અસ્થાને છે. એનો સ્વીકાર મેં શાંતિપૂર્વક કરેલો છે અને

એવી જ નિશ્ચિંતતા તથા શાંતિ સાથે મારે પાછા જવાનું છે. જીવન કાંઈ કાયમને માટે એકસરખું નથી રહી શકતું. એની ઉપર પડદો પડશે તો પણ તેનો શોક નથી કરવા જેવો.

સરોવરના તટ પર થોડી વાર વિહાર કરીને સંધ્યાસમયને સમીપ સમજીને એ અશ્વ પર બેસીને નગર તરફ ચાલી નીકળ્યો. વિદાય થતી વખતે એણે એ સુંદર શાંત સરોવર તરફ છેલ્લો ભાવભરેલો દૃષ્ટિપાત કરી લીધો. એની સાથે એના જીવનની બહુમૂલ્ય સંસ્મૃતિ સંકળાયેલી હોવાથી એનો મહિમા એને મન અનેકગણો વધી ગયેલો. એ સ્થાન એક વિશિષ્ટ સ્થાન બની ગયેલું.

અશ્વ પશ્ચિમ દિશાના પંથ પર આગળ વધતો ગયો તેમતેમ સૂર્ય અસ્ત થવાની તૈયારી કરવા માંડ્યો. એણે વિચાર્યું કે પરમ શક્તિશાળી સૂર્ય પણ કાળની આગળ નમતું જોખે છે. તો માનવના સંબંધમાં શું કહેવું? એ એમાં અપવાદરૂપ ના જ હોય એ દેખીતું છે. એ કાળને અધીન બનીને કૃષ્ણે પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કરીને પોતાની જીવનલીલા સંકેલી લીધી, પાંડવો પ્રાપ્ત થયેલી રાજ્યશ્રીને છોડીને હિમાલયના પવિત્ર પ્રદેશ માટે પ્રસ્થાન કરી ગયા, અને મારે પણ ઉર્વશીના શાપના ભોગ થવું પડ્યું. એ શાપને અનુસરીને મારે મારા શરીરનો ત્યાગ કરવો પડશે અને એ ત્યાગ આકસ્મિક હશે તો પણ શું? સંસૃષ્ટિનું સનાતન ચક્ર જેવી રીતે ચાલવાનું હોય તેવી રીતે ભલે ચાલે. તેનો વસવસો કરવો બરાબર નથી.

સૂર્ય એકદમ અસ્તાચળ પર પહોંચી ગયો. ધીમે ધીમે ક્ષિતિજ પાછળ પ્રવેશવાની તૈયારી કરવા લાગ્યો. થોડીવાર પછી એ ક્ષિતિજની પાછળ પ્રવેશ્યો પણ ખરો. સ્વર્ગમાંથી ઉતરેલી દેવાંગનાશી સંધ્યા વ્યોમમાં વિહરવા માંડી. જોતજોતામાં પ્રકૃતિનું આખુંયે દૃશ્ય પલટાઈ ગયું.

પરીક્ષિત પોતાના રમણીય  રાજપ્રાસાદમાં પહોંચ્યો ત્યારે ઈરાવતી એની રાહ જોઈને જ ઉપવનમાં ઊભી રહેલી. પરીક્ષિતને પેખીને એને શાંતિ વળી. એ આગળ આવી, પરીક્ષિતને સત્કારીને, તરત બોલી:

'તમે પાછા આવી પહોંચ્યા તે સારું થયું. તમને જરાક મોડું થયું એટલામાં તો મને કાંઈના કાંઈ વિચારો આવી ગયા.'

'શું વિચારો આવી ગયા? હું પાછો નહીં આવું એવા?'

'એવા તો નહીં પરંતુ એને મળતાં. આ અપ્સરાઓનું ભલું પૂછવું. એમની માયા અસાધારણ હોય છે. એ માનવને ક્યારે મોહ પમાડી દે તે વિશે કોઈનાથી કશું જ  ના કહી શકાય. એમની શક્તિ અઘટિતઘટનાપટીયસી હોય છે. એટલે કે ના બનેલી વસ્તુને બનાવી કે સાકાર કરી શકે છે.'

પરીક્ષિત એની સાથે રાજપ્રાસાદમાં જઈને શાંતિથી બેઠો એટલે ઈરાવતીએ પૂછ્યું:

'ઉર્વશી મળી તો ખરીને?'

'એ ના મળે એવું બની શકે?' પરીક્ષિતે સામેથી પૂછયું ને કહ્યું: 'એ તો મને મળવા ખૂબ જ ઉત્સુક હતી. મારા ત્યાં પહોચ્યાં પહેલાં જ એની સખીઓ સાથે આવી પહોંચેલી.'

'પરંતુ તમે એટલા બધા ઉલ્લાસમાં નથી દેખાતા તેનું કારણ? ઉર્વશી સાથે કશા વાદવિવાદમાં તો નથી ઉતરવું પડ્યું? તમારા સંકલ્પમાંથી તમે ચલિત તો નથી થયા? કે પછી તમે ચલિત ના થયા એટલે ઉદ્વિગ્ન બનેલી, નિરાશ થયેલી ને રોષે ભરાયેલી ઉર્વશીએ ના કહેવાના વચનો કહી સંભળાવ્યા?'

'હું મારા સંકલ્પમાંથી ચલિત થાઉં એમ લાગે છે?'

'લાગતું તો નથી પરંતુ સંસારમાં કશું અશક્ય નથી. મન ચંચળ છે એના પર કઈ પરિસ્થિતિનો ક્યારે ને કેવો પ્રભાવ પડી જાય તે સંબંધી કશું જ ચોક્કસપણે ના કહી શકાય.'

'ઉર્વશીએ મને રોષે ભરાઈને શાપ આપ્યો છે.'

'શાપ આપ્યો છે? શા માટે? એવું શું થયું કે એણે તમને શાપ આપ્યો? અને આપ્યો તો કેવો આપ્યો?'

પરીક્ષિતે સઘળી કથા કહી સંભળાવી. ઈરાવતી પર એની પ્રતિક્રિયા સારી નરસી બંને પ્રકારની થઈ. સારી એટલા માટે કે પરીક્ષિત પોતાના સંકલ્પમાં દૃઢ અને અચળ રહ્યો, ઉર્વશી જેવી સર્વોત્તમ અપ્સરા પણ એને કશું જ ના કરી શકી. અને નરસી એટલા માટે કે એ સંપૂર્ણપણે નિર્દોષ હોવા છતાં ઉર્વશીની મોહિનીમાં ના ફસાવાથી શાપનો શિકાર થઈ પડ્યો.

'તું શા વિચારમાં પડી ગઈ? મારું વર્તન તને ગમ્યું કે નહીં?' પરીક્ષિત પૂછ્યું.

'શા માટે ન ગમે? તમારું વર્તન તમારા સરખા સત્પુરૂષને છાજે કે ગૌરવ આપે એવું આદર્શ અને અભિનંદનીય હતું. ફક્ત ઉર્વશીનો શાપ મને ના ગમ્યો. એ ઉન્માદના અતિરેકમાં ભાન ભૂલીને તમને અન્યાય કરી બેઠી. '

'એને માટે હું એને એટલો બધો દોષ નથી દેતો. કૃષ્ણે મારે માટે એવું જ ધાર્યું હશે. એના પરિણામરૂપે પણ કશુંક મંગલ જ થઈ રહેશે. એ કદી મારું અમંગલ કરે જ નહીં. '

'તમારી એ અનોખી શ્રદ્ધાને માટે તમને ધન્યવાદ ઘટે છે. તમારા જેવા મહાન સત્પુરૂષની સ્ત્રી થવાનું સૌભાગ્ય મળ્યું તે પણ કૃષ્ણની કૃપા જ છે. એવું સૌભાગ્ય જેને તેને નથી મળતું. '

'અને તારા જેવું સ્ત્રીરત્ન પણ કાંઈ જેને તેને મળી શકે છે? એને મેળવવા માટે પણ પૂર્વના પુણ્ય જોઈએ. આપણું લગ્ન શ્રીકૃષ્ણની અનુમતિથી જ થયું છે. એટલે તારી અસાધારણતાનો એમને ખ્યાલ હતો. એમની શક્તિ જ એવી હતી કે એમનાથી કશું છૂપું ના રહી શકે.'

બીજે દિવસે એ આખાયે પ્રસંગની વિસ્તૃત માહિતી ઉત્તરાને મળી ત્યારે એના પર પણ મિશ્રિત પ્રતિક્રિયા થઈ. આખોય પ્રસંગ સાંભળીને એની આંખ ભરાઈ આવી. એણે પરીક્ષિતને અભિનંદન આપતાં કહ્યું:

'તારા ઉદાત્ત ઋષિમુનિઓને છાજે એવા વ્યવહારથી તેં તારા કુળને ઉજાળ્યું છે. એને માટે તને જેટલા અભિનંદન આપું તેટલાં ઓછાં છે.'

'એને માટે તારે મને અભિનંદન નહીં, આશીર્વાદ આપવાનો હોય. હું જેવો પણ છું તેવો તારા આશીર્વાદથી જ છું. અને હજુ પણ એ અમુલખ આશીર્વાદની જ આકાંક્ષા રાખી રહ્યો છું. એ આશીર્વાદ જ મારી નિત્યનિરંતર રક્ષા કરશે. '

ઉત્તરાએ એકાદ ક્ષણ સુધી શાંતિ રાખીને કહ્યું:

'તારા જીવનનો આ અવનવો અનુભવ સાંભળીને મને અર્જુનનું સ્મરણ સહેજે થઈ આવે છે. એમના સર્વોત્તમ શુચિસંસ્કારો તારા લોહીમાં ઉતરી આવ્યા લાગે છે. એમનું મનોબળ પણ આવું જ અસાધારણ હતું. ઉર્વશી એમના પર સ્વર્ગમાં મોહિત થઈ ગયેલી તો પણ એમનું મન પવિત્ર જ રહેલું. એ સહેજ પણ વિકારવશ નહોતા થયા. ઉર્વશીએ એમને ક્રોધે ભરાઈને શાપ આપ્યો તો પણ એ અડગ જ રહેલાં. તેવું જ તારા સંબંધમાં બન્યું છે. એ જોઈને મારો આત્મા આનંદી ઊઠે છે. તેં પાંડવોનો વારસો સાચવી જ નથી રાખ્યો પણ શોભાવ્યો

છે. આજે એ બધા અહીં હોત તો એમને અને દ્રૌપદીને ખૂબ જ સંતોષ થાત. એમની પ્રસન્નતાનો પાર ન રહેત. ઉર્વશી તને શાપ આપી શકે એમ છે એવું જાણવા છતાં તું તારા નિર્ધારમાં મક્કમ રહ્યો એ તારી વિશેષતા બતાવે છે.'

જનમેજય પણ કોઈ પ્રકારની પ્રતિક્રિયાથી પર ન હતો. બધી વાતને સંક્ષિપ્તમાં સાંભળીને એણે પરીક્ષિતને પૂછયું:

'ઉર્વશીએ તમને શાપ આપ્યો તો તેને તમે માથે શા માટે ચઢાવ્યો?'

'માથે ના ચઢાવું તો બીજું શું કરું?' પરીક્ષિતે પૂછયું.

'તમારે તેને સામે શાપ આપવો હતો.'

'મારામાં શાપ આપવાની શક્તિ જ ક્યાં છે?

'તો તમારે એને દંડ કરવો હતો. તમારી જગ્યાએ હું હોઉં તો જરૂર દંડ કરું. મારું કે તમારું જરાક પણ બગાડે એને એમનેમ ના જવા દઉં.'

'પરંતુ ઉર્વશીએ આપણું ક્યાં કશું બગાડ્યું છે? અને બગાડ્યું હોય તો પણ એવી રીતે પ્રતિશોધભાવથી પ્રેરાઈને બદલો લેવાની વૃત્તિ બરાબર નથી. અશુભનો ઉત્તર અશુભ નહિ પણ શુભ જ હોવો જોઈએ. અશુભ અશુભથી નથી મટતું.'

'મને તો એવું નથી લાગતું.'

'નહિ લાગતું હોય તો આગળ પર અનુભવ થશે તેમ લાગશે. હજુ તો તારી અનુભૂતિ જ કેટલી છે?'

જનમેજય એ શબ્દો પસંદ ના પડ્યા તો પણ શાંત રહ્યો.

થોડીવાર પછી એ બોલ્યો:

'ઉર્વશી કોઈ વિચિત્ર સ્ત્રી લાગે છે. રહે છે સ્વર્ગમાં પરંતુ એનું મન આપણી નિમ્ન પૃથ્વી પર રમતું લાગે છે. સ્વર્ગની ઉત્તમતાની અસર એની પર ઓછામાં ઓછી થયેલી દેખાય છે.'

'કેમ?'

'એટલે તો નિતનવી દેહવાસનાથી પ્રેરાઈને એ જેની તેની પાછળ ફર્યા કરે છે અને જેને તેને વિચલિત કરવાનો પ્રયાસ કરે છે.'

'એથી શું? એ એવી પ્રવૃત્તિ ભલેને કર્યા કરે. એનો એવો સ્વભાવ છે. આપણે આપણો આદર્શ સ્વભાવ ના છોડવો.'

'એવા અનિષ્ટકારક સ્વભાવવાળી સ્ત્રીઓને તો દંડ જ દેવો જોઈએ જેથી એ એમના સ્વભાવને છોડી દે. પછી એ ભલેને અપ્સરા કે અપ્સરા શ્રેષ્ઠ ઉર્વશી હોય. એણે અર્જુનને મોહિત કરવાનો પ્રયત્ન કરેલો અને તમારા ચિત્તને ચલાયમાન કરવાને માટે પણ સર્વ કાંઈ કરી નાખ્યું. મહારાજ પુરુરવા એને લીધે કેટલા બધા પીડા પામેલા? અને એવા તો જ્ઞાત-અજ્ઞાત બીજા કેટલાય પુરૂષો એની સાથે સંકળાયેલા હશે. એ મારી પાસે પણ આવશે કે શું?'

'આવે પણ ખરી. એનાથી ભયભીત શા માટે થવું છે? એ આવે તો પણ શું?'

'હું તો એનાથી જરાય નથી ડરતો. એ આવીને મને ચળાવવાનો અભિનય કરે તે પહેલાં જ એના મસ્તકને ધડથી અલગ કરી દઉં.'

પરીક્ષિતે સ્મિત કર્યું ને કહ્યું:

'એ હજું આવે તો ખરી. તારી ભાવનાને જાણી લઈને બનતા સુધી એ તારી પાસે આવશે જ નહીં.'

જનમેજય હસ્યો.

* * * * *

## ૧૯. શમીક મુનિના આશ્રમમાં

દિવસો, મહિના ને વરસો. એમની મદદથી કાળ પોતાની ક્રીડા કરતો જ રહ્યો. અનાદિ કાળથી આરંભાયલી એ ક્રીડા અખંડ રીતે ચાલુ રહી. એમાં એક વિપળનો પણ વિશ્રામ ન હતો. એ ક્રીડામાં નવાનવા રંગ, રસ અને નવાનવા આશ્ચર્યકારક અભિનયોની સૃષ્ટિ થતી રહી.

ઉર્વશી સાથેનો પ્રસંગ પરીક્ષિતના જીવનમાં જૂનો થયો તો પણ તદ્દન ના ભૂલાયો. એને ભૂલવાની આવશ્યકતા પણ નહોતી. એનું સ્મરણ એના અંતરાત્માને સંવેદનશીલ બનાવતું ને જાગ્રત રાખતું. એને લીધે એ એને વારંવાર વાગોળ્યા કરતો એમ કહીએ તો ચાલે. ઉર્વશીના શબ્દો એ ભૂલી નહોતો શકતો. એનો શાપ એના શ્રવણપટ પર અવારનવાર અથડાયા કરતો, પરિણામે રાજ્યશાસન કે પ્રજાપાલનનાં અનેકવિધ કલ્યાણકાર્યો કરતા રહેવા છતાં, વિલાસી ને વિરોધાભાસી વાતાવરણમાં પણ, એનું મન એનાથી ઉપરામ રહેતું. બીજાનું કોઈપણ પ્રકારે અહિત ના થાય એનું ધ્યાન એને ખાસ રહેતું.

ઈરાવતી પણ ઉર્વશીના એ અનોખા પ્રસંગને નહોતી ભૂલી. પરીક્ષિત વનમાં જ્યારે પણ મૃગયા માટે જતો ત્યારે એ બોલી ઊઠતી:

'તમે મૃગયાનો શોખ છોડી દો તો કેટલું સારું?'

'કેમ? મૃગયાનો શોખ ખોટો છે?' પરીક્ષિત બોલી ઊઠતો.

આજે પણ એ મૃગયા માટે તૈયાર થયો ત્યારે ઈરાવતીએ એ જ ઉદ્દગારો કાઢીને પૂછ્યું:

'મૃગયા પ્રત્યે તમારે લહેણું નથી તે જાણો છો?'

'મારે તો બધા પ્રત્યે લહેણું છે.'

'મારા શબ્દોનું રહસ્ય જરા જુદું છે. એકવાર આવી રીતે મૃગયા માટે ગયા ત્યારે તમને અચાનક ઉર્વશીનો મેળાપ થયેલો તે ભૂલી ગયા?'

'ના નથી ભૂલ્યો. ઉર્વશીનો સમાગમ એવો સાધારણ નહોતો કે સહેલાઈથી ભૂલી જવાય. એનું સૌન્દર્ય, માધુર્ય, સઘળું અસાધારણ હતું. એનો સમાગમ કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે નથી થતો. એના મેળાપ પહેલાં ને મેળાપ પછી હું અનેકવાર વનમાં ગયો છું. તેની તને માહિતી છે, તો પણ તું ચિંતા શા માટે કરે છે? એમ કાંઈ ઉર્વશી મને વારંવાર મળવાની હતી?'

ઈરાવતી હસીને બોલી:

'એ વારંવાર મળે તેની મને જરાપણ ચિંતા નથી. પરંતુ એ મળી ત્યારે જ એનો સંબંધ થોડોક ગાઢ બન્યો ને તમારે એના શાપના ભોગ બનવું પડ્યું ને? એ બધું મૃગયાને લીધે જ બની શક્યું.'

'એવો શાપ કાંઈ દરેક વખતે થોડો મળવાનો છે? એ વખતે પણ ના મળત પરંતુ મારે એટલું ભોગવવાનું હશે એટલે એ પ્રસંગ ઉપસ્થિત થયો અને ઉર્વશી નિમિત્ત બની ગઈ. હું એને કોઈ પ્રકારનો દોષ નથી દેતો.'

'દોષ નથી દેતા તે બરાબર છે; અને એવો દોષ હું પણ નથી દેતી; તો પણ તમે મૃગયા માટે ના જાવ તો સારું. મારું હૃદય કોણ જાણે પણ એવું જ કહે છે. તમે મૃગયાની ટેવને કાયમને માટે તિલાંજલિ આપી દો.'

'તેમાં દોષ નહિ દેખાય ત્યાં સુધી તેને કદાપિ તિલાંજલિ નહિ આપી શકું.'

'મારી બધી જ વાતોને માની લો ને આટલી વાતને નહિ માનો?'

ઈરાવતીની આંખમાં આંસુ આવી ગયાં.

પરીક્ષિતનું અંતર એ જોઈને આર્દ્ર બની ગયું. એણે લાગણીસભર સ્વરે જણાવ્યું:

'તારી માનવા જેવી વાતોને જરૂર માનું છું પરંતુ આ વાત મારે ગળે નથી ઉતરતી. તો પણ તારો આટલો બધો આગ્રહ છે અને તને આટલું બધું લાગી આવે છે તો આટલી વાર મૃગયા માટે જઈને બીજી વાર જતાં પહેલાં તારી સાથે પરામર્શ કરી તને સંપૂર્ણ સંતોષ આપવાનો પ્રયત્ન કરીશ. તે વખતે તારી સંમતિ હશે તો જ જઈશ. બસ? આ વખતે તો મૃગયા માટેની બધી તૈયારી થઈ ચૂકી છે.'

'તૈયારી થઈ ચૂકી હોય તો તેને પડતી ના મૂકાય?'

'મૂકાય, પરંતુ પડતી મૂકવાનો કશો અર્થ નથી.'

ઈરાવતીની આંખ ભીની જ રહી.

પરીક્ષિતે મૃગયા માટે નીકળતી વખતે કહ્યું:

'તું મારી સહેજ પણ ચિંતા ના કરતી. હું બનતી વહેલી તકે પાછો આવીશ. ઉર્વશીના શાપનું સ્મરણ કરીને તને ભીતિ લાગતી હશે કે કશીક આશંકા થતી હશે પરંતુ વન્ય પશુઓ મારું કશું જ નહિ બગાડી શકે. મને જોતાંવેંત જ એ ભયભીત બનીને ભાગવા માંડે છે ને મારા શસ્ત્રોના સુતીક્ષ્ણ પ્રહારથી ધરતી પર ઢળી પડે છે.'

'એમાં તમને આનંદ આવે છે?'

'શા માટે ના આવે? એ આનંદ અદ્દભુત છે. એની તુલના અન્ય એકે આનંદ સાથે ના થઈ શકે. અને...મને મળેલા શાપ પ્રમાણે મૃત્યુ જો આકસ્મિક રીતે જ આવવાનું હશે તો એને કોણ ટાળી શકશે? એ અરણ્યમાં જ આવે એવું થોડું છે? સૈનિકોથી સુરક્ષિત રાજપ્રાસાદમાં પણ આવી શકશે. એ ક્યાંય ને કોઈને પણ નથી છોડતું તથા કોઈના શાપની પ્રતીક્ષા પણ નથી કરતું. કોઈના આશીર્વાદની અપેક્ષાય નથી રાખતું. તું નિશ્ચિંત રહેજે. મારું કશું અમંગલ નથી થવાનું.'

'છતાં પણ સંભાળજો.'

'કૃષ્ણ મને સદાય સંભાળે છે ને સંભાળશે. એમની શાશ્વત સુરક્ષા છે પછી મને શી ચિંતા છે?'

'તો પણ સાવધાન તો રહેજો જ.'

'સારું રહીશ.'

પરીક્ષિત પોતાના સફેદ રંગવાળા પવનવેગી પ્રિય અશ્વ પર ચઢીને ચાલી નીકળ્યો. એની આગળ ને પાછળ એના વિવિધ શસ્ત્રધારી સેવકો કે સૈનિકો ચાલ્યા.

એ વખતે અભ્રે એકાએક સૂર્યને ઢાંકી દીધો. પવન શાંત થઈ ગયો. વિહંગો વિચિત્ર રીતે પોકારી ઊઠ્યાં. ઈરાવતીને એ ચિન્હો સારાં ના લાગ્યા પરંતુ પરીક્ષિતે એમનો જુદો જ અર્થ ઘટાવીને એમાંથી ઉત્સાહ ને પ્રેરણાની પ્રાપ્તિ કરી. એને થયું કે જીવનમાં આવી રીતે એકાએક આવી પડનારી આપત્તિઓ અને પ્રતિકૂળતાઓ કાયમને માટે નથી ટકી શકતી. સૂર્ય પાછો પ્રકાશે છે તેમ એમનામાંથી માર્ગ થઈ રહે છે. મારે

માટે સર્વત્ર સફળતા જ લખાયલી છે. મારો પ્રભાવ સૂર્ય જેવો અનંત છે. મારું કોઈ કશું જ અમંગલ નથી કરી શકે તેવું.

એને ઉર્વશીનું સ્મરણ થયું. એની એ આકર્ષક આકૃતિ એની આંખ આગળ રમવા માંડી. એણે વિચાર્યું કે એનો શાપ સફળ ના પણ થાય. એણે ક્રોધમાં શાપ તો આપી દીધો છે પરંતુ એનામાં શાપની શક્તિ છે કે કેમ એ પણ વિચારણીય છે. એની એવી શક્તિ એનામાં હશે તો પણ શું? કૃષ્ણની કૃપાથી એ શાપ મારું કશું જ નહિ બગાડી શકે એવો મને વિશ્વાસ છે. કૃષ્ણ સદાય મારી રક્ષા કરે છે ને ભવિષ્યમાં પણ કરતા રહેશે. એમની સ્નેહાળ છત્રછાયામાં મારું જીવન સદાને સારું સુરક્ષિત છે. મને કોઈ પણ પ્રકારનો ભય કે કશી ચિંતા નથી.

વનમાં પ્રવેશીને એણે વન્ય પશુઓનો શિકાર કરવાનું શરૂ કર્યું. જુદીજુદી જાતનાં પશુઓ ભયભીત બનીને પોતાના પ્રાણને બચાવવાના આશયથી આમતેમ દોડવા અને પોકાર પાડવા લાગ્યા. એને લીધે ચારેકોર ખૂબ જ કોલાહલ થઈ રહ્યો. નિર્દોષ પશુઓ એ જાતની શિકારની નિર્દય રમતથી ટેવાઈ ગયેલા. તો પણ એમને થયું કે શિકારીઓના રૂપમાં કાળ પોતે જ આવી પહોંચ્યો.

જીવન કોને પ્રિય નથી હોતું? એનો સહેલાઈથી, સામે ચાલીને અંત આણવા કોઈપણ પશુ તૈયાર ના થયું. જીવનની રક્ષા કરવાનો પ્રયત્ન કરતાં કેટલાક પશુઓ અસહાય બનીને મરણને શરણ થયાં અથવા એમને મરણને શરણ થવું પડ્યું એટલું જ. તો પણ નાશ પામનારા પશુઓની સંખ્યા પણ ઘણી મોટી થઈ.

વનમાં શૌર્યપૂર્વક સ્વૈરવિહાર કરતાં ને પશુઓને મૃત્યુના મુખમાં મોકલતાં મોકલતાં પરીક્ષિત સાથીઓ ને સેવકો સાથે કેટલેય દૂર પહોંચી ગયો, ને એક વિશાળ વૃક્ષની નીચે વિશ્રામ કરવા બેઠો; એ જ વખતે એની નજર સામેની વનરાજીમાંથી પસાર થતાં એક વાઘ પર પડી. એને લલકારીને એનો નાશ કરવા માટે એ તરત જ આગળ વધ્યો.

પરંતુ વાઘ અતિશય ચપળ નીકળ્યો. એ સમયસૂચકતા વાપરીને પોતાના પ્રાણની રક્ષા માટે કામચલાઉ પીછેહઠ કરીને વનના અંદરના ભાગમાં પસાર થઈ ગયો. પરંતુ પસાર થતાં થતાં પરીક્ષિતનું બાણ વાગવાથી એ ખૂબ જ ઘાયલ બનીને ભયંકર ચિત્કાર કરતો ધરતી પર ઢળી પડ્યો.

વનમાં પશુઓને પોતાના અભૂતપૂર્વ પરાક્રમથી યમસદનમાં પહોંચાડતો પરીક્ષિત અત્યંત ઉત્સાહમાં આવીને આગળ વધતો જ રહ્યો ને છેવટે સૌથી છૂટો પડી ગયો.

શિકાર કરતાં કરતાં કેટલો બધો સમય પસાર થઈ ગયો એનો એને ખ્યાલ પણ ના રહ્યો. એ થોડોક થાક્યો પણ ખરો. એટલામાં એને અરણ્યમાં આવેલા એક એકાંત આહ્લાદક, આશ્રમનું દર્શન થયું. એ આશ્રમ એકંદરે નાનો હતો. એની સમીપમાં જ સરિતા દેખાતી. એને લીધે એની શોભામાં અભિવૃદ્ધિ થતી. એની આજુબાજુ દૂરદૂર સર્વત્ર સુંદર લીલીછમ પર્વતમાળા ફેલાયેલી. એનું સૌન્દર્ય એ પ્રશાંત પર્વતમાળાને લીધે પરાકાષ્ઠા પર પહોંચતું.

પરીક્ષિતે એ આશ્રમમાં પ્રસન્નતાપૂર્વક પ્રવેશ કર્યો. આશ્રમના પ્રવેશદ્વારની પાસે જ એણે એક હરણનું જૂથ જોયું. એને જોતાંવેંત જ એ ચંચળ નેત્રે આશ્રમની અંદરના ભાગમાં દોડી ગયું. પરીક્ષિત હરણના ભયને સમજી ગયો ને મનોમન બોલ્યો:

'હું વનમાં મૃગયા માટે આવ્યો છું એ જાણીને તમે મારી આગળથી જીવ બચાવવા માટે નાસી જતાં લાગો છો. પણ તમારે મારાથી જરાપણ ભયભીત નથી થવા જેવું. હું તમારા નાશ માટે નથી આવ્યો. જોકે હું અત્યાર સુધી મૃગયા કરતો જ આવ્યો છું એટલે તમને મારી વાતમાં વિશ્વાસ નહિ બેસે, છતાં પણ હું જે કહું છું તે સાચું જ કહી રહ્યો છું. તમને જોતાંવેંત જ મારા પ્રાણમાં પવિત્રતમ પ્રેમભાવોનું પ્રાકટ્ય થાય છે. તમને મારવાથી મને શું મળવાનું છે? હા. કદાચ તમે બધાં મને ઓળખીને આશ્રમના અધ્યક્ષને મારા શુભાગમનના સમાચાર આપવા દોડી ગયા હશો. ક્યાં છે એ મહામુનિ, ઋષિ અથવા અધ્યક્ષ?'

પરીક્ષિત આગળ વધ્યો. આશ્રમના પ્રશાંત પ્રાંગણમાં પુષ્પોની સૌરભસભર સરસ વાટિકા હતી અને એની સામી બાજુએ નાની સરખી છતાં સુંદર સ્વચ્છ અને આકર્ષક ગૌશાળા. આખુંય વાતાવરણ અદ્દભુત લાગતું. એ જોઈને એનું અંતર આહ્લાદથી ઉભરાવા માંડ્યું.

'કેટલું બધું સ્વર્ગીય સ્થાન?' એનું અંતર બોલી ઊઠ્યું: 'કેટલું બધું અનુપમ અને આનંદદાયક? આ સુંદર સ્થળમાં રહેનારને પણ ધન્ય છે. એમને કશી જ ચિંતા કે વેદના નહિ સતાવતી હોય.'

'પરંતુ આશ્રમમાં કોઈ દેખાતું કેમ નથી? આખોય આશ્રમ એકદમ કોલાહલરહિત છે. એમાં કોઈ રહે છે કે નથી રહેતું? આશ્રમની પરિસ્થિતિને જોતાં તો અનુમાન થાય છે કે અહીં કોઈ રહે છે તો ખરું જ. એક નહિ પણ વધારે વ્યક્તિઓ રહે છે.'

એને પાછો વિચાર આવ્યોઃ

'એ આશ્રમવાસીઓને ખબર નથી હું મહારાજા પરીક્ષિત છું. જો મારા શુભાગમનની એમને પ્રથમથી જ માહિતી હોત તો એ મારા સ્વાગત માટે એમનાં સર્વે કાર્યોને તિલાંજલિ આપીને તૈયાર રહેત. પરંતુ આ તો સમસ્ત સ્મશાન જેવો શુષ્ક ને નિર્જન લાગે છે.'

એણે ચારેતરફ દૃષ્ટિ ફેરવી.

એની દૃષ્ટિ દૂરની એક નાનીસરખી મઢુલી પર પડી.

ત્યાં જઈને એણે જોયું તો મઢુલી ખૂબ જ સુંદર હતી અને એના આંગણામાં એક ઋષિ બેઠેલા.

ઋષિનું મુખમંડળ જટાજૂટથી મંડિત તથા તેજસ્વી હતું. એમનાં નેત્રો અર્ધ ખુલ્લાં જેવા, શાંભવી મુદ્રામાં સંલગ્ન હતાં. એમની પલકો નહોતી પડતી.

એમના શરીર પર શ્વેત વસ્ત્ર વીંટાળાયેલું.

પરીક્ષિતના મનમાં એમને અવલોકીને અવનવાં ભાવતરંગો પેદા થયાં. એને ઋષિની અસાધારણ આત્મનિષ્ઠાની સમજ ના પડી. એ અલૌકિક આત્મનિષ્ઠાને એ ના ઓળખી શકાયો. એને લીધે એના મનમાં એકાએક ભ્રાંત કે વિપરીત વિચારો પેદા થયા. એ પોતાના મનમાં કઠોરતાપૂર્વક બબડ્યો:

'અરણ્યમાં રહેનારા આ ઋષિમુનિઓ પણ ખૂબ જ વિચિત્ર છે. એમની વિચિત્રતાનો વિચાર તો કરો. બીજાને એ અતિથિસત્કારનો ઉપદેશ આપે છે, પરંતુ પોતે એનું પાલન નથી કરતા. એમણે એના પાલનની બાધા રાખી છે. એવું ના હોત તો આ મુનિ આમ જડની જેમ બેસી રહેત? હું એમના આશ્રમમાં આવ્યો છું એની એમને માહિતી છે. એમની આંખ થોડી ઉઘાડી છે તો પણ એ કશું બોલ્યાચાલ્યા વગર બેસી રહ્યા છે. એનાથી વધારે ઘોર અપમાન બીજું કયું હોઈ શકે? એમને ખબર નથી કે મારે લીધે પ્રજા આનંદ કરે છે. મારા પર એની

સુખશાંતિનો પૂરેપૂરો આધાર છે. મારા અનુગ્રહને માટે સર્વકોઈ તલસે છે. નહિ તો આ મુનિ આવું અભદ્ર વર્તન ના કરતા. આ મુનિ છે કે કોઈક સામાન્ય પુરૂષ તે પણ નથી સમજાતું. બાહ્ય લક્ષણો પરથી તો એ સામાન્ય પુરૂષ હોય એવું જ લાગે છે. હું હસ્તિનાપુરનો સમ્રાટ છું છતાં પણ આમને મારી કશી જ નથી પડી.'

હૃદય બોલ્યું:

'તું સમ્રાટ છે તેથી તેમને શું?'

'કેમ કશું નહિ?' મન બોલી ઊઠ્યું : 'તું આવી નિરર્થક દલીલ કેમ કરે છે? હું કાંઈ સાધારણ સમ્રાટ છું? મને મોટામોટા રાજાઓ તથા ઋષિમુનિઓ પણ માન આપે છે.'

'પરંતુ આ મુનિનો આશ્રમ છે. અહીં તો રાજા ને રંક સૌ સરખા છે. પરમાત્માપરાયણ મુનિ આગળ કોઈ શ્રેષ્ઠ નથી. એમની પાસે પહોંચીને સમ્રાટ તરીકેના અહંકારને તિલાંજલિ આપવાની હોય. અહીં તો એમના અતિથિ, શરણાગત કે જિજ્ઞાસુ તરીકે જ આવવાનું હોય.'

'કોઈ ગમે તે રીતે, ગમે તેવા ભાવથી આવે તો પણ એનું સમુચિત સ્વાગત કરવાનો એમનો ધર્મ નથી?'

'ધર્મ? એમનો મુખ્ય ધર્મ તો તપ કરવાનો છે. સ્વાગત તો એમની ઈચ્છા હોય તો એ કોઈનું કરે, ના પણ કરે. એ માટે એ બંધાયેલા નથી. એમને કોઈ જાતની ફરજ ના પાડી શકાય.'

મન ફરી બોલ્યું:

'આ મુનિ છે એટલે સામાન્ય મનુષ્ય તરીકેના વ્યવહારથી પર છે?'

હૃદયે તરત જ પ્રત્યુત્તર પૂરો પાડ્યો:

'શાસ્ત્રો તથા સ્વાનુભવસંપન્ન સત્પુરૂષોએ એમને એવા વ્યવહારથી પર કહ્યા છે. એ એવો વ્યવહાર કરે અથવા ના પણ કરે.'

'મને તો એવું નથી લાગતું.'

'કારણ કે તારો અનુભવ હજુ કાચો છે. તને ખબર નથી કે આ મુનિ ઊંડા ધ્યાનમાં ડૂબી ગયા છે? એમને એમના શરીરનું ને બાહ્ય સૃષ્ટિનું સ્મરણ જ નથી તો એવી અચિંત્ય મહિમામયી અતિન્દ્રિય અવસ્થામાં એ સત્કાર શી રીતે કરે? એમની પાસેથી એવી આશા પણ કેવી રીતે રાખી શકાય?'

'એ એવા ઊંડા ધ્યાનમાં ડૂબવાનો દેખાવ કરીને મારી અવજ્ઞા કરવા માટે બેઠા હોય એવું લાગે છે.'

'એમને એવો દેખાવ શા માટે કરવો પડે?'

'મારા પર પ્રભાવ પાડવા.'

'એમા એમનો શો સ્વાર્થ?'

'મારી પાસેથી સેવા કરાવવાનો ને સત્કાર અથવા પ્રતિષ્ઠા પામવાનો. પરંતુ મારા પર પ્રભાવ પાડવાનું કામ એટલું બધું સહેલું નથી. હું હમણાં જ આ મુનિની પરીક્ષા કરું છું.'

'મુનિની પરીક્ષાનો વિચાર અમંગલ ને ઘાતક છે. એવી પરીક્ષા નિરર્થક અથવા અસ્થાને છે. એથી શું મળશે? એવી પરીક્ષા માટે તારી યોગ્યતા પણ કેટલી?'

'મારી યોગ્યતાનો નિર્ણય તારાથી નહિ કરી શકાય. એ યોગ્યતા ઘણી મોટી છે.'

હૃદય સમજીને શાંત રહ્યું. શાંત રહેતાં પહેલાં એણે અત્યંત મંદ સ્વરે જણાવ્યું:

'મુનિની પરીક્ષા કરવા જતાં અને એ પરીક્ષા અવજ્ઞામાં પરિણમતાં યાદવોના તોફાની છોકરાઓને અને સમસ્ત યદુકુળને કેવો ભંકર દંડ ભોગવવો પડ્યો તે વાતનું વિસ્મરણ થયું?'

'નથી થયું.'

'તો પછી? મુનિને માટે આવા વિઘાતક વિચારો શા માટે કરે છે?'

'મારા વિચારો વિઘાતક નથી અને મુનિ પણ એટલા મહાન નથી. આ મુનિ તો મુનિના નામને લાયક પણ નથી.'

પરીક્ષિતની બુદ્ધિ ભ્રાંત બની ગઈ. એનો સદસદવિવેક વિલુપ્ત થયો. જોતજોતામાં તો એના અંગેઅંગમાં ક્રોધ ફરી વળ્યો. એની દૃષ્ટિ આકસ્મિક રીતે આશ્રમમાં એક તરફ મરેલા સાપ પર પડી.

એ સાપને ધનુષ્યના અગ્રભાગથી ઉંચકીને એ અર્ધોન્મીલિત આંખે ધ્યાનાવસ્થામાં ડૂબેલા મુનિ પાસે આવી પહોંચીને બોલ્યો:

'મારા અનાદરના દુષ્પરિણામમાંથી કોઈ જ નથી છૂટી શકતું. એનો દંડ અતિશય અસાધારણ હોય છે. તમારી પરમાત્મપરતા કેટલી સાચી છે તેની સમજ હમણાં જ પડી જશે.'

પરીક્ષિતે એ પછી સાપને મુનિના ગળાની આસપાસ વીંટી દીધો.

એ જ વખતે સરિતાના તટપ્રદેશ પરથી બેત્રણ શિષ્યો આવી પહોંચ્યા. મુનિનું આવી ભયંકર રીતે અપમાન થયેલું જોઈને એમને ખૂબ જ દુઃખ થયું. એમનું મન અસ્વસ્થ બની ગયું. એમણે અશાંત સ્વરે પૂછ્યું:

'તમે કોણ છો અને આવું જઘન્ય કર્મ કેમ કરી બેઠા છો?'

પરીક્ષિતે પોતાનો પરિચય આપીને પોતાનો સત્કાર ના થયાની વાત કરી ત્યારે શિષ્યોએ જણાવ્યું:

'આ મહામુનિનું નામ શમીક છે. એ સમાધિમાં ડૂબેલા હોવાથી તમારો સત્કાર નથી કરી શક્યા. તમારો એમની સાથેનો વ્યવહાર તમને છાજે એવો અને આદર્શ નથી.'

'મને તો એ આદર્શ જ લાગે છે.'

'જરા પણ નહિ. આવો દુર્વ્યવહાર કોઈ અજ્ઞ અને ઉચ્છૃંખલ પુરૂષો જ કરતા હોય છે. સુસંસ્કારી પુરૂષો નથી કરતાં. '

શમીક મુનિના એ શિષ્યો સાથે વિશેષ વાદવિવાદમાં ઉતરવાને બદલે પરીક્ષિતે મૌન રાખીને મુનિ તરફ ભારે રોષપૂર્વક જોવા માંડ્યું.

મુનિ શમીક હજુ એ જ અવસ્થામાં બેસી રહેલા. એ દેહાધ્યાસથી તદ્દન પર હતાં.

* * * * *

## ૨૦. શ્રૃંગીનો શાપ

ઈશ્વરની માયા એવી વિચિત્ર છે કે મોટામોટા જ્ઞાનીઓ પણ કેટલીક વાર એના પ્રભાવમાં પડીને ભાન ભૂલી જાય છે અને ના કરવાનું કામ કરી બેસે છે. એમની બુદ્ધિ એવી તો ભ્રાંત બની જાય છે કે પોતે કયા પંથે પગલા ભરે છે ને શું કરે છે એની સમજ પણ એમને નથી પડતી. પરીક્ષિતના સંબંધમાં પણ એવું જ બન્યું. આમ તો એ ખૂબ જ વિવેકી હતો, પરંતુ પોતાની જ કોઈ માનસિક નિર્બળતાને લીધે એકાએક અવિવેકી થઈને એ ભયંકર દુઃસાહસ કરી બેઠો. અવિવેકનો આવો પ્રસંગ એના જીવનમાં પહેલો જ હતો.

શમીકમુનિના એકાંત આશ્રમમાં ઊભો રહીને એ એમના તરફ જોઈ રહેલો એ જ વખતે મુનિના સુપુત્ર શ્રૃંગીએ ત્યાં પ્રવેશ કર્યો.

પોતાના તપસ્વીશ્રેષ્ઠ પૂજ્ય પિતાની આવી અવસ્થા જોઈને એ અત્યંત ઉદ્વિગ્ન અને ઉત્તેજીત બની ગયો ને બોલી ઊઠ્યો:

'મારા પૂજ્ય પિતાની સાથે આવો દુર્વ્યવ્હાર કરનાર પાપી પુરૂષને હું એમનેમ નહીં જવા દઉં. એ એના દુષ્કર્મનો ઘોર દંડ ભલે ભોગવે. એના વિના એની દુર્બુદ્ધિ દૂર નહીં થાય. આવા ભયંકર દુર્વ્યવહાર કરનાર નરાધમનું આજથી સાતમે દિવસે તક્ષક નાગના કરડવાથી મૃત્યુ થજો. મારામાં જો થોડું પણ બ્રહ્મવર્ચસ હશે તો મારો આ શાપ મિથ્યા નહીં થાય.'

શાપને સાંભળીને પરીક્ષિત ધ્રુજી ઊઠ્યો. એના મસ્તક પર જાણે કે વીજળી પડી. આ શાપની એને કલ્પના પણ ન હતી.

શમીક મુનિના બીજા શિષ્યો પણ ઊંડા વિચારમાં પડી ગયા. એ જ વખતે શમીકમુનિની ધ્યાનાવસ્થા પૂરી થઈ. એમણે શ્રૃંગી તરફ જોઈને શાંતિથી કહ્યું:

'મેં તારો શાપ સાંભળ્યો છે. પરંતુ એ ભયંકર શાપ તેં કોને ને શા માટે આપ્યો? આપણું જીવન બીજાને શાપ આપવા માટે નથી, આશીર્વાદ આપવા માટે છે તે ભૂલી ગયો?'

'ભૂલી નથી ગયો પરંતુ શાપ આપવા યોગ્ય હોય ત્યારે ને તેને શાપ પણ આપવો પડે. આવા અમંગલ કર્મના કરનારને શાપ આપ્યા સિવાય ના છોડી શકાય.'

એમ કહીને શ્રૃંગીએ શમીકના ગળાની આજુબાજુથી સાપને દૂર કરી દીધો.

'પરંતુ એ છે કોણ અને એણે શો અપરાધ કર્યો છે?' શમીકે પૂછ્યું.

'અપરાધી હજુ અહીં જ છે. એનો અપરાધ એ પોતે જ કહેશે.'

પરીક્ષિતે મુનિને પ્રણામ કરીને કહ્યું:

'મેં કોઈ અપરાધ કરવાની ભાવનાથી પ્રેરાઈને અપરાધ નથી કર્યો. છતાં એને અપરાધ માનતા હો તો હું અપરાધી છું.'

'તમે કોણ છો?' મુનિએ પૂછ્યું.

'હસ્તિનાપુરનો સમ્રાટ પરીક્ષિત.'

'હસ્તિનાપુરના સ્વનામધન્ય સત્કર્મપરાયણ સમ્રાટ પરીક્ષિત..?'

'હા. હું આજે વનમાં મૃગયાએ નીકળેલો. મૃગયા કરતાં કરતાં તૃષા તથા થાક લાગવાથી આશ્રય સ્થાનની શોધ કરતો અચાનક આ તરફ આવી પહોંચ્યો. આહ્લાદક આશ્રમ જોઈને એમાં પ્રવેશ કર્યો. આશ્રમમાં બીજા કોઈએ કે તમે મારું સમુચિત સ્વાગત ના કર્યું તેથી મને દુઃખ થયું. મને ક્રોધ ચઢ્યો. ક્રોધાવેશમાં કોણ જાણે શું થયું કે હું બધું જ ભાન ભૂલી ગયો. તમારી દેહાધ્યાસરહિત સમાધિમગ્ન અલૌકિક અવસ્થાને સમજી ના શક્યો. એના લીધે ઘોર અવજ્ઞાનો અનુભવ કરીને આશ્રમમાં એક બાજુએ પડેલા મૃત સર્પને ઉઠાવીને તમારી પરીક્ષા કરવાના આશયથી તમારે ગળે નાખ્યો. આવું જઘન્ય કર્મ મેં મારા જીવનમાં કદાપિ નથી કર્યું. આજે પણ ના કરત. પરંતુ મારી બુદ્ધિ એકાએક ભ્રાંત બની ગઈ. મને બીજું કશું જ સુઝ્યું નહીં. મારા અજાણતા થઈ ગયેલા અપરાધને માટે તમારી અંતઃકરણપૂર્વક ક્ષમા માંગુ છું. મને આશા છે કે તમે ઉદારદિલ હોવાથી મને ક્ષમા અવશ્ય આપશો.'

'હું તો તમારા અપરાધને માટે તમને ક્ષમા અવશ્ય આપું છું. પરંતુ તેની પહેલાં જ મારા પુત્ર શ્રૃંગીએ શાપ આપી દીધો છે તેનું શું? શાપ આપવામાં ખૂબ જ ઉતાવળ થઈ ગઈ.'

'શાપ આપવામાં ઉતાવળ થઈ ગઈ તો પછી મૃત સર્પને તમારા ગળાની આજુબાજુ વીંટવામાં ઉતાવળ નથી થઈ? એ કર્મ શું ઉચિત હતું? અને એ પણ એક સ્વનામધન્ય સમ્રાટને માટે?' શ્રૃંગીએ પૂછ્યું.

'બંને કર્મો અનુચિત છે. પરીક્ષિતે પોતાનો અપરાધ પોતાની મેળે જ કબૂલ કર્યો છે. એ સમ્રાટ છે અને આપણે પ્રજાજન છીએ. આપણે એમને આવો અમંગલ શાપ નહોતો આપવો જોઈતો. આપણે એકાંત અરણ્યમાં રહીને તપસ્વી મુનિનું આદર્શ જીવન વ્યતીત કરીએ છીએ. આપણે તપોબળનો આમ વાતવાતમાં દુરપયોગ કે ક્ષય કરવાને બદલે બને તેટલા વીતરાગ, અક્રોધ ને શાંત રહેવું જોઈએ. એમાં જ આપણી શોભા છે. આપણા જેવા અરણ્યવાસીઓના જીવન સાર્વત્રિક પ્રેમ, શાંતિ અને સંયમના પ્રતીકરૂપ હોવા જોઈએ. પરીક્ષિતને શાપ આપીને તેં સમસ્ત પ્રજાજનોનું ભારે અહિત કર્યું છે એ જ્યારે એના વિશે જાણશે ત્યારે એમની પીડાનો પાર નહી રહે.'

પરીક્ષિતે જણાવ્યું:

'મારા જીવનમાં આજની આકસ્મિક ઘટના બનવાની હશે એથી જ કોઈપણ પ્રકારની પૂર્વયોજના વિના હું અહીં આવી પહોંચ્યો અને આવું કુકર્મ કરી બેઠો. કૃષ્ણે આવું જ ધાર્યું હશે. મને શાપ મળ્યો તેનું દુઃખ નથી. જે કાળે જે થવાનું હોય છે એ થયા કરે એવો મારો અનુભવ છે. છતાં આવા કઠોર શાપની કલ્પના મેં નહોતી કરી. કોઈએ નહોતી કરી.'

શમીક મુનિની સૂચનાનુસાર પરીક્ષિતને આસન આપવામાં આવ્યું અને એની આગળ ફળ મૂકવામાં આવ્યા. ફળ ખાવાનું એને જરાપણ ના ગમ્યું. એટલે એણે કેવળ પાણી પીધું ને કહ્યું:

'તમારા દેવદુર્લભ ધન્ય દર્શન આગળ બીજા ભૌતિક ફળોની આવશ્યકતા ના હોય. એની આગળ બીજા બધાં જ ફળ ગૌણ છે. તમારા દર્શનના દૈવી ફળથી હું કૃતાર્થ થયો છું. મને અવનવી પ્રેરણા મળી છે. '

શમીકે કહ્યું: 'તમારા સરખા પ્રજાપાલક સમ્રાટ અથવા સત્પુરૂષના સમાગમથી મને પણ ઓછો આનંદ નથી થયો. શાપનો અમંગલ પ્રસંગ ઉપસ્થિત ના થયો હોત તો આપણો સમાગમ છેક જ સુખદ થઈ પડત. પરંતુ વિધિએ કંઈક જુદું જ ધાર્યું હશે. શ્રૃંગીએ આપેલો શાપ મિથ્યા તો નહીં જ થઈ શકે. એ અવશ્ય ફળશે.

એમાં ફેરફાર કરવાનું કે એને અન્યથા કરવાનું એકદમ અશક્ય છે. છતાં પણ તક્ષક નાગના કરડવાથી થનારું તમારું મૃત્યું તમારે માટે અમંગલ નહીં થાય. એ મૃત્યુ પરમાત્માના પરમ કૃપાપાત્ર જીવનમુક્ત મહાપુરૂષોના મૃત્યુની પેઠે મંગલમય કે શ્રેયસ્કર બનશે ને મહોત્સવરૂપ ઠરશે. એટલો આશીર્વાદ હું અવશ્ય આપી શકું છું. એ આશીર્વાદ ફળીને જ રહેશે.'

'તમારા શુભાશીર્વાદને માટે તમારો ઋણી છું. તમારા સરખા મહાન પ્રાતઃસ્મરણીય સંતપુરૂષો પોતાની અવજ્ઞા કરનારને પણ આશીર્વાદ જ આપે છે એ આશ્ચર્યકારક હોવા છતાં સંપૂર્ણ સાચું છે. એવા સંતપુરૂષો સાચેસાચ સુદુર્લભ છે. એમનો અમોઘ દર્શનલાભ પરમાત્માની પરમકૃપાથી કે પૂર્વના સર્વોત્તમ સત્કર્મોથી જ મળી રહે છે. મારી આકાંક્ષા એટલી જ છે કે અંતકાળ આવવાનો હોય તો ભલે આવે-પ્રાણીમાત્રને માટે એ તો અપરિહાર્ય અથવા નિશ્ચિત છે પરંતુ અંતકાળે મારી બુદ્ધિ અને ચિત્તની વૃત્તિ શુદ્ધ, સ્વસ્થ તથા શાંત રહે એની અંદર કોઈપણ પ્રકારનાં લૌકિક લાલસાના તરંગો ના ઊઠે.'

'એ આકાંક્ષા અવશ્ય પૂરી થશે, પરિપૂર્ણપણે પૂરી થશે. તમારા સરખા સત્પુરૂષનું સર્વપ્રકારે શ્રેય જ થશે. એમાં મને શંકા નથી. આ તો જે થવાનું હતું તે થઈ ગયું. પરંતુ એનું પરિણામ અશુભ નહીં આવે. મને પહેલેથી જ માહિતી હોત તો હું શ્રૃંગીને શાપ આપતો અટકાવત. પણ હવે તો વખત વહી ગયો છે એટલે બીજું કશું નથી થઈ શકે તેમ.'

શ્રૃંગીએ જણાવ્યું :

'મેં તમારા પૂર્વપરિચય વિના જ તમને શાપ આપી દીધો તો પણ હું તો કાળના હાથમાં કેવળ નિમિત્ત જ બન્યો. તમારું વર્તન મને ખૂબ જ ખરાબ લાગવાથી હું ક્રોધાતુર બનીને એવું કરી બેઠો. ભવિષ્યમાં બીજા પુરૂષોને કદાચ એમાંથી પ્રેરણા મળશે ને પ્રકાશ સાંપડશે.'

'બીજાને તો મળશે કે નહીં એ કોણ જાણે. એ વાત તો ભવિષ્યની છે. પરંતુ મને તો પ્રેરણા મળી જ છે.' પરીક્ષિતે કહ્યું ' એ પ્રેરણા કદી પણ નહીં ખૂટે.'

આખરે પરીક્ષિત શમીક મુનિની વિદાય લેવા ઊભો થયો.

મુનિની વિદાય લઈને એ અશ્વ પર બેસીને ચાલી નીકળ્યો ત્યારે મુનિની આંખ ઉભરાઈ આવી. તેમણે ગદગદ કંઠે કહ્યું:

'આ આશ્રમનો પ્રવેશ સંતપ્ત આત્માઓને માટે શાંતિદાયક થઈ પડે છે તો પણ તમારે સારુ સંતાપકારક થઈ પડ્યો એ ખરેખર દુઃખદ છે.'

'એમાં આશ્રમનો દોષ નથી પરંતુ મારા કર્મનો જ દોષ છે. આશ્રમપ્રવેશે તો મને એકંદરે શાંતિ જ આપી છે.' પરીક્ષિત પણ એટલું બોલતાં બોલતાં ગળગળો બની ગયો.

માર્ગમાં એને ભાતભાતના વિચારો આવવા માંડ્યા. એને થયું કે કોઈ દિવસ નહિ અને આજે પોતે શમીકમુનિના આશ્રમમાં ક્યાં પ્રવેશ કર્યો, અને કર્યો તો પણ મુનિને નિહાળીને પોતાના મનમાં એવા કુવિચારો ક્યાંથી પેદા થયા! કુવિચારો જો આગળ ના વધ્યા હોત તો તો સારું હતું પરંતુ એમનો અતિરેક થવાથી એમના પ્રવાહમાં તણાઈને પોતે મુનિના અપમાનનું ભયંકર કુકર્મ કરી બેઠો. બુદ્ધિએ પોતાને અણીને વખતે સમુચિત સલાહ ના આપી.

આજે આવો વિચિત્ર દિવસ ક્યાંથી ઊગ્યો? કોઈ દિવસ નહિ અને આજે મૃગયાએ નીકળવાનું મન ક્યાંથી થયું? એ મૃગયા માટે નીકળ્યો તો પણ આ તરફના અરણ્યમાં ક્યાંથી આવી પહોંચાયું?

શાપના શબ્દો વારંવારના સ્મરણથી એને દુઃખ થવા માંડ્યું. પોતાના જીવનના-બહુમૂલ્ય જીવનના સાત જ દિવસો હવે બાકી રહ્યા? આ સુંદર પ્રાણપ્રિય જીવન પર એટલો વહેલો પડદો પડી જશે? પછી આ દિવ્યરસથી છલેલી આનંદમયી દેવદુર્લભ ભૂમિને ફરી જોવા નહિ મળે? પેલો શ્રૃંગી પણ કેટલો બધો ઉતાવળીયો ને ક્રોધી કહેવાય કે જરાક પણ વિચાર કર્યા વિના મને એણે આવો આકરો શાપ આપી દીધો!

'પરંતુ.. ઈરાવતીએ આજે મૃગયાએ નીકળવાની ના નહોતી પાડી?' એનું અંતર બોલી ઊઠ્યું.

'પાડેલી, ના પાડેલી.' એણે તરત જ કબૂલ કર્યું; 'પરંતુ મેં એનું કથન ના માન્યું. મારું એટલું દુર્ભાગ્ય. નહિ તો, જો મેં એની સોનેરી સલાહ માની હોત તો પરિસ્થિતિ તદ્દન જુદી જ હોત. મને એવું કશું સૂઝ્યું જ નહિ. કર્મનો વિપાક મારે માટે બધી રીતે વિપરીત જ રહ્યો.'

એટલીવારમાં પેલું સુંદર શાંત સરોવર આવી પહોંચ્યું.

એને અવલોકીને અંતર સંવેદનશીલ બની ગયું.

એને એના આકર્ષક તટપ્રદેશ પર વિહાર કરનારી અપ્સરાશ્રેષ્ઠ ઉર્વશી યાદ આવી. એના અકાળમૃત્યુના પેલા ઘોર શાપનું પણ સહજ રીતે જ સ્મરણ થયું. એનું કાળજું કંપી ઊઠ્યું. એક જ જીવનમાં થોડાથોડા વખતને અંતરે એક જ જાતના મળતા આવતા બે બે શાપ? એને પણ ભાગ્યની વિચિત્રતા જ કહી શકાય ને?

સ્ત્રી કે પુરૂષ ગમે તે હોય. ક્રોધ કોઈના પર દયા નથી કરતો. એના સકંજામાં સપડાઈને એ ગમેતેવું બોલે છે ને ગમેતેવું કરી નાંખે છે.

ઉર્વશીની આકૃતિ એની માનસિક આંખ આગળ આવીને ઊભી રહી.

'મેં તારો કયો અપરાધ કરેલો કે તેં મને શાપ આપ્યો?'

'તમારા અપરાધને તમે નથી જાણતા? તમે મારી કામેચ્છાનો અનાદર કરેલો. એનું દુષ્પરિણામ તમારે ભોગવવું પડ્યું.' ઉર્વશીએ એના મનોમન પૂછાયલા પ્રશ્નનો જાણે કે ઉત્તર આપ્યો.

'તારી કામેચ્છાનો અનાદર કરીને મેં કશું ખોટું નથી કર્યું.'

'એ તો તમે માનો છો ને? હું એ માન્યતા સાથે સંમત નથી થતી.'

'નથી થતી?'

'ના.'

'તો પછી એ તારું અજ્ઞાન છે. તારી દૃષ્ટિ અંધ બની ગઈ છે એટલે તું મારી ભાવનાને નથી સમજી શકતી.'

કોણ જાણે કેમ પણ સરોવરના શીતળ સમીરલહરીયુક્ત પ્રદેશ પર વિચરતી વખતે એને ઉર્વશી ખૂબ જ યાદ આવી.

એ વખતે ઉર્વશી એની આગળ પોતાની અલૌકિક શક્તિથી આવીને મંદમંદ સ્મિત કરતી ઊભી રહી ને બોલી:

'મને કેમ યાદ કરી? હું તમારી શી સેવા કરું? તમે મને અતિશય ઉત્કટતાપૂર્વક યાદ કરી એટલે હું વિના વિલંબ અને એકલી જ આવી છું.'

પરીક્ષિત એની મધુમયી મુખાકૃતિને નિહાળી રહ્યો અને અશ્વ પરથી ઉતરીને બોલ્યો:

'આજે આ સુંદર સરોવર પાસેથી પસાર થતી વખતે તારું સ્વાભાવિક રીતે જ અને જરા વધારે સ્મરણ થયું.'

'માટે જ હું આવી પહોંચી. આટલા વખતે મને ભારે સંવેદનપૂર્વક યાદ કરી અને આપણે પાછાં મળ્યાં એના જેવો આનંદ બીજો કયો હોય? પરંતુ તમારા મુખમંડળ પર તો વિષાદ છે. એનું કારણ?'

'એનું કારણ શાપ છે.'

'શાપ?'

'હા.'

'કોનો શાપ અને શા માટેનો શાપ? તમને શું મારા શાપની સ્મૃતિ થઈ આવી? તમારું દિલ એથી દ્રવીભૂત બન્યું કે દુઃખી થયું? કે પછી...'

'મને એક બીજો શાપ મળ્યો છે અને એ પણ આજેજ. એ શાપ શ્રૃંગી નામના મુનિપુત્રનો છે.'

'મુનિપુત્રનો? એમણે તમને શાપ શા માટે આપ્યો? તમારાથી એવો શો અપરાધ થયો?'

પરીક્ષિતે સઘળી હકીકત સંક્ષિપ્તમાં છતાં ક્રમબદ્ધ રીતે કહી સંભળાવી એટલે ઉર્વશી ઉદ્વિગ્ન બનીને બોલી:

'એનો અર્થ એ થાય કે તમારો અંતકાળ સંનિકટ છે. મુનિપુત્રનો શાપ મિથ્યા નહિ થાય.'

'તેં પણ મને શાપ આપેલો ને? મુનિપુત્રનો શાપ એના અનુસંધાનમાં જ અપાયેલો લાગે છે. પરંતુ તારી પેઠે મુનિએ પણ મને જણાવ્યું કે મારું મૃત્યુ અવશ્યંભાવિ કે અનિવાર્ય હોવા છતાં મારે માટે મંગલમય થઈ પડશે. એને લીધે મારું દુઃખ ઓછું થયું છે. તો પણ મૃત્યુ એ મૃત્યુ છે. એ કોઈને ગમે છે? કોઈ એને સામેથી ચાલીને પસંદ કરે છે? પ્રત્યેક જીવ જ્યાં સુધી એનું પોતાનું ચાલે છે ત્યાં સુધી વધારે ને વધારે જીવનને જ પસંદ કરે છે. જીવન એક અમુલખ અથવા ઉત્તમ ઉપહાર છે. એનો ત્યાગ સ્વેચ્છાપૂર્વક અથવા સહેલાઈથી નથી કરી શકાતો.'

'હું તમારી શી સેવા કરું?'

'મને કોઈપણ કામના નથી. ભાવના માત્ર એટલી જ છે કે મારું મન જીવનના આ અંતિમ દિવસો દરમ્યાન પૃથ્વીના બધા પદાર્થોમાંથી નિવૃત્ત થઈને કેવળ કૃષ્ણમાં લાગેલું રહે. એ સંબંધમાં તું મારી કશી જ સેવા નથી કરી શકે તેમ અને બીજી ભૌતિક સેવાની મને આવશ્યકતા નથી.'

'હું તમારી એ સંબંધમાં પણ સેવા કરી શકું એમ છું.'

'કેવી રીતે?'

'મારી પોતાની વિશિષ્ટ રીતે. તમારા જીવનના આ અંતિમ દિવસો દરમિયાન હું તમારું એક પરિચારિકાની પેઠે સતત ધ્યાન રાખીને તમારા માર્ગમાં બીજા કોઈયે અંતરાયોને નહિ આવવા દઉં. તમારા માર્ગને મારી સવિશેષ શક્તિથી સરસ કરતી રહીશ. મારું એટલું કર્તવ્ય સમજું છું.'

પરીક્ષિતે એનો આભાર માન્યો.

એ પછી ત્યાંથી વિદાય થઈ.

પરીક્ષિત અશ્વ પર ચઢીને વેગથી હસ્તિનાપુરની દિશામાં ચાલી નીકળ્યો. એનું અંતર સંપૂર્ણપણે શાંત ના જ થયું.

* * * * *

## ૨૧. જનમેજયનો રાજ્યાભિષેક

પરીક્ષિતે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો ત્યારે હસ્તિનાપુર એને એટલું બધું આકર્ષક ના લાગ્યું. આમ તો એને એના માટે ગૌરવ હતું. એની સુંદરતાની ને સમૃદ્ધિની ગુણગાથાઓને સાંભળતાં એ ધરાતો નહિ. એને ત્રિભુવનમાં સર્વોત્તમ બનાવવાનો એને મનોરથ હતો અને એ મનોરથની પરિપૂર્તિ માટે એ નિરંતર પ્રયત્ન કરતો. એ પ્રયત્ન મોટે ભાગે સફળ પણ થયેલો. એને લીધે હસ્તિનાપુર કળા, શિક્ષણ, સંસ્કાર, વાણિજ્ય ને વૈભવનું કેન્દ્ર બનેલું. પ્રવાસીઓ એની અસાધારણતાના અવલોકનથી આશ્ચર્યચકિત બનતા, અને પરીક્ષિતની મુક્ત કંઠે પ્રશંસા કરતા. પરીક્ષિતને પોતાને પણ એ અત્યંત આનંદપ્રદ અને સ્વર્ગ કરતાં પણ વધારે સુખદ લાગતું. પરંતુ આજે એને એની અસાધારણતા અને આકર્ષકતા એકાએક ઓછી થયેલી લાગી. આજે એને એ એટલું બધું સુખદ અને શાંતિકારક ના લાગ્યું. હસ્તિનાપુર તો એનું એ જ હતું. એ લેશ પણ નહોતું બદલાયું. પરંતુ પરીક્ષિતનું પોતાનું મન બદલાયલું. એ મન પર જુદા જ પ્રકારની પ્રતિક્રિયા થઈ રહેલી. એને લીધે એની દૃષ્ટિ તથા વૃત્તિમાં ફેર પડેલો. એટલે જ એને હવે કશું સુંદર ને શાંતિપ્રદ ના દેખાયું. મન પર જ માનવના દર્શનનો, એ દર્શનની પ્રતિક્રિયાનો ને જીવનના ગમા-અણગમાનો તથા સુખદુઃખનો આધાર છે અને એ જ જીવનના ધારણપોષણમાં સૌથી મહત્વનો ભાગ ભજવે છે એવું જે સ્વાનુભવસંપન્ન સંતો દ્વારા કહેવામાં આવ્યું છે તે તદ્દન ખોટું તો નથી જ. પરીક્ષિતને પોતાને એની પ્રતીતિ થઈ.

એને થયું કે ત્રિભુવનવિખ્યાત સુસમૃદ્ધ હસ્તિનાપુરને વિલોકવાનું ભાગ્ય હવે વધારે વાર નહિ મળે. મુનિપુત્રનો શાપ અમોઘ હોવાથી અવશ્ય સાચો ઠરશે. હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. તે પછી આ મહામહિમાવંતા, સુંદર, દેવના દીધેલા જીવન પર એકાએક પડદો પડી જશે. પછી આ બધું ક્યાં રહેવાનું છે? ને રહેશે તો પણ એનું આસક્તિપૂર્વક અવલોકન કરવા મારે ક્યાં આવવાનું છે? અહીં છું ત્યાં સુધી જ આ બધું મને મારૂં લાગે છે અને મારા અંતરમાં અનુરાગ જગાવે છે.

એનું મન આપોઆપ ઉપરામ બની ગયું.

થોડાક વખત પછી એણે રાજપ્રાસાદમાં પ્રવેશ કર્યો ત્યારે સમસ્ત રાજપ્રાસાદ એને સૂનો લાગ્યો. રોજના રસથી રેલમછેલ થઈ રહેલો રમણીય રાજપ્રાસાદ એને નીરસ દેખાવા માંડ્યો. એનું સુસમૃદ્ધ સુંદર ઉદ્યાન એને ઉજ્જડ દેખાયું. એના આત્માને ક્યાંય આનંદાનુભવ ના થયો.

એટલીવારમાં ઈરાવતી આવી પહોંચી ને બોલી:

‘તમારી કેટલા બધા વખતથી પ્રતીક્ષા કરતી’તી. આજે તમને ખૂબ જ મોડું થયું. મને તો કાંઈના કાંઈ વિચારો આવી ગયા. તમે રાજપ્રાસાદમાં પહોંચી ગયા છો એવા સમાચાર સાંભળ્યા ત્યારે જરાક શાંતિ થઈ. જીવ હેઠે બેઠો.’

‘મૃગયાનું કામ એવું છે. એમાં કોઈવાર વિલંબ પણ થઈ જાય. એમાંય વળી આજનો દિવસ ખૂબ જ વિચિત્ર થઈ ગયો. એ અત્યંત અમંગલ નીકળ્યો. આજે મૃગયા માટે ના ગયો હોત તો સારું થાત. પરંતુ એ તો મને પાછળથી સુઝ્યું. પહેલાં ના સુઝ્યું. પહેલાં સુઝ્યું હોત તો પરિસ્થતિ કદાચ જુદી હોત. પરંતુ બધું કાંઈ

આપણી ઈચ્છા અથવા યોજના પ્રમાણે થોડું જ બને છે? આપણે તો નિમિત્ત છીએ.' પરીક્ષિતે વેદનાસભર સ્વરે કહી બતાવ્યું.

'એટલે જ તમારું મુખમંડળ ઉદાસ લાગે છે. તમારે માટે આજનો દિવસ અમંગલ નીકળ્યો તો એવું તો શું થયું? તમારું કશું અમંગલ થયું? તમારા શબ્દો સાંભળીને મને ચિંતા થાય છે. તમે મેં ના કહેલી તો પણ આજે મૃગયા માટે ગયા જ શા માટે?'

'કારણ કે મને શાપ મળવાનો હતો.'

'શાપ? કોનો શાપ? પાછો તમને શાપ મળ્યો? એ શાપ શા માટે ને કોણે આપ્યો?'

'શમીક મુનિના પુત્ર શ્રૃંગીએ. એ શાપ ખૂબ જ ભયંકર છે. હું દુર્બુદ્ધિથી પ્રેરાઈને શમીક મુનિ સાથે દુર્વ્યવહાર કરી બેઠો, તેથી મુનિ પોતે તો શાંતિની મૂર્તિ હોઈને શાંત જ રહ્યા, પરંતુ એમના પુત્રે ક્રોધે ભરાઈને મને શાપ આપ્યો. મુનિને એ સાંભળીને ઘણું દુઃખ થયું પરંતુ શું થાય? જે થવાનું હતું તે થઈ ચૂકેલું. એને અન્યથા કરવા એ એકદમ અસમર્થ હતા.'

'પરંતુ તમે મુનિની પાસે કેવી રીતે જઈ પહોંચ્યાં?'

'મૃગયા કરતાં કરતાં એકલો પડીને અજ્ઞાત રીતે. બીજી રીતે કહું તો મારું ભવિતવ્ય-એ અશુભ જ મને ત્યાં યેનકેન પ્રકારેણ ખેંચી ગયું.'

'આ બધું સાંભળીને મારી વેદના વધી જાય છે. મારું મગજ કામ નથી કરતું. તમારા શ્રીમુખથી સઘળી હકીકત સવિસ્તર સાંભળીશ ત્યારે જ મને સાચી પરિસ્થિતિ સમજાશે.'

પરીક્ષિતે ઈરાવતીને વિસ્તારપૂર્વક બધું કહી સંભળાવ્યું.

ઈરાવતી એ બધું પુષ્કળ પીડાપૂર્વક સાંભળી રહી.

પ્રસંગની પરિસમાપ્તિ કરતાં પરીક્ષિતે જણાવ્યું:

'હવે તને સમજાશે કે આજના દિવસને હું અમંગલ કેમ કહું છું. આ પૃથ્વી પર, આ નગરમાં ને રાજભવનમાં મારે વધારે વખત નથી રહેવાનું.'

ઈરાવતી જરાક ગંભીર બનીને બોલી:

'તમારું પાર્થિવ શરીર નહિ રહે ને શાપને લીધે શાંત થઈ જશે તો પણ તમારા સત્કર્મોની સૌરભ તો કદાપિ નથી મટવાની. તમારી યશશ્રી નથી મરવાની. તમારું લોકહિતરત જ્વાજ્વલ્યમાન જીવન સદાયે શાશ્વત અથવા અમર રહેશે. કાળ એને કશું નહિ કરી શકે. તક્ષક કે બીજું કોઈ પણ એનો નાશ કરી શકશે એવું હું નથી માનતી. એ તમારી કાયાને કરડી શકશે, તમને નહિ. છતાં પણ આ દુઃખદ તો છે જ. ભારે દુઃખદ છે. સમસ્ત પ્રજાજનોને માટે એ દુઃખદ થઈ પડશે. તમારા વર્તમાન જીવન પર આટલો જલદી પડદો પડી જશે એવું મેં નહોતું ધાર્યું. કોઈએ નહિ ધાર્યું હોય.'

'મને પણ તેની કલ્પના ક્યાં હતી?'

'સાચું છે. જે બધું થાય છે તે બધું જ આપણી કલ્પના પ્રમાણે નથી થતું. સંસારનું શાસન કરનારી એક સર્વોપરી શક્તિ જ છે. તે જ બધું કરતી હોય તેવું લાગે છે. આપણે તો એના હાથમાં હથિયાર જ થવું પડે છે.

આપણાથી બીજું કશું જ નથી થઈ શકતું. એટલું થઈ શકે ને સમજપૂર્વક સારી રીતે થઈ શકે તો પણ પર્યાપ્ત છે.'

એટલામાં તો બહાર વ્યોમમાં ચંદ્રોદય થયો. પરીક્ષિતની દૃષ્ટિ એના પર પડી. એ તરત બોલ્યો:

'આ ચંદ્ર સદાની પેઠે સુંદર અને સુધામય અથવા શાંતિદાયક નથી લાગતો. એની અંદરથી કિરણો નથી નીકળતા; અંગાર ઝરે છે.'

ઈરાવતીએ કહ્યું:

'એનું કારણ તમારી દૃષ્ટિમાં ફેર પડ્યો છે એ છે. બાકી ચંદ્ર તો એનો એ છે. એ નથી બદલાયો.'

'તારાઓ પણ આજે મને આનંદ નથી આપી શકતા. એ બધા ભેગા થઈને મારી વેદનામાં વધારો કરે છે.'

'એનું કારણ પણ એ જ છે. હમણાં મેં કહ્યું તે.'

પવનની તાજી લલિત લહરીઓ સમીપના ઉપવનની દિશામાંથી આવીને પસાર થવા લાગી. એમને લક્ષ્ય કરીને પરીક્ષિતે જણાવ્યું:

'રોજ તો આ લહરીઓ લલિત લાગતી પરંતુ આજે એમણે એમનું લાલિત્ય છોડી દીધું હોય એમ લાગે છે. બીજું તો ઠીક, પણ આ રમણીય રાજપ્રાસાદ પણ મને રસહીન દેખાય છે. એની દિવાલો ખાવા દોડતી હોય એવો ભાસ થાય છે. મારા માટે આખું જગત જ કોણ જાણે કેમ પણ એકાએક બદલાઇ ગયું છે. એમાં કશો આનંદ નથી અનુભવાતો. મારા જીવનનો ઘણો થોડો સમય હવે શેષ રહ્યો છે.'

'છતાં પણ એ સમય જીવનના કલ્યાણને માટે પૂરતો છે.'

'એટલે?'

'જીવન ચંચળ અથવા નશ્વર છે. વહેલો કે મોડો એના પર પડદો પડી જશે એ ચોક્કસ છે. સમસ્ત સંસાર અને શરીર પરિવર્તનશીલ છે. એ એકસરખા રૂપમાં નથી રહી શકતું. એક દિવસ શરીરનો પરિત્યાગ કરીને સહુએ ચાલવાનું છે. એમાં કોઈપણ પ્રકારનો મીનમેખ નથી થાય તેમ. તમારો અંતકાળ હવે સંનિકટ છે તો તેની પહેલાના કાળને મહામૂલ્યવાન માનીને પરમાત્મામાં લગાડીને તથા જીવનમુક્તિના આનંદને પ્રાપ્ત કરીને સંપૂર્ણપણે સફળ કરી દો.'

'તને તે ગમશે?'

'શા માટે નહીં ગમે? એટલા માટે તો હું તમને તેની પ્રેરણા કરી રહી છું. તમારા આત્મિક કલ્યાણમાં મને ઓછી અભિરુચિ ના હોય. જે પળો પસાર થઈ રહી છે તે ખૂબ જ કીમતી છે. તે દરમિયાન લાગણીવશ થઈને નિરર્થક ચિંતા કે શોક કરવાને બદલે તેમનો સદુપયોગ કરીને જીવનનું શ્રેય સાધવું આવશ્યક છે.'

'મને પોતાને પણ શાપનો પ્રસંગ બન્યા પછી એવી જ પ્રેરણા થાય છે. પરંતુ તેને સાર્થક કેમ કરવી એ જ સવાલ છે.'

ઈરાવતી થોડીવાર સુધી વિચારીને બોલી:

'સમય આમ તો ઘણો થોડો છે પરંતુ આત્મકલ્યાણને માટે પૂરતો છે. આટલા થોડા સમયમાં જીવનમુક્તિનો અલૌકિક આનંદ જેણે એ આનંદ અનુભવ્યો હોય એવા કોઈ સ્વાનુભૂતિસંપન્ન સંતપુરૂષ જ આપી શકે. એવા સંતપુરૂષનું શરણ લેવું જોઈએ.'

'પરંતુ એવા પરમપ્રતાપી સંતપુરૂષ કેવી રીતે મળે?'

પરીક્ષિતે પૂછયું.

'કૃષ્ણની કૃપાથી એમનો સમાગમ જરૂરથી થઈ શકે. એમના દર્શન તથા સુખદ સંસર્ગ માટે કૃષ્ણકૃપા સિવાય બીજો માર્ગ જ કયો છે? એ કૃપા તમારા પર નહીં થાય તો બીજા કોના પર થશે? તમે તો એમના પરમ કૃપાપાત્ર છો.'

'તારા શબ્દો સાંભળીને મને એક વિચાર આવે છે. પરમાત્માના પરમકૃપાપાત્ર સંતપુરૂષના સમાગમ માટે સર્વસ્વનો ત્યાગ કરીને હું વહેલી તકે ગંગાતટવર્તી સંતો તથા તપસ્વીઓના આશ્રમો તરફ વિદાય થાઉં, ને ગંગાના એ પવિત્ર પ્રશાંત તટપ્રદેશ પર પ્રાર્થના કરતાં બેસી જઉં. મારી સ્વલ્પ જેટલી પણ સાચી નિષ્ઠા અથવા શ્રદ્ધાભક્તિ હશે તો કૃષ્ણની કૃપા અવશ્ય થશે ને મારું જીવન સફળ બનશે. રાજ્યની ધુરા જનમેજયને સોંપીને હું આવતીકાલે જ એ માટે વિદાય થઈશ.'

'તમારો સંકલ્પ બરાબર છે. એને માટે મારી અનુમતિ છે. આપણે માતા ઉત્તરાને આ બધું જણાવીએ. એમને તો કશી ખબર જ નથી. એ જાણશે ત્યારે એમને કોણ જાણે શુંનું શું થશે.'

'એ મારી સદ્દભાવનાને સમજી શકશે. મને વિશ્વાસ છે.'

પરીક્ષિતે ઉત્તરાની પાસે પહોંચીને કહ્યું;

'હું પરમપ્રતાપી પાંડવોના પથનું અનુસરણ કરવા માંગુ છું.'

'એટલે?' ઉત્તરાને કશી સમજ ના પડી. એને સમજણ ના પડે એ સ્વાભાવિક હતું. ત્યાં તો પરીક્ષિતે આગળ જણાવ્યું:

'મારો અંતકાળ હવે સમીપ છે. વચ્ચે સાત જ દિવસ શેષ રહ્યાં છે.'

'તારા શબ્દો મને નથી સમજાતા.'

'મને આજે એવો શાપ મળ્યો છે.'

'શાપ? કોનો? ઉર્વશીનો?'

'ના. ઉર્વશીનો નહીં. શ્રૃંગીનો.'

'શ્રૃંગી વળી કોણ છે?'

પરીક્ષિતે આખી વાતને વિગતે કહી બતાવી. એ સાંભળીને ઉત્તરા બોલી ઊઠી:

'આ તો ઘણું વિચિત્ર કહેવાય. આ હું શું સાંભળી રહી છું. જે કૃષ્ણે તારા જન્મ પહેલા મારા ઉદરમાં પોતાની અસાધારણ શક્તિથી તારી રક્ષા કરી તેમણે આ શું કર્યું? તારી બુદ્ધિને તેમણે નિર્મળ કેમ ના રાખી. તેમણે તારી પાસે એવું કુકર્મ કેમ કરાવ્યું અને કરાવ્યું તો પણ શ્રૃંગીને શાપ આપવાની પ્રેરણા શા માટે કરી? મારા જીવનમાં મારે કેવા કરુણ દિવસો જોવા પડશે. એ પરમકૃપાળુ કૃષ્ણને જરા પણ દયા ના આવી?'

એની આંખ દ્રવી ઊઠી. એનું અંતર આર્ત બની ગયું.

પરીક્ષિતે જણાવ્યું:

'મારે એટલું ભોગવવાનું ને તમારે સૌએ સાક્ષી બનીને જોવાનું હશે તે કોણ મિથ્યા કરી શકે? મારું જીવન આટલું જ હશે. હવે એનો શોક કરવાથી કશું નથી વળે એવું. હવે તો મને આશીર્વાદ આપ કે મારો અંતકાળ અને એની પહેલાના સઘળા દિવસો સુધરી જાય ને મારી ભાવના પ્રમાણે મને કોઈ જીવનમુક્ત ઉત્તમોત્તમ મહાપુરૂષનો મેળાપ થાય.'

'તારી ભાવના જરૂર પૂરી થશે. હવે તો જે થવાનું હતું તે થઈ ગયું છે. તું દુન્યવી વિષયોમાંથી મનને ઉપરામ કરીને પ્રેમપૂર્વક પરમાત્મામાં સ્થાપિત કર. મંગલનો માર્ગ એ જ છે. સંસારની વિનાશશીલતાને વિચારીને આસક્તિની નાનીમોટી સઘળી ગ્રંથિઓને છેદી નાખ. એ ઉત્તમ કલ્યાણકારક કાર્યમાં ઈરાવતીનો સહયોગ છે એ જાણીને મને સંતોષ થાય છે.'

ઈરાવતી બોલી:

'એમના આત્મિક કલ્યાણમાં અંતરાયરૂપ નહીં પણ મદદરૂપ થવું એ મારો ધર્મ છે. શાપની આકસ્મિક અશુભ ઘટના ખરેખર દુઃખદ હોવા છતાં શેષ જીવનની શાંતિની સમુચિત યોજનામાં સાથ આપવાનું શ્રેયસ્કર છે એટલે મારા વ્યક્તિગત દુઃખને દબાવીને ને બને તેટલું ગૌણ ગણીને એમને મદદ કરવા તૈયાર થઈ છું. નહીં તો મારા માથા પર પણ કાંઈ ઓછી આપત્તિ નથી તૂટી પડી. અને હજુ ભવિષ્યમાં તો ક્યાં ... ? પરંતુ એમનું કોઈ રીતે કલ્યાણ થઈ શકતું હોય તો મારી જાતને સંભાળી લઈશ ને મારું કલ્યાણ પણ એમાં જ ગણીશ. એમના કલ્યાણમાં કદી ને ભૂલેચૂકે પણ અંતરાયરૂપ ના બનીશ.'

'બરાબર છે. તારા શબ્દો સાંભળીને મને માનની લાગણી થાય છે. તારા જેવી સુસંસ્કારી સ્ત્રી મળવા બદલ પરીક્ષિતને પણ ધન્યવાદ ઘટે છે. તું એના શ્રેયમાં સહાયક થઈ છે અને થઈશ એમાં શંકા નથી.'

જનમેજયે એ સઘળું સાંભળીને છેવટે કહ્યું:

'શાપનો આ આખોય પ્રસંગ ખૂબ જ પીડાજનક છે. તમારા વિના અમે સુખશાંતિપૂર્વક કેવી રીતે રહી શકીશું? આ રાજ્યવૈભવ પણ કેમ ગમશે? શ્રૃંગીએ આવો કઠોર શાપ આપ્યો તે બદલ તેને દંડ આપવો જોઈએ.'

'ના.' પરીક્ષિતે કહ્યું :

'આપણાથી એવો વિચાર પણ ના કરી શકાય. ક્રોધનો જવાબ ક્રોધથી, હિંસાનો હિંસાથી, વેરનો વેરથી, ને દંડનો દંડથી આપવાની પદ્ધતિ ખોટી છે. એવી વિચારધારા આદર્શ નથી લાગતી. જીવનના આટલા અનુભવ પછી મને એ સત્ય સારી રીતે સમજાતું જાય છે. શ્રૃંગી જેવા મહાપ્રતાપી મુનિપુત્રને માટે આપણે એવો વિચાર ના કરી શકીએ. એવો વિચાર દોષરૂપ છે. એને દંડ કરીને આપણે શું કરવું છે? એને એના ઉતાવળિયા કાર્યને માટે પાછળથી જે પશ્ચાતાપ થયો એ એક પ્રકારનો દેવે દીધેલો દંડ જ છે. અરે, દંડ કરતાંયે વધારે છે. એનાથી અધિક કલ્યાણકારક દંડ કોઈ શું કરી શકવાનું હતું?'

'ઋષિકુમારો પૂર્વા પર સંબંધોનો પૂરતો વિચાર કર્યા વિના આવી રીતે એકાએક અઘટિત શાપ આપી બેસે એ શું સારું છે?'

'સારો હોય કે ના હોય, હવે શું થાય? જે થવાનું હતું તે થઈ ગયું છે. શમીક મુનિએ મારી ઉપસ્થિતિમાં જ એને માટે દુઃખ વ્યક્ત કરેલું ને શ્રૃંગીને ઠપકો આપેલો. શ્રૃંગીને પોતાને પણ પોતાના વગર વિચાર્યે કરેલા દુસ્સાહસ માટે ખૂબ જ લાગી આવેલું. એમને માટે એટલું પૂરતું છે. એ બધી ચર્ચાવિચારણામાં વધારે વખત ગાળવાથી કે મન પરોવવાથી કશું નહિ વળે. હવે તો વાસ્તવિકતાનો વિચાર કરીને જે પરિસ્થિતિ છે તેમાંથી રસ્તો કરવો જોઈએ. એ જ ઉચિત છે.'

જનમેજય શાંત રહ્યો તો પણ એનું મન તો શાંત ના રહ્યું.

સમસ્ત પ્રજાજનો એ કઠોર શાપની વાત સાંભળીને દુઃખી થયા. એમનામાંના કેટલાયને એવું લાગ્યું કે એ શાપ જાણે એમને પોતાને જ આપવામાં આવ્યો છે. પરીક્ષિત પ્રત્યે એમનો એવો પ્રેમ હતો. એ પ્રેમાતિરેકને લીધે એ અંદરઅંદર વાતો કરવા માંડ્યા:

'આવા આદર્શ ધર્મપરાયણ રાજાને વળી એકાએક એવો મહાભયંકર શાપ ક્યાંથી મળ્યો?'

'એ શાપ આપનાર શ્રૃંગીનું કલ્યાણ નહિ થાય. એણે એની અસાધારણ શક્તિનો દુરૂપયોગ કર્યો.'

'પાછળથી તો કહે છે કે એને પશ્ચાતાપ થયો. પરંતુ એથી શું વળે? છૂટેલું બાણ પણ પાછું થોડું જ આવવાનું હતું?'

'શાપ આપત તો હજુ શમીક મુનિ આપત. પણ એ શાંત રહ્યા ને એમના પુત્રે પરાક્રમ કરી બતાવ્યું. યૌવન કેટલું બધું નિરંકુશ હોય છે એ આના પરથી સહેલાઈથી સમજી શકાય છે.'

'રાજાએ શાપ સાંભળીને તરત જ પ્રતિશોધની ભાવનાથી પ્રેરાઈને ક્રોધે ભરાઈને તલવારથી એનું મસ્તક ઉડાવી દીધું હોત તો? પરંતુ રાજા એટલા સંયમી કે શાંત રહ્યા. ગમે તેવી ને તેટલી હાનિ ભોગવવી પડે તો પણ એમનો સ્વભાવ જ એવો છે કે એ ધર્મની કે નીતિની મર્યાદાનો પરિત્યાગ નથી કરે તેમ.'

'પરંતુ....અણીને વખતે ધર્મ કે નીતિની મર્યાદાનો પરિત્યાગ કરીને શમીક મુનિની અવજ્ઞાનું એ એવું કુકર્મ કરી બેઠા માટે તો એમને શાપના ભાગી બનવું પડ્યું. એમની બુદ્ધિ ખરે વખતે બગડી ગઈ. એમણે એવું કુકર્મ ના કર્યું હોત તો એમને શાપ મળત ખરો? શ્રૃંગીના જેવો સ્વમાની સુપુત્ર પોતાના પિતાના અપમાનને જોઈ શકે? હા. એણે શાપ આપતાં પહેલાં વિચાર્યું હોત તો સારું. પરંતુ ક્રોધ કહે છે કોને? એના પ્રભાવમાં પડીને માણસ શુભાશુભ કે સત્યાસત્યના વિચારની શક્તિ ખોઈ બેસે છે. મને તો એનો અનુભવ છે. એટલે જે થયું છે એને સારું હું શ્રૃંગીને દોષ નથી દેતો. હવે દોષ દેવાથી કે ના દેવાથી વળવાનું પણ શું છે?'

'બરાબર છે, દોષ તો હવે હસ્તિનાપુરની પ્રજાને જ દેવો રહ્યો. એના કર્મો એટલા કાચાં કે આવા પ્રજાહિતૈષી આદર્શ નૃપતિની હૂંફથી એણે વંચિત રહેવું પડશે. આપણા સૌનું ભાગ્ય ફૂટેલું.'

'પરીક્ષિતે યુધિષ્ઠિરની ખોટને નહોતી જણાવા દીધી એટલું જ નહિ, પ્રજાહિતનાં વિવિધ કાર્યો દ્વારા પ્રજાની વધારે પ્રીતિ પ્રાપ્ત કરેલી. પ્રજા એમનો વિયોગ શી રીતે સહી શકશે?'

'સહી શકે કે ના સહી શકે તો પણ બીજો કોઈ વિકલ્પ ક્યાં છે?'

બીજે દિવસે શુભ સમય જોઈને જનમેજયનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. મંત્રીઓને આવશ્યક સુચનાઓ આપવામાં આવી.

પ્રજાજનોએ એ અવસરે સુખદુઃખનો સંમિશ્રિત અનુભવ કર્યો.

ઉત્તરા તથા ઈરાવતીની અનુમતિ મેળવીને પરીક્ષિત પરમાત્માપ્રેમી પ્રાતઃસ્મરણીય સંતપુરૂષના સમાગમ માટે રાજપ્રાસાદમાંથી બહાર નીકળ્યો. ત્યારે સૌના હૈયા હાલી ઊઠ્યાં. સૌ રડવા લાગ્યા.

પરીક્ષિતે જણાવ્યું:

'હું ઉત્તમ હેતુથી પ્રેરાઈને જઈ રહ્યો છું માટે દુઃખી થવાનું, શોકિત બનવાનું કે રડવાનું ના હોય. મને આશિષ આપો કે મારા હેતુની સિદ્ધિ થાય.'

સૌએ અશ્રુપૂર્ણ અંતરે મૂક આશીર્વાદ આપ્યાં.

* * * * *

## ૨૨. કશ્યપ અને તક્ષક

પરીક્ષિતના જીવનમાં જે ગણ્યાગાઠ્યાં દિવસો શેષ હતા તે દરમિયાન, એવા કરુણાતિકરુણ વખતે, ઈરાવતી એનાથી અલગ રહેવા નહોતી ઈચ્છતી. એ પરીક્ષિતની સાથે જ ચાલી નીકળી. પરીક્ષિતે એને ઘણીયે ના કહી પરંતુ એ ના માનીને બોલીઃ

'સ્ત્રીનો ધર્મ આવા સમયે પતિની સાથે રહેવાનો ને પતિની સંભાળ રાખવાનો છે.'

'પરંતુ તું મારી સંભાળ ક્યાં સુધી રાખશે?' પરીક્ષિતે પૂછ્યું.

'જ્યાં સુધી રખાશે ત્યાં સુધી રાખીશ. એ ભાગ્યને શા માટે જવા દઉં? હવે વધારે દિવસો છે જ ક્યાં? એ દિવસો દરમિયાન તમે વનમાં વસો ને હું તમારાથી દૂર રાજપ્રાસાદમાં રહું એ મને સારું નથી લાગતું. એવા જીવનની કલ્પનાય સારી નથી લાગતી.'

'પરંતુ તું મારી સાથે પણ ક્યાં સુધી આવશે?'

'મારું ચાલશે ત્યાં સુધી. તમે કહેશો તો તમારી પાછળ પાછળ પરલોકમાં પણ.'

'ના મારાથી એવું કદી પણ ના કહી શકાય. તારે જનમેજયની સંભાળ રાખવાની છે. એ તારા વિના નહિ રહી શકે.'

'અને તમારા વિના?'

'મને મળેલા ભયંકર શાપને લીધે એ સમજે છે કે મારાથી છૂટા પડવાનું અનિવાર્ય છે. મારા જીવનને બચાવવાનું મારા હાથમાં નથી. પરંતુ તું તો તારા જીવનને બચાવી શકે છે. શાપ અને મળ્યો છે, તને નથી મળ્યો.'

'એ તો પછી જોઈ લેવાશે. અત્યારે તો તમારી સાથે આવી રહી છું. હું પણ સંતસમાગમથી મારા જીવનને કૃતાર્થ કરીશ.'

ઉત્તરા, જનમેજય, કેટલાય અમાત્યો ને પ્રજાજનો પરીક્ષિતની પાછળ પાછળ ચાલી નીકળ્યા. એમને પરીક્ષિત વિના જરાય ના ગમ્યું. એ પરીક્ષિતને એકલો છોડવા નહોતા માગતાં.

ઉત્તરાની સ્થિતિ ખૂબ જ કરુણ હતી. એ ઉત્કટતાપૂર્વક પ્રતિપળ પરમાત્માને પ્રાર્થના કરતી ને કહેતી કે જે કરુણાનિધાન કૃષ્ણે મારા ઉદરમાં રહેલા પરીક્ષિતના પ્રાણની રક્ષા કરેલી તે કૃષ્ણ આવા ઘોર અમંગલમાંથી પણ એની રક્ષા અચૂક કરશે જ. એના જીવનની પરિસમાપ્તિ એ નહિ થવા દે, એમની અસાધારણ શક્તિ આજે પણ અદૃષ્ટ રીતે કાર્ય કરી રહી છે.

પરીક્ષિતને મળેલા શાપની પ્રતિક્રિયા પ્રજાજનો પર બહુ સારી નહોતી પડી. મોટાભાગના પ્રજાજનો શાપની કથાથી ખૂબ જ દુઃખી બનીને એના નિવારણના સ્વપ્ના સેવતા. પરંતુ એનું નિવારણ શી રીતે થઈ શકે એ એમને નહોતું સમજાતું. એનો કોઈ નાનોમોટો વિકલ્પ જ નહોતો દેખાતો. એમને લાગતું કે શાપ અટળ છે ને રાજાનું મૃત્યુ પણ અનિવાર્ય. એથી એમનું દુઃખ વધી જતું.

શાપની એ વાત હસ્તિનાપુરથી થોડેક દૂર રહેતા એક મંત્રવિદ્યાવિશારદ, સંજીવની શક્તિના સ્વામી, કશ્યપ નામના મહાપંડિતની પાસે પણ સ્વાભાવિક રીતે જ પહોંચી ગઈ.

એ સાંભળીને એની પીડાનો પાર ના રહ્યો.

પોતાની આશ્ચર્યકારક સંજીવનીવિદ્યાનો પ્રયોગ એણે સફળતાપૂર્વક અનેકવાર કરેલો. એ વિદ્યાનો સફળ પ્રયોગ એણે પરીક્ષિત પર કરીને એના જીવનને ઉગારવાનો અને એ રીતે ઈચ્છાનુસાર દ્રવ્યને મેળવવાનો નિર્ણય કર્યો. એ નિર્ણયથી પ્રેરાઈને એ પરીક્ષિતને મળવા માટે ચાલી નીકળ્યો.

એના સુહૃદો અને શિષ્યોએ એ નિર્ણયની પ્રશંસા કરી.

સુંદર પોષાક પહેરીને એ હસ્તિનાપુરના રાજપ્રાસાદની દિશામાં ચાલી નીકળ્યો. એના અંતરમાં પ્રત્યેક પગલે ઉલ્લાસ ઉછળવા લાગ્યો.

તક્ષક નાગને એની ખબર પડી ગઈ.

એને કશ્યપના સાહસથી આશ્ચર્ય થયું.

ઈચ્છાનુસાર રૂપને ધારણ કરવાની કળામાં કુશળ તક્ષકે પ્રવાસીનો વેશ લઈને કશ્યપની સાથે એ હસ્તિનાપુર પહોંચે તે પહેલાં માર્ગમાં જ મુલાકાત કરી.

‘કેમ પંડિતપ્રવર, ક્યાં ચાલ્યા?’ એણે કશ્યપને પૂછ્યું ને કહ્યું; ‘તમારી વેશભૂષા અને આકૃતિ પરથી લાગો છો તો પંડિત જ.’

‘તમારું અનુમાન સાચું છે.’ કશ્યપે ઉત્તર આપ્યો; ‘હું પંડિત જ નથી, પંડિતોમાં શિરોમાન્ય છું.’

‘પરંતુ આમ આકર્ષક પોષાક પહેરીને પ્રભાતના પ્રથમ પ્રહરમાં ક્યાં જાવ છો? આવો સરસ પોષાક પહેરીને તો રાજપ્રાસાદમાં પહોંચાય છે.’

‘તમારું એ અનુમાન પણ સાચું છે. હું રાજપ્રાસાદમાં જ જઈ રહ્યો છું.’

‘રાજાએ તમને કોઈક જરૂરી કામે બોલાવ્યા હશે કે પછી તમે રાજગુરૂ હશો. લાગો છો તો એવા જ.’

‘ના હું રાજગુરૂ નથી. રાજાએ મને બોલાવ્યો પણ નથી. હું તો મારી મેળે વગર આમંત્રણે જ જઈ રહ્યો છું. પુરસ્કારની ઈચ્છાથી.’

‘પુરસ્કારની ઈચ્છાથી?’

‘હા. હું એમની પાસે ભિક્ષુકની પેઠે યાચના કરવા નથી જતો. મારી અલૌકિક શક્તિનું પ્રદર્શન કરવા ને બદલામાં મળે તો કંઈક મેળવવા જઉં છું.’

‘તમારી પાસે એવી કઈ અલૌકિક શક્તિ છે?’

‘તમે મારાથી પરીચિત હોત તો એવો સામાન્ય પ્રશ્ન ના પૂછત. મારા મિત્રો ને શિષ્યો જાણે છે કે હું સંજીવની વિદ્યામાં સિદ્ધહસ્ત છું. એ વિદ્યાના પ્રભાવથી મરેલાને જીવિત કરી શકું છું. એ વિદ્યા મને પરંપરાગત રીતે મારા પિતાશ્રી પાસેથી પ્રાપ્ત થઈ છે.’

‘પરંતુ તમે એ વિદ્યાનો પ્રયોગ કેવી રીતે ને કોના પર કરશો?’

‘રાજા પરીક્ષિતના પોતાના પર.’

‘પરીક્ષિત પર?’

‘હા. પરીક્ષિત પર.’

'પરંતુ એ તો જીવિત છે એવું સાભળ્યું છે. કે પછી મેં જે સાંભળ્યું છે તે ખોટું છે? મને આવો પ્રશ્ન પૂછવા માટે માફ કરજો. પણ હું આ બધું જિજ્ઞાસાપૂર્વક પૂછી રહ્યો છું. હું દૂરના પ્રદેશનો નિવાસી ને પ્રવાસી હોવાથી અહીંની પરિસ્થિતિથી એકદમ અજ્ઞાત છું.'

કશ્યપ બોલ્યો:

'એ તો તમારી પ્રશ્ન પૂછવાની પદ્ધતિ પરથી સ્પષ્ટ જણાય આવે છે. પરીક્ષિત આમ તો જીવિત છે પરંતુ શમીક મુનિના પુત્ર શ્રૃંગીએ એમને તક્ષકના કરડવાથી મૃત્યુ પામવાનો શાપ આપ્યો છે. એને અનુસરીને સાત દિવસની અંદર એમનું મૃત્યુ થશે. એ વખતે એમને હું મારી અસાધારણ શક્તિથી એમને જીવન પ્રદાન કરીશ.'

'એ અતિશય આશ્ચર્યકારક છે.'

'તો પણ સાચું છે. તમારે એ પરમવિસ્મયકારક પ્રયોગને જોવો હોય તો મારી સાથે ચાલો. તમને પ્રતીતિ થશે કે મારી સંજીવનીશક્તિ સંપૂર્ણ સાચી છે.'

'પરંતુ ભૂલચૂકે એ શક્તિ ખોટી પડી તો? રાજાઓનો સ્વભાવ કેવો વિચિત્ર હોય છે તે તમે જાણો છો. એમના સેવકો તમને શૂળીએ ચઢાવી દે.'

'એ શક્તિ ખોટી પડે જ નહીં.'

'મને તો એવી આશંકા થઈ આવે છે.'

'એ આશંકા નિરાધાર છે.'

'કેવી રીતે?'

'કેવી રીતે તે તો કેમ કહી શકું? તમે મારામાં વિશ્વાસ રાખો.'

'એવો આધાર વિનાનો અંધવિશ્વાસ કેવી રીતે રખાય?'

'તો પછી બીજો શો ઉપાય છે?'

તક્ષકે થોડીવાર શાંતિ રાખીને કહ્યું:

'મને પણ પરંપરાગત રીતે એક અલૌકિક વિદ્યાની પ્રાપ્તિ થઈ છે. જેને હું ફૂંક મારું કે કરડું તે બળીને ખાખ થાય છે, સુકાય જાય છે કે મૃત્યુ પામે છે.'

'એમ?'

'હા. મારીએ અદ્દભુત શક્તિનો પ્રયોગ બનતા સુધી હું કોઈની પર નથી કરતો. છતાં પણ આજે તમારી ઈચ્છા હોય તો કરી બતાવું.'

'કેવી રીતે?'

'તમારી એને જોવાની ઈચ્છા છે ખરી?'

'હા.'

'તો પછી હું આ વૃક્ષને ફૂંક મારીને સુકવી દઉં. ને પછી તમારી સંજીવની વિદ્યાનો તમે એના પર પ્રયોગ કરીને એને નવજીવન પ્રદાન કરો. એ કાર્યમાં સફળ થશો તો મને પ્રતીતિ થશે કે તમારી વિદ્યા સંપૂર્ણ સાચી છે ને વિફળ નહીં જાય. બોલો છે તૈયારી?'

કશ્યપે તરત જ જણાવ્યું: ‘હા. મારી તૈયારી છે. હું પણ તમારી શક્તિનો પરિચય તો પ્રાપ્ત કરી લઉં. પરંતુ તમારામાં એવી અસામાન્ય શક્તિ છે ખરી? કે પછી મારી શક્તિની વાત સાંભળીને મારા પર પ્રભાવ પાડવા માટે એવું બોલી રહ્યો છો?’

‘એવું તો તમારા વિશે પણ ના પૂછી શકાય? એટલા માટે તો તમારી આગળ પ્રત્યક્ષ પ્રયોગો કરવાનો પ્રસ્તાવ મૂકી રહ્યો છું. આપણે પોતે આપણી અલૌકિક શક્તિ વિશે વધારે બોલીએ એના કરતાં એ શક્તિને જ બોલવા દો.’

‘સારું.’

કશ્યપની અનુમતિ મેળવીને તક્ષકે પાસેના વિશાળ લીલાછમ પત્રપુષ્પથી વીંટળાયેલા વૃક્ષને ફૂંક મારી.

એ ફૂંક મારવાની સાથે જ, એના શ્વાસની સાથે કોણ જાણે કયું તત્વ બહાર નીકળીને એ સુંદર વૃક્ષ પર ફરી વળ્યું કે જોતજોતામાં એ આખુંય વૃક્ષ એની અસર નીચે આવીને પત્રપુષ્પથી રહિત બની ગયું. એની શાખાપ્રતિશાખાઓ સુકાય ગઈ.

કશ્યપ એ જોઈને આશ્ચર્યચકિત થઈને બોલ્યો: ‘તમારી શક્તિ સાચેસાચ અસાધારણ અથવા આશ્ચર્યકારક છે. આવી શક્તિ મેં બીજી કોઈયે વ્યક્તિની પાસે નથી જોઈ.’

‘હવે તમને એની પ્રતીતિ થઈને?’

‘પૂરેપૂરી પ્રતીતિ થઈ.’

‘એ સંબંધી કશી શંકા તો નથી રહી?’

‘ના. શંકા રહી શકે એવું છે જ ક્યાં? જે છે તે બધું પ્રત્યક્ષ ને સ્પષ્ટ છે.’

‘તો પછી હવે તમે મને તમારી શક્તિ બતાવો. આ વૃક્ષને તમારી સંજીવની શક્તિથી પહેલાંની પેઠે લીલુંછમ કરી દો.’

‘એ તો મારા માટે રમત છે.’

‘રમત?’

‘હા. રમત.’

‘બીજાના માટે એ કાર્ય અશક્ય હશે પણ મને એમાં લેશમાત્ર પણ પરિશ્રમ નહીં પડે.’

‘ખરેખર?’

‘એ તો તમે જોશો એટલે જાણી શકશો. તમને જેમ આ વિશાળ વૃક્ષને સુકવી દેતાં વાર ના લાગી તેમ મને એને નવજીવન દેતાં પણ વાર નહીં લાગે.’

કશ્યપે થોડો વખત આંખ બંધ કરીને શાંતિથી મંત્રોચ્ચાર કર્યો ને પછી એ સુકાયેલા વૃક્ષ પર પાણી છાંટ્યું. એટલે તક્ષકના વિસ્મય વચ્ચે એ આખાય વૃક્ષને જોતજોતામાં નવજીવન પ્રાપ્ત થઈ ગયું. કેટલો બધો અદ્દભુત અનુભવ?

તક્ષકને રોમાંચ થઈ આવ્યાં.

આખાયે વૃક્ષને પહેલાંની પેઠે જ એ અસાધારણ શક્તિપ્રયોગથી પત્રપુષ્પની પ્રાપ્તિ થયેલી જોઈને એના મનનું સમાધાન થયું. એને નિઃશંક રીતે લાગ્યા વિના ના રહ્યું કે કશ્યપ પોતાની અલૌકિક શક્તિથી પરીક્ષિતના મૃત્યુ પછી પરીક્ષિતને પુનર્જીવિત કરી દેશે.

એણે કહ્યું:

‘તમારી શક્તિ ખરેખર છે તો અદ્દભુત.’

‘હવે તમને ખાત્રી થઈને?’ કશ્યપે પૂછ્યું.

‘થઈ ગઈ.’

‘બસ ત્યારે મારું કાર્ય પૂરું થયું.’

તક્ષકે કહ્યું: ‘તમારી સંજીવનીશક્તિ અનુપમ છે એ સાચું, પરંતુ એ પણ એટલું જ સાચું છે કે એના પ્રયોગ માટે પરીક્ષિત પાસે જવાનો કશો અર્થ નથી.’

‘કારણ?’

‘કારણ કે પરીક્ષિત તો શાપની અમોઘતાને જાણીને, દુન્યવી પદાર્થોનો પરિત્યાગ કરીને, મુક્તિની પ્રાપ્તિની આકાંક્ષાથી, ગંગાતટ પર પહોંચી ગયા છે. એવું સાંભળવામાં આવ્યું છે. એમને જીવનની લેશ પણ મમતા નથી. વળી તમારા જેવા પ્રતાપી, તપસ્વી પુરૂષો તમારા જ જેવા પવિત્ર પુરૂષોએ આપેલા શાપને અન્યથા કરવાનો પ્રયાસ કરે તો તે પ્રયત્ન પ્રશંસનીય ના કહેવાય. હું તો તેને પ્રશંસનીય ના જ કહું. એવી રીતે તો નાના કે મોટા કોઈપણ પ્રકારના શાપની પવિત્રતા તથા મર્યાદા જ ના સચવાય શકે.’

કશ્યપ એ શબ્દોને શાંતિથી સાંભળી રહ્યો એટલે તક્ષકે એમના અનુસંધાનમાં આગળ કહ્યું:

‘એ ઉપરાંત એક બીજી વાત પણ વિચારવા જેવી છે.’

‘શી?’

‘તમે આવી લોકોત્તર વિદ્યાનો પ્રયોગ મુખ્યત્વે ધનોપાર્જનને માટે જ કરવા માગો છો. મારી ઉપર એવી છાપ પડી છે.’

‘એ છાપ સંપૂર્ણ સાચી છે. એની ના કેવી રીતે પાડી શકાય?’

‘તો પછી હું મારા અંતરની વાત કહી બતાવું? તમે ખોટું ના લગાડશો, પરંતુ તમારા જેવા મહાન કે સર્વોત્તમ મંત્રવિદ્યાવિશારદ આવી રીતે ધનની કામનાથી પ્રેરાઈને પરીક્ષિત કે જનમેજય જેવા રાજા પાસે જાય એ મને ઠીક નથી લાગતું. એમાં એમનું સ્વમાન નથી દેખાતું. તમારા જેવા લોકોત્તર મહાપુરૂષો પાસે તો ગુણીજનોએ સામે ચાલીને આવવું જોઈએ.’

‘પરંતુ એ ના આવે તો શું થાય?’

‘તો પણ આપણાથી તો ના જ જવાય. આ તો આપણા ગૌરવને હાથે કરીને ઘટાડવા જેવું છે. ધન તો પરમાત્માના અનુગ્રહથી આપોઆપ મળી રહે છે.’

‘આપોઆપ?’

‘હા. આપોઆપ. તમારા લોકોત્તર પ્રયોગથી પ્રભાવિત થઈને હું પોતે જ તમને ધન આપવા ઈચ્છું છું. પરંતુ તમે પરીક્ષિત પાસે પહોંચવાના વિચારનો પરિત્યાગ કરીને અહીંથી પાછા વળી જતા હો તો.’

'મને ઈપ્સિત પદાર્થની પ્રાપ્તિ થતી હોય તો હું કોઈનીય પાસે શા માટે જાઉં?'

'સાચેસાચ નહિ જાવ ?'

'નહિ જઉં. મારા વચનમાં વિશ્વાસ રાખો.'

'વિશ્વાસ તો છે જ.'

તક્ષકે પ્રસન્નતાથી પુલકિત બનીને પોતાની સાથે આણેલી સુવર્ણ મુદ્રાઓની કોથળી કાઢી, ને કશ્યપને અર્પણ કરી.

સુવર્ણમુદ્રાઓના અવલોકનથી કશ્યપનું અંતર આનંદી ઊઠ્યું. એને આટલી બધી અને આકસ્મિક ધનપ્રાપ્તિની કલ્પના કે આશા નહોતી.

એણે પરમાત્માનો ને તક્ષકનો આભાર માન્યો. એનું રોમરોમ નાચી રહ્યું.

'તમારું નામ? તમારું નામ તો મેં પૂછ્યું જ નહિ. એણે કહ્યું.

'તમારે નામ સાથે કામ છે કે કામ સાથે? તમારું કામ થયું એટલે બસ.'

'છતાં પણ હરકત ના હોય તો નામ કહી બતાવશો તે આનંદ થશે.'

'મારું નામ તક્ષક.'

'તક્ષક?'

'હા.'

'શ્રૃંગીએ જે શાપ આપ્યો છે તે તમને જ અનુલક્ષીને?'

'હા. મને પરીક્ષિતની પાસે જવાનું નથી ગમતું. છતાં પણ શાપને લીધે મારે જવું પડશે. હું વિવશ છું. હથિયાર છું. એથી મને નિર્દય ના સમજતા. શાપની મર્યાદાને મારે પાળવી પડશે. મારાથી પાળ્યા વિના રહેવાશે નહિ.'

'હા. શાપ હોય છે તો એવો જ અમોઘ.'

'પરંતુ હું પરીક્ષિતને કોઈ પણ પ્રકારનું કષ્ટ નહિ પડવા દઉં. એમનું મૃત્યુ એ જ રીતે થવાનું છે. હું તો માત્ર નિમિત્ત છું અને શ્રૃંગી પણ નિમિત્ત છે.'

'હું એ બધું સમજી શકું છું.'

કશ્યપ સુવર્ણમુદ્રાઓની કોથળી સાથે પ્રસન્નતાપૂર્વક પાછો વળ્યો.

તક્ષક પણ ત્યાંથી વિદાય થયો.

* * * * *

## ૨૩. શુકદેવનો સમાગમ

માનવનું મૃત્યુ નિશ્ચિત અથવા અપરિહાર્ય હોય તો તેને કોણ બચાવી શકે? વૈદ્યો, હકીમો ને મંત્રવિદ્યાવિશારદો એને બચાવવા માટેના બને તેટલા બધા જ પ્રયત્નો જરૂરી કરી છૂટે પરંતુ આખરે તો એ સઘળા પ્રયત્નો વ્યર્થ થાય છે ને જે થવાનું હોય છે તે જ ઈચ્છાએ કે અનિચ્છાએ થઈને ઊભું રહે છે. સૌ કોઈની બુદ્ધિ અથવા વૃત્તિ એ વખતે એવી જ બની જાય છે. કશ્યપ એમાં અપવાદરૂપ ન હતો. એટલે જ આટલો મહાન મંત્રવિદ્યાવિશારદ હોવા છતાં પરીક્ષિતની પાસે પહોંચીને એને બચાવવાનો પ્રયત્ન કર્યા વિના જ ચાલી નીકળ્યો. જાણે કે એ પણ સંસારનું સંચાલન કરનારી કોઈક વિરાટ શક્તિના હાથમાં હથિયાર હતો. સમસ્ત સંસાર એ અચિંત્ય શક્તિના હાથમાં હથિયાર હોય એવું જ લાગે છે.

પરીક્ષિતે પોતાનું મન દુન્યવી પદાર્થોમાંથી પાછું વાળી લીધેલું. એને જીવનની મમતા નહોતી રહી તો મૃત્યુની ભીતિ પણ એના મનમાં નહોતી પેદા થતી. જે થવા નિર્માયલું છે તે અવશ્ય થવાનું જ છે એવો એનો વિશ્વાસ હતો. એ વિશ્વાસને લીધે એને મહત્વની મદદ મળેલી. એનું મન ભલભલાને ભયભીત ને ભ્રાંત કરે એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ સ્વસ્થ રહી શકેલું. એ સ્વસ્થતાને લીધે જ એ શાંતિપૂર્વક પોતાનું હિતચિંતન કરીને એના અમલની દિશામાં આગળ વધેલો.

ગંગાતટવર્તી પવિત્રતમ પરમાણુઓથી પરિપ્લાવિત પ્રદેશમાં પહોંચીને એણે આપ્તકામ પ્રાતઃસ્મરણીય મહાત્મા પુરુષોના દૈવી દર્શનનો લાભ લીધો. એમના દર્શનથી એને શાંતિ મળી.

એની કથા સાંભળીને, એના સંજોગોથી સુપરિચિત બનીને, એ બધા મહાત્માપુરૂષો ગંગાતટ પરના એક સુંદર વિશાળ વૃક્ષની નીચે ભેગા થયા. બહારના કેટલાક બીજા સંતો પણ ત્યાં આવી પહોંચ્યા.

સૌ એને આશ્વાસન આપવા લાગ્યા.

એણે એ પ્રાતઃસ્મરણીય મહાપુરૂષોના ચરણોમાં પ્રણામ કરીને કહ્યું:

‘તમે મને આશ્વાસન આપી રહ્યો છો તેને માટે તમારો ઋણી છું. તમારા સરખા સત્પુરૂષોનો સંસર્ગ જેને તેને ને જ્યારે ત્યારે નથી થતો. એ પરમાત્માના પરમ અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે. શરીર તો છે જ વિનાશશીલ. મને એના પતનનો ભય નથી. એ એના નિર્ધારીત સમયે ગમે ત્યાં પડવાનું જ છે. મારી અભિલાષા તો જે સમય શેષ રહ્યો છે તે દરમિયાન બની શકે તો જીવનમુક્ત અવસ્થાની અનુભૂતિ કરીને એની કૃતાર્થતાની સિદ્ધિ કરવાની છે. મારા સર્વત્યાગનું ને ગંગાતટવર્તી તપઃપૂત પવિત્રપ્રદેશના પ્રવેશનું પ્રધાન પ્રયોજન એ જ છે. એ પ્રયોજનની સિદ્ધિ માટે તમારા જેવા સ્વનામધન્ય સત્પુરુષો તરફ મીટ માંડીને બેસી રહ્યો છું. મને આશા જ નહિ પરંતુ શ્રદ્ધા છે કે તમે મારી અભિલાષાને પરિપૂર્ણ કરી શકશો, ને મને શાશ્વત શાંતિ ધરશો.’

પરીક્ષિતના શબ્દો સાંભળીને સંતપુરૂષો એકમેક તરફ જોવા લાગ્યા. એમનામાંના કેટલાક થોડાક વખત પછી બોલ્યા પણ ખરા:

‘જીવનમુક્તિ અલૌકિક આનંદની ઉપલબ્ધિને માટે જ છે એમાં તો લેશમાત્ર શંકા નથી. તમે એની સિદ્ધિ સારુ જે સંકલ્પ કર્યો છે એ આવકારદાયક છે, એને માટે તમને અભિનંદન ઘટે છે.’

'પરંતુ કેવળ સંકલ્પ કરવાથી ને સઘળું છોડી દેવાથી કાંઈ જીવનમુક્તિ થોડી મળે છે?'

'મારો અભિપ્રાય પણ એ જ છે. તમારી ભાવના ઘણી સારી છે, પરંતુ તમારા જીવનનો સમય ખૂબ જ થોડો રહ્યો છે. એટલા થોડા સમયમાં જીવનમુક્તિની ને જીવનની ધન્યતાની પ્રાપ્તિ ના થઈ શકે.'

'એને સારુ તો સુદીર્ઘ સમય સુધી સંયમ સાધીને પરમશ્રદ્ધાભક્તિપૂર્વક તપ કરવું જોઈએ.'

'અમે તો અમારી આખી જીંદગી એવી તપશ્ચર્યામાં કાઢી નાખી તો પણ હજુ જીવનમુક્તિ દૂર ને દૂર લાગે છે.'

'જીવનની પૂરેપૂરી ધન્યતા પણ સૌ કોઈને હજુ ક્યાં મળી છે?'

'તમારું મૃત્યુ તો હવે સંનિકટ છે. થોડોક વહેલા જાગ્યા હોત તો કદાચ સફળમનોરથ બની શકત. હવે તો વેળા વીતી ગઈ.'

'તો પછી મારે માટે કોઈ માર્ગ જ નથી?' પરીક્ષિતે પૂછ્યું.

'માર્ગ કેમ નથી?' એક વયોવૃદ્ધ મુનિવરે ઉત્તર આપ્યો : 'તમારા જીવનનો જે સમય શેષ છે તે દરમિયાન પરમાત્માની પ્રાર્થનાનો આધાર લો, એના મંગલમય નામનું રટણ કરો, ને મનને જેટલું બને તેટલું પરમાત્મામાં જોડવા માટે કટિબદ્ધ બનો તો થોડીઘણી શાંતિ અવશ્ય મેળવી શકશો.'

'પરંતુ જીવનમુક્તિ? મારે તો જીવનમુક્તિ જોઈએ. એ જ પ્રયોજનથી પ્રેરાઈને હું અહીં આવી પહોંચ્યો છું.'

'છતાં પણ અમારામાંથી કોઈ તમને જીવનમુક્તિનો દેવદુર્લભ અલૌકિક આનંદ નથી આપી શકે તેમ. અમે સઘળા એની શોધમાં છીએ.'

'તો પછી મારી અભિલાષા પૂરી નહિ થાય?'

'એના વિશે ચોક્કસપણે કશું જ ના કહી શકાય. અત્યારના સંજોગોને જોતાં એ પૂરી થાય એવું નથી લાગતું. હા. કોઈ કૃતકૃત્ય પરમશક્તિશાળી જીવનમુક્ત મહાપુરૂષ મળી જાય તો કશું અસંભવ નથી. એમના અનોખા અનુગ્રહથી એ ગમે તે કરી શકે.'

'પરંતુ એવા મહાપુરૂષ મળે ત્યારેને?'

'એમને મેળવવાનો મુખ્ય ઉપાય એક જ છે - પરમાત્માની કૃપા.'

'પરમાત્માની કૃપા?'

'હા. અને એમનો પોતાનો અનુગ્રહ. એમનો અનુગ્રહ હોય તો એ સહેલાઈથી અને આપોઆપ મળી શકે.'

'પરંતુ એવો અનુગ્રહ થાય કોના પર, ક્યારે, ને કેવી રીતે?'

'એનું રહસ્ય તો એ જ જાણે છે. આપણને એની ખબર ના પડે. પરંતુ એમનો અનુગ્રહ થાય તો સ્વલ્પ સમયમાં જ જીવન કૃતાર્થ બની શકે.'

પરીક્ષિતની આંખમાં આંસુ આવી ગયાં. એણે ભગવાન કૃષ્ણનું સાચા સ્નેહપૂર્વક સ્મરણ કર્યું.

એના પ્રાણમાં પ્રાર્થનાની પરંપરા પેદા થઈ.

ઉત્તરા, ઈરાવતી અને જનમેજયના અંતર પણ આર્દ્ર બની ગયા.

એ જ વખતે ત્યાં ઉર્વશી આવી પહોંચી. પરીક્ષિતની પાસે પહોંચીને એ ભાવપૂર્વક બોલી:

'તમારા સંબંધી સઘળી માહિતી મેળવીને મેં તમને શાંતિ આપવા માટે મહાત્મા શ્રેષ્ઠ શુકદેવને પ્રાર્થના કરી છે. એ એક જ મહાપુરૂષ એવા છે જે તમને આવી પ્રતિકૂળ પરિસ્થિતમાં પણ શાશ્વત શાંતિ આપી શકે. એ પરમાત્મા સ્વરૂપ છે અને અન્ય જનો પર અનુગ્રહ કરવા સહજ રીતે જ વિચરણ કરે છે.'

ઉર્વશીને જોઈને બીજા બધા પણ વિચારમાં પડી ગયા.

'તું એકાએક અહીં ક્યાંથી આવી પહોંચી.' પરીક્ષિતે પૂછયું.

'કેમ? ના આવી પહોંચું? તમારા જીવનની આવી કટોકટીની ક્ષણે તમારી પાસે આવું પણ નહિ?' ઉર્વશીએ સામેથી પૂછ્યું ને જણાવ્યું; 'તમને બનતી બધી રીતે મદદરૂપ થવાનો મારો ધર્મ છે. તે માટે મેં તમને કહ્યું છે પણ ખરું. તમે કદાચ તેને ભૂલી ગયા હશો પરંતુ હું નથી ભૂલી.'

'હું પણ ભૂલ્યો તો નથી જ.'

'બસ ત્યારે. તમારા જીવનના આ અંતિમ દિવસોમાં તમને મદદરૂપ થવા માટે તમારી ભાવનાને સહાનુભૂતિપૂર્વક સમજી ને હું શુકદેવ પાસે જઈ પહોંચી.'

'તું એમને કેવી રીતે ઓળખે?'

'અમારા જેવી દૈવી શક્તિવાળી અપ્સરાઓથી આ અવનીમાં કશું જ અજ્ઞાત નથી. હું એમને લાંબા વખતથી ઓળખું છું અને એમના પ્રત્યે અનેરો આદરભાવ રાખું છું. કોઈવાર આવશ્યકતાનુસાર એમના દર્શનથી કૃતાર્થ પણ બનું છું. મેં એમને તમારા માટે પ્રેમપૂર્વક પ્રાર્થના કરી અને એ પ્રાર્થના એમણે માન્ય પણ રાખી. એને અનુસરીને એ થોડાક વખતમાં આવી પહોંચશે પણ ખરા.'

ઉત્તરાએ કહ્યું:

'એ કાર્ય તો તે ઘણું જ સારું કર્યું. તું આવું સુંદર કાર્ય કરશે તેની કલ્પના પણ ન હતી. તારા જીવનનું આવું બીજું પાસું તો આજે જ જોવા મળ્યું.'

ઉર્વશી બોલી:

'પ્રત્યેક વ્યક્તિના જીવનના એક નહિ પણ અનેક પાસાં હોય છે. તે બધા પાસાંને સંયુક્ત રીતે સમજીએ તો જ તેને સારી અને સાચી રીતે સમજી શકાય.'

'લાગે છે તો એવું જ. આપણે મોટે ભાગે એક જ ગમતા કે ના ગમતા પાસાંને જોઈને વ્યક્તિ વિશે અભિપ્રાય બાંધીએ કે આપીએ છીએ તેથી તેને પૂરતો ન્યાય નથી કરી શકતા.'

ત્યાં વિરાજેલા કેટલાક પ્રાતઃસ્મરણીય ૠષિવરોએ કહ્યું:

'નક્ષત્રમંડળમાં જેમ સૂર્ય એક જ છે તેમ પૃથ્વીપટ પરના સંતોમાં શુકદેવ છે. એમની પરમાત્મપ્રીતિ, શક્તિ તથા મેધા સર્વોત્તમ છે. એમના જેવી અસાધારણ અવસ્થાવાળા સંતપુરૂષ સમસ્ત સંસારમાં બીજા કોઈ જ નથી.'

'આપણા સમયના સર્વશ્રેષ્ઠ સત્પુરૂષ મહર્ષિ વ્યાસના નામને એમણે પોતાના જ્યોતિર્મય જીવનથી ઉજ્જવળ કર્યું છે ને વિશેષ ગૌરવ ધર્યું છે.'

'એવા મહાપુરૂષના દર્શનનો દેવદુર્લભ લાભ કાંઈ જેનેતેને નથી મળતો. મોટામોટા તપસ્વીઓ, જ્ઞાનીઓ અને ઉપાસકો પણ એમના સુખદ સમાગમની ઈચ્છા રાખે છે.'

'સાચું છે મને તો એમનો સ્વર્ગીય સમાગમ એક જ વાર સાંપડ્યો છે છતાં એણે મારા સમસ્ત જીવન પર ચિરસ્થાયી પ્રભાવ પાડ્યો છે. હું એ મહાપુરૂષને હજુ પણ નથી ભૂલ્યો.'

'એ જો ધારે તો અઠવાડિયામાં તો શું, આઠ ઘડીમાં કે આઠ પળમાં પણ જીવનમુક્તિ કે શાંતિ આપી શકે. એમનામાં સર્વકાંઈ કરવાની શક્તિ છે.'

ઉર્વશી બોલી:

'એટલા માટે જ હું એમની પાસે જઈ પહોંચેલી.'

'તું એમને ક્યાં મળેલી ?' પરીક્ષિતે પૂછયું.

'ગંગાના પ્રશાંત પવિત્ર તટપ્રદેશ પર. એમને પ્રથમથી જ બધી માહિતી મળી ગઈ હોય એમ એ આ જ દિશામાં આવી રહેલા. મહાત્માઓની ગહન ગતિને કોણ જાણી શકે છે? છતાં પણ મારી પ્રાર્થનાને લક્ષમાં લઈને એ અહીં આવશે ને તમારા પર અનુગ્રહની વર્ષા વરસાવશે ત્યારે કદાચ સૌથી વધારે આનંદ મને થશે. એમની અનુગ્રહવાણીનો આસ્વાદ લેવા માટે હું અહીં જ રહેવાની છું. તમારા જીવનની છેવટની ક્ષણ સુધી સ્વર્ગમાં નથી જવાની.'

પરીક્ષિત અમરાપુરીની એ અલૌકિક અપ્સરા તરફ કાંઈક કૃતજ્ઞભાવે જોઈ રહ્યો. એ એને ધાર્યા કરતાં ઘણી રહસ્યમય લાગવા માંડી.

એટલામાં તો ગંગાતટવર્તી એ પવિત્ર પ્રદેશમાં શુકદેવજીનું શુભાગમન થયું.

ઉર્વશીને એમને જોઈને લાગ્યું કે સૌન્દર્ય ને માધુર્યના સાક્ષાત દેવતા પધાર્યા. ઉત્તરાને અને ઈરાવતીને પવિત્રતા તથા પૂર્ણતાનું પ્રાકટ્ય થયું હોય એવો ભાસ થયો.

ઋષિપત્નીઓને સર્વોત્તમ સદ્દગુરૂની પ્રાપ્તિ થઈ હોય એવો અનેરો સંતોષ થવા લાગ્યો.

જ્ઞાનીઓએ પરબ્રહ્મ પરમાત્માને પ્રકટ થતા પેખ્યા, ભક્તોએ અથવા ઉપાસકોએ ઉપાસ્ય દેવના દર્શનથી કૃતાર્થતાની પ્રાપ્તિ કરી, અને યોગીઓએ પરમતત્વને મૂર્તિમંત થયેલું નિહાળ્યું.

સાધકોને સિદ્ધનું દર્શન થયું ને સિદ્ધપુરૂષોને પરમ સિધ્ધેશ્વરનું.

પરીક્ષિતને પોતાનું સુદુર્લભ સર્વોત્તમ સૌભાગ્ય સામેથી આવે છે એવી પ્રતીતિ થઈ. એને આપોઆપ થયું કે અંધકારમાંથી પ્રકાશમાં, અસત્યમાંથી સત્યમાં ને મૃત્યુમાંથી અમૃતમાં લઈ જનારી અસાધારણ શક્તિ કે ચેતનાનો અવનીતલ પર આવિર્ભાવ થયો. એમના રૂપમાં પોતાનું જીવનમંગલ પાસે આવી પહોંચ્યું એ સંબંધમાં એને કશો સંદેહ ના રહ્યો.

એ મહાપ્રતાપી મહાપુરૂષને નિહાળી ઋષિમુનિઓએ એમનું સ્વાગત કર્યું. પોતપોતાનાં આસન પરથી એ આદરપૂર્વક ઊભા થયા, ને બોલ્યા:

'મહાત્માશ્રેષ્ઠ સંતશિરોમણિ શુકદેવજીની જય!'

ગંગાતટવર્તી વાતાવરણ એ અભૂતપૂર્વ નિનાદથી ગૂંજી ઊઠયું.

મુનિઓની મંડળીથી સુશોભિત શુકદેવ સૌની પાસે આવી પહોંચ્યા એટલે એમને ઉત્તમ અને ઉચ્ચ આસન આપવામાં આવ્યું.

શુકદેવ એ આસન પર વિરાજમાન થયા એટલે પરીક્ષિતે સૌની સાથે એમને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

શુકદેવનું સ્વરૂપ અખંડ આનંદદાયક અને અલૌકિક હતું. એમના ધૂલિધૂસર તેજોમય ગૌર શરીર પર કેવળ કૌપીન દેખાતું. શિર પર સુંદર જટા, મધુમય મુખાકૃતિ ને દીપશિખાની સ્મૃતિ કરાવતાં નેહથી ભરેલાં, નિર્મળ, વીતરાગ, પરમપ્રકાશમય નેત્રો. અંગેઅંગમાં એક પ્રકારની અદૃષ્ટપૂર્વ ઊંડી શાશ્વત શાંતિ.

એમને પ્રણામ કરીને ઉર્વશીએ જણાવ્યું:

'મારી પ્રાર્થનાને માન્ય રાખીને તમે અહીં પધાર્યા એથી મને આનંદ થાય છે. હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને તમારી ઋણી છું. તમે અમારા સૌના પર મહાન કૃપા કરી છે. પરીક્ષિત તમારી પ્રતીક્ષા જ કરી રહ્યા છે. તમારા દર્શનથી એમને નવજીવનની પ્રાપ્તિ થઈ છે.'

પરીક્ષિતે કહ્યું:

'ઉર્વશીની વાત બરાબર છે. આપના જેવા મહાસમર્થ સદ્દગુરૂનો સમાગમ જેનેતેને નથી થતો. જે તે આપને ઓળખી પણ નથી શકતા. હું આપના અલૌકિક અનુગ્રહને માટે આતુર બનીને બેઠો છું. એ અનુગ્રહ વરસાવવામાં વિલંબ નહિ કરો એવી આશા રાખું છું. મને લૌકિક વિષયોની લેશ પણ લાલસા નથી. રુચિ પણ નથી. મારું મૃત્યુ છેક જ સમીપ છે. એ પહેલાં મારી ઈચ્છા જીવનમુક્તિના પવિત્રતમ પદની પ્રાપ્તિ કરી લેવાની છે. એને માટેના ઉપાયની પ્રાર્થના કરું છું.'

ઋષિઓએ પરીક્ષિતની પ્રાર્થનામાં સૂર પુરાવ્યો એટલે શુકદેવે જણાવ્યું:

'તમારા મનોરથની માહિતી મેળવીને જ હું અહીં આવી પહોંચ્યો છું. મારો સમાગમ નિરર્થક નથી જતો. મૃત્યુ સમીપ હોય તો પણ શું? જીવનમુક્તિની પ્રાપ્તિ ઈચ્છાનુસાર નિમિષમાત્રમાં જ થઈ શકે છે.'

'નિમિષમાત્રમાં?' પરીક્ષિતને પરમ આશ્ચર્ય થયું.

'હા. નિમિષમાત્રમાં. અને જો પૂરતી તૈયારી ન હોય તો એને માટે જન્મોજન્મ પણ વીતી જાય છે. એનો આધાર સાધકની પોતાની ભૂમિકા અથવા તૈયારી પર રહેતો હોય છે. સાચું કહું તો જીવનમુક્તિ કોઈ મેળવવાની વસ્તુ નથી, અનુભવવાની વસ્તુ છે.'

'એટલે? એનો ભાવાર્થ મને ના સમજાયો.'

'ધીમેધીમે સમજાશે. આત્મા નિત્યબુદ્ધ, નિત્યશુદ્ધ ને નિત્યમુક્ત છે. એ કદી બદ્ધ હતો નહી અને છે પણ નહીં. એના નિત્યમુક્ત સ્વરૂપનો કેવળ સ્વાનુભવ જ કરવાનો છે. એને જ જીવનમુક્ત અવસ્થાની પ્રાપ્તિના નામથી ઓળખવામાં આવે છે. એ અવસ્થાની પ્રાપ્તિ અથવા અનુભૂતિ થતાં કોઈપણ પ્રકારનો ભય, મોહ કે શોક નથી રહેતો. ભેદભાવ પણ નથી રહેતો.'

'પરંતુ એની પ્રાપ્તિ અથવા અનુભૂતિ થાય કેવી રીતે?'

'એને માટેનો ઉપાય એક જ છે. શુદ્ધતર આત્મજ્ઞાનની પ્રાપ્તિનો. એ આત્મજ્ઞાન સૂર્યસદૃશ શક્તિશાળી હોવાથી એની પ્રાપ્તિ થતાં અવિદ્યાજન્ય અંધકારનો અંત આવે છે. એવા પવિત્રતમ આત્મજ્ઞાનની પ્રાપ્તિ

પરમાત્માની પરમકૃપાથી સહેલાઈથી થઈ શકે છે. એ કૃપાને મેળવવા માટેનો અકસીર અને અમોઘ ઉપાય એક જ છે.'

'કયો ઉપાય?'

'પરાત્પર પરમાત્માના સુંદર ગુણસંકીર્તન અથવા સ્મરણનો. એને લીધે પરમાત્મા પ્રત્યે પ્રેમ પ્રકટે છે. એ પ્રેમની પ્રબળતા થતાં પરમાત્માની શરણાગતિનો ભાવ જન્મે છે, અને એના પરિણામે પરમાત્માના અલૌકિક અનુગ્રહની અનુભૂતિ સહજ બને છે. પરમાત્માના એ સુંદર ગુણસંકીર્તનનું શ્રવણ કોઈક સંત પાસેથી કરવામાં આવે તો વિશેષ અસરકારક કે લાભદાયક થઈ પડે છે.'

પરીક્ષિતે પ્રસન્નતાપૂર્વક જણાવ્યું :

'પરમાત્માની પરમકૃપાથી જ તમે મને મળ્યા છો. હું સાધક છું ને તમે સિદ્ધ છો. આપણા બંનેના સમાગમનો આવો સોનેરી સુયોગ બીજે ક્યાં મળવાનો હતો ? તમે જ મારા પર અનુગ્રહ કરો એવી મારી પ્રાર્થના છે.'

ઉર્વશીએ જણાવ્યું:

'અમારા સૌની પ્રાર્થના છે કે તમે એમની ઉપર અને અમારા સૌના પર અનુગ્રહ કરો.'

શુકદેવે પરીક્ષિત તરફ દૃષ્ટિપાત કરીને કહ્યું:

'મારા પ્રાતઃસ્મરણીય પૂજ્યપિતા મહર્ષિ વ્યાસે મને પરમાત્માના ગુણસંકીર્તનથી ભરપૂર શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરાવ્યું છે. એને લીધે મને ખૂબ જ લાભ પહોંચ્યો છે. તે પ્રમાણે તમને પોતાને ને બીજા બધાને પણ પહોંચશે એવું માનું છું.'

પરીક્ષિતે શાંતિથી પૂછયું:

'ભાગવતના શ્રવણમાત્રથી જ મારું કાર્ય સિદ્ધ થશે?'

'હા. શ્રવણ જેમ જેમ વધતું જશે તેમ તેમ તમારા અંતઃકરણમાં પરમાત્માના પ્રેમનો પ્રાદુર્ભાવ થશે ને તમારી પરમાત્મનિષ્ઠા વૃદ્ધિ પામશે ને એને લીધે સઘળું કાર્ય સિદ્ધ થશે. તમને કદાચ ખબર નહીં હોય પરંતુ તક્ષકનો ભય સૌને છે.'

'સૌને છે?'

'હા.'

'પરંતુ શાપ તો મને જ મળ્યો છે.'

'એ બરાબર છે પરંતુ એ પણ સાચું છે કે સંસારમાં સર્વકોઈ શાપિત છે. સૌ નાશવંત છે. કાળરૂપી તક્ષક સૌને કરડવાનો છે. સૌ કોઈને એની અસર નીચે આવવાનું છે. તમે શાપને જાણીને જાગ્રત થયા છો ને બીજા કેટલાંક જાગ્રત નથી બન્યા કે જાગ્રત નથી બનતા એટલો જ તફાવત છે. મારા કથનને સારી પેઠે સમજી શક્યા?'

'સમજી શક્યો.'

'બસ ત્યારે. તમારું એટલું સદ્દભાગ્ય કહેવાય.'

'મારું સાચું સૌભાગ્ય તો તમે જ છો. તમે મળ્યા એટલે એ સૌભાગ્ય પણ આવી મળ્યું. તમારા અદ્દભુત અનુગ્રહથી મારું એ સૌભાગ્ય ઉત્તરોત્તર વધતું જશે. મારો એવો વિશ્વાસ છે.'

શુકદેવ શાંત રહ્યા. પરીક્ષિતની નમ્રાતિનમ્ર પવિત્ર પ્રેમવાણીથી એ ખૂબ જ પ્રભાવિત થયાં. બીજા બધાને પણ એ વાણી અસર કર્યા વિના ના રહી શકી.

* * * * *

## ૨૪. પરીક્ષિતનું પ્રયાણ

શાસ્ત્રો કહે છે કે સર્વોત્તમ પ્રકારના સ્વાનુભવસંપન્ન સદ્દગુરૂનો ને પરમજિજ્ઞાસુ સુયોગ્યતાસંપન્ન શિષ્યનો સમાગમ થાય તો સંસિદ્ધિના સુમેરુ શિખરને સર કરતાં વાર નથી લાગતી. ત્યાં પૂર્ણતા તથા મુક્તિના મંગલમય મહાતીર્થનું નિર્માણ થાય છે, પ્રશાંતિ પ્રસરે છે, અને જીવનની ધન્યતાની વીણા પરિપૂર્ણપણે સુસંવાદી સ્વરોની સૃષ્ટિ કરતી વાગી ઊઠે છે. ભેદભાવોની નિવૃત્તિ થાય છે અને અવિદ્યાજન્ય અન્ય દોષોનું શમન સહજ બની જાય છે. એનો મહિમા જ એવો અદ્દભુત છે.

કરુણા તથા પ્રેમની પ્રતિમા સરખા શુકદેવે પિપાસુ પરીક્ષિતના પ્રાણ પર પરમાત્માના પવિત્રતમ પ્રેમપીયૂષને પ્રવાહિત કર્યું એથી પરીક્ષિતને સંજીવનીની પ્રાપ્તિ થઈ.

એનું સમસ્ત જીવન ધન્ય બન્યું. શરીરધારણ સફળ થયું.

પરમાત્માના ચારુ ચરણોમાં મનને લીન કરી ચૂકેલા પરમ ભાગવતોની ને પરમાત્માના અવતારોની કથાઓના શ્રવણથી એના આનંદનો અંત ના રહ્યો. એની કાયાપલટ થઈ ગઈ. એની વિષયવતી વૃત્તિ ધીરેધીરે બ્રહ્મમય બની રહી.

એ બધી ક્ષણો એના જીવનમાં અમર બની. ગંગાતટ પરના વિશાળ વૃક્ષની નીચે વિરાજમાન શુકદેવના શ્રીમુખમાંથી નીકળતા શબ્દો એને માટે સુધાસમાન થઈ પડ્યાં. એ જ ક્ષણો સાચી, સુખદ અને શુભાશીર્વાદરૂપ હતી એવી એને પ્રતીતિ થઈ.

પરમાત્માનું ગુણસંકીર્તન કરતાં કરતાં એ એટલા બધા ભાવવિભોર બની જતાં કે કેટલીકવાર મંત્રમુગ્ધ બનીને કાંઈપણ બોલ્યા વગર બેસી રહેતા. એમની અનુરાગથી અંજાયલી આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગતી. એમનો કંઠ વચ્ચેવચ્ચે ગદ્દગદ બની જતો અને એમને રોમાંચ થઈ આવતાં. પરમાત્માના પ્રેમથી પરિપ્લાવિત બનેલો એમનો પ્રાણ અનેકવિધ સ્પંદનોનો અનુભવ કરતો ને ઝંકૃત બનતો.

ત્યાં એકઠા થયેલા ઋષિમુનિઓ, ભક્તો, સાધકો ને બીજા બધા જ સત્પુરૂષો એ કથાશ્રવણથી પરિતોષ પામ્યા. એમણે શુકદેવની મુક્ત કંઠે પ્રશંસા કરી.

ઉર્વશી, ઉત્તરા તથા ઈરાવતીને પણ કથાના પીયુષપાનથી પુષ્કળ લાભ થયો. એમને નવી દૃષ્ટિ મળી.

ભાગવતની કથાની પૂર્ણાહુતિ કરતી વખતે શાંતિના મૂર્તિમંત સ્વરૂપસરખા શુકદેવે પરીક્ષિતને પૂછયું:

‘પરીક્ષિત! આ અલૌકિક કથાના શ્રવણથી તમને આત્મિક શાંતિની પ્રાપ્તિ થઈ ? તમને તમારી અપેક્ષા પ્રમાણેનો જીવનમુક્તિનો આનંદ મળ્યો કે ના મળ્યો? તમને સંપૂર્ણ સંતોષ થયો કે ના થયો? હવે તમને તક્ષકનો ભય સતાવે છે?’

‘ના.’ પરીક્ષિતે પ્રત્યુત્તર આપતાં કહેવા માંડ્યું: ‘મને તક્ષકનો લેશ પણ ભય નથી લાગતો.’

‘ખરેખર નથી લાગતો?’

‘હા. કારણ કે આપનો અલૌકિક અનુગ્રહથી હું સારી પેઠે સમજી શક્યો છું કે મને કોઈ જ નથી કરડી શકતું. તક્ષક પણ નહિ. મને કાળ પણ સ્પર્શ કરી શકે તેમ નથી. એટલે કાળનો ભય પણ મને નથી સતાવતો. હું તો અવિનાશી આત્મા છું. હવે મારો મોહ મટી ગયો છે. મને સંપૂર્ણ સંતોષ મળ્યો છે ને જીવનમુક્તિના અલૌકિક

અક્ષય આનંદની અનુભૂતિ થઈ ગઈ છે. કથાશ્રવણથી મારું જીવન મને ધન્ય લાગે છે. હવે તક્ષક મારી પાસે આવશે તો પણ મને કોઈપણ પ્રકારનું દુઃખ નહિ થાય.'

'જરાપણ દુઃખ નહિ થાય?'

'ના.'

'અને તક્ષક તમારા શરીરને કરડશે તો? તો દુઃખ થશે કે નહિ?'

'તો પણ નહિ થાય. મેં જાણી લીધું છે કે હું દુઃખ અને સુખ બંનેથી અને એવા બીજા દ્વંદ્વોથી કાયમને માટે મુક્ત છું.'

'બસ ત્યારે. મારું કથાનું સુંદર કર્મ સફળ થયું. મને સંપૂર્ણ સંતોષ થયો. કથા જે પરમ પ્રયોજનથી પ્રેરાઈને કહેવાયલી એ પ્રયોજનની પૂર્તિ થઈ.'

પરીક્ષિતનું અંતર ગદ્દગદ બની ગયું. એની આંખ અશ્રુબિંદુથી છલકાઈ ગઈ. એણે કહ્યું;

'આપે મારા પર કૃપા કરી.'

'કોઈ કોઈના પર કૃપા નથી કરતું, પરીક્ષિત!' શુકદેવ બોલ્યા.

'કૃપા કરે છે તો કેવળ પરમાત્મા જ કરે છે. એ પરમકૃપાળુ છે એટલે એ કૃપાનો સ્વાદ ચખાડવા માટે સંતસમાગમના સુખને પૂરું પાડે છે ને શરણાગત ભક્તના સંતૃપ્ત અંતરને શાંતિ આપે છે. મેં તો એમની દૈવી યોજનાથી પ્રેરાઈને કેવળ કર્તવ્યનું પાલન જ કરી બતાવ્યું છે. એમના ગુણાનુવાદને ગાવા અને એમની ભક્તિસુધાનો વધારે ને વધારે વિસ્તાર કરવો એ તો મારો સહજ સ્વભાવ અથવા ધર્મ છે.'

'ગમે તેમ પણ મારે માટે તો એ ધર્મ ખૂબ જ કલ્યાણકારક થઈ પડ્યો છે. એના પ્રભાવથી મારી સર્વ પ્રકારની ભ્રમણા દૂર થઈ છે. મને નવી ચેતના મળી છે.

શુકદેવે સહજ શાંતિ રાખીને જણાવ્યું:

'ભગવાન કૃષ્ણની જે વિરાટ શક્તિએ માતા ઉત્તરાના ઉદરમાં તમારું રક્ષણ કરેલું તે જ વિરાટ શક્તિએ તમારા અંતકાળને જ નહિ પરંતુ સમસ્ત જીવનને ઉજ્જવળ કરવા કે શ્રેયસ્કર બનાવવા આપણો સુખદ સમાગમ કરાવ્યો. એ શક્તિ સર્જનની શરૂઆતથી એકસરખી સફળતાપૂર્વક કાર્ય કરી રહી છે. આભાર માનવો હોય તો એનો માનો અને એની અંદર આત્માનું અનુસંધાન સાધીને શેષ સમયને શાંતિપૂર્વક પસાર કરો. એ શક્તિને ઓળખીને એની સાથે આત્માનું અનુસંધાન કરનાર જ સુખી થાય છે અને એને ભૂલનારને દુઃખ, ક્લેશ, ભય, બંધન અથવા અશાંતિનો અનુભવ કરવો પડે છે.'

શુકદેવ ઊભા થઈને ચાલવા માંડ્યા એટલે પરીક્ષિતે એમના પવિત્ર પદમાં પ્રણામ કરીને કહ્યું:

'મને આશીર્વાદ આપો કે મારું મન પ્રત્યેક પળે પરમાત્મામાં જ લાગેલું રહે.'

'મારો આશીર્વાદ છે જ, અને રહેશે. મુખ્ય વાત તો એ છે કે પરમાત્માએ તમને આશીર્વાદ આપેલો છે.'

'મારે માટે તો તમે પરમાત્માતુલ્ય જ છો. તમે મારા જીવનમાં અણીને વખતે આવીને મારી રક્ષા કરી.'

ઉત્તરા, ઈરાવતી તથા ઉર્વશીએ પણ એ મહાપુરૂષને પ્રણામ કરીને ઉચિત અંજલિ આપી.

ઉર્વશી બોલી:

'તમે વરસાવેલી અનુગ્રહવર્ષા માટે તમારી આભારી છું. તમારા મહિમાનું વર્ણન કયા શબ્દોમાં કરવું તે નથી સમજાતું. તમે અમારી ઉપર જ નહિ, સમસ્ત સંસાર પર મોટો ઉપકાર કર્યો છે. સંસાર એ અનોખા ઉપકારમાંથી કદાપિ નહિ છૂટી શકે. મારી દિવ્ય શક્તિ તથા દૃષ્ટિથી દેખી રહી છું કે તમારા શ્રીમુખમાંથી નીકળેલી કથારૂપી સરિતા સનાતન બનશે અને અનંતકાળ સુધી અનેકને પ્રેરણા, પ્રકાશ તેમજ શાંતિ ધરશે.'

ઋષિમુનિઓએ શુકદેવની સમુચિત પ્રશસ્તિ અને પૂજા કરી.

એ સમયની શોભા અત્યંત અલૌકિક બની રહી.

વીતરાગ પરમાત્મનિષ્ઠ શુકદેવ પોતાની પૂજા કે પ્રશસ્તિથી પણ સહેજ પણ વિચલિત ના થયા ને શાંત જ રહ્યા.

એવી જ ઊંડી શાશ્વત શાંતિ સાથે એ ચાલી નીકળ્યા.

એ પછી પરીક્ષિતે સર્વે ઋષિઓને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા અને સૌની અનુજ્ઞા લીધી.

ઉત્તરા, ઈરાવતી, ઉર્વશી અને જનમેજયને જરૂરી સુચનાઓ આપીને છેવટે એમણે આસન તૈયાર કર્યું ને શુકદેવના સૂચવ્યા પ્રમાણે પોતાના પ્રાણને પરમાત્મામાં પરોવી દીધો.

એનો અંતકાળ પાસે આવી પહોંચ્યો.

શ્રૃંગીના શાપની સમયમર્યાદા પૂરી થવાની તૈયારી હતી. એ જ વખતે એને આશીર્વાદ આપવા માટે આવેલા એક તપસ્વી પુરૂષે એને ફૂલ અર્પણ કર્યું.

ઈચ્છાનુસાર રૂપ ધારણ કરવાની શક્તિવાળો તક્ષક કીડાનું રૂપ ધારણ કરીને એ ફૂલમાં બેસી ગયો, અને શાપની સમય મર્યાદા પૂરી થતાં પરીક્ષિતને કરડીને કોઈને ખબર પણ ના પડે તેમ વાયુવેગે ચાલી નીકળ્યો.

પરીક્ષિતનું શરીર એ જ વખતે નિશ્ચેત બની ગયું. એના જીવન પર પડદો પડી ગયો.

શ્રૃંગીનો શાપ એવી રીતે સાચો ઠર્યો.

પરીક્ષિતનું એવી રીતે મૃત્યું થયેલું જોઈને જનમેજયના ક્રોધનો પાર ના રહ્યો. એણે એ ક્રોધને વ્યક્ત કરતાં કહ્યું પણ ખરું:

'મારા પિતાનું આવી વિઘાતક રીતે મૃત્યુ નીપજાવનારા તક્ષકનો નાશ જ કરી નાખવો જોઈએ. એને માટે એનાથી ઓછો ભયંકર દંડ ના હોઈ શકે.'

'તક્ષક તો કેવળ નિમિત્ત બન્યો છે.' એક ઋષિએ જણાવ્યું:

'એને માટે એને દોષ દેવાનું કામ બરાબર નથી. શ્રૃંગીએ આપેલા શાપને એણે અનુસરવાનું જ હતું.'

'શ્રૃંગી તો મુનિકુમાર છે. એ મુનિકુમાર ના હોત તો મેં એને પણ દંડ દેવાનો વિચાર કર્યો હોત.'

'હવે દંડ દેવાના વિચારને જ કાઢી નાખો. કોઈને પણ દંડ દેવાથી શું વળવાનું છે? જે થવાનું હતું તે થઈ ગયું. મૃત્યુ સૌને માટે અવશ્યંભાવિ છે. એ ટાળ્યું નથી ટળે તેમ. જુદાજુદા જીવોના કર્મસંસ્કારોને અનુસરીને એને માટે કોઈ ને કોઈ સારું અથવા ખરાબ, નાનું અથવા મોટું નિમિત્ત બને છે એટલું જ. એ દૃષ્ટિએ જોતાં કોઈને પણ કોઈના મૃત્યુ માટે દોષ દેવો કે દંડ કરવાનો વિચાર કરવો બરાબર નથી.'

જનમેજયને એ દલીલ ખાસ પ્રતીતિકર ના લાગી તો પણ વધારે વિવાદમાં ઉતરવાનું ઉચિત ના લાગવાથી એ કામચલાઉ સમયને માટે શાંત રહ્યો.

ઉત્તરા અને ઈરાવતીની પીડાનો પાર ના રહ્યો. એમના અંતર પરીક્ષિત પ્રત્યેના અપાર અનુરાગને લીધે આક્રંદ કરવા લાગ્યાં.

વીતરાગ પરમાત્મપ્રેમી ઋષિવરોએ એમને આશ્વાસન આપ્યું. એથી એમના શોકનો ભાર થોડોક હળવો થયો.

પ્રજાજનો પરીક્ષિતના સ્વર્ગવાસના સમાચાર સાંભળીને શોકિત બની ગયા. એમને પોતાના પાલક પિતાનો જ સ્વર્ગવાસ થયો હોય એવી લાગણી થઈ આવી.

સૌએ એના અંતરાત્માની શાંતિ ઈચ્છી.

એની આકાંક્ષા પ્રમાણે એ પછી એના મૃત શરીરને ચંદનની ચિતા પર મૂકવામાં આવ્યું અને ચિતાને અગ્નિ લગાડ્યો.

અગ્નિની જ્વાળાઓ ભડભડાટ કરતી, એ મૃત શરીરને એક ક્ષણમાં જ સ્વાહા કરવા માગતી હોય તેમ, અત્યંત અધીરી બનીને સળગવા માંડી.

જોતજોતામાં તો એમણે એ આખાય શરીરને ભસ્મિભૂત કરી દીધું.

એ અદૃષ્ટપૂર્વ દૃષ્યને દેખીને ઈરાવતી અચેત બની ગઈ. ઉત્તરાની અવસ્થા પણ અતિશય કરુણ થઈ ગઈ.

ઋષિમુનિઓએ બંનેને બનતી શાંતિ આપવાનો પ્રયાસ કર્યો.

ઈરાવતીએ શોકસભર સ્વરે કહ્યું:

'તમારી સૌની સંમતિ સાથે હું ચિતામાં પ્રવેશવા અને શાંત થવા માગું છું.'

'અમે એની અનુમતિ નહિ આપી શકીએ.' ઋષિમુનિઓએ કહ્યું: 'પરીક્ષિતને તો એ પંથે પ્રયાણ કરવાનું હતું, એટલે એમણે પ્રયાણ કર્યું. તમારે એમનું અનુસરણ કરવાની આવશ્યકતા નથી. શાંતિ સ્થૂળ ચિતામાં પ્રવેશીને શાંત થવાથી નથી મળતી. પરંતુ પરમાત્માના પ્રેમાનુગ્રહથી પરમાત્મામાં પ્રતિષ્ઠિત થવાથી મળી શકે છે. પરમભાગવત શુકદેવના શ્રીમુખથી જે કાંઈ સાંભળવામાં આવ્યું એનો સાર એ જ છે.'

'એ તો જાણું છું, તો પણ મને એવો વિચાર આવે છે.'

'એ વિચાર આદર્શ અથવા અનુકરણીય નથી લાગતો. માટે એનો પરિત્યાગ કરી દેવો જોઈએ.'

ઉત્તરાએ ઈરાવતીને સાંત્વન આપવાનો પ્રયાસ કરતાં કહ્યું:

'મને પોતાને પણ પરીક્ષિત પ્રત્યેના પ્રેમને લીધે એવો વિચાર આવી જાય છે, પરંતુ શુકદેવનાં વચનોને યાદ કરીને એ વિચારનું અનુકરણ કરવાનું મન નથી થતું. એમના સદ્દુપદેશે મને અસાધારણ શાંતિ પ્રદાન કરી છે, પ્રેરણા પૂરી પાડી છે, ને પ્રકાશ આપ્યો છે. તારે પણ પરીક્ષિતનું અનુસરણ કરવાની આવશ્યકતા નથી.'

'હું તને એવી રીતે અગ્નિમાં નહિ પડવા દઉં. પિતાજીનું જે થયું તે થયું. એની આગળ મારો કોઈ ઉપાય ન હતો. પરંતુ હું માતાથી વંચિત નથી થવા માગતો. તારા જવાથી કાંઈ પિતાજીને મદદ નથી મળવાની. ઉલટું મને પારાવાર નુકશાન થશે તે જુદું. મારી તો બંને પાંખ કપાઈ જશે.' જનમેજયે જણાવ્યું.

ઈરાવતીને પોતાને પણ યાદ આવ્યું કે પરીક્ષિતની ઈચ્છા પોતે એમની પાછળ પ્રાણનો પરિત્યાગ કરી દે એવી ન હતી. થોડા જ દિવસો પહેલાંનો એક પ્રસંગ એની આંખ આગળ આવીને ઊભો રહ્યો. એ દરમિયાન એક સાંજે એણે પરીક્ષિતને પૂછેલું:

'હું તમારી પાછળ સતી થઉં એ તમને ગમે કે ના ગમે?'

'એ વિશે આપણે એક વાર પહેલાં વાત થઈ ગઈ છે. તું કદાચ ભૂલી ગઈ હશે, પણ હું નથી ભૂલ્યો.'

'હું પણ નથી ભૂલી.'

'તો પછી? એની એ વાત ફરી વાર કેમ પૂછે છે? તને તે વખતના વિચારોથી સંતોષ નથી થયો?'

'થયો છે છતાં પણ પૂછું છું, તમારો વિચાર બદલાયો હોય તો તેને જાણવા માટે.'

'મારો વિચાર નથી બદલાયો ને કદી પણ નહિ બદલાય. મારું તો શ્રૃંગીના શાપને અનુલક્ષીને જે થવાનું હશે તે થશે પણ તું મારી પાછળ સતી થશે તો તે મને જરાપણ નહિ ગમે. પ્રેમની પરીક્ષા કેટલાક માને છે તેમ મરવામાં નહિ, જીવવામાં સમાયલી છે. મારો તને સ્પષ્ટ આદેશ છે કે મારી પાછળ સતી ના થતી. તારે તારે માટે, તારા જીવનના કલ્યાણને માટે, માતા ઉત્તરાને માટે તથા જનમેજયને માટે જીવવાનું છે.'

'હું મરીને તમારી પાછળ આવીશ તો?'

'તો મને શાંતિ નહિ મળે. હું જાણીશ કે તેં કર્તવ્ય પૂરું નથી કર્યું.'

પરીક્ષિતે થોડીક વાર શાંતિ રાખીને કહ્યું:

'તારો સંકલ્પ જો મારી પાછળ શરીર છોડીને આવવાનો જ હોય તો તે સહેજ પણ સંકોચ વગર કહી દેજે.'

ઈરાવતી બોલી:

'મારો સંકલ્પ એવો નથી. ને કેવી રીતે હોઈ શકે? હું તમારી ઈચ્છાનો અનાદર કદાપિ ના કરું. એવા અનાદરને હું સુખદ નથી સમજતી.'

'બસ ત્યારે. હવે મને સંતોષ થયો.'

એને થયું કે પરીક્ષિતના પ્રેમને અંજલિ આપવા માટે પણ પોતે એની પાછળ પ્રયાણ કરવાની આવશ્યકતા નથી. એના કરતાં તો એના સ્મરણમાં જીવન જીવવું જ બરાબર છે.

સતી થવાનો વિચાર એણે કાયમને માટે માંડી વાળ્યો.

પરીક્ષિતનું પ્રયાણ ઉર્વશીને માટે પણ શોકકારક થઈ પડ્યું. એના જીવનમાં એણે પ્રથમવાર જ એ પ્રકારની સંવેદનાનો અનુભવ કર્યો એવું કહીએ તો ચાલે. એને પોતાના જીવનમાંથી કશું ખોવાયું કે જતું રહ્યું હોય એવું લાગ્યું.

પરીક્ષિતના પાર્થિવ શરીરને ચિતામાં ભસ્મિભૂત થયેલું જોઈને એની આંખમાંથી અશ્રુનો વરસાદ વરસવા લાગ્યો. એની લાગણી અતિરેક પર પહોંચી ગઈ.

ઈરાવતીએ એને જોઈને કહ્યું:

'અરે, અમારી જેમ તું પણ અશ્રુ સારવા લાગી? તને લાગણી થઈ આવી?'

'મને અશ્રુ ના આવે ને લાગણી ના થાય?' ઉર્વશીએ પૂછ્યું.

'તું તો અમરાપુરીની અપ્સરા છે.'

'અપ્સરા હોઉં એથી શું થયું? અપ્સરાઓને શું હૃદય નથી હોતાં?'

'સાંભળ્યું છે તો એવું જ.'

'એવું સાંભળ્યું હોય તો તે બરાબર નથી. અમારે પણ હૃદય હોય છે અને એ હૃદયની શુભાશુભ પ્રતિક્રિયા પણ અમારા પર પડતી હોય છે. અમે એથી સર્વથા મુક્ત નથી હોતી.'

'લોકો તો એવું જ ધારે છે.'

'એ ધારણા બરાબર નથી.'

ઉર્વશી એકાદ ક્ષણ શાંત રહીને બોલી:

'આ સંસારમાં જે જન્મે છે તે જાય એવી પરંપરાગત પ્રથા છે, એમાં અસાધારણ કહેવાય એવું કશું નથી. છતાં પણ એક વાત સાચી ને સંપૂર્ણપણે સાચી છે કે પરીક્ષિત જેવા પવિત્ર પુરૂષો અવારનવાર અને અનેકની સંખ્યામાં નથી થતાં. એમનો જન્મ અલૌકિક હોય છે, એમનું જીવન અસાધારણ અને મરણ પણ અનોખું. પોતાના અદ્દભુત જન્મ અને કર્મથી એ પૃથ્વી પર પોતાની અમીટ છાપ મૂકતાં જાય છે ને કલ્યાણકારક થાય છે. પરીક્ષિતનું પાર્થિવ શરીર શાંત થયું છે તો પણ એમના જીવનનો સનાતન સંદેશ શાંત નહિ થઈ શકે. એ આપણને અંતઃપ્રેરણાની અખૂટ સામગ્રી પૂરી પાડશે, ને આપણા જીવનમાં જ્યોતિ ભરશે. બહારથી જોતાં એ શાંત થયા છે તો પણ આપણા અંતરમાં એ કદાપિ શાંત નહિ થઈ શકે. ત્યાં તો નિત્યનિરંતર જાગ્રત જ રહેશે.'

ઉર્વશીના શબ્દોએ સૌના અંતરને વિશેષ સંવેદનથી ભરી દીધાં. વાતાવરણ વધારે વેદનામય અને વેધક બની ગયું.

વીતરાગ ઋષિમુનિઓના દિલ પણ દ્રવી ઊઠ્યાં. સૌના મન ઉર્વશીના શબ્દો સાથે સંમત થયાં.

ઉત્તરા, ઈરાવતી, જનમેજય ને બીજા બધાં હસ્તિનાપુર તરફ ચાલી નીકળ્યા ત્યારે ઉર્વશી સ્વસ્થાને જવા તૈયાર થઈ.

એને ઉદ્દેશીને ઈરાવતી તથા ઉત્તરાએ કહ્યું:

'કોઈકવાર અમને યાદ કરીને હસ્તિનાપુરમાં આવજે. તને મળીને અમને આનંદ થશે.'

'જોઈશ.' ઉર્વશી બોલી.

'જોઈશ કેમ?'

'મને આવવાનું ગમશે તો અવશ્ય આવીશ.'

'આવવાનું ગમે કે ના ગમે તો પણ અમારે માટે તો આવજે જ.'

'સારું.' ઉર્વશી વધારે ના બોલી શકી. એણે ભારે હૈયે સ્વર્ગની દિશામાં પ્રયાણ કર્યું

* * * * *

## ૨૫. પરિવર્તન

અમરાપુરીમાં પહોંચીને ઉર્વશી સૌથી પહેલાં એના આકર્ષક આહ્લાદક આવાસમાં ગઈ, પરંતુ એ આખોય આવાસ એને સ્મશાન સરખો લાગ્યો. એની અંદર એને કોઈ પ્રકારની આકર્ષકતા કે આહ્લાદકતા ના લાગી. એની આખીય દૃષ્ટિ અને વૃત્તિ બદલાઈ ગઈ હોય તેમ એને ત્યાંનું સમગ્ર વાતાવરણ તદ્દન જુદું જ દેખાયું. એ અગત્યના આમૂલ પરિવર્તનની સમજ એને પોતાને પણ ના પડી.

થોડાક સમય સુધી એ પરિમલભરેલા પર્યંક પર પડી રહી તો પણ એને સંપૂર્ણ શાંતિ ના મળી શકી.

એનું શરીર સ્વર્ગમાં હતું એ સાચું પરંતુ મન ભગવતી ભાગીરથીના પવિત્ર તટપ્રદેશ પર વિહરવા માંડ્યું. ત્યાંનું વિશુદ્ધ વાયુમંડળ એની આજુબાજુ ફરી વળ્યું.

છેલ્લાં થોડાક દિવસોમાં એણે દેખેલાં અદૃષ્ટપૂર્વ દૃશ્યો એને છોડીને જાણે કે જવા જ નહોતાં માંગતા. એ અદ્દભુત દૃશ્યો પોતાની અવનવી આગવી પ્રતિક્રિયાને પેદા કરતાં ને બળવત્તર બનાવતાં એની આંખ આગળ રમવા માંડ્યાં. ગંગાનો એ પવિત્રતમ પ્રવાહ, એના પ્રશાંત તટપ્રદેશ પરના સુંદર ને સ્વચ્છ ઋષિમુનિઓના એકાંત આશ્રમો, એમાં રહેતા પ્રાતઃસ્મરણીય પરમપ્રતાપી મુનિવરો, એમની સંનિધિમાં એકાએક આવી પહોંચેલા સંતશિરોમણિ શુકદેવ, પરીક્ષિતને અપાયેલો એમનો અલૌકિક આશીર્વાદરૂપ ઉપદેશ, પરીક્ષિતની પ્રશાંતિપ્રાપ્તિ અને એના અંતકાળનું કરુણાતિકરુણ દૃશ્ય - એ બધું આંખ આગળથી ખસવાની ના પાડવા લાગ્યું. અને...એ દૂર ખસે એવી એની આકાંક્ષા પણ ક્યાં હતી?

એ બધું એટલું બધું આનંદદાયક, શાંતિપૂર્વક અને પ્રેરક હતું કે વાત નહિ. એ બધાં દૃશ્યોએ અને અનુભવોએ એના પર ચિરસ્થાયી છાપ પાડેલી. એ છાપ એના જીવનમાંથી દૂર થવા નહોતી સરજાઈ.

થોડાક સમય સુધી જુદાજુદા ભાવોમાં સ્નાન કરતી એ પર્યંક પર પડી રહી. એ પછી એણે ગૌરાંગી પાસે જવાનો વિચાર કર્યો. એણે એને માટે તૈયારી પણ કરી, પરંતુ બહાર નીકળવાની તૈયારી કરતી'તી ત્યાં જ ગૌરાંગી પોતે જ એની પાસે આવી પહોંચી.

એને શાંતિ વળી.

'કેમ? આવી ગઈ?' ગૌરાંગીએ પૂછયું: 'પરીક્ષિતનું શું થયું?'

ઉર્વશીએ સઘળી કથા કહી સંભળાવી.

ગૌરાંગી એ સાંભળીને દ્રવી ગઈ ને બોલી:

'સૌએ એક દિવસ એ જ પંથે પ્રયાણ કરવાનું છે છતાં પણ અહંતા, મમતા, આસક્તિ અને અસૂયાથી પ્રેરાઈને જીવ જગતમાં ભટક્યા કરે છે ને સમય પર નથી જાગતો એ આશ્ચર્ય છે.'

ઉર્વશી બોલી:

'મને પણ એ વાતનું આશ્ચર્ય થાય છે.'

'તું આવી રીતે વિચારવા લાગી છે એ પણ કાંઈ ઓછું આશ્ચર્યકારક નથી લાગતું. તારા વિચારમાં ફેર પડ્યો છે. પહેલાં તું આવી રીતે નહોતી વિચારતી.'

'બરાબર છે. હવે હું જુદી રીતે વિચારતી થઈ છું. હું સ્વર્ગમાં આવી છું પણ મારું મન સ્વર્ગમાં નથી લાગતું.'

'કારણ?'

'કારણ તું સહેલાઈથી સમજી શકીશ. હું ગંગાના તપસ્વીસેવિત તટપ્રદેશનાં પેલા સુંદર પ્રેરક દૃશ્યો નથી ભૂલી શકતી. એ દૃશ્યોએ મારા પર પ્રબળ પ્રભાવ પાડ્યો છે. મારા અંતરની આંખ આગળ એ રમ્યા કરે છે.'

'એ બધાં દૃશ્યોમાં સૌથી અધિક અસરકારક દૃશ્ય કયું હતું?'

ઉર્વશી થોડીવાર શાંત રહીને બોલી:

'સૌથી વધારે અસરકારક દૃશ્યો મને બે લાગ્યા. એક દૃશ્ય તો સંતશિરોમણિ શુકદેવના સદ્દુપદેશનું. વિશાળ વૃક્ષની સઘન છાયામાં શાંતિની મંગલમય મૂર્તિની જેમ પરીક્ષિતને અસંખ્ય મુનિઓની ઉપસ્થિતિમાં કથાસેવન કરાવનાર શુકદેવને હું હજુ પણ એવા ને એવા રૂપે જોઈ રહી છું. એ દૃશ્યો મને ખૂબ જ પ્રેરક લાગે છે. અને એવું બીજું પ્રેરક દૃશ્ય પરીક્ષિતના પાર્થિવ શરીરના પરિત્યાગનું છે. ચંદનની ચિતા પર સુવાસિત દ્રવ્યોની વચ્ચે રાખવામાં આવેલું એમનું સુંદર સ્વસ્થ શરીર અગ્નિની જ્વાળાઓમાં ઝડપાઈને જોતજોતામાં ભસ્મીભૂત થઈ ગયું. એ દૃશ્ય આજે પણ મારી આંખની આગળ તરવરે છે. એ બંને દૃશ્યોએ મારા અંતરાત્માને જાગ્રત કર્યો છે.'

'જાગ્રત કર્યો છે?'

'હા. હવે હું વિષયોની અસારતાને ને જીવનના ઉચ્ચતમ આદર્શોને સારી પેઠે સમજી ગઈ છું. હવે મને પ્રતિતી થઈ છે કે કેવળ શારીરિક કે ભૌતિક સુખોપભોગને જ જીવનનું ધ્યેય ના માની શકાય. એવા ધ્યેયથી પ્રેરાઇને મેં આજ સુધી મારા જીવનને વિલાસિતામાં વીતાવ્યું છતાં પણ એના પરિણામે મને સંતોષ નથી થયો, સંપૂર્ણ શાંતિ નથી મળી, અને જીવનની ધન્યતાની અનુભૂતિ પણ નથી થઈ શકી. કામના તથા લાલસાની ઘોર જ્વાળા મારા તનમનને અશાંત કરતી કે બેચેન બનાવતી ઉત્તરોત્તર વધારે ને વધારે પ્રબળ બની જલી રહી છે. હવે મને સમજાયું છે કે એ જ્વાળા ભોગવિલાસથી શાંત નહીં થાય. એને શાંત કરવા માટે બાહ્ય સુખોપભોગોનો પરિત્યાગ કરીને શુદ્ધતર આત્મજ્ઞાનનો આધાર લેવો પડશે. એ શુદ્ધત્તર અલૌકિક આત્મજ્ઞાનની પ્રાપ્તિ પરમાત્માભિમુખ થવાથી, એમના અનુગ્રહથી જ થઈ શકશે. એટલા માટે જ મેં હવે પરમાત્માનું સાચા દિલથી શરણ લઈને એમની શ્રદ્ધાભક્તિથી સંપન્ન થવાનો સંકલ્પ કર્યો છે.'

'સાચેસાચ?'

'હા. સાચેસાચ.'

ગૌરાંગીના લોચનો એકાએક છલકાઈ ગયા એ જોઈને ઉર્વશીએ પૂછયું:

'તારા નેત્રો ભીના કેમ થઈ ગયાં? મારો સંકલ્પ તને ના ગમ્યો કે શું? '

'ગમ્યો.'

'તો પછી? તેં જ તો મને ભોગપભોગમાંથી પાછી વાળીને મારા જીવનને ઉજ્જવળ કરવાનો પ્રયત્ન કરેલો.'

'એટલે તો મને અશ્રુ આવ્યાં. મારું હૈયું ભરાઈ આવ્યું. એ અશ્રુ અણગમાના કે દુઃખના નથી, સંતોષના ને સુખના છે. અત્યાર સુધી તું મારી વાતને નહોતી માનતી પરંતુ હવે સ્વાનુભવના ક્ષેત્રમાં આગળ વધી એટલે આપોઆપ માનવા માંડી. આ જોઈને મને અસાધારણ આનંદ થાય છે. સંતશિરોમણિ શુકદેવે પોતાના સદ્ઉપદેશથી પરીક્ષિતની તો મુક્તિ કરી પણ સાથે સાથે જાણ્યે કે અજાણ્યે તને મુક્તિ ધરી દીધી. એને માટે એમને જેટલા પણ અભિનંદન આપીએ એટલા ઓછાં છે. એમના જેટલા પણ ગુણગાન ગાઈએ એટલા થોડાં છે. સંતોના સમાગમનો મહિમા એવો અનેરો હોય છે. એ જીવનમાં આમૂલ ક્રાંતિ કરે છે ને સર્વોત્તમ પ્રકાશ ભરે છે.'

'અત્યાર સુધી મને એ વાત યથાર્થ નહોતી લાગતી પરંતુ હવે એની પ્રતીતિ થઈ છે. મારા જીવનનું આ આકસ્મિક પરિવર્તન મહાત્મા શુકદેવને આભારી છે. એને માટે એમની જેટલી પણ પ્રશસ્તિ કરું એટલી ઓછી છે. એ પરમપ્રતાપી પ્રાતઃસ્મરણીય મહાપુરૂષ મારા સદ્દગુરુ થયા છે.'

'એવા સદ્દગુરુની પ્રાપ્તિ થઈ એ તારું સર્વશ્રેષ્ઠ સદ્દભાગ્ય કહેવાય. એવા સર્વોત્તમ સદ્દગુરુ કાંઈ જેને તેને નથી મળતાં.'

'મેં કુકર્મ કરતાં ક્યાંક પાછું વાળીને જોયું હશે એટલે જ એવા મહાપુરૂષનો મેળાપ થયો. હું એમને મારા જીવનમાં કદી પણ નહીં ભૂલી શકું, ને પળેપળે એમના પથપ્રદર્શન પ્રમાણે ચાલવાનો પ્રયાસ કરીશ. એમનું ફરીવારનું દર્શન તો જ્યારે થશે ત્યારે ખરું, પરંતુ એમના પરોક્ષ દર્શનનો આનંદ લેતી એમના સુધામય શબ્દોનું શ્રવણ હું હંમેશા કર્યા કરીશ એથી મને શાંતિ મળશે. આજથી હું અમરાપુરીની અપ્સરા નથી રહી, જીવનવિકાસની સાધિકા બની છું.'

બંને થોડો સમય શાંત રહ્યા ને ભિન્ન ભિન્ન ભાવતરંગમાં ડૂબી ગયા. છેવટે ગૌરાંગીએ એમાંથી જાગીને જણાવ્યું:

'તારા આ સુખદ પરિવર્તનથી સૌથી વધારે આનંદ તો મને થયો છે. હું તારા પ્રત્યે પહેલેથી જ પ્રેમ રાખતી અને એવા પરિવર્તનને ઝંખતી એટલે. પરંતુ સ્વર્ગવાસીઓ આ સમાચારથી આનંદ પામશે.'

'ખરેખર?'

'હા. વળી એમને માટે આ સમાચાર આશ્ચર્યકારક પણ થઈ પડશે.'

'એમને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે કારણ કે એ મને જુદી રીતે જુએ છે ને મૂલવે છે.'

'છતાં પણ એ સૌ તને સમજીને આનંદ તો પામશે જ. ભગવાન નરનારાયણે તપશ્ચર્યાની અસીમ શક્તિથી કરેલો તારો પ્રાદુર્ભાવ છેવટે સફળ થયો. એ જ્યાં હશે ત્યાં ઊંડા સંતોષનો અનુભવ કરશે. અત્યાર સુધી આદર્શ જીવનનો આગ્રહ રાખનારી સ્વર્ગમાં હું એકલી હતી. હવે આપણે બે થયાં. મને તારો સાથ મળ્યો.'

ઉર્વશી બોલી:

'તું તો મને કેટલાય કાળથી જગાડવાનો પ્રયાસ કરતી પણ મારું ભાગ્ય એટલું કાચું કે હું છેક આજે જ જાગી શકી. તો પણ મોડે મોડે પણ જાગી છું એટલો સંતોષ છે. નહીં તો મારું સમસ્ત જીવન એમને એમ જ વ્યર્થ વેડફાઈ જાત. હવે હું અન્યના રંજન માટે નૃત્ય નહીં કરું તથા અનેકવિધ અભિનયોનો આધાર પણ નહીં લઉં. શરીરસુખને તિલાંજલિ આપીને પરમાત્મામાં મારા મનને પરોવી દઈશ.'

'ઈન્દ્ર તને અન્ય કાર્યોને માટે આદેશ આપશે તો?'

'તો પણ શું? એનું પાલન નહીં કરું. મને વિશ્વાસ છે કે ઈન્દ્ર મારી મનોવૃત્તિને સારી પેઠે સમજી જશે.'

'હા. સમજી તો જશે જ. કારણ કે આખરે એ જ્ઞાની છે.'

ઉર્વશીના જીવનમાં એવી રીતે પરિવર્તનનો નવો પ્રવાહ પેદા થયો.

ઈન્દ્રે એ પ્રવાહને માન્ય રાખ્યો એટલું જ નહિ પણ આદરથી નિહાળ્યો. એણે ઉર્વશીને કહ્યું:

'તારા જીવનમાં આવું અદ્દભુત પરિવર્તન આવે એ ખરેખર આશ્ચર્યકારક છે. મને એથી આનંદ થાય છે. તારા અદૃષ્ટ કર્મસંસ્કારો એટલા સારાં કે તારા મનમાં આવા ભાવો ને વિચારો પેદા થયાં. સુખોપભોગપ્રધાન સ્વર્ગમાં આવા ઉદાત્ત જીવનની કલ્પના પણ દુર્લભ છે. તારું જીવન ગૌરાંગીના જીવન સાથે અન્યને માટે અનુકરણીય થશે ને સ્વર્ગની શોભા થશે.'

'તમે આશીર્વાદ આપો કે મારો ઉત્તરોત્તર વિકાસ થતો જાય ને મને જીવનમુક્તિની પ્રાપ્તિ થાય.' ઉર્વશીએ પ્રાર્થના કરી.

'સંતશિરોમણિ તપસ્વીશ્રેષ્ઠ શુકદેવના શુભાશીર્વાદ તારા પર છે જ. એમના આશીર્વાદથી જ આ બધું શક્ય બન્યું છે. પછી મારા આશીર્વાદની આવશ્યકતા ક્યાં રહે છે? છતાં પણ રહેતી હોય તો મને એને આપવામાં કશી હરકત નથી. મારા અનેકાનેક આશીર્વાદ છે. બસ? તારા જીવનમાં વૈરાગ્યભાવનો ઉદય થવાથી કેટલાકને અહીંનો આનંદ ઓછો થયેલો લાગશે ને થશે કે અહીંનું આકર્ષણ ઓછું થયું. પરંતુ વાસ્તવમાં એવું નથી સમજવાનું. અહીં અપ્સરાઓ છે ને ભોગોપભોગના બીજાં સાધનો પણ વિદ્યમાન છે. વળી તારા ઉત્તમ જીવનપરિવર્તનને લીધે આ લોકનો મહિમા ઘટ્યો નથી પણ વધ્યો છે. તારા જીવન દ્વારા સૌને સર્વત્ર સંદેશ સાંપડશે કે સ્વર્ગ સદાને સારુ શ્રેયસ્કર પણ થઈ શકે છે.'

સ્વર્ગના નિવાસીઓ પણ ઉર્વશીના જીવનપરિવર્તનનો ઈતિહાસ સાંભળીને આનંદ પામ્યા. એમણે ઉર્વશીને અભિનંદન આપ્યાં ત્યારે ઉર્વશીએ જણાવ્યું:

'હજુ તો આ જીવનપરિવર્તનની પવિત્ર પ્રક્રિયાનો પ્રારંભ છે. એ દિશામાં ખૂબખૂબ આગળ વધવાનું હજુ શેષ રહે છે. આગળ વધવામાં સફળતા મેળવું એ પછી અભિનંદન આપશો તો હરકત નથી. અત્યારે તો મારો સહજ જીવનધર્મ બજાવી રહી છું. મારા સદ્દભાગ્યે એ ભૂલાયલા ધર્મને પુનઃ યાદ કરીને મોડેમોડે પણ પ્રવૃત્ત થઈ રહી છું.'

ભોગ અને વિલાસમાંથી મનને નિવૃત્ત કરીને ઉર્વશી પોતાની પૂરેપૂરી કાયાપલટ કરવા માટે અખંડ આરાધનામાં લાગી ગઈ. એના પરિણામે એની દૃષ્ટિ ને વૃત્તિ બદલાવા લાગી, વિશદ બનવા માંડી, ને એને શાંતિ મળી. એનું બાહ્ય સ્વરૂપ બદલાઈ ગયું. એના પ્રાણમાં અને અંગેઅંગમાં પ્રકટેલી વાસનાની મહાભયંકર જ્વાળા દિનપ્રતિદિન શાંત થવા માંડી. એનું જીવન સંપૂર્ણ સંતોષથી ભરાઈ ગયું.

એક દિવસ ગૌરાંગીએ એને હસતાં હસતાં કહ્યું પણ ખરું:

'હવે તો તું તદ્દન બદલાઈ ગઈ છે. પહેલાં તો વારંવાર, હાલતાં ને ચાલતાં, મૃગયાની વાતો કરતી અને એમાં ગૌરવ તથા રસ લેતી. હવે મૃગયા માટે નથી નીકળવું?'

ઉર્વશી બોલી:

'તું બધું જાણીને પૂછી રહી છે. મને એ મૃગયાનો રસ નથી રહ્યો. હવે તો બીજા પ્રકારની મૃગયાએ નીકળી પડી છું.'

'એટલે?'

'એમાં આપણી પોતાની જ અહંતા, મમતા તથા પશુવૃત્તિનો નાશ કરવાનો હોય છે. એ મૃગયા બહાર નથી થતી પરંતુ અંદરની દુનિયામાં રમાયા કરે છે ને કાયમને માટે કલ્યાણકારક ઠરે છે.'

'એવી અંતરંગ મૃગયાની દીક્ષા તને કોણે આપી?'

'શુકદેવે.'

ઉર્વશીએ સહેજ શાંતિ રાખીને કહ્યું:

'થોડા વખત પહેલાં મને આવી વાતો સાંભળીને હસવું આવતું પરંતુ વિધિની વિચિત્રતા છે કે આજે હું પોતે જ એવી વાતો કરવા માંડી છું.'

'તારે મોઢેથી એવી વાતો સાંભળીને ખરેખર આનંદ થાય છે.'

દિવસો વીતી ગયા તો પણ ઉર્વશી ગંગાના પ્રશાંત તટપ્રદેશ પરની પેલી સ્મૃતિઓને ના ભૂલી શકી. એ એના જીવનમાં સનાતન બનવા સર્જાયેલી. રોજરોજ દિવસમાં કેટલીય વાર માનસિક રીતે એ પ્રદેશમાં પહોંચી જઈને એ શુકદેવના શ્રીમુખથી સુધાસભર શાંતિદાયક કથા સાંભળતી ને નવી નવી પ્રેરણાની પ્રાપ્તિ કરતી. એથી એને અસીમ સુખ સાંપડતું. એ સ્મૃતિઓ એના જીવનનું અવિભાજ્ય અંગ બની ગયેલી અને એમના વિના જીવવાનું એને માટે મુશ્કેલ હતું એમ કહીએ તો ચાલે.

ઊર્મિઓનો અતિરક થવાથી એક દિવસ એ ગંગાના પેલા પવિત્ર તટપ્રદેશ પર પહોંચી ગઈ.

ત્યાં પહોંચીને એણે આપ્તકામ મુનિવરોના દર્શનનો લાભ લીધો.

મુનિવરો એની મનોદશાને દેખીને આનંદ પામ્યા ને બોલ્યા:

'શુકદેવના સદ્ઉપદેશનો સાચો પ્રભાવ તારા પર પડ્યો છે એ જોઈને અમને આનંદ થાય છે. એ પ્રભાવ દિનપ્રતિદિન વધતો જશે તેમ તારું જીવન અધિક ને અધિક ઉજ્જવળ બનશે.'

ઉર્વશીએ શુકદેવના કથાસ્થાનની મુલાકાત લીધી. એ સ્થાનને એણે મનોમન વંદન કર્યાં. શુકદેવ ત્યાં સુક્ષ્મ સ્વરૂપે હાજર હોય એવું લાગ્યા વિના ના રહ્યું. એમની પાસેથી એણે કેટલીય પ્રકારની કથાઓ સાંભળી, ને શક્તિ મેળવી.

એ પછી એ પરીક્ષિતના ચિતાસ્થળ પર આવી પહોંચી ત્યારે એનું અંતર એકદમ આર્દ્ર બની ગયું. એના નેત્રો ટપકવા લાગ્યાં.

થોડાક સમય સુધી ત્યાં ધ્યાનમગ્ન બનીને બેસી રહીને એણે પૂર્વપ્રસંગોને યાદ કર્યા ને એમાંથી અવનવી પ્રેરણા તથા શાંતિ મેળવીને હસ્તિનાપુર પ્રતિ પ્રયાણ કર્યું.

* * * * *

## ૨૬. યજ્ઞનો સંકલ્પ

ઉત્તરા અને ઈરાવતીએ હસ્તિનાપુરમાં કોઈકવાર આવવાનું આપેલું આગ્રહપૂર્વકનું આમંત્રણ ઉર્વશીને યાદ હતું. હસ્તિનાપુરમાં કોઈ ખાસ કાર્ય તો ન હતું પણ આટલે દૂર આવી છું તો ત્યાં પણ જઈ આવું અને એમને મળી આવું એવા વિચારથી એ ત્યાં જવા તૈયાર થઈ.

એ સમયે સૂર્યાસ્તને એક ઘડી જેટલો વખત બાકી હતો તો પણ આકાશ વાદળથી છવાયલું હોવાથી તાપ બિલકુલ નહોતો લાગતો.

ચારે તરફ મંદમંદ વહેતો મધુર પવન પ્રસરી રહેલો. એનો સંસ્પર્શ તનને તથા મનને શાંતિ આપતો.

એવા સુંદર આનંદમય વાયુમંડળમાંથી પસાર થઈને હસ્તિનાપુરમાં પ્રવેશીને ઉર્વશી ઈરાવતી પાસે પહોંચી ત્યારે ઉત્તરા પણ ત્યાં જ બેઠેલી.

એને એકાએક આવી પહોંચેલી જોઈને બંને આનંદમાં આવી ગયાં, અને એનું સમુચિત સ્વાગત કરતાં બોલ્યાં:

'તેં અમને આજે લાંબા વખત પછી યાદ કર્યાં ! સ્વર્ગના સુખમય વાતાવરણમાં અમને ભૂલી ગયેલી કે શું? અમારું વિસ્મરણ થાય એ સ્વાભાવિક છે.'

ઉર્વશી ઊર્મિવશ બનીને બોલી ઊઠી: 'તમારું વિસ્મરણ કેવી રીતે થઈ શકે? સ્વર્ગના સુખોપભોગથી છલેલા વાતાવરણમાં પડીને હું તમને ભૂલી નથી ગઈ. તમારી યાદ તો નિરંતર આવ્યા કરે છે પરંતુ આ તરફ આવવાનું નથી બનતું. આપણે છેલ્લે મળ્યાં તે પછી આ પ્રદેશમાં આજે પ્રથમવાર જ પ્રવેશી છું. આ તરફ આવવાનું કોઈ કારણ જ નહોતું પેદા થતું. આજે તો ગંગાના પરમપવિત્ર પ્રશાંત તટપ્રદેશ પરના કથાસ્થળનું ખૂબ સ્મરણ થયું એટલે એના દર્શન માટે આ બાજુએ નીકળી પડી એટલે સ્વાભાવિક રીતે જ અહીં પણ આવી પહોંચી.'

'ત્યારે તો તું ગંગાના એ ઋષિમુનિસેવિત પવિત્ર તટપ્રદેશ પર જઈને આવી?' ઉત્તરાએ પૂછ્યું

'હા. ત્યાં રહેતા પ્રાતઃસ્મરણીય ઋષિવરોનું દર્શન પણ કરી આવી.'

'તને એ પ્રદેશને માટે પુષ્કળ પ્રેમ થયો લાગે છે.?'

'શા માટે ના થાય? એ પ્રદેશ બીજા બધા પ્રદેશ કરતાં વધારે મહિમાવાળો છે. ત્યાં મહાત્માશ્રેષ્ઠ શુકદેવે સદ્દુપદેશની સરિતાને વહેતી કરી એટલે એનો મહિમા અનેકગણો વધી ગયો છે. ત્યાં એક નવીન તીર્થનું નિર્માણ થયું છે. એ પ્રદેશે મને અલૌકિક પ્રેરણા પૂરી પાડી છે ને મારી કાયાપલટ કરી છે.'

'તારી આકૃતિ પરથી એવું જ લાગે છે.' ઈરાવતીએ એનું અનુમોદન કરતાં જણાવ્યું: 'તારી કાયાપલટ થઈ હોય એવું સહેજે જણાઈ આવે છે. જાણે કે તું અગાઉની અપ્સરા જ નહિ!'

'બરાબર છે. હું હવે અપ્સરા નથી રહી.'

'નથી રહી? તું સ્વર્ગમાં નિવાસ નથી કરતી?'

'સ્વર્ગમાં વસું છું તો ખરી પરંતુ સ્વર્ગની અપ્સરા બનીને નથી વસતી.'

'એટલે?'

'એટલે શું તે ના સમજી? મેં અપ્સરા તરીકેની બધી જ પ્રવૃત્તિને તિલાંજલિ આપી છે.'

'એકલી પ્રવૃત્તિને તિલાંજલિ આપવાથી શું? મહત્વની વાત તો વૃત્તિને તિલાંજલિ આપવાની છે. મનની અંદર જો અપ્સરા તરીકેની વૃત્તિ રહી જાય તો એમાંથી અનર્થોની પરંપરા પેદા થાય.' ઉત્તરા બોલી ઊઠી.

પરંતુ ઉર્વશીએ એના જવાબમાં તરત જ જણાવ્યું:

'મેં એ વૃત્તિનો પણ પરિત્યાગ કર્યો છે અથવા વધારે સારા શબ્દોમાં કહું તો એ વૃત્તિનો પરિત્યાગ કરવો નથી પડ્યો, પરંતુ એ આપોઆપ છૂટી ગઈ છે. શુકદેવના અલૌકિક અનુગ્રહથી મને સારી પેઠે સમજાયું છે કે ઈન્દ્રિયોના સુખોપભોગને લીધે સનાતન શાંતિ નથી મળી શકતી. ભોગોપભોગની વધતી જતી લાલસાને લીધે અંતરાત્મામાં ઊંડો અસંતોષ પેદા થાય છે ને દુઃખ ઘટવાને બદલે વધવા માંડે છે. માટે જ મેં જીવનની વિશુદ્ધિનો ને પરમાત્માની ઉપાસનાનો માર્ગ ગ્રહણ કર્યો છે. સ્વર્ગનાં સુખો તથા સ્વર્ગ પણ સનાતન તો નથી જ. સનાતન કેવળ સત્યસ્વરૂપ પરમાત્મા જ છે. એટલે મેં મારું મન સ્વર્ગ તથા સ્વર્ગનાં સુખોમાંથી પાછું વાળીને એમની અંદર લગાડી દીધું છે. શ્રેયનો સાચો માર્ગ એ જ છે એમાં મને શંકા નથી.'

ઈરાવતી તથા ઉત્તરા બંને ઉર્વશીના વચનોથી આનંદ પામ્યાં ને બોલ્યાં:

'તારાં વચનો ખરેખર અમૃતમય છે. તને આવા રમણીય રૂપમાં જોઈને અમને ખૂબ જ સંતોષ થાય છે. શુકદેવ જેવા સત્પુરૂષનો અસાધારણ અનુગ્રહ તારા પર થઈ ચૂક્યો છે. તેને માટે તને ખરેખર ધન્યવાદ ઘટે છે. એ અનુગ્રહથી અમે પણ વંચિત નથી.'

'મારા આગમનનો મુખ્ય ઉદ્દેશ એ જ છે-તમારી પરિસ્થિતિને જાણવાનો.'

ઉત્તરાએ જણાવ્યું:

'અમારી પરિસ્થિતિ પણ એવી જ છે. પરીક્ષિતના શરીરત્યાગ પછી મન બીજી બધી જ વસ્તુઓમાંથી ઉપરામ બન્યું છે ને ક્યાંય નથી લાગતું. એને ભગવાન શ્રીકૃષ્ણના ચારુ ચરણોમાં લગાડવાનો પ્રયત્ન કરીએ છીએ. એ ઉપરાંત દીનદુઃખીની સેવાસહાયતામાં પરોવીએ છીએ. એથી સંતોષ મળે છે અને જીવનની સફળતા સહજ બને છે. શેષ જીવન એમ કરતાં પૂરું થઈ જાય એટલે થયું.'

'શુકદેવના સુધામય સદુપદેશે અમારા જીવનમાં પણ એવી રીતે ક્રાંતિ કરી છે. એ ક્રાંતિ અમારે માટે મંગલમય ઠરી છે.' ઈરાવતીએ ઉપસંહાર કર્યો.

ઉર્વશી છેવટે સ્વર્ગમાં જવા વિદાય થઈ ત્યારે એનું હૈયું ભરાઈ આવ્યું. એ ધીમા સ્વરે બોલી:

'હવે આપણે ક્યારે મળીશું તે વિશે કશું જ ચોક્કસ ના કહી શકાય. સંસારમાં કશુંય ચોક્કસ ક્યાં છે?'

'સાચું છે.' ઉત્તરા બોલી: 'અમારા દેખતાં દેખતાં છેલ્લા થોડાક સમયમાં જ કેટલા બધાં પરિવર્તન થઈ ગયાં? છતાં પણ કોઈવાર આ તરફ ગંગાના પવિત્ર તટપ્રદેશ તરફ આવવાનું મન થાય ત્યાર અહીં પણ આવીશ ને?'

'આવીશ. બાકી તો આપણા સંસર્ગનાં સંભારણાં રહી જશે. તે પણ પરમપ્રેરક ઠરશે.'

ઉર્વશી ચાલી નીકળી ત્યારે ઉત્તરાની ને ઈરાવતીની આંખ ભરાઈ ગઈ. એમને કોઈક અજ્ઞાત લાગણી થઈ આવી.

એ વખતે સંધ્યાકાળ થઈ ચૂકેલો. આકાશમાં સંધ્યાની સુરખિ સર્વત્ર છવાઈ ચૂકેલી.

દિવસે તાજેતરમાં જ વિદાય લીધેલી ને રાત પૃથ્વીના પ્રાંગણમાં આવીને ચંદ્રની પ્રતીક્ષા કરતી ઊભી રહેલી.

એ આખુંય દૃશ્ય મનોરમ દેખાતું.

ઉર્વશી તથા ઈરાવતી એના તરફ, એ દેખાતી બંધ થઈ ત્યાં સુધી, અત્યંત ભાવ અથવા આદરપૂર્વક જોઈ રહ્યાં.

ઈરાવતીએ જનમેજયને ઉર્વશીના જીવનપરિવર્તનની વાત કરી ત્યારે એને અસાધારણ આશ્ચર્ય થયું. સાથેસાથે આનંદ પણ થયો. એણે કહ્યું:

'શુકદેવના સદ્‌ઉપદેશની અસર મારા સિવાય બીજા બધા પર થઈ. મારા પર પણ અમુક અંશે તો અવશ્ય થઈ છે પરંતુ મારા દિલમાંથી ડંખ નથી મટતો.'

'શેનો ડંખ?' ઈરાવતીએ પૂછયું.

'તક્ષકે મારા પિતાનું મૃત્યું નીપજાવ્યું તેનો.'

'એમનું મૃત્યુ તક્ષકે નીપજાવ્યું?'

'જ્ઞાનદૃષ્ટિએ એનો અર્થ ગમે તે કરવામાં આવે તો પણ લૌકિક દૃષ્ટિએ તો એમ જ મનાય છે. તક્ષકને એટલો પણ વિચાર ના આવ્યો કે પરીક્ષિત કોઈ સામાન્ય મનુષ્ય નથી પણ સમ્રાટ છે માટે એમની પાસે ના પહોંચું.'

'તક્ષક એવો વિચાર કરવા બેસે અને એવો વિચાર કરીને ના આવે તો એનું પરિણામ કેવું ભયંકર આવે તેની કલ્પના કરી શકે છે? શ્રૃંગી એનો નાશ કરે.'

'એથી શું થયું? પરંતુ આ તો એણે એક મોટો અનર્થ કરી નાખ્યો. એ વિચાર મારા મનમાંથી કેમે કર્યો દૂર નથી થતો.'

'એને દૂર કરી દે તો સારું.'

'એ દૂર નહિ થાય અથવા તો કહેવું હોય તો કહી શકાય કે એ એક જ રીતે દૂર થઈ શકશે.'

'કયી રીતે?'

'હું મારા પૂજ્ય પિતાનું વેર વાળું ત્યારે.'

'હું કશું સમજી નહીં.'

'મારું કથન સ્પષ્ટ છે. તક્ષકે મારા પિતાનું કઠોર બનીને મૃત્યુ નીપજાવ્યું છે તો હું એના બદલામાં આખી તક્ષક નાગની જાતિનો જ નાશ કરી નાખું. એ સિવાય મને શાંતિ નહિ વળે.'

'એ તો ભયંકર પ્રતિશોધ કહેવાય.'

'એ ગમે તે કહેવાય તેની મને ચિંતા નથી પરંતુ મને એ એક જ માર્ગ દેખાય છે.'

'એ માર્ગ શાંતિનો નહિ પરંતુ અશાંતિનો અને મંગલનો નહિ પરંતુ અમંગલનો છે. મને એ ઉત્તમ નથી લાગતો. તક્ષક નાગ તો કેવળ નિમિત્ત બન્યો છે. પરીક્ષિતનું મૃત્યુ બીજા બધાના મૃત્યુની પેઠે ચોક્કસ અથવા અનિવાર્ય હતું. એને માટે તક્ષકને કે શ્રૃંગીને દોષ દેવો નકામો છે. દોષ દેવો જ હોય તો કાળનાયે કાળને,

મહાકાળને દે. એની ઈચ્છા વિના કશુંય નથી થઈ શકતું. માનવજીવનની ને સમસ્ત સંસારની ગતિવિધિનો આધાર એની ઉપર જ રહેતો હોય છે.'

'મને એવું નથી લાગતું. તક્ષકને એ કાર્ય અનિચ્છાએ કરવું પડ્યું હોત તો એ એનો થોડોઘણો અફસોસ તો કરત પરંતુ એણે તો અફસોસનો એક અક્ષર પણ નથી ઉચ્ચાર્યો.'

ઈરાવતી એકાદ ક્ષણ શાંત રહીને બોલી:

'તક્ષકને તમે ગમે તેટલો દોષિત માનતો હોય તો પણ એવી રીતે દંડ દેવાનું ઉચિત નથી લાગતું. એને લીધે એની આખી જાતનું ઉન્મૂલન કરવાનું બરાબર નથી. કોઈએ એક અપરાધ કર્યો હોય તો એને પગલે ચાલીને આપણે બીજો એને ભળતો ને એથી પણ ભયંકર અપરાધ કરવો એવું તો કોઈ જ ના કરી શકે. તારું મન એ દિશામાં કાર્ય કરી રહ્યું હોય તો તે ઠીક નથી. વિશ્વ વેરથી નથી ટકતું, પ્રેમથી ટકે છે. બદલાની વિઘાતક વૃત્તિથી નહિ પણ ક્ષમાથી ટકે છે. જડતાથી નહિ, ચેતનાથી અને કઠોરતાથી નહિ પણ કરુણાથી ટકે છે ને શાંતિપ્રદ તેમજ સુખમય લાગે છે.'

જનમેજયે જણાવ્યું:

'એવું બધું મને સિદ્ધાંતની દૃષ્ટિએ સાંભળવાનું તો ઘણું સારું લાગે છે. પરંતુ અનુકરણીય નથી લાગતું. મારી પ્રકૃતિ પહેલેથી જ પૃથક છે. અને હું એ પ્રમાણે ચાલીશ ત્યારે જ મને સંતોષ થશે. પિતાજીના અંતકાળના એ હૃદયવિદારક કરુણાતિકરુણ દૃશ્યને હું એક વિપળને માટે પણ નથી ભૂલી શકતો. એના દારુણ દુઃખની નિવૃત્તિ બીજી રીતે નહિ થઈ શકે. તારી સલાહનો સ્વીકાર મેં મહત્વના બીજા બધાં જ કાર્યો વખતે કર્યો છે પણ આ વખતે નહિ કરી શકું.'

'તો પણ શાંતિપૂર્વક મને જેવી યોગ્ય લાગશે તેવી સલાહ તો આપતી જ રહીશ.'

'તે તારી ઈચ્છાની વાત છે. તું સલાહ આપવામાં સ્વતંત્ર છે. અને હું એનો સ્વીકાર કરવા અથવા ના કરવામાં.'

ઈરાવતી આગળ ના બોલી શકી.

એના મનમાં ભાતભાતના વિચારો પેદા થયા.

એમાંથી કામચલાઉ મુક્તિ મેળવીને છેવટે એણે પૂછ્યું:

'પરંતુ સમસ્ત નાગ જાતિનો નાશ કેવી રીતે કરવા માંગે છે? શું એમની સાથે યુદ્ધે ચડશે?'

જનમેજયે જવાબ આપ્યો:

'એ યુદ્ધ કહેવું હોય તો એક રીતે કહી શકાય. તો પણ એ પરંપરાગત યુદ્ધ નહિ હોય. હું યુદ્ધ નહિ પરંતુ યજ્ઞ કરવાની ઈચ્છા રાખું છું.'

'યજ્ઞ કરવાની?'

'હા. એવો યજ્ઞ અત્યાર સુધી બીજા કોઈએ પણ નહિ કર્યો હોય. કોઈએ એવા અદ્દભુત યજ્ઞનું દર્શન કે શ્રવણ પણ નહિ કર્યું હોય. એ યજ્ઞમાં સમસ્ત નાગ જાતિની અને આખરે એના અધીશ્વર તક્ષકની આહુતિ આપી દઈશ.'

'એ સંકલ્પ સાચો પડશે તો સંસારમાં હાહાકાર મચી જશે. એ સાચો ના પડે એવું ઈચ્છું છું.'

'હું એવી રીતે મારા પિતા પરીક્ષિતનું શ્રાધ્ધ કરવા માગું છું.'

'શ્રાધ્ધનો એ સંકલ્પ આદર્શ, અનુકરણીય, અભિનંદનીય અને કલ્યાણકારક નથી લાગતો.'

'મને એ એવો લાગે છે.'

'એ તારી દુર્બુદ્ધિ અથવા ભ્રાંતિ છે. એવો અમંગલ અનર્થકારક યજ્ઞ કદી કરશે તો પણ યશને વધારનારો નહિ હોય. એને ભૂલેચૂકે સ્વપ્નામાં પણ ના કરતો.'

ઉત્તરાની આગળ વાત નીકળી ત્યારે એણે પણ એવા સર્વસંહારક યજ્ઞનું સમર્થન ના કર્યું ને કહ્યું:

'આપણા કુળમાં કોઈએ એવા યજ્ઞની કલ્પના પણ નથી કરી. બીજાના કલ્યાણના સુંદર યજ્ઞનો આધાર અવારનવાર લેવામાં આવ્યો છે. પરંતુ અકલ્યાણના આવા યજ્ઞો કદાપિ નથી કરવામાં આવ્યા.'

'એ તો એકને જે અકલ્યાણ લાગે છે તે બીજાને કલ્યાણ લાગતું હોય છે. મારી કલ્પનાનો યજ્ઞ જો નથી થયો તો તક્ષકનાગના કરડવાથી કોઈનું મૃત્યું પણ થયું છે?'

જનમેજયની વાત સાંભળીને ઉત્તરા તરત જ બોલી:

'એમાં તક્ષક શું કરે? એનો દોષ એને ના દઈ શકાય.'

જનમેજયે તરત જ જણાવ્યું:

'તો પછી હું પણ શું કરું? એવો યજ્ઞ થઈ જાય એમાં મારો પણ શો દોષ? વિવેકી પુરૂષો મને કદાપિ દોષ નહિ દે.'

'મારા જેવી બીજી કેટલીય વ્યક્તિઓની દૃષ્ટિએ એવો યજ્ઞ નિર્દોષ નહિ હોય. વેરભાવને વધારવાથી ને પ્રતિશોધને પોષવાથી નહિ પણ પ્રેમને પોષવાથી ને ક્ષમાનો આશ્રય લેવાથી જ શાંતિ મળે છે. તું એ જ માર્ગનો આશ્રય લે અને પરમ યશની પ્રાપ્તિ કર એવું ઈચ્છું છું.'

પરંતુ...જનમેજયનું મન જુદી દિશામાં કામ કરવા લાગ્યું. એણે એ વિનાશક યજ્ઞ કરવાનો નિર્ણય કર્યો, એને માટેની યોજના પણ બનાવી, એને એ યોજનાને સંપૂર્ણપણે સફળ કરવા માટે જરૂરી તૈયારી કરવા માંડી.

એના અમાત્યોએ એને અનુમોદન આપ્યું. એથી એનો ઉત્સાહ વધી ગયો. એમણે કહ્યું:

'તક્ષકે મહારાજા પરીક્ષિતના જીવનની રક્ષા કરવા નીકળેલા કશ્યપ નામના મંત્રવિદ્યાવિશારદને ધન આપીને અધવચ્ચેથી જ વિદાય કરી દીધો એ વાત આપણા જાણવામાં આવી છે એટલે એવા અસાધારણ અપરાધ કરનાર તક્ષકને એમનેમ ના જવા દેવાય. એની સમસ્ત જાતિનું નિકંદન કાઢી નાખવાનું પણ એટલું જ આવશ્યક છે. જેથી એના નાશનો બદલો લેવા માટે બીજો કોઈ નાગ ભૂલેચૂકે પણ તૈયારી ના કરે.'

જનમેજયને એમની સલાહ સોનેરી લાગી.

* * * * *

## ૨૭. પૃથ્વી પ્રેમથી ટકે છે

કહે છે કે પ્રકૃતિનો પરિત્યાગ કરવાનું કામ કઠિન જ નથી, ખૂબ જ કઠિન છે. લોહીમાં પડેલા, રહેલા કે ભળેલા સંસ્કારોને બદલવાનું કે સુધારવાનું સહેલું નથી. એ સંસ્કારો માનવના વ્યક્તિત્વના અવિભાજ્ય અખંડ અંગરૂપ બનીને છેવટ સુધી એની સાથે જ રહે છે ને શરીરને છોડ્યા પછી પણ એની સાથે જ પ્રયાણ કરે છે. જનમેજયના સંબંધમાં એ યુક્તિ કંઈક અંશે સાચી ઠરી. એના જીવનમાં છેક શૈશવકાળથી જ જડાયેલા ભાવો, વિચારો અને સંસ્કારોનો સંબંધવિચ્છેદ એ સહેલાઈથી ના કરી શક્યો. એના પ્રાણમાં પેદા થયેલી પ્રતિશોધભાવના દિનપ્રતિદિન પાંગરતી રહી ને બળવાન બની. એના પરિણામે નાગ જાતિના નાશ માટે એણે ભયંકર યજ્ઞનો પ્રારંભ કર્યો.

ઈરાવતીએ એને આગલે દિવસે રાતે જ જણાવ્યું:

'આવા અમંગલ યજ્ઞનો આરંભ ના કરે તો સારું.'

'એ અમંગલ નથી, મંગલ છે.'

'એ તો તું કહે છે.'

'હું જે કહું છું તે સાચું છે.'

'મને એવું નથી લાગતું.'

'તેની હરકત નહિ. યજ્ઞ તારે નથી કરવાનો, મારે કરવાનો છે. અને મને તો વિશ્વાસ છે કે વખતના વીતવા સાથે તને સમજાશે કે મારો યજ્ઞ કલ્યાણકારક છે.'

'તું ભૂલેચૂકે પણ એવું માનતો હોય તો એ માન્યતા ઠગારી નીવડશે. મને તો લાગે છે કે તને જ સમજાશે કે એવો યજ્ઞ કદી પણ કલ્યાણકારક નથી થઈ શકતો. જેની અંદર નિર્દોષોની આહુતિ આપવામાં આવે એ યજ્ઞ કોઈપણ રીતે કલ્યાણકારક નથી થતો. યજ્ઞનો આધાર તો ઉદાત્ત ભાવનાથી પ્રેરાઈને કોઈપણ પ્રકારના રાગદ્વેષ વિના કર્તવ્ય બુદ્ધિથી લેવાવો જોઈએ. એવા જ યજ્ઞને પ્રશંસનીય કહી શકાય.'

'તું તો એવી ઉલટી દલીલો જ કર્યા કરવાની.'

'આ બધી દલીલો ઉલટી લાગતી હોય તો ભલે પણ ઉલટી નથી.'

'પોતાની પ્રશંસા પોતાના વિના બીજું કોણ કરે?'

ઈરાવતી જરાક વ્યગ્ર બનીને બોલી ઊઠી:

'આવી સીધીસાદી વાતમાં મારી પ્રશંસા લાગે છે એ આશ્ચર્યકારક છે. પરંતુ તું જ કહે કે તારા યજ્ઞથી પરીક્ષિત પાછા આવવાના છે?'

'એક વાર ગયા પછી કોઈ પાછું આવી શક્યું છે?' જનમેજયે સામેથી પૂછ્યું અને કહ્યું:

'હજી સુધી તો એવું નથી બન્યું.'

'તો પછી એવા વિનાશક યજ્ઞના અનુષ્ઠાનથી શું વળવાનું છે?'

'કેમ નથી વળવાનું? મારા પિતાથી પાછા નહિ અવાય પણ એમના મૃત્યુનો બદલો તો લેવાશે જ. મને એટલો આત્મસંતોષ મળશે.'

'પરંતુ તેં તો આખી નાગ જાતિના નિકંદનનો નિરધાર કર્યો છે. તેનું શું? એવું નિકંદન ન્યાયયુક્ત છે?'

'હું જે કાંઈ કરી રહ્યો છું તે ન્યાયની મર્યાદામાં રહીને જ કરી રહ્યો છું. મને એમાં કાંઈ જ ખોટું નથી લાગતું.'

વધારે દલીલે કરવાનું નિરર્થક સમજીને ઈરાવતી શાંત રહી.

પ્રભાતના પ્રથમ પ્રહરમાં જનમેજયે ઉત્તરાના આશીર્વાદની કામના કરતા કહ્યું:

'મારો યજ્ઞ કોઈયે જાતના વિક્ષેપ વિના સફળતાપૂર્વક પૂરો થાય એવો આશીર્વાદ માંગું છું.'

'મારો આશીર્વાદ તો તારી પ્રત્યેક પ્રવૃત્તિ પાછળ છે જ પરંતુ મારી ઈચ્છા છે કે તું આવો યજ્ઞ ના કરે. તારી દ્વારા પ્રજાના પાલનનો જે નિત્યયજ્ઞ થઈ રહ્યો છે તે સર્વશ્રેષ્ઠ છે. એ કલ્યાણકારક યજ્ઞની આગળ બીજા કોઈયે યજ્ઞની આવશ્યકતા નથી. આવા હિંસક યજ્ઞની તો નહિ જ.'

ઉત્તરાએ સ્પષ્ટીકરણ કર્યું.

'છતાં પણ મારો આટલો યજ્ઞ સફળતાપૂર્વક પૂરો થાય એટલે થયું. મને એથી સંપૂર્ણ સંતોષ થશે. પછી મારા શેષ જીવનમાં બીજા કોઈ યજ્ઞનું અનુષ્ઠાન નહિ કરું.'

ઉત્તરાએ કહ્યું:

'મારા વિચારો મેં પહેલેથી જ જણાવી દીધા છે. એમાં કશો જ ફેર નથી પડી શકે તેમ. પછી તો તને જે યોગ્ય લાગે તે ખરું.'

જનમેજય પોતાના સંકલ્પમાં દૃઢ રહ્યો. એણે મક્કમ મનથી યજ્ઞનો આરંભ કરાવ્યો.

એ અભૂતપૂર્વ અવનવા યજ્ઞને નિહાળવા લોકોની મોટી મેદની ઉમટી પડી. એમના મનમાં મિશ્રિત ભાવોનો ઉદય થયો.

મોટાભાગના પ્રજાજનોને એ યજ્ઞ જરાપણ પસંદ ના પડ્યો. એ અંદરઅંદર કહેવા માંડ્યા:

'પરીક્ષિતનું મૃત્યુ તક્ષકને લીધે થયું એમાં બીજા બધા નાગોનો શો દોષ?'

'અને તક્ષકનો પણ શો દોષ? એણે તો ઈચ્છાએ કે અનિચ્છાએ શ્રૃંગીના શાપનું પાલન કરવાનું હતું. એ તો નિમિત્ત બન્યો એટલું જ.'

'રાજાને એટલી ખબર પણ નહિ હોય?'

'ખબર શા માટે ના હોય? એ કાંઈ અજ્ઞાની છે? જ્ઞાની છે. પરંતુ એ પ્રતિશોધની ભાવનાથી પ્રેરાયા લાગે છે.'

'મને પણ એવું જ લાગે છે. માટે જ એમની બુદ્ધિ કુંઠિત કે ભ્રમિત થઈ છે.'

'ત્યારે તો એમના પિતા પરીક્ષિતના જેવું જ. એમની બુદ્ધિ પણ ખરે વખતે બગડી ગયેલીને?'

'હા. એવું જ.'

બીજા કેટલાક કહેવા લાગ્યા:

'જનમેજય એક આદર્શ રાજા છે. એ આવી રીતે કડક હાથે કામ લે તો પ્રજાના બીજા વર્ગોમાં દાખલો બેસે અને એ અનર્થ કરતાં અટકે.'

'કડક હાથે કામ લેવું જ હતું તો શ્રૃંગીની સાથે લેવું'તું. બધા અનર્થની જડ એ જ છે. પરંતુ એ મુનિકુમાર હોવાથી રાજા એને કંઈ જ નથી કરી શકતા.'

'નાગ જાતિ ભારે ઉન્મત્ત બની ગઈ છે. એમાંયે એના અધીશ્વર જેવા તક્ષકનો અહંકાર અને અનર્થ તો આસમાને પહોંચ્યો છે. એની આવી દુર્દશા થશે તો તેમાં શોક કરવા જેવું નથી. કુદરત શેરને માથે સવાશેરને પેદા કરે જ છે.'

'આવો યજ્ઞ તો દુનિયાના ઈતિહાસમાં આજ સુધી કદાપિ નથી થયો. મેં તો એના વિશે નથી સાંભળ્યું.'

યાજ્ઞિકો યજ્ઞકુંડમાં નાગોને નાખીને આહુતિ પર આહુતિ આપવા લાગ્યાં. એમના મુખમાંથી સંયુક્ત રીતે નીકળતાં સ્વાહા સ્વાહા શબ્દો વાતાવરણમાં સર્વત્ર ફરી વળ્યાં.

આખુંય વાયુમંડળ ભયાનક બની ગયું. જનમેજય પ્રત્યેક આહુતિનું અવલોકન કરીને પ્રસન્ન બનવા લાગ્યો. એના મુખમંડળ પર ઉલ્લાસ ફરી વળ્યો. એના જીવનમાં જાણે મહોત્સવ થઈ રહ્યો હોય એવો અસામાન્ય રસ પેદા થયો.

સંધ્યાકાળ પહેલાં યજ્ઞની આહુતિ કામચલાઉ સમયને માટે બંધ રહી ત્યાં સુધીમાં ભાતભાતનાં કરુણ દૃશ્યો જોવા મળ્યાં. જાતજાતનાં ચિત્કારો સંભળાયા, અને અસંખ્ય નાગોનો નાશ થયો.

એ જોઈને જનમેજયને સંતોષાનુભવ થવા માંડ્યો. રાતે એણે ઈરાવતીને જણાવ્યું:

'આજે મારી ચિરકાળની ઈચ્છા પૂરી થઈ. આજે મારા જીવનનો ઉત્સવદિન છે.'

ઈરાવતીએ તરત જ કહ્યું:

'તારા ઉદ્ગારો સાંભળીને મને દુઃખ થાય છે. તારી પ્રતિશોધ ભાવના એટલી બધી બળવાન બની ગઈ છે કે એથી પ્રેરાઈને બીજાનો નાશ કરવામાં તને આનંદ આવે છે.'

'જે બીજાનો નાશ કરતાં નથી અચકાતાં તેમનો નાશ કરવામાં કશું ખોટું નથી.'

'મને એવું નથી લાગતું.'

'તને લાગે કે ના લાગે તેની મને પરવા નથી. હું તો મને જે યોગ્ય લાગે છે એ કર્યા કરવાનો. તારા વિરોધની અસર મારા પર જરાપણ નથી થાય તેવી.'

ઈરાવતી શાંત રહીને પ્રાર્થના કરવા લાગી. જનમેજયે એના તરફ જોયું અને પૂછયું:

'કેમ શાંત બની ગઈ?'

'હું પ્રાર્થના કરું છું.' ઈરાવતીએ ઉત્તર આપ્યો.

'શેની પ્રાર્થના?'

'તારી વેરવૃત્તિ દૂર થાય ને તું તારા અમંગલ યજ્ઞને બંધ કરે એવી. પૃથ્વી વેરથી નહિ પરંતુ પ્રેમથી જ ટકી શકે.'

'તારી પ્રાર્થના કોણ સાંભળવાનું છે?'

'સાંભળે કે ના સાંભળે તો પણ મારું કર્તવ્ય સમજીને હું તે કરતી રહીશ.'

'તારું કર્તવ્ય મને મદદરૂપ થવાનું છે કે મદદરૂપ નહિ થવાનું?'

'ધર્મના માર્ગમાં મદદરૂપ થવાનું, અધર્મના માર્ગમાં નહિ.'

'મારો માર્ગ અધર્મનો છે?'

'મને એવું લાગે છે.'

'તારી એ ભ્રમણા થોડા જ વખતમાં દૂર થઈ જશે. તું એને જ લીધે દુઃખી થયા કરે છે. પ્રાર્થના કરવી હોય તો તારે કેવળ તારે માટે કરવાની છે. જેથી તારી ભ્રમણાનો અંત આવી જાય.'

ઈરાવતીએ આગળ દલીલ ના કરી. એવી રીતે દલીલ કરવાનો કશો અર્થ ન હતો.

જનમેજય પણ એ પછી શાંત રહ્યો.

મધ્યરાત્રિ પછી એની આંખ મળી ગઈ ત્યારે એને એક અદ્દભુત સ્વપ્ન આવ્યું. એવું સ્વપ્ન એને આજ સુધી કદી પણ નહોતું આવ્યું. એ સ્વપ્નમાં એને પરીક્ષિતનું દર્શન થયું. એ દર્શનથી એને અતિશય આનંદ થયો. એને લાગ્યું કે પરમાત્માની પોતાના પર કૃપા છે, તે સિવાય આવા સર્વોત્તમ સ્વપ્નાનુભવનો લાભ ના મળી શકે.

પરંતુ...પરીક્ષિતનું મુખમંડળ પ્રસન્ન ના દેખાયું. એ થોડું ઉદાસ અથવા દુઃખી દેખાયું એમ કહીએ તો ચાલે. એને જોઈને જનમેજયથી પૂછ્યા વિના ના રહી શકાયું:

'તમે સુખી છો કે દુઃખી?'

પરીક્ષિતે પ્રત્યુત્તર પૂરો પાડ્યો:

'આમ તો સુખી છું પરંતુ એક વાતે મને દુઃખ પહોંચાડ્યું છે. મારું મન બેચેન બન્યું છે.'

'કઈ વાતે?'

'તેં આદરેલા યજ્ઞને લીધે.'

'યજ્ઞ તો તમને પોતાને પણ પ્રિય હતો. તમે એનો આશ્રય લેતાં અને એનો આશ્રય લેનારને બનતી બધી જ રીતે મદદરૂપ થતાં.'

'પરંતુ એ યજ્ઞો આવા હિંસક અને અનર્થકારક ન હતાં. એમાં સૌનું શ્રેય સમાયેલું હતું.'

'તો શું મારો યજ્ઞ અનર્થકારક છે?'

'હા. એમાં નિર્દોષોનો નાશ થઈ રહ્યો છે. પ્રજાના શાસક અને પાલક તરીકે તારે માથે ઘણી મોટી જવાબદારી રહેલી છે. તું જ જો એ જવાદારીને અદા ના કરે ને નિરીહોની સામુહિક હત્યા કરવા માંડે તો પ્રજાની રક્ષા કોણ અને કેવી રીતે કરી શકે?'

'તક્ષક શું નિરીહ છે? એણે તો તમારું મૃત્યુ નીપજાવેલું.'

'છતાં પણ એ દોષપાત્ર નથી. તું શાંતિપૂર્વક વિચારીશ તો તને સમજાશે કે મારું મૃત્યુ નિશ્ચિત હતું અને એ તો એમાં કેવળ નિમિત્ત બનેલો. મને એના પ્રત્યે કોઈ પ્રકારનો દ્વેષભાવ નથી થતો. બદલાનો ભાવ પણ નથી જાગતો. તું તક્ષકને તારી દૃષ્ટિએ દોષિત ગણતો હોય તો પણ આખી નાગજાતિનું નિકંદન કરવા તૈયાર થયો છે તે શું બરાબર છે?'

'મને તો બરાબર લાગે છે.'

'જરાય નથી. આ મહાભયંકર અકલ્યાણકારક યજ્ઞને તારે આજે ને આજે જ બંધ કરવો જોઈએ.'

'પરંતુ મને એ અકલ્યાણકારક નથી લાગતો. તેનું શું?'

'નહિ લાગતો હોય તો લાગશે. તારી બુદ્ધિ એટલી કાચી છે.'

'કાચી છે?'

'હા.'

જનમેજયને પરીક્ષિતના એ શબ્દો રુચિકર તો ના લાગ્યા. તો પણ એ શાંત રહ્યો.

પરીક્ષિતે પણ એના અનુસંધાનમાં આગળ કશું ના કહ્યું.

જનમેજયની આંખ ઉઘડી ગઈ ત્યારે એને સમજાયું કે એ તો સ્વપ્નપ્રસંગ હતો. અને સ્વપ્ના તો જાતજાતનાં આવતાં હોય છે. એમની વાસ્તવિકતામાં વિશ્વાસ થોડો જ રાખી શકાય છે. સ્વપ્ન ને વાસ્તવિકતાની વચ્ચે એક વિશાળ જગત પડેલું છે. એમની વચ્ચે મોટું અમાપ અંતર છે.

સવારે ઊઠીને એ સ્વપ્નપ્રસંગની હકીકત એણે ઈરાવતીને કહી. તો ઈરાવતીએ પૂછ્યું:

'હવે તો તને ખાતરી થઈ ને?'

'શેની ખાતરી?'

'હિંસક અનર્થકારક યજ્ઞના મિથ્યાતત્વની. હવે તો તને તારા પિતાશ્રીએ પોતે જ કહ્યું.'

'હું એવા સ્વપ્નમાં વિશ્વાસ નથી રાખતો. સ્વપ્નને સાચા માનીને એમનું અનુસરણ કરીએ તો તો દુઃખી જ થઈએ.'

ઈરાવતી શાંતિથી બોલી:

'મને તો આ સ્વપ્ન સાચું લાગે છે. તારા પિતાશ્રીનો અંતરાત્મા અતિશય વ્યથિત થઈને તને માર્ગદર્શન આપવા આવી પહોંચ્યો ને સંદેશ સંભળાવીને ચાલતો થયો.'

'હું એવું નથી માનતો.'

'તારા માનવા ના માનવાથી એમાં કશો ફેર નથી પડતો. એ તો એક વાસ્તવિકતા છે.'

જનમેજયે ઉપસંહાર કરતાં કહ્યું:

'તારે એને વાસ્તવિકતા માનવી હોય તો કોણ ના પાડે છે ? બાકી હું તો નથી માની શકતો. તું મને માનવાની બળજબરી નહિ કરી શકે.'

ઈરાવતીએ વિષયને વધારે ના લંબાવ્યો. વધારે લંબાવામાં એને કશો સાર ના લાગ્યો.

જનમેજયે મહાઅમાત્યનો અભિપ્રાય માંગ્યો તો એણે જણાવ્યું:

'તમારી વાત સાચી છે. સ્વપ્નનો વિશ્વાસ કદી પણ ના રાખી શકાય. મોટાભાગના સ્વપ્નો ખોટાં હોય છે, કેટલાંક દ્વિઅર્થી હોય છે. તો કેટલાંક ઉલટા ભાવાર્થવાળાં હોય છે. તમારું સ્વપ્ન મને છેલ્લાં પ્રકારનું લાગે છે. એ એવું સૂચવે છે કે યજ્ઞ કલ્યાણકારક છે અને એથી પ્રસન્ન થઈને મહારાજા પરીક્ષિતે તમને આશીર્વાદ આપ્યો છે. યજ્ઞનો પ્રારંભ થયો છે તો હવે એની પરિસમાપ્તિ થઈ જવા દો. એ જ ઉત્તમ છે.'

બીજે દિવસે નિર્ધારીત સમયે યજ્ઞનો પુનઃપ્રારંભ થયો. હોતાઓ આહુતિ પર આહુતિ આપવા માંડ્યાં. જોતજોતામાં કોઈ સામાન્ય રમત રમાતી હોય તેમ અસંખ્ય નાગોનો સંહાર થયો.

જનમેજય એ જોઈને ઊંડી પાર વિનાની પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યો. એની પ્રતિશોધભાવના સંતોષાવા લાગી. કેટલોક વખત વીતી ગયો એટલે એણે યાજ્ઞિકોને કહ્યું:

'યજ્ઞમાં અનેક નાગોનો નાશ થયેલો જોઈને મને આનંદ થાય છે. હજુ બીજા નાગોનો નાશ પણ થઈ જશે. તક્ષકની સમસ્ત જાતિનું નિકંદન નીકળી જશે. પરંતુ હવે બીજા નાગોને બદલે તક્ષકનું જ આહ્‌વાન કરીને એની આહુતિ આપવાની તૈયારી કરો. એ અત્યંત આવશ્યક કાર્યને વિલંબ કર્યા વગર પતાવી દો. તક્ષક એના ઘોર, અતિઘોર અપરાધનો દંડ હવે ભલે ભોગવે.'

તક્ષકની આહુતિ આપવા તૈયાર થયેલા યાજ્ઞિકોએ જનમેજયના આદેશાનુસાર તક્ષકનું આવાહન કર્યું ત્યારે જનમેજય તક્ષકને અવલોકવા આતુર બન્યો. પરંતુ એના ને સૌના વિસ્મય વચ્ચે અવારનવાર આવાહન કરવા છતાં એ આવ્યો જ નહિ ત્યારે જનમેજયે ઉદ્વિગ્ન સ્વરે પૂછયું:

'અપરાધી તક્ષક કેમ હજુ નથી આવતો? તમારી મંત્રશક્તિનો હ્રાસ થયો છે કે શું?'

યાજ્ઞિકોએ ઉત્તર આપ્યો:

'મંત્રશક્તિનો હ્રાસ નથી થયો. એ તો એવી જ અસરકારક અથવા અમોઘ છે.'

'તો પછી? એનું પરિણામ કેમ નથી દેખાતું?'

'એનું કારણ જુદું છે.'

'શું?'

'અમારી અલૌકિક શક્તિથી અમે જોઈ શકીએ છીએ કે તક્ષકે અતિશય ભયભીત બનીને પોતાના પ્રાણની રક્ષા સારું અમરાપુરીના અધીશ્વર ઈન્દ્રનું શરણ લીધું છે. ઈન્દ્રે એની સુરક્ષા કરવાનો સંકલ્પ કર્યો હોવાથી એ એને અટકાવે છે.'

જનમેજય એકદમ ઉત્તેજીત થઇને બોલી ઉઠ્યો:

'તો પછી વિચાર શું કામ કરો છો? ઈન્દ્ર જો અહંકારવશ થઈને એની વચ્ચે આવતો હોય અને એને રક્ષવાનો પ્રયાસ કરતો હોય તો ઈન્દ્રના અહંકારનો અંત લાવી દો. એ મહાન અપરાધી છે. એની દુર્બુદ્ધિને ઠેકાણે લાવવા માટે તક્ષકની સાથે એનું પણ આવાહન કરો. એ બંને ભલે સ્વર્ગમાંથી નીચે યજ્ઞકુંડમાં પડીને ભસ્મિભૂત થઈ જાય. ઈન્દ્રને તક્ષક સાથે બળી મરવું હોય તો એને જીવાડવાની આપણને જરા પણ ચિંતા નથી. જગત પણ ભલે જાણે કે તક્ષકનો તો નાશ થયો પણ સાથેસાથે એના સાથી કે સંરક્ષકનો પણ સર્વનાશ થઈ ગયો.

યાજ્ઞિકો ઈન્દ્રસહિત તક્ષકને સ્વર્ગમાંથી નીચે લાવવા તૈયાર થયા. એમણે ઈન્દ્ર સાથે તક્ષકનું આવાહન કર્યું, એથી ઈન્દ્રનું આસન ડોલવા લાગ્યું. એ પરિસ્થિતિની ગંભીરતાને સમજી ગયો.

એ જ વખતે એક આશ્ચર્ય થયું. સંતશિરોમણિ શુકદેવ જનમેજયના એ મહાભંયકર યજ્ઞસ્થાનમાં આવી પહોંચ્યા.

એમને જોઈને સૌએ એમનું સ્વાગત કર્યું. યજ્ઞનું કાર્ય વચગાળાના વખતને માટે અટકી પડ્યું. જનમેજય પણ એ સર્વગુણસંપન્ન મહાપુરૂષના ચરણકમળમાં પ્રણામ કરીને એમને ઉચિત આસન આપીને એમની આગળ ઊભો રહ્યો. એણે એમના આદેશનું પાલન કરવાની ઈચ્છાને પ્રદર્શિત કરી.

શુકદેવે સુધામય સ્વરે શાંતિથી કહ્યું:

'આ યજ્ઞની આટલેથી જ પરિસમાપ્તિ કરી દે. તારી ઈચ્છા તક્ષક પર વેર લેવાની છે. પરંતુ તક્ષક તો ઈન્દ્રના હાથે અમૃતપાન કરી ચૂક્યો હોવાથી તારા યજ્ઞમાં નહિ મરી શકે. તું એનું ને ઈન્દ્રનું આવાહન કરવાની આકાંક્ષાને છોડી દે. એણે તારું, પરીક્ષિતનું કે કોઈનું કશુંય નુકશાન નથી કર્યું.'

'નથી કર્યું?' જનમેજયે પૂછયું ને કહ્યું: 'એણે તો મારા પિતાનું મૃત્યુ નીપજાવ્યું છે.'

'ના. નથી નીપજાવ્યું. કોઈ કોઈનું મૃત્યું નથી નીપજાવી શકતું. સૌ નિમિત્ત બને છે પણ મૃત્યુ તો સંસારની શાસન કરનારી સર્વોપરી શક્તિ જ કરતી હોય છે. એની ઈચ્છા અને યોજના પ્રમાણે જ બધું બનતું હોય છે. તેં ભગવતી ભાગીરથીના તપઃપૂત તટપ્રદેશ પર અપાયેલો મારો સદ્ઉપદેશ સાંભળ્યો છે તે છતાં પણ તને આવો મોહ ક્યાંથી થયો? જન્મ ને મૃત્યુનું ચક્ર તો સંસારમાં અનાદિકાળથી ચાલ્યા કરે છે. એ ચક્રને અધીન બનીને પરીક્ષિતને વિદાય થવું પડ્યું છે તો તું પણ ક્યાં અમર છે? માટે પ્રતિશોધનો પરિત્યાગ કરીને શાંતિ તથા ક્ષમાભાવને ધારણ કર. તારા આ અશુભ યજ્ઞથી પરીક્ષિત પ્રસન્ન થશે એવું લાગે છે? બિલકુલ નહિ. એવું લાગે તો તેમાં તારી ભૂલ છે.'

જનમેજયને પેલા સ્વપ્નનું અને એમાં કહેવાયેલા પરીક્ષિતના શબ્દોનું સ્મરણ થયું. એ શબ્દો એને સાચા લાગ્યા.

શુકદેવના અલૌકિક અનુગ્રહથી એના અજ્ઞાનજન્ય મોહનો રહ્યોસહ્યો પડદો પણ દૂર થયો અને એને અવનવા પ્રકાશની પ્રાપ્તિ થઈ.

શુકદેવના આદેશનું અનુસરણ કરીને જનમેજયે તક્ષક તથા ઈન્દ્રનું આવાહન કરવાનું બંધ રાખ્યું અને યજ્ઞને પણ એટલેથી જ અટકાવી દીધો.

એ જોઈને ઉત્તરા તથા ઈરાવતી બંનેને સંતોષ થયો.

એમણે જનમેજયની સાથે શુકદેવની વિધિપૂર્વક પૂજા તથા પ્રશસ્તિ કરી.

જનમેજયે શુકદેવને કહ્યું:

'તમારા અનુગ્રહથી મને નવીન પ્રકાશની પ્રાપ્તિ થઈ છે. આજથી મારા સમસ્ત સામ્રાજ્યમાં આ પ્રકારના પ્રતિશોધભાવનાથી પ્રેરાયલા અને હિંસક યજ્ઞો પર પ્રતિબંધ મૂકું છું. મને સારી પેઠે સમજાઈ ગયું છે કે પૃથ્વી વેરથી નહિ, પ્રેમથી ટકે છે ને જીવવા જેવી બને છે. શાંતિ તેમજ સંતોષની પ્રાપ્તિ ક્ષમા તથા આત્મજ્ઞાનથી જ થઈ શકે છે. તમે તમારા અદ્ભુત અનુગ્રહથી મારા પિતાજીનું પરમ કલ્યાણ કર્યું છે તેમ આજે મારું પણ શ્રેય સાધ્યું છે. મને દૈવી દૃષ્ટિ આપી છે. એને માટે તમારો જેટલો પણ આભાર માનું એટલો ઓછો છે.'

શુકદેવ પોતાનું કાર્ય પરિપૂર્ણ કરીને ચાલી નીકળ્યા. એ જ વખતે તક્ષકે ત્યાં નિર્ભય બનીને પ્રવેશ કર્યો ને કહ્યું:

'હું શ્રૃંગીમુનિના શાપને લીધે વિવશ હોવાથી એ વખતે એ ઘોર કર્મ કરી બેઠેલો. હું એને માટે અંતઃકરણપૂર્વક ક્ષમા માંગુ છું.'

જનમેજયે જણાવ્યું:

'મેં તો તને ક્ષમા આપી જ દીધી છે. એટલે તું નિર્ભય થઈને વિચરી શકે છે. જેમનો નાશ થયો છે તેમનો તો કોઈ ઉપાય નથી પરંતુ હવે વધારે વિનાશ કરવા નથી માગતો.'

તક્ષકે કહ્યું:

'આજથી મને તમારો મિત્ર અથવા અનુચર સમજજો. હવેથી હું તમારું પ્રત્યેક કાર્ય કરવા તૈયાર રહીશ.'

જનમેજયે એના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો એટલે એ સંતોષપૂર્વક ચાલી નીકળ્યો.

ઈરાવતીની પ્રસન્નતાનો પાર નહોતો. એણે જનમેજયને જણાવ્યું:

'જેનો અંત સારો એનું બધું સારું. મારી પ્રાર્થના પરમાત્માએ પૂરી કરી.'

'એના પરિણામે જ શુકદેવનો સમાગમ થયો હશે તે કોને ખબર છે?' જનમેજયે પૂછયું.

'એ તો કેવી રીતે કહી શકું? પરંતુ મને પરમાત્માએ મોકલ્યા એ નક્કી. તેં એમની વાતને માની લીધી એ ઘણું સારું થયું.'

'એમનો મેળાપ અગાઉથી જ થયો હોત તો નાગોનો સામુહિક વિનાશ અટકી પડત. પરંતુ જે થવાનું હતું તે થઈ ગયું. મને એનું દુઃખ છે. તારા સમી સુસંસ્કારી માતા મળી છે એટલું સુખ છે.'

ઈરાવતી કશું ના બોલી. બોલવાની આવશ્યકતા પણ એને ના લાગી.

એ રાત એના જીવનની આનંદરાત થઈ પડી.

*****

**સમાપ્ત**

*****

## શ્રી યોગેશ્વરજી - એક પરિચય



( ૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪ )

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## <u>શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન</u>

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરીક્ષિત ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**

# Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**